
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
કુમાર
સંસ્થાપક : ર.મ.રા.
તંત્રી
ધીરુ પરીખ
જંગલમાં લાગી આગ, ફાલ્યો કેસૂડો !
(તસવીર : નવનીતલાલ શાહ)
વર્ષ : ૭૭મું , સળંગ અંક : ૯૧૬
એપ્રિલ ૨૦૦૪, અંક ક્રમાંક : ૪



ચિત્રકાર] હાલરડું [જ્યોતિ ભટ્ટ

તાજેતરમાં વડોદરા ખાતે 'સર્જન' આર્ટ ગૅલરિમાં બાવન જેટલાં જૂનાંનવાં કલાકારોની ચિત્ર, શિલ્પ ઈત્યાદિ કલાકૃતિઓનું 'અતીતથી આજ' નામક એક પ્રદર્શન આયોજિત થયું હતું. તેમાંની જ્યોતિ ભટ્ટની ખાદીના કાપડ પર જળરંગી ટેમ્પરા કૃતિ રજૂ થઈ હતી. આપણી લોકસંસ્કૃતિમાં માતા અને શિશુ વચ્ચે હાલરડું એક સબળ સેતુ છે. આ વિષયવસ્તુને લોકશૈલી અને તેજ રંગોમાં અહીં કલ્પનામઢી જીવંત રીતિએ ચિત્રિત કરાયું છે. માનવ આકૃતિની રેખાઓ, વૃક્ષ, ચહેરા પરની આંખોનું આયોજન આધુનિકતામાં પરંપરાનો આસ્વાદક પરિચય કરાવી રહે છે. (આ પ્રદર્શનની નોંધ વિશે જુઓ આ અંકમાંની કલાવાર્તા)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૭મું   અંક ૪

સ્થાપના : ૧૯૨૪

સૂચના

★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.

★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

એપ્રિલ ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૪

સ્થાનકવિાસ્ સ્ટુ

'કુમાર' સળંગ અંક ૯૧૬

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ - ૦૦

વાચકો લખે છે

['કુમાર'ના સળંગ અંક ૯૧૦માં 'વાચકો લખે છે'ની કટારમાં મુંબઈના સુરેશ મોદીએ 'કુમાર'ના 'ચેસ-કૉર્નર' અંગે લંબાણપૂર્વક ચર્ચા કરી હતી. આ ચર્ચાના ઘણા પ્રતિભાવો કાર્યાલયને મળ્યા છે. તે પૈકી અમદાવાદના પ્રો. એ.આર.રાવ, સુરેશ મોદીની પ્રો. રાવના પત્ર પરની ચર્ચા તથા રાજકોટના હર્ષદ દવેના પ્રતિભાવો ટૂંકાવીને અહીં પ્રસ્તુત કર્યા છે. વાચકોની આવી સજાગતા જોઈને ખૂબ આનંદ થાય છે. - તંત્રી]

પ્રો. રાવનો સુરેશ મોદીને પત્ર : **હું ગણિતનો નિવૃત્ત પ્રોફેસર છું. ભૂતકાળમાં મને ચેસમાં અને ખાસ કરીને તેના કોયડામાં બહુ જ રસ હતો. હવે 'કુમાર'માં ચેસના કોયડાની કટાર ચાલુ થતાં, ૪૦ વર્ષ પછી મારો ચેસના કોયડાનો રસ ફરી જાગૃત થયો છે અને 'કુમાર'માં કોયડાનો ઉકેલ મોકલવાનું મેં ચાલુ કર્યું છે. ગણિતમાં સંશોધનમાં રચ્યાપચ્યા રહેવાને કારણે છેલ્લાં ૪૦ વર્ષો દરમ્યાન ચેસમાં રસ લેવાનું મેં છોડી દીધું હતું. મને યાદ છે કે ૪૦ વર્ષ પહેલાં મેં અનેક કોયડા ઉકેલવામાં રસ લીધો હતો. ચેન્નાઈથી પ્રકટ થતાં 'હિંદુ' અને મુંબઈથી પ્રકટ તથા 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના રામજીસ ચેસ કૉર્નરમાં મેં થોડાક કોયડાઓ બનાવીને મોકલ્યા હતા જે તેમાં પ્રકટ થયા હતા.**

ચેસના માંધાતોઓ જેવા કે કેપેબ્લાન્કા, નિમઝોવિચ, પૌલ, કેરેસ, આલેખિન વગેરેના કાળમાં ચેસ એ મારી મનપસંદ રમત હતી. આમ તો ચેસની શોધનો યશ ભારતને ફાળે જાય છે છતાં તે દિવસોમાં ચેસમાં ભારતનું નામ આગળ પડતું નહોતું. કાસ્પારોવ, ક્રેમેનિક અને તેના જેવા બીજા ચેસના અગ્રણી ખેલાડીઓ સામે જીતીને હવે જ્યારે આનંદ વિશ્વનાથન વિશ્વ ચૅમ્પિયન બન્યા ત્યારે હવે ભારત સફાળુ જાગી ઊઠ્યું છે. હવે ભારતમાં પણ ચેસ માટેની પ્રીતિ ઉભરાતી જાય છે.

ચેસની રમત અને ચેસના કોયડાઓ એ બંને વ્યૂહરચનાની દૃષ્ટિએ ભિન્ન છે. બંનેમાં સામ્ય છે તો માત્ર મહોરા અને રમતના નિયમો પૂરતું જ. રમતના મહોરાનું જે મૂલ્ય આંકવામાં આવે છે (પ્યાદુ ૧, ઊંટ ૩, ઘોડો ૩.૫, હાથી ૫, વજીર ૧૦) તેવું મૂલ્ય કોયડામાં રહેતું નથી. તમે સાચું કહ્યું છે કે કોયડાઓ ચેસનું પદ્ય છે, જ્યારે ચેસની રમત એ ચેસનું ગદ્ય કે ચેસનો નિબંધ છે. હું જે કોયડાની વાત કરી રહ્યો છું તે બે-ચાલ, ત્રણ-ચાલ, કે ચાર-ચાલવાળા કોયડાની વાત કરી રહ્યો છું, તેથી વધારે ચાલવાળા નહિ. સફેદ મહોરાએ રમવાનું અને અંતે જીતવાનું. આવા કોયડાઓમાં મધ્યવર્તી રમતની કુશળતાની જરૂર પડે છે. પોતે રમેલી રમતમાંથી નિપજેલા આવા તબક્કાની સ્થિતિ દર્શાવતા કોયડાઓ પ્રવીણ થિપ્સે આપતા રહ્યા છે. આપણે જે કોયડાની વાત કરીએ છીએ તેવા કોયડાઓ વાસ્તવિક રમતમાં ઉદ્ભવતા નથી. આવા કોયડાની રચના અમૂક સિદ્ધાંત કે કોઈ પ્રચ્છન્ન મધ્યવર્તી વિચારની ખૂબી દર્શાવવા માટે થાય છે અને તેમાં રમતમાં જીતવાનું આહવાન નથી હોતું પણ કોયડાને ઉકેલવાની દૃષ્ટિ હોય છે.

ચેસની રમતની માફક ચેસના કોયડાઓ ખેલાડીઓમાં એટલા લોકપ્રિય થયા નથી તે કમનસીબી છે. રમત જેટલાં જ કોયડાઓ પણ મજાના હોય છે. એવા ઘણાં રમતવીરો હશે કે જેઓએ કોયડો ઉકેલ્યો તો ન હોય પણ કદાચ કોયડા વિશે સાંભળ્યું પણ ન હોય.

આ લખવાનો મારો હેતુ 'કુમાર'ના ૯૧૦માં અંકમાં પ્રકટ થયેલા આપના પત્રનો પ્રતિભાવ આપવાનો છે. આપના પત્રથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે આપ કોયડાના નિષ્ણાત છો. મને એવું લાગ્યું છે કે આપે કોયડાની ભાષાને જરા વધારે પડતું મહત્ત્વ આપી દીધું છે. મારા માનવા પ્રમાણે ચેસના કૉલમની લેખિકા ચેસની રમતને જેમ બને તેમ વધુ લોકપ્રિય બનાવવાનો પ્રયત્ન કરી રહેલ છે. હા, એ વાત ખરી છે કે તેની રજૂઆતમાં ટેક્નિકની ખામી રહી જાય છે. મેં રચેલ કોયડા નં. ૨૮માં મેં Key Move તથા Threat દર્શાવેલા હતા અને કાળાના બચાવની માત્ર બે ચાલો બતાવી હતી પણ તેણે ના બચાવની બે ચાલો પછી વધારાની બીજી બે ચાલો ઉમેરી દીધી હતી.

ચેસની આ કટારમાં જે ભાષા વાપરવામાં આવે છે તે સામાન્ય બોલ-ચાલમાં વપરાતી ભાષા છે. મારા માનવા પ્રમાણે તેમાં કાંઈ ખોટું નથી. પૂર્વાપર સંબંધથી તેનો બંધબેસતો અર્થ મળી જતો હોય છે. કોયડા નં. ૨૮ની વ્યાખ્યા Miniature તરીકે એટલા માટે નથી કરવામાં આવી કારણ કે તે Miniature કોયડો નથી. ટૂંકો કોયડો એવો જે શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે તે ખોટું નથી. જરૂર, ટૂંકો એ ટેક્નિકલ શબ્દ નથી, પણ કોયડામાં બચાવની બે જ ચાલો છે તે દર્શાવવા માટે તે શબ્દ બંધબેસતો છે. આ કોયડો Meridith છે ખરો પણ તે શબ્દ વાપરવો અનિવાર્ય નથી. ૩૩નં. નો કોયડો એ Miniature કોયડાનું એક દૃષ્ટાંત છે. આવા ટેક્નિકલ શબ્દપ્રયોગથી મોટાભાગના વાચકો અજાણ હોય છે. Discovered Check એવા શબ્દ પ્રયોગને બદલે તેને માટે બેટલી શબ્દ વધારે યોગ્ય છે તે વાત ખરી છે, પણ શીખાઉ ખેલાડીઓ Discovered Check શબ્દપ્રયોગને વધારે સહેલાઈથી સમજી શકે છે. Pinmate ઉપરાંત પણ રાજાને મહાત કરવાના વિવિધ પ્રકારો છે. દા.ત. Model Mateમાં કાળા રાજાની દરેક સંભવિત ચાલ ઉપર એક સફેદ મહોરાનો કાબૂ હોય છે. Smothered Mateમાં કાળા રાજાની બધી ચાલમાં પોતે જ અવરોધરૂપ બની જાય છે. આવી રીતે Mateની જાતજાતની મિશ્ર રીતોના કોયડાઓ બનાવવાને બદલે એકાદ વિષયવસ્તુને પકડીને વાચકોને તેનો મધ્યવર્તી વિષય શોધી કાઢવાનો અનુરોધ કરવો તે ચોક્કસ બહેતર છે. Task, Night-wheel, Black Correctionવગેરે ઘણા મધ્યવર્તી વિષયો છે. વર્ષો પહેલાં Reciprocal Correction ઉપર બે ચાલનો મારો કોયડો પ્રસિદ્ધ થયો હતો. કોયડાઓના આ ક્ષેત્રમાં હાસ્ય અને મનોરંજનને પણ અવકાશ છે. Self Mate, Help Mate, Fairies વગેરે કોયડાઓ હસી-મજાકવાળા હોય છે. આમ, લૉઇડ નામના એક પ્રખ્યાત કોયડાગરે આવા અઘરા પણ પ્રયુક્તિવાળઆ કોયડાઓ રચેલા છે.

મૂળ મુદ્દા ઉપર આવીએ તો આપણા દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં કોયડાને વળગનારા માણસો બહુ ઓછા છે. ચેસની કટાર લખવામાં 'કુમાર' એક જ ગુજરાતી સામયિક છે કે કેમ તેની

મને ખબર નથી. ચેસનો કોયડો એ એક મજાની અને આનંદપ્રદ બૌદ્ધિક પ્રવૃત્તિ છે તેની ઘણાને ખબર નથી. ટેક્નિકલ ભાષાપ્રયોગ એ વૈચારિક પ્રક્રિયાને કદાચ બહુ સહાયરૂપ નથી છતાં વિચાર-વિનિમય હેતુ માટે ઉપયોગી ગણી શકાય. આમ હોવા છતાં ટેક્નિકલ શબ્દપ્રયોગોનો મારો ચલાવવાને બદલે આ જીવંત અને બૌદ્ધિક પ્રવૃત્તિને આપણે ઉત્તેજન આપીએ અને ફટાફટ નહીં પણ હળવે હળવે ટેક્નિકલ શબ્દપ્રયોગનો ઉપયોગ દાખલ કરતાં જઈએ તેવું મારું મંતવ્ય છે. આમેય તે મહાત, શેહ અને અણઊઠ સિવાય બીજા કોઈ ગુજરાતી પર્યાયો છે કે કેમ તેની મને ખબર નથી. ભવિષ્યમાં જો વધારે સંખ્યામાં લોકો આ પ્રવૃત્તિમાં જોડાશે તો ઉચિત પર્યાયો શોધવા પડશે. આ ત્યારે જ બનશે કે જ્યારે તમારા જેવી વ્યક્તિ કોયડાની પ્રવૃત્તિને પોતાનો શૉખ બનાવીને, તે માટે લોકોને ઉત્તેજન આપે અને પોતે આગળ આવીને કોયડાની પ્રવૃત્તિને લોકપ્રિય બનાવે.

સુરેશ મોદીનો પ્રો. રાવને પ્રત્યુત્તર : આપના જેવી સમાન રસવાળી વ્યક્તિ સાથે થયેલા પરિચયથી મને આનંદ થયો છે. 'ટાઈમ્સ ઑવ્ ઇન્ડિયા'વાળા 'રામજી' (વી.કે.રામન) CCAIના પ્રમુખ હતા અને હું પણ ચેસની તે સંસ્થાનો મંત્રી-ઉપપ્રમુખ રહી ચૂક્યો છું. ચેસની રમતમાં મારો દેખાવ કાંઈ સારો રહ્યો નથી પણ મને પણ તમારી જેમ ચેસના કોયડાઓમાં વધારે રસ છે. VJTIમાં ચેસનાં કોયડાઓમાં તાલીમ આપવા ઉપરાંત Creative Problem Solving નામનું એક પુસ્તક મેં લખ્યું છે. ચેસ ઉપર ઘણાં સામયિકોમાં મારા લેખો પ્રકટ થયેલા છે.

'કુમાર'માં પ્રકટ થતા નૌતમભાઈ વખારિયાની ગણિત-ગમ્મતો હું રસપૂર્વક વાંચું છું. આવા ગણિતગમ્મત ઉપરના પ્રતિભાવથી મેં સૌપ્રથમ ૧૯૫૮માં 'કુમાર' સાથેનો સંબંધ સાધ્યો હતો. ૧૯૬૧ના ઑગસ્ટ મહિનાથી ૧૯૮૭ના અધવચ્ચે 'કુમાર' બંધ પડ્યું ત્યાં સુધી ચેસ અંગે મેં લખેલી શ્રેણી પ્રકટ થઈ હતી.

'કુમાર'માં મેં જે પ્રતિભાવ દર્શાવેલો તેનો હેતુ કોયડાઓની ઊંડી ચર્ચા થાય તે હતો. માત્ર યોગ્ય શબ્દપ્રયોગો વપરાયતે દર્શાવવાનો નહોતો. કોયડાના ઉકેલમાં Threat ન બતાવવી તે ખરેખર ભૂલ ગણાય. ચેસના કોયડાનું સૌંદર્ય છતું કરવા માટે મધ્યવર્તી વિચારવસ્તુનું ઊંડું જ્ઞાન જરૂરી છે. તે કોયડામાં કોયડાગર કાળા હાથીનું self-pining અને તેને કારણે પરિણમતા Pinmateનું સૌંદર્ય દર્શાવવા માગે છે. પણ લેખિકાએ ઉકેલમાં તેની કોઈ ગણના કરી જ નહોતી. કોયડામાં કદાચ ચાવીરૂપ યોગ્ય શબ્દપ્રયોગોનો અભાય હોય છતાં પણ જો સંકલ્પના (concept) બરાબર સમજાવવામાં આવી હોત તો મને તેનો કંઈ વાંધો નહોતો. કોયડાગરે mateનું જે સૌંદર્ય ઊભું કર્યું છે તે શીખાઉ('કુમાર'ના ચેસ કટારનાં વાચકો શીખાઉ છે તેવું તમને લાગે છે.) વાચકો કેવી રીતે માણી શકવાના હતા ? હું તો માનું છું કે વાચકો શીખાઉ નથી. એ સાચું છે કે વાચકો ઉપર ચેસના કોયડા સાથે સંબંધિત જે તે શબ્દોનો એકસામટો હલ્લો કરવાની જરૂર નથી, પણ મધ્યવર્તી વિચાર સમજાવવા માટે થોડાક શબ્દોથી શરૂઆત કરવી જોઈએ. જેમ જેમ વખત પસાર થતો જશે તેમ તેમ કાળક્રમે વાચકો 'કુમાર'ની આ કટાર મારફત ચેસના કોયડાની ભાષા અને મધ્યવર્તી વિચાર સમજતાં થશે. AICCFનાં બુલેટીનમાં મેં હમણાં ચેસ-કોયડાની એક નવી શ્રેણી ચાલુ કરી છે. તેમાં શરૂઆતથી જ, તેનાં પહેલા જ લેખમાં મેં થોડા સામાન્ય શબ્દપ્રયોગો જ સમજાવ્યા છે. આને કારણે લગભગ બધા જ કોયડાઓ વાચકો સમજી શકશે. જેમ જેમ આગળ વધતાં જઈશું તેમ તેમ અઘરા શબ્દોનો ઉલ્લેખ કરીને તેની સમજણ આપતો રહીશ.

સંદર્ભવાળા કોયડાને meridith કહેવાની જરૂર નથી તેવા આપના મંતવ્ય સાથે હું સંમત છું, લેખિકાએ જે 'ટૂંકો' શબ્દ વાપર્યો છે તે કોયડાનું હલકા-ફૂલકાપણું બતાવવા માટે જ થયો હશે. આ સંજોગોમાં મેં miniature અને meridithનો સંદર્ભ સમજાવ્યો હતો. રાજાને મહાત કરવામાં જે કોયડામાં વધારે પડતી ચાલ (૪ કે તેથી વધારે) ચાલવી પડતી હોય તે કોયડાને 'Long' કહેવાય છે. કોયડામાં જાતજાતના variation હોય તો તેને માટે rich શબ્દ વપરાય છે. તેનાથી ઊલટું હોય તો તેને માટે ઊલટો અર્થ થાય. આપણે જે કોયડાને ચર્ચામાં કળાની ભલે બે જ બચાવની ચાલો હતી છતાં પણ તે નકારાત્મક ન કહી શકાય કારણ કે બંને ચાલો પરસ્પર સંબંધિત અને મધ્યવર્તી વિચારની પરિપૂરક હતી અને તેથી રસપ્રદ હતી.

આપના કોયડા નં. ૩૧ની રચના ખરેખર રસપ્રદ છે. તેનો keymove મને બહુ ન ગમ્યો, કારણ કે તે કાળા રાજાનો e-5 મારફત છટકવાનો માર્ગ બંધ કરી દે છે. કાળા મહોરાનું બલિદાન અને ઉપર ઊઘડતા માર્ગથી e5થી જે ખોટ પડે છે તેનાથી પૂરેપૂરી ભરપાઈ થતું નથી. Ka6 પછી mateનો બદલાવ સરસ છે. (R x a7 જણાવેલ છે પણ વાસ્તવમાં Rc6 જોઈએ.) બચાવમાં a6 થી self mate થાય છે તે પણ રસપ્રદ છે, કારણ કે R + Bની Battery Fire થયા વગરની પડી રહે છે અને N દ્વારા થતું mate આશ્ચર્ય પમાડે તેવું છે.

'વાચકો લખે છે.' વિભાગમાં શ્રી સુરેશ મોદીએ સારી માહિતી આપેલ છે. કોયડાના ઉકેલમાં ચેસના કોયડાની ભાષાથી પરિચિત ન હોય અને શતરંજના ખેલાડીની ભાષા વપરાય તો તેથી દુઃખ લગાડવું વાજબી ન ગણાય. 'ચેસ કૉર્નર' લેખ ન કહેવાય. ગુજરાત-સૌરાષ્ટ્રમાં શતરંજપ્રેમીઓ ઘણાં હશે; પરંતુ અનુકૂળતા અને યોગ્ય વાતાવરણના અભાવને લીધે બહુ ઓછા ખેલાડી મિત્રો શતરંજનાં સુવ્યવસ્થિત જ્ઞાન, તબક્કા અને ભાષા વિષે માહિતી ધરાવતાં હોય છે. ભારતમાં પણ 'ગ્રાન્ડ માસ્ટર' અને 'માસ્ટર'ની સંખ્યા રશિયામાં તેવા ખેલાડીઓની સંખ્યા કરતાં ઘણી બધી ઓછી છે. આવા સંજોગોમાં લોકોને, બાળ અને યુવા ખેલાડી મિત્રોમાં શતરંજ પ્રત્યે રસ વધે, અભિરુચિ કેળવાય તે માટેના પ્રયાસો આ ચેસ-કૉર્નરથી થાય છે એમ મારું માનવું છે. ઘણાં લોકો પોતાનો પ્રતિભાવ દર્શાવ્યા વગર પણ લાભ લેતા હશે આ ચેસ-કૉર્નરનો. શ્રી સુરેશ મોદીના '... કોયડાની ખાસ ભાષા, કોયડાના મધ્યવર્તી વિચાર વિષેનું જ્ઞાન વધારવાનો પ્રયત્ન થાય તો વાચકોને વધુ લાભ થાય...' વિચારો સાથે પૂર્ણતયા સહમત છું. શતરંજપ્રેમી ખેલાડી મિત્રો જાણતા જ હશે કે શ્રી સુરેશ મોદી એક ઉચ્ચકક્ષાના શતરંજના ખેલાડી છે. *- હર્ષદ દવે (ૐ ગીતાનગર -૬, પોસ્ટલ કોલોની સામે, ગોંડલ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૪)*

સૂફીસાર

પ્રેમની ભાષા પણ ઈર્ષા નોતરે ?

રાધેશ્યામ શર્મા

સૂફી સંત એક એવું સુમન છે જે બીજાં બધાં ફૂલોથી અલગ પડી જાય છે.

સૂફી ફૂલની ફિતરત અને ફોરમ આખા બગીચામાં જુદા અંદાઝે બયાન થાય છે.

આમ-ઈન્સાન, બુદ્ધિના દાવપેચ લડાવીને શોહરત હાંસિલ કરે છે, સોનાચાંદીના સિક્કા જમા કરીને એના ઢગલા કરે છે, ઊંચી ઈમારતો ચણી પોતાનો ઝંડો ઉન્નત પ્રદર્શિત કરે છે. પરંતુ -

મતિનો મરતબો સૂફી સંતોના ચલણમાં તદ્દન નકામો છે. જેણે રૂહાની દુનિયાનું અમૃત ચાખ્યું છે, ભાવનાની ભરતીનું ભરત પોતાના દિલ દરિયાની ગહરાઈમાં ભર્યું છે એને બુદ્ધિની રમતો દુષ્ટ કરામતો જેમ દંશ દે છે !

અહીં શુદ્ધ ભાવ-ઊર્મિનો જ મહિમા છે. બુદ્ધિનું શાસન ખતમ થાય ત્યાંથી શ્રદ્ધાનો દિવ્ય પ્રદેશ પ્રારંભ પામે છે. અહીં નાતજાતના, કોમકબીલાના, ધરમકરમના, રહેણીકરણીના, રીતરિવાજના ભેદભાવ ભૂંસી કાઢીને અભેદને જ સર્વોચ્ચ પદ આપવામાં આવે છે.

લૌકિક પ્રેમની પરિભાષામાં અ-લૌકિક સંબંધનો ઊંચો રુતબો દરજ્જો વર્ણવવામાં આવે છે. દા.ત.

ખૂની ન કદરહ ઈમ વ કસેરા ન કુસ્તા ઈમ
જુરમીમ હમીં કે આશિક રૂએતુ ગસ્ત ઈમ

(ભાષાંતરઃ અમે કોઈ ખૂન કર્યું નથી, અને ન તો કોઈની કતલ કરી છે. અમારો ગુનો ફક્ત એટલો જ છે કે તારા મનોહારી મુખનો આશિક બની ગયો છું !)

બુદ્ધિને બદલે ઈશ્કને માર્ગદર્શક મુર્શિદ માનવામાં આવે ત્યારે સૂફી આચરણથી અપરિચિત ઉલ્માઓનું લોહી ગરમ થઈ નફરતના જુસ્સામાં વહે કે નહિ ?

ખુદાઈ રૂહાની બાબતોને આશક-માશુકના અંદાજમાં ઢાળીને ઈશ્કનો રંગ આપવામાં આવે તે મજહબપરસ્ત મૌલવીસાહેબોની સહનશક્તિને લલકારવાની વાત બની જાય એમાં શું આશ્ચર્ય !

વળી, બાયઝિદ જેવા સૂફીઆના ફકીરો પ્રેમની ભાષામાં પોતાના અનુભવો રજૂ કરતા હોવાથી ઉલ્મા-મુલ્લાથી વધુ લોકપ્રિય બને તો પોથીપંડિતો પણ માણસો છે એટલે ઈર્ષા-અદેખાઈનો માહોલ પણ છવાઈ જાય.

આવા ઓલિયાઓને વસ્તીમાંથી વિદાય કરી દેવામાં જ મુલ્લાઓની સલામતી બરકરાર રહે.

સાંભળ્યું છે કે હઝરત બાયઝિદને તેમના શહેરમાંથી સાત સાત વખત નગરનિકાલ કરવામાં આવેલા !

હુસેન બિન ઈસા, હઝરત બાયઝિદ પર એટલા ખફા રહેતા જેની વાત નહિ. બાયઝિદનાં બોધવચનો ઈશ્કની વાતને ખુદા સાથે ભેળવીને રજૂ કરવાની રીતિ તરફ હુસેનને એટલી નફરત હતી કે તેમને શહેર બહાર તગેડી મૂકવામાં જ મઝહબની આબરૂ માનતો !

એવું કહેવાય છે કે હુસેનનો જનાજો નીકળ્યો ને એનો દેહ દફનાવાયો ત્યાર બાદ જ બુસ્તામીમાં બાયઝિદે પગ મૂકેલો !

મગર યા અલ્લા, ક્યા કરે ? મહોબતના ગુનાની સજા ખુદાના આશિકો એક વાર ભોગવી લે તેથી તેમની મુક્તિ થતી નથી.

મુક્તિ કેટલી મોંઘી વસ્તુ છે તેનો અહીં પ્રત્યક્ષ અહેસાસ થાય છે.

એક હુસેન કબરમાં મરતબાપૂર્વક દફન પામ્યો ત્યાંથી જાણે કે એના ઓછાયા જેવો બીજા હુસેનો પેદા થયા. એક મુનકીરનું સ્થાન બીજા મુનકીરે લીધું અને બાયઝિદને નગર બહાર રવાના કરી કાઢ્યા !

પણ અલ્લાતાલાની કમાલ એ હતી કે જેમ જેમ સૂફી ફકીરને દેશનિકાલ, નગરનિકાલની સજા ફટકારાતી તેમ તેમ લોકસમુદાય એમને વધુ આદર આપવા લાગ્યો. કારણ ? લોકોને તો બાયઝિદના બોધ અને દુવાથી બરકત પ્રાપ્ત થતી હતીને ! લોકોનો અકીદો સૂફી સંત સંબંધે ઓર પાકો અને પાક બનતો ચાલ્યો...

એક વાર એવું બન્યું કે સહનશીલતાની મૂર્તિ સમા હઝરત બાયઝિદે માત્ર હકીકત જાણવાના નેક ઈરાદે સવાલ કર્યો :

'મને શા માટે શહેરની બહાર કાઢી મૂકવામાં આવે છે ?'

જવાબ :

'કારણ કે તમે સારા ઈન્સાન નથી !'

આવા જડબાતોડ જવાબથી જરાકે વિચલિત થયા વિના એક ઊંચાઈ પરથી એ નગરને નજરમાં ભરી લીધું પછી તે નીચા નગર તરફ નજર કરી આપ બોલ્યા :

'કેટલું સારું છે
આ શહેર
જેનો
બુરો ઈન્સાન
હું છું !'

કેટકેટલા માઈનાથી સમૃદ્ધ છે આ સૂફી ઉદ્‌ગાર !

તો/*રાજેન્દ્ર શાહ*

(ગાન)

હું તો ભૂલવા જે કંઈ ચાહું
એ તો
આમથી તેમથી
અણધાર્યું બસ ટપકી પડી
પકડે મ્હારો બાહુ...

અઙ્ગે સહજ કમ્પ,
અને નયને નયન દેખા,
કોઈ કશું નહિ બોલતું,
અને મુખર હાસ્ય-રેખા;
યાદની જાણે વરસે હેલી
શ્રાવણીયે જલ નાહું...

અપાર આ અવકાશમાં
રોજેરોજની નૂતન કલા,
તરસ્યું આવે કોઈ તો એને
કેમ કહેશું બલા ?
સૌની આડે આવતો
અમી-ઘૂંટનો પ્યાસી રાહુ...

અચાનક જ ઊછળ્યો !/*દેવેન્દ્ર દવે*

(પૃથ્વી•સૉનેટ)

ઉદાસ મનડું હતું - દિન વીતેલ જંજાળમાં
ઢળતું રવિ પશ્ચિમે સુરખી આંજતો આભમાં
તદાપિ નવ ચેન કૈં ઉરમહીં ન'તું ક્યારનું
વિરામું ગૃહ-હીંચકે ઘડીક માણવા શાંતિને !

છવાય તિમિરો નભે ઉર સમાન તે પ્હેલ હું
નિહાળું ફૂલ-છોડને તૃણ ઊગેલ જે આંગણે
દિસે સઘળું ધૂંધળું નવ ખસે ઉદાસી જરા
બધે વન સમાન આ દિસતું ઘેરું ઘેરું થતું !

ત્યહીં ક્યહીંકથી જ લ્યો ઊડતું આવ્યું પતંગિયું
ભરેલ નવ રંગને ચહુ દિશે રહે છાંટતું
મિજાજ બદલાય તેમ નજરને ભરું સ્નેહથી
ઉમંગ જયમ સાગરે ઊઠત કૈં તરંગો વડે !

અલોપ ! મુજ થાક સૌ, ગમગીની જતી ઓસરી,
અચાનક જ ઊછળ્યાં પવન પ્રેરતો તાજગી !

ને હું જઈ.../*રામચંદ્ર પટેલ*

(વસંત•મૃદંગ-સૉનેટ)

ને હું જઈ પીપલવૃક્ષ નજીક સ્થંભ્યો :
જોડે તળાવ જલનું થઈ ઝાંઝવું ઝગે -
એમાં ઢળી ચહુદિશા જયમ પદ્મ સૂકું
દેખાય : વાદળ વિના વનસૃષ્ટિ ઊંઘે...

અંધાર સાથ પગલાં ભરી પંથ આવ્યો,
ને એય ફેરવી દઈ મુખ ક્યાંક ચાલ્યો...
વ્યાપે બધે રહી રહી સૂનકાર : આભ
લાગે નહીં, ધૂળધુવાં અફળાય આંખે.

મારા પરે પીપલનાં પડી એકસામટાં
પર્ણો ઠર્યાં... બની ગયો હું કશોક પાળિયો.
હાલે નહીં શરીર પથ્થર : ત્યાં જ ઉલ્કા
છૂટી ઝબાક તણખા, ઉર તેજ તેજ...

પાછું થયું સઘળું શાન્ત છતાંય, જાગે
ઝાલી મશાલ બળતી... જતું કોક લાગે...

નીકળ/*મનહર જાની*

(ગઝલ)

રોકકળ ને રોદણામાંથી નીકળ
બાચકા-બાખોણિયામાંથી નીકળ.

મૂક તડકે સાત પેઢીનો સંબન્ધ
વૈતરાં-વાણોતરાંમાંથી નીકળ.

લાગણીઓના લબાચા લઈ બધા
ખોખલા ઘરના ખૂણામાંથી નીકળ.

આ રીતે ફતવા ન કર માણસતૂણસ
પાંગળા પોતાપણામાંથી નીકળ.

ઊઠ ઊભો થા ગમે ત્યાં જા બીજે
માંદગીના માંદણામાંથી નીકળ.

જૂનવાણી સ્વપ્નના સિક્કા લઈ
આંખના ઈસ્કોતરામાંથી નીકળ.

જા ભૂલી જા કક્કો-બારખડી બધું
આ ગઝલના ગોખલામાંથી નીકળ.

આ અભય વરદાન છે મનહર તને
જા રદીફ ને કાફિયામાંથી નીકળ.

કવિ હે !/*ધીરુ પરીખ*

કવિ હે ! ક્યાં સુધી તું સુખડ ઘસીશ ઓરસિયે ?
સર્જનકૂટના ઘાટ ઉપર તો
ભયી શબ્દન કી ભીડ,
રામનામનું ભાલ ન જડતું
ચઢે ન તમને ચીડ ?
જડી જાય જો રઘુનંદન તો
તિલક કરી પોરસિયે.

અર્થહીણા પદની દધિવિણ
આ કવનગોળી કેમ ભરીએ ?
નથી નેતરાં રામનામનાં
કિત્તાનો ત્યાં કરી રવૈયો
મંથન શાનું કરીએ ?
નવનીત માટે વલખંતા ગોરસિયે !
કવિ હે ! ક્યાં સુધી તું સુખડ ઘસીશ ઓરસિયે ?

હું કે પછી તું/*અશોક ચાવડા 'બેદિલ'*

(ગઝલ)

પંચતત્ત્વોમાં કહોને શું ભળે ? હું કે પછી તું ?
બેઉમાંથી એક તો અંતે બળે - હું કે પછી તું.

હું બરફનો એક ટુકડો, તું સળગતી મીણબત્તી,
જોઈએ ચલ કોણ પહેલું ઓગળે ? હું કે પછી તું ?

એ જ કારણસર હજીયે દૂરતા ઓછી થઈ ના,
છેક આવી કોઈ તો પાછું વળે ! હું કે પછી તું ?

વાસ્તવિક્તાનો અરીસો ધૂળિયો છો થઈ ગયો પણ,
બિંબ ફોડી જોઉં તો જોવા મળે - હું કે પછી તું.

આગ અથવા રાખ - બેમાંથી શું તારે જોઈએ છે ?
ઓલવાતા એક દીવાની તળે - હું કે પછી તું.

તો : કાવ્યનાયક બધું ભૂલવા મથે છે ત્યાં તો સ્મૃતિની હેલી વરસી પડે છે. વળી, અવકાશમાં નિત્ય નૂતન કલા વિલસે છે ત્યારે જો કોઈ તરસ્યું આવી ચડે તો તેને બલા ગણવાને બદલે અમીઘૂંટ ધરવાની વાતમાં સમષ્ટિગત પ્રેમ પ્રકટ થાય છે. *ને હું જઈ* : કોઈ શુષ્ક અનુભૂતિમાંથી પર્ણસ્પર્શે વળી પાળિયાપણું અનુભવતો કાવ્યનાયક જાણે કોઈ મશાલધારી આગે બઢતો હોય તેવી આશાપૂર્ણ ભાવાનુભૂતિ પામે છે. *અચાનક જ ઊછળ્યો* : કાવ્યનાયકને લગભગ સૉનેટના અષ્ટક સુધી આવતા જે ઉદાસીનો અનુભવ વધતો જાય છે તે પછી ષટ્કમાં પરિમાણ અને પરિણામ બદલે છે અને સકલ ગમગીનીના અલોપ થયાનો આનંદભાવ માણી રહે છે ! *નીકળ* : વિવિધ દ્વૈતભાવાત્મક પરિસ્થિતિઓમાંથી નીકળી જવાની વાત કરી ગઝલકાર વિષયવસ્તુને આધ્યાત્મિકરંગ આપે છે. *હું કે પછી તું* : જીવનના ક્ષેત્રમાં બે પાત્રો હું અને તું જે વિરોધભાવ અનુભવે છે તે જાણે હું અને તુંને માનવીય પાત્રાનુભૂતિમાંથી માનવાતીત અનુભૂતિમાં લઈ જાય છે. બીજા શેરની અભિવ્યક્તિનું નાવીન્ય - બરફ અને મીણબત્તીનું - આસ્વાદ્ય અને કાવ્યાત્મક છે. - ધી.પ.

જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે કર્મઠ અને સદા સાદગી તથા સેવાપરાયણતાને વરેલાં સન્નારી



મણિબહેન પટેલ

— કમલા પરીખ —

શીર્ષકમાં આવેલું નામ આમ તો કેવું જૂનું લાગે છે નહીં ? પરંતુ આપણે નામ સાથે કાંઈ લેવાદેવા નથી; પણ એ નામ ધરાવતી વ્યક્તિએ કરેલાં કાર્યો સાથે સંબંધ છે. આપણા ભારતનું રત્ન એટલે મણિબહેન. તો એમનો આપણે પરિચય પામીએ. આ મહાન સન્નારી ભલે આજે પૃથ્વી પર હયાત ના હોય પણ એમણે કરેલાં કાર્યોની સુગંધ હજુ પણ વાતાવરણમાં ભરપૂર છે.

બાહ્ય આકૃતિ એટલી મોહક નહીં પણ કર્મનિષ્ઠતા અજબગજબની. શરીરે દુબળાં-પાતળાં, મધ્યમ કદનાં, રંગે ભીનો વાન, હંમેશાં ખાદીની સફેદ સાડીમાં સજ્જ, કોણી સુધીની બાંયવાળો કબજો - આ તેમનો પહેરવેશ. ચરોતરના કરમસદ ગામનાં મણિબહેન સરદાર વલ્લભભાઈનાં સુપુત્રી હતાં. ચરોતરના પટેલની સ્ત્રીઓને તે જમાનામાં કોઈ છૂટછાટ મળતી નહીં. તેમને માટે તો ઘર, બાળકો અને સંસાર આ ત્રણ વસ્તુઓમાં હંમેશાં જકડાયેલાં રહેવાનું. પણ મણિબહેન આ બધાં બંધનોથી બિલકુલ વિમુક્ત રહ્યાં હતાં. પટેલની જાત એટલે બોલવામાં સ્પષ્ટવક્તા, કોઈની શેહશરમ સાચી વાત કહેવામાં રાખે નહીં. આપણે ચરોતરની ભાષામાં કહીએ તો આખાબોલાં. એમાં કોઈ પ્રભાવ પાડવાનો ઇરાદો નહીં, પણ સાચી વાત સ્પષ્ટપણે કહેવાનો આશય હોય. તેમનો એક ગુણ હતો કે પોતાના વિષે ક્યાંય કશું કહેતાં નહીં, પણ તેમનાં કાર્યો જ તેમના વિષે બોલે એવાં કાર્યો કરતાં. શ્વેત સાડીમાં હંમેશાં સજ્જ એવાં આ નારીનો પરિચય શબ્દોના માધ્યમથી કરીએ.

સમગ્ર જિંદગી પિતાશ્રી વલ્લભભાઈના પડછાયાની જેમ જીવેલાં મણિબહેનનો જન્મ ૧૯૦૪માં ગાના ગામમાં થયેલો. તે સમયે દીકરી જન્મે ત્યારે શોક છવાઈ જતો, તેમાંય ખાસ કરીને ચરોતરના પાટીદારની જ્ઞાતિમાં. એને પેટે પથ્થર જન્મ્યો એવાં વેણ પણ ઉચ્ચારવામાં આવતાં. હું નાની હતી ત્યારે મેં આ પંક્તિઓ સાંભળેલી જે હજુ પણ મને યાદ છે :

'દીકરાઓ જન્મે ત્યારે સાકરો વહેંચાય છે
દીકરીઓ જન્મે ત્યારે આંસુડાં રેલાય છે.'

આ પંક્તિઓ સૂચવી જાય છે કે તે સમયે દીકરીના જન્મને કેવા શબ્દોથી વધાવવામાં આવતો. ક્યારેક તો તેને દૂધપીતી કરવામાં પણ આવતી. પણ મણિબહેને પુરવાર કરી બતાવ્યું છે કે દીકરી દીકરા જેટલી જ યોગ્યતા ધરાવે છે. તેમનાં માતાનું નામ ઝવેરબહેન અને સરદાર પટેલના પિતાનું નામ પણ ઝવેરભાઈ. હવે આ બે ઝવેરના કુળમાં જન્મ લેનાર વ્યક્તિ ઝળકી ઊઠે તેમાં કોઈ નવાઈ નથી. એમનું નામાભિધાન મણિબહેન કરવામાં આવ્યું અને નામ પ્રમાણે તેમણે આ નામને શોભાવ્યું અને ભારતનાં રત્ન સમાં બની જઈ યાદગાર કાર્યો કરી સ્વયંસિદ્ધા બન્યાં.

મણિબહેન પછી ડાહ્યાભાઈનો જન્મ થયો. પરિણામે મણિબહેન મોટીબહેનનું પદ પામ્યાં. પરંતુ માતાની તબિયત બગડતી ચાલી, ત્યારે વલ્લભભાઈ તેમને મોટાભાઈ વિઠ્ઠલભાઈ, જેઓ મુંબઈ રહેતા હતા તેમને ઘેર લઈ ગયા. ત્યાં હૉસ્પિટલમાં સારવાર મળતાં તબિયતમાં સુધારો થયો, પણ માંદગીએ ફરીથી ઊથલો માર્યો, જે પ્રાણઘાતક નીવડ્યો. ૧૯૧૦માં તેમનું અવસાન થયું. તે સમયે વલ્લભભાઈ આણંદની કોર્ટમાં એક કેસ લડવા ગયા હતા. તેઓને આ સમાચાર મળતાં તેઓ આવી પહોંચ્યા. મા-વિહોણાં બનેલાં બંને બાળકો હજુ નાનાં હતાં છતાં વલ્લભભાઈએ ફરીથી લગ્ન ના કર્યાં કારણ નવી મા લાવી બાળકો માટે દુઃખદ પરિસ્થિતિ સર્જવા તેઓ માગતા નહોતા. તેમનો પરિવાર મોટો હતો, જેમાં માતા-પિતા, ભાઈ-બહેન પરસ્પર સ્નેહની સાંકળથી જોડાયેલાં હતાં. પરિણામે બાળકોની સાચવણી થાય તેમ હતું. બંને બાળકોને વિઠ્ઠલભાઈને ત્યાં મુંબઈમાં રાખી સારી શાળામાં ભણવાની ગોઠવણ કરી અને ત્યાર બાદ ૧૯૧૦મા બૅરિસ્ટર થવા ઇંગ્લન્ડ ગયા. મુંબઈના પાશ્ચાત્ય વાતાવરણમાં મણિબહેનને એકલતાનો અહેસાસ થયા કરતો. તેઓ પોતાનું


યુવાનવયે મણિબહેન

કામ કરી લેતાં, ભણતરમાં મન પરોવતાં, પણ અબોલ અને ઉદાસ રહેતાં.

૧૯૧૩માં વલ્લભભાઈ પરદેશથી પાછા આવ્યા અને પ્રૅક્ટિસ કરવા માટે અમદાવાદ પસંદ કર્યું. મણિબહેનને તેઓ પોતાની સાથે અમદાવાદ લઈ આવ્યા. પરિસ્થિતિ મણિબહેન માટે મુશ્કેલ હતી કારણ અહીં તો તેઓ સાવ એકલાં પડી ગયાં. ઘરમાં બીજી કોઈ વસ્તી નહીં પણ ભાગ્યે સુંદર સાથ આપ્યો. તેમની પડોશમાં માવળંકર પરિવાર સાથે રહેતા હતા. દાદાસાહેબ માવળંકરના પત્ની સુશીલાબહેન પ્રેમાળ હતાં, તેઓ મણિબહેનની વ્યથા સમજી ગયાં. તેઓ અવારનવાર મણિબહેનને પોતાને ઘેર બોલાવતાં અને બાળવયનાં મણિબહેન સાથે ક્યારેક વાતો કરે, ક્યારેક તેમને રમાડે, ક્યારેક નાનામોટાં કામ કરતાં પણ શીખવાડેય. મણિબહેનની એકલતા દૂર કરવામાં તેઓ જાણે સંજીવની બની ગયાં. હવે પેલી એકલતા રહી નહીં. મણિબહેનના જીવનમાં હવે પલટો આવવા લાગ્યો. હવે તેઓ પોતાના ઘરનાં કામ આનંદથી કરવા લાગ્યાં. પેલી એકલતામાંથી મુક્તિ આપવામાં માવળંકરનાં પત્નીનો મોટો ફાળો હતો.

મુંબઈમાં મનસુખલાલ દેસાઈનાં પત્ની હીરાવતીબહેન પોતાની દીકરીઓને કેળવવામાં માહેર હતાં તેથી વલ્લભભાઈએ મણિબહેનને એમને ત્યાં મોકલી આપ્યાં. ત્યાં તેઓ સરસ રીતે કેળવાયાં. ઘરસંસાર નિભાવવાની, વ્યક્તિને ઓળખીને સાચવવાની, કોઈને શેની જરૂર છે તે પારખવાની વગેરે બધી બાબતોમાં તેઓ કેળવાયાં. આમ છતાં મનમાં હોય તે ફટ દઈને બોલી નાખવાની પટેલશાઈમાંથી ઊતરી આવેલ આદત તેમનામાં રહી હતી.

આપણે હવે તેમના અભ્યાસ વિષે વાત કરીએ. તેઓ મુંબઈમાં હતાં ત્યારે ૧૯૧૧માં અંગ્રેજી માધ્યમની ત્યાંની ક્વીન મૅરિ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. ૧૯૧૩માં સેંટ જૉસેફ કોન્વેન્ટમાં પણ તેમણે અભ્યાસ આગળ ધપાવ્યો. ૧૯૧૭માં અમદાવાદમાં ગવર્નમેન્ટ હાઈ સ્કૂલમાં પણ અભ્યાસ કર્યો, અને ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસાર્થે પ્રવેશ મેળવ્યો. અહીંનું વાતાવરણ તેમને ગમી ગયું. અહીં પરિસ્થિતિની સમજણ અને સ્વતંત્ર વિચારસરણી પ્રમાણે નિર્ણય કરવાની તક મળી. તેમનામાં રહેલી નિર્ભયતાને અહીં મોકળો માર્ગ મળી ગયો. આમ, જીવનમાં પલટો આવવા લાગ્યો. તેઓ રહેતાં હતાં શહેરમાં અને વિદ્યાપીઠ શહેરથી દૂર હતી પણ મણિબહેન એમ હાર માને તેવાં ક્યાં હતાં ? વિદ્યાપીઠ જતાં પહેલાં ઘરનાં કામકાજ પતાવી સાઇકલ પર અભ્યાસાર્થે વિદ્યાપીઠ પહોંચી જતાં. ચરોતરના પટેલીની એક છોકરી સાઇકલ પર જાય તે લોકોને માટે આશ્ચર્યજનક ઘટના હતી. સાઇકલ-સવાર મણિબહેનને જોવા માટે લોકો ભેગાં થતાં, હસી મજાક કરતાં, પણ મણિબહેન એમ હારે તેવાં ક્યાં હતાં ? તેઓ તો હતાં સરદારશ્રી જેવા લોખંડીપુરુષના પનોતા પુત્રી. ૧૯૨૫માં તેઓ વિદ્યાપીઠનાં સ્નાતક થયાં.

૧૯૨૭-૨૮માં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો. વળી તેમાં ઉમેરો થયો દુકાળનો. મણિબહેને આવા સમયે જાહેરજીવનમાં પ્રથમ વખત પ્રવેશ પ્રાપ્ત કર્યો. પ્લેગ અને દુષ્કાળપીડિતોની સેવામાં તેઓ સ્વયંસેવિકા તરીકે જોડાયાં. ત્યાર બાદ દરેક આંદોલનમાં કે રચનાત્મક કાર્યમાં તેઓ પિતાની સાથે જોડાયેલાં રહ્યાં. બારડોલીમાં ૧૯૨૮માં આંદોલન થયું જે લાંબો સમય ચાલેલું ત્યારે વલ્લભભાઈ લોકનાયક એટલે 'સરદાર'નું બિરુદ પામ્યા. મણિબહેને ખાદીનો પહેરવેશ અપનાવ્યો, રેંટિયો કાંતવાનું પણ શરૂ કર્યું. અને પોતાને પહેરવાનાં અને વાપરવાનાં કપડાં પૂરતું જાતે કાંતવાનું શરૂ કર્યું. દારુના પીઠા પર પિકેટિંગ કરવાના કામમાં પણ તેઓ જોડાયાં. વિલાયતી કપડાંની હોળી કરવાના કામમાં તેમણે આગેવાની લીધી. તે સમયે સ્ત્રીઓ આવા કામમાં જોડાય તે વાત નાનીસૂની નહોતી; પણ મણિબહેને પુરવાર કરી બતાવ્યું કે સ્ત્રીશક્તિનો અવતાર બની શકે છે. અશક્ત અને અબોલ એવી મણિબહેન જેવી છોકરીનું ખમીર જોઈ પૂ. ગાંધીજીને પણ આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો. તેમણે મણિબહેનને પત્ર લખ્યો :'તારી આ કાર્યશક્તિ અને દેશપ્રેમ જોઈ મને ખરેખર નવાઈ લાગી.' આવાં હતાં આપણાં મણિબહેન.

આંદોલનમાંથી નવરાશ મળે ત્યારે તેમણે વિદ્યાપીઠને માટે સારું એવું ભંડોળ એકઠું કરી આપ્યું. મણિબહેન એટલે સતત એક કાર્યશીલ સ્ત્રી ૧૯૨૭માં વિદ્યાપીઠની કારોબારી સમિતિમાં ચૂંટાયાં. ગાંધીજીએ તેમને વિદ્યાપીઠ મંડળમાં નિયુક્ત કર્યાં. પિતાનું નામ ઉજાળવાનો એક પણ મોકો તેમણે છોડ્યો નહોતો. માતાના અવસાન પછી તેમણે જોયું કે પિતા જાણે એકલતા અનુભવતા હતા. તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે આત્મીયતાભર્યા સહચારની તેમને જરૂર હતી. મણિબહેને પોતે એકલતાનો અનુભવ જિંદગીની શરૂઆતમાં કર્યો હતો. તેથી પિતાની પરિસ્થિતિને તેઓ પામી ગયાં અને યુવાનીમાં પ્રવેશેલાં તેમણે નક્કી કર્યું કે તેઓ પોતે સરદારના નિજી સચિવ તરીકે કામ કરશે. મણિબહેને લગ્ન નહીં કરવાનો



પત્રવ્યવહાર અને ડાયરી લખતાં મણિબહેન

નિર્ણય કર્યો અને આ નિર્ણયને તેઓ છેક સુધી વળગી રહ્યાં.

પોતાની ફરજો નિભાવવાની તેમણે શરૂઆત કરી દીધી. સંસદમાં સરદાર જે બોલે તેની નોંધ રાખે, સરદારનો પત્રવ્યવહાર પણ તેઓ સંભાળે, તેમની સાથે થયેલી વાતચીતની નોંધ તારીખવાર સાથે કરે, સૂતાં પહેલાં ડાયરી લખે. આમ, પિતાનો સાથ છેક સુધી તેમણે નિભાવ્યો. પિતાની રક્ષા એ એમના જીવનનો મંત્ર બની ગયો હતો. પિતાના ચરણે જીવન અર્પણ કરી અનન્ય નિષ્ઠાથી તપશ્ચર્યા કરનાર આવી આ દીકરીને ક્યા શબ્દોથી વધાવીયે તે સમજાતું નથી. સરદારનાં તેઓ પુત્રી, ચાકર, મંત્રી, ધોબી અને અંગરક્ષક બનીને તેમણે જીવનને ઉજ્જવલ બનાવ્યું.

પિતાની સાથે તેઓ પણ સત્યાગ્રહી બની ગયાં હતાં. આંદોલન થાય ત્યારે જેલવાસ પણ ભોગવી ચૂકેલાં. સમગ્ર દેશવાસીઓને માટે તઓને અખૂટ પ્રેમ હતો. દેશની સેવા કરવાની તક મળે કે તરત જ તેઓ ઝડપી લેતાં. પછી તે આંદોલન હોય, સત્યાગ્રહ હોય કે જેલવાસ હોય, તેમણે આ બાબતોમાં ક્યારેય પીછેહઠ નથી કરી. તેમનો અભિગમ હતો કે મારો દેશ એટલે સર્વસ્વ. ૧૯૩૦માં 'પરદેશીનો બહિષ્કાર અને સ્વદેશીનો પ્રસાર' એ આંદોલન શરૂ થયું ત્યારે આંદોલનમાં જોડાયેલી બહેનોએ વિચાર્યું કે તેમણે પહેરેલી ચૂડિયો વિલાયતી છે તો શું કરવું એ સમસ્યા ઊભી થઈ, વળી જેલમાં કાચની બંગડી પહેરવાની બંધી હતી. પણ તીવ્રબુદ્ધિ-વાળાં મણિબહેને ઉપાય શોધી કાઢ્યો. તેમણે સૂતરની આંટીમાંથી બંગડી ગૂંથી કાઢી જે હતી સો ટકા સ્વદેશી.

સત્યાગ્રહનું મુખ્ય હથિયાર હતું આત્મબળ પરંતુ કેટલીક વાર જેલયાત્રા આ આત્મબળનો વિધ્વંસ કરતી, ત્યારે મણિબહેન એવી બહેનોને બળ પૂરું પાડતાં. એક પ્રસંગ જાણવા જેવો છે કે જેલમાં એક સત્યાગ્રહી છોકરી આવેલી. તેણે જેલનું ભોજન ખાવાનો ઇન્કાર કર્યો. ત્યાં ગંદાંગોબરાં વાસણમાં જમવાનું મળતું તેથી આ છોકરી નારાજ હતી. તેણે જમવાનું બંધ કર્યું. મણિબહેને તેને ઘણી સમજાવી પણ તેણે તો ભૂખ્યા રહેવાનું નક્કી કરેલું. મણિબહેને તેને સમજાવી કે વાસણ સરકારે આપ્યાં છે પણ બે હાથ તો ભગવાને આપણને આપ્યા છે ને તેથી આપણે જાતે વાસણ સાફ કરી જમવાનું લેવાનું અને ખાવાનું. આમ, આ પટેલની દીકરી પેલી છોકરીને સમજાવી તેને ભોજન લેતી કરી.

૧૯૩૦થી ૧૯૪૨ સુધી મણિબહેન રાજ્યની લગભગ બધી નાનીમોટી જેલોમાં જેલવાસી બનેલાં. આ જેલો હતી સાબરમતી, થાણા, યરવડા, આર્થર રોડ, અને હિંડલગા. એમને દરેક જેલની અગવડ-સગવડની જાણકારી હતી. તેથી જેલમાં રહેલાં નેતાની જવાબદારી તેઓ યોગ્ય રીતે સંભાળી લેતાં. કોઈ જેલથી કંટાળી માફી માગવાનું વિચારે નહિ તેવું આત્મવિશ્વાસના બળનું તેમણે પોતાની સાથી બહેનોમાં સિંચન કર્યું હતું.

૧૯૩૮માં સરદાર અને ગાંધીજી કૉંગ્રેસના કામમાં વ્યસ્ત હતા ત્યારે રાજકોટના ઠાકોરે પ્રજાની કેટલીક માગણીઓનો સ્વીકાર કર્યો નહીં. પરિણામે પ્રજા સત્યાગ્રહ કરવા તૈયાર થઈ. ગાંધીજી તો કામમાં વ્યસ્ત હતા તેથી કસ્તુરબા કે જેમનું પિયર રાજકોટ હતું તેઓ ત્યાં જવા તૈયાર થયાં. કસ્તુરબાની તબિયત કથળી ગયેલી હતી પણ ગાંધીબાપુની વ્હારે મણિબહેન અને મૃદુલાબહેન આવ્યાં, જેઓ કસ્તુરબા સાથે જવા તત્પર થયાં. રાજકોટની સરકારે મણિબહેન અને મૃદુલાબહેનની રસ્તામાં ધરપકડ કરી સણોસરાની ચોકીમાં પૂરી દીધાં અને કસ્તુરબાને એકલાંને ખંડિયેર જેવા એક પુરાણા ઘરમાં કેદ કર્યાં જ્યાં સગવડ અને ઉજાસના પણ ફાંફાં હતાં. તેમનું શરીર કથળ્યું ત્યારે મણિબહેનને એમને મળવા લઈ ગયાં, પણ કસ્તુરબાની દેખભાળ કરવા મણિબહેનને ના પાડતાં મણિબહેન ઉપવાસ પર ઊતર્યાં. પરિણામે કસ્તુરબાને એક નાના મહેલ જેવા મકાનમાં ખસેડવામાં આવ્યા જ્યાં મણિબહેન અને મૃદુલાબહેનને તેમની સાથે રહેવાની પરવાનગી મળી. કસ્તુરબાએ પોતાના હાથે પાણી પિવડાવી મણિબહેનના ઉપવાસ છોડાવ્યા. મણિબહેનનું આત્મબળ અને સેવાપરાયણતા એવાં હતાં કે ગાંધીજીએ કસ્તુરબાને લખેલા પત્રમાં વારંવાર લખેલું કે, 'જ્યાં સુધી મણિ છે ત્યાં સુધી મને તમારી કોઈ ચિંતા નથી.'

મણિબહેને અવારનવાર જેલવાસો ભોગવેલા. જેલમાં બે કલાક માટે તાળાં ખૂલે ત્યારે તેઓ કપડાં ધોઈ લે, કચરો વાળી નાખે, ઓરડી ધોઈ નાખે અને વાસણ પણ માંજી નાખે. ચોખ્ખાઈ અને કામ આ બે એમના જીવનમંત્રો હતાં. કામ પતે એટલે થોડું ચાલે પણ ખરાં, જેથી તબિયત સચવાય. હિંડલગા

જેલમાં જ્યારે કેદીઓની સંખ્યા વધી તે સમયે કૉલેરા જેવો રોગ ફાટી નીકળ્યો. પરિણામે બસો-પાંચસો વ્યક્તિઓ તેમાં હોમાઈ. બહેનોના વિભાગમાં પણ પચાસથી વધારે બહેનો મૃત્યુ પામી. સમયને માન આપી પ્રતિબંધક ઈન્જેક્શનો અપાયાં પણ મણિબહેન અને મૃદુલાબહેને ઈન્જેક્શનો લીધાં નહીં. તેમણે તો આ રોગમાં ઝડપાયેલાંની આત્મીયતાથી સેવા કરી ગીતાના ઉપદેશને સિદ્ધ કર્યો.

તે સમયે સવાર-સાંજ એક પીળો કાગળ કેદીના નામે જેલમાં આવતો. તે છાપેલા ફૉર્મ પર લખેલું કે, 'હું રાજદ્વારી આંદોલનમાં ભાગ નહીં લઉં.' આ કાગળમાં કેદીઓએ નીચે સહી કરવાની જેથી જેલમાંથી મુક્ત થઈ ઘેર પરત જવાની છૂટ મળે. પણ મણિબહેન તો દીકરી હતાં સરદારનાં ! તેમણે જેલમાં બધાંને આ કાગળ પર સહી નહીં કરવા સમજાવ્યાં અને તેમાં પણ બધી કેદી બહેનોને યરવડા જેલમાં ખસેડવામાં આવી; જ્યારે મણિબહેન અને મૃદુલાબહેનને સ્ટેશને લઈ જવામાં આવ્યાં ત્યારે એક અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું. નિઃસ્વાર્થભાવે હૉસ્પિટલમાં તેમણે કરેલી દર્દીઓની સેવાની સુગંધ ગામમાં ફેલાઈ ગઈ હતી અને સમગ્ર સ્ટેશન પર ગામલોકોએ તેમનું ગુલાબના ફૂલોથી સ્વાગત કર્યું.

૧૯૪૭ના ઑગસ્ટ મહિનામાં અંગ્રેજો ભારત છોડી ચાલ્યા ગયા. જતાં જતાં દેશનું વિભાજન પણ કરતા ગયા. મહાદેવભાઈ અને કસ્તુરબા તો આગાખાન જેલમાં અવસાન પામ્યાં હતાં. મણિબહેનને કસ્તુરબા અને ગાંધીજીનો મોટો સહારો હતો. કસ્તુરબાની અંતિમ માંદગીમાં તેઓ ચાકરી કરવા પહોંચી ગયેલાં. માનો પ્રેમ તો તેઓ જીવનમાં પામ્યાં નહોતાં પણ કસ્તુરબાએ તો તેમને સગી જનેતાની જેમ ચાહ્યાં હતાં. પરિણામે માનો પ્રેમ શું છે, કેવો છે તે મણિબહેન કસ્તુરબા પાસેથી પામ્યાં હતાં એટલે તેમના અવસાનથી સૌથી મોટી ખોટ મણિબહેનને પડી. તેઓ ખૂબ ઉદાસ થઈ ગયાં. 'જનનીની જોડ' તેઓ કસ્તુરબા પાસેથી પામ્યાં હતાં.

આઝાદી પછી સરદાર ઉપપંતપ્રધાન થયા. એ હોદ્દાની રૂએ તેમને મહાલય રહેવા માટે મળ્યો. મણિબહેન અને સરદાર આ બે જ વ્યક્તિ આ મહાલયમાં રહેવાની હતી. મણિબહેન પિતા સાથે અહીં રહેવા આવ્યાં. આખું મકાન ફરીને જોયું અને નિર્ણય કર્યો કે બે વ્યક્તિ માટે આવડું મહેલ જેવું મકાન જરૂરનું નથી. તેમણે દીવનખાનું, રસોડું અને એક નાનો ઓરડો વાપરવા માટે રાખી બાકીના બધા ઓરડા બંધ કરાવી દીધા. આપણને આ વાંચીને જરૂર આશ્ચર્ય થાય કે આવડું મોટું મકાન, નોકર-ચાકર, હોદ્દો : આ બધું વાપરવાનો લ્હાવો કેવી રીતે છોડાય ? અત્યારના માહોલમાં આવું ભાગ્યે જ જોવા મળે. પણ મણિબહેન અનોખી માટીનાં હતાં. તેઓ ઘરની સાફસૂફી જાતે કરતાં અને જરૂર કરતાં વધારે જગ્યા વાપરવાનો કે રાખવાનો કોઈ અર્થ નહોતો. એમને ક્યાં જાહોજલાલીનું પ્રદર્શન કરવું હતું ? તેથી મહાલયમાં વ્યર્થ સમય બગાડવા કરતાં કોઈ ઉપયોગી કાર્યમાં સમય વપરાય તે તેમને માટે વધારે અગત્યનું હતું. રાત્રે તેમણે બગીચામાં ઠેરઠેર પ્રકાશિત બત્તીઓ પણ બંધ કરાવી, ફક્ત ઝાંપા પાસે એક બત્તી રાખવાનું તેમણે ચોકીદારને કહ્યું. આવા વૈભવ-પ્રદર્શનનો મોકો ઠુકરાવતાં મણિબહેન માટે ખરેખર માન થાય. આધુનિક જમાનામાં તો આવું મકાન, ઝળાંહળાં થતી લાઈટો હોદ્દાને વધુ શણગારે છે. પણ મણિબહેને તો એક સૂત્ર અપનાવ્યું હતું કે સત્તાની રૂએ મળેલી પાઈએ પાઈ પ્રજાની છે તો સ્વયં પોતાને માટે વાપરી શકાય જ નહીં. કેવા ઉદાત્ત વિચારોવાળાં હતાં મણિબહેન તેનો ખયાલ આપણને તેમના આ વર્તનથી આવે છે. કોઈ સ્વાર્થબુદ્ધિથી કામ કઢાવવા મણિબહેન પાસે જાય તો તરત જ પારખી જાય અને ક્યારેય નમતું જોખે નહીં. માણસને પારખવાની તેમનામાં ગજબની સૂઝ હતી. તેઓ કહેતાં, 'મને મીઠું મીઠું, ગોળ ગોળ બોલતાં ના આવડે - મારી તો પાટીદારની જબાન છે, એક વાર જે નક્કી કર્યું તે કર્યું અને જેવું હોય તેવું કહી દેવું'. તેમના આ શબ્દો તેમના આંતરમનનો અરીસો હતા. તેઓ જેવાં હતાં તેવાં જ દેખાતાં, ક્યાંય ડોળ, દમામનું ખોટું પ્રદર્શન કરવાનો તેમનો સ્વભાવ જ નહોતો. કુટુંબનાં માણસો, કારભારીઓ વગેરે આવે ત્યારે નોકર-ચાકરની મદદ વગર આગતા-સ્વાગતા કરે. ભારતના ઉપપ્રધાનને શોભે તેવા પૂરા દમામથી આ બધાંને સાચવી લેતાં તેમને આવડતું. આઝાદી મળ્યાં પછી સરદારશ્રીને પત્રવ્યવહારનું કામ વધી ગયું હતું. તેમાં મણિબહેન સહાયભૂત બની ગયાં હતાં અને ચોકસાઈથી મદદગાર થતાં. ક્યો પત્ર ક્યાં પહોંચાડવો, સરદારનાં સલાહસૂચનો હોય તો દરેક પત્ર પર લખવાં, તેના સંદર્ભ ક્રમાંક લખવા વગેરે પત્રવ્યવહારના કામમાં હંમેશાં તેઓ મદદગાર બની રહ્યાં હતાં. ભૂલથી સરદારે એકાદ ચિઠ્ઠી કે કાગળ ફાડીને ફેંકી દીધો હોય તો મણિબહેન સાફસૂફ કરતાં દરેક કાગળના ટુકડા જોઈ લે અને જરૂર જણાય તો કામના ટુકડા ભેગા કરી ચોંટાડી ફાઈલોમાં મૂકી દે જેથી જરૂર પડે ત્યારે સરદારની આગળ ધરી દે. આ બતાવે છે કે કેટલી ચીવટથી તેઓ પિતાને સહાયભૂત થતાં હતાં ! તેમની આ ચીવટને ખરેખર દાદ દેવી પડે.

આઝાદી મળ્યા પછી પણ જાતે કાંતેલા સૂતરની ખાદી પહેરવાનું ચાલુ જ રાખ્યું હતું. સરદારને તો કામમાંથી વખત બહુ મળતો નહીં તેથી મણિબહેન પોતાનું તથા પિતાના ભાગનું કાંતતાં. પિતાના ઘસાયેલાં ધોતિયામાંથી ઘસાયેલો ભાગ કાઢી

નાખી પોતાંનાં કપડાં બનાવી લેતાં પરિણામે સમય, ખાદી અને ખર્ચ ત્રણે ચીજોનો બચાવ કરી શકાય. પિતા ઉપપ્રધાનપદ પર હતા તેથી ઈસ્ત્રી વગરનાં પિતાના ખાદીનાં કપડાં તેઓ ઊજળાં અને વ્યવસ્થિત રાખતાં. આમ, નાનીમોટી દરેક બાબતમાં ઝીણવટથી મદદ કરનાર આ દીકરી ખરેખર પ્રશંસાને પાત્ર છે.

ગાંધીજી સાથે સરદારશ્રીને પરિચય થયો ત્યારે પિતા સાથે મણિબહેન આશ્રમ પરિવારના થઈને રહ્યાં હતાં. પિતા-પુત્રીના જીવનમાં આનાથી સારો સુસંવાદ સધાયો હતો. ગાંધીજીની હત્યાના સમાચાર બાપુને મળીને સરદાર પાછા ફરતા હતા ત્યારે રસ્તામાં મળ્યા. સરદાર મનથી ભાંગી પડે તેવા થઈ ગયા, પણ મણિબહેને તેમને સંભાવી લીધા. પોતાની મનોવેદના સહન કરી તેઓ પિતાની પાછળ જઈને ઊભા રહ્યાં હતાં. આમ આ દીકરી પિતાના જીવનમાં અવારનવાર પિતાના પડખે ઊભી રહેતી હતી. અતિશ્રમ, મનોવેદના, અવસ્થા અને નાજુક સ્વાસ્થ્ય હોવા છતાં મણિબહેને અંતિમ ક્ષણ સુધી કાર્યક્ષમતા દાખવવાનું કામ કર્યું હતું. આવી દીકરી માટે આપણે દીકરીને અભિનંદન આપીએ અને પિતાને ભાગ્યવાન કહીએ તો કશું જ ખોટું નથી. સરદારની તબિયત કથળતી જતી હતી તેનો ખયાલ મણિબહેનને આવી ગયો હતો. ૧૯૫૦ના નવેમ્બર માસમાં ૧૨મી તારીખે સરદારની તબિયત વધુ બગડી અને ૧૫મી ડિસેમ્બરે તેઓનું અવસાન થયું. છેક મૃત્યુ સુધી દીકરીએ બાપની અનન્ય સેવા કરી હતી. રાજાઓના રાજ જીતી લેનાર ભારતના ભડવીર સરદારે પોતાની પુત્રી માટે ફૂટી કોડી કે નાની સરખી ઓરડી પણ રાખી નહોતી. સ્વાભાવિકપણે આપણને આની આજના રાજકારણીઓ સાથે સરખામણી થઈ જાય છે. ક્યાં એ ભડવીર મહાપુરુષ અને ક્યાં આધુનિક રાજકારણ ! સરદારના મનમાં પોતાના મૃત્યુ બાદ દીકરીનું શું થશે એવી કોઈ ચિંતા નહોતી. તેઓ જાણતા હતા કે આ દીકરી વજ્રનો કટકો છે જે તૂટશે નહીં અને કટાશે પણ નહીં. ગમે તેવી દુ:ખદ પરિસ્થિતિનો સામનો કરી શકે તેવી બળવાન એ દીકરીમાં પિતાને સંપૂર્ણ વિશ્વાસ હતો.

પિતાના મૃત્યુ બાદ મણિબહેન ચાર દાયકા જીવ્યાં. ઉંમરનો પ્રભાવ જણાતો હતો. તેમણે જીવનપર્યંત સેવાધર્મ સ્વીકાર્યો હતો અને એનું પાલન કરી, નવા આદર્શોનું નિર્માણ કરી જીવનને ઉજ્જવલ બનાવ્યું હતું. પિતાના આદર્શોને સંપૂર્ણ રીતે તેઓ વર્યાં હતાં. પિતાને જિંદગી અર્પણ કરી તે પહેલાં તેઓ આશાસ્પદ, નીડર યુવા કાર્યકર્તા રહ્યાં હતાં. ગાંધીજી પણ મણિબહેનમાં પડેલી શક્તિઓ જોઈને ખુશ થયા હતા. તેઓ દરેક કામ ચીવટ અને ઝડપથી કરતાં હતાં અને અન્યની લાપરવાહી કે અણઆવડત નજરે પડતાં અકળાઈ જઈ સામેની વ્યક્તિને વઢી પણ કાઢતાં. કૉંગ્રેસની અખિલ ભારતીય સમિતિના સદસ્ય બન્યાં ત્યારે કૉંગ્રેસના બધા નિયમોનું પાલન કરતાં, જરૂર પડતાં સરઘસ પણ કાઢે અને જેલમાં પણ જાય. ગુજરાતમાં રેલ, દુકાળ, ચેપી રોગચાળા જેવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે કામમાં ઢીલાશ ના આવે તે માટે ગુજરાત સંકટ નિવારણ ટ્રસ્ટ બનાવવામાં આવ્યું તે સંસ્થાના મણિબહેન ટ્રસ્ટી થયાં હતાં. આણંદ પાસે વલ્લભવિદ્યાનગરની સ્થાપના થઈ હતી ત્યારે સરદારના અવસાન પછી મણિબહેન સંચાલક મંડળમાં ચૂંટાઈ આવ્યાં હતાં. વિશ્વકર્મા વિદ્યાલય જેની ખાસ વાસ્તુશાસ્ત્ર માટે સ્થાપના થઈ હતી તેના નિયામકમંડળમાં પણ મણિબહેન જ હતાં. સ્ત્રીશિક્ષણ માટે 'વિઠ્ઠલ કન્યા વિદ્યાલય કેળવણી મંડળ'ની સ્થાપના થઈ તેમાં મણિબહેને રસપૂર્વક યોગદાન કર્યું હતું અને વર્ષો સુધી એના પ્રમુખપદે રહી યોગ્ય દોરવણી આપી હતી. પિતાની સાથે પુત્રી મણિબહેન, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલાં રહ્યાં હતાં અને પોતાનાથી થાય એ બધું કરી છૂટ્યાં હતાં.

મણિબહેન ગાંધીજીના આશ્રમમાં પ્રવેશ્યાં ત્યારથી જ રાજકીય આંદોલનમાં જોડાયેલાં. સ્વતંત્રતા મળ્યા પછી અને સરદારના અવસાન પછી જીવનના અંતિમ સમય સુધી રાજકાજમાં સક્રિય રહ્યાં હતાં. તેમણે આદર્શ સ્વયંસેવિકા બની ભારતનું નામ ઉજ્જવલ કર્યું. તેઓ સિદ્ધાંતવાદી, સત્યાગ્રહી અને સમર્થ સેનાની એવા ત્રણ ગુણોથી ભર્યાં ભર્યાં હતાં. સરદારના અવસાન પછી તેઓ લોકસભામાં નિર્વાચિત થયાં. પ્રથમ વાર લોકોના પ્રતિનિધિના રૂપમાં તેમણે પોતાનું સ્થાન લીધું. ચૂંટણીમાં ચૂંટાય તે માટે નથી કોઈ સભાઓ ભરી કે નથી મત માંગવાં ગયાં.

૧૯૭૭માં ભારતીય જનાતા પક્ષ અસ્તિત્વમાં આવ્યો. કોઈ પણ જાતની ગેરરીતિ કે પ્રચાર વિના મણિબહેન ૭૦ વર્ષે મહેસાણા વિભાગમાંથી ૬૨% મત મેળવી ચૂંટાયા. તેઓ ૧૯૭૩થી ૧૯૭૯ સુધી રાજ્યસભાનાં સભાસદ પણ હતાં. લોકસભા અને રાજયસભાનાં સદસ્યોને રેલવેનો પ્રથમવર્ગનો પાસ મળતો પણ મણિબહેને તેનો ઉપયોગ જ કર્યો નહોતો. તેઓ તો ત્રીજા વર્ગમાં મુસાફરી કરતાં. લોકો સાથે ભીડમાં મુસાફરી કરતાં તેઓ સામાન્ય લોકોનો સંપર્ક સાધી શકતાં. તેઓ સ્ટેશનના પ્લેટફૉર્મની અને વેઈટિંગ રૂમોની સફાઈ માટે સદા જાગ્રત રહેતાં. સ્ટેશન પર પહોંચતાં તે પ્લેટફૉર્મ પર નજર ફેરવી સ્ટેશન માસ્તર પાસે જઈ બધું બરાબર કરાવી દેતાં. વળી, યાત્રીઓને પણ ડબ્બામાં થૂંકવા કે ખાવાનું વેરી ડબ્બાને ગંદો કરવા દેતાં નહોતાં.

નાનપણથી માવિહોણાં બની ગયેલાં મણિબહેન જ્યારે

(અનુસંધાન પૃ. ૩૦૦ પર)

રઘાદાદા

અશોક વિદ્વાંસ

ર ઘાદાદા સોનગઢના અમારા પડોશી. અમારી ખડકી અને એમની ખડકી વચ્ચે એક જ ઘર હતું. એ ઘરના માલિક વેપાર માટે મુંબઈ જઈને વસેલા. વરસમાં એકાદ વખત એ સહકુટુંબ દેશમાં આવે ત્યારે જ એ ઘરનો દરવાજો ખુલતો. બાકી આખું વર્ષ એ ખડકી બંધ જ રહેતી.

રઘાદાદાના દીકરાનો દીકરો નટુ મારો ખાસ મિત્ર. ઉંમરમાં એ મારા કરતાં બેએક વર્ષ નાનો અને ભણવામાં ત્રણ વર્ષ પાછળ. પણ મારો જીગરી દોસ્ત. રોજ ચાલીને નિશાળે જવા-આવવામાં મારો સાથીદાર.

રઘાદાદા વિધુર હતા. નટુનાં દાદીમા ક્યારે ગુજરી ગયાં, મને ખબર નથી. પણ અમે સોનગઢ રહેવા ગયા ત્યાર પહેલાંની વાત. નટુના બાપા - રઘાદાદાના એકના એક દીકરા - યુવાન ઉંમરે ક્ષયરોગના ભોગ બનેલા. આમ, દાદાએ બે ઝંઝાવાતી ફટકા ખાધેલા. પણ એકાદ ટેકીલા વીરની માફક આ બંને જખમ હૈયે ડામી દઈને દાદા જિંદગીનો ઈમાનપૂર્વક સામનો કર્યે જતા'તા. એકના એક યુવાન દીકરાને ખોયાનું દુઃખ એમના હૈયામાં કેટલું ઊંડે સુધી ખૂંચી ગયું હશે એ તો કલ્પના જ કરવી રહી. એ ગતપુત્રની યાદ દાદાને માટે સમયની ગણતરીનું એક સાધન હતી. 'મહારાજ સા'બ (ભાવનગરના એ સમયના રાજવી કૃષ્ણકુમારસિંહ.) ગાદીએ બેઠા ત્યારે મારો નટિયાનો બાપ વીસ વરહનો હતો.' અથવા તો 'મારા નટિયાનો બાપ સપનિયા કાળ પસે દહ વરહે થ્યો'તો.' એમ કહી દાદા એક સરળ સ્કેલ પર સમયની તવારીખ માંડતા.

રઘાદાદા જાતે દરજી. 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે' એ કહેવત દાદાને બરાબર લાગુ પડેલી. દીકરો જતાં ઘરમાં કોઈ બીજું કમાનારું ન રહ્યું. ભારે હૈયે અને મૂંગે મોઢે દાદાએ સંચા સાથેનો અતૂટ સંબંધ સ્વીકારી લીધો. રઘાદાદાનો સંચો ખૂબ જૂનો હતો, 'ઉષા' મશીન બનાવનારી કંપની જન્મી એ પહેલાનો. 'સીંગર' કંપનીના સંચા સરસ પણ ખૂબ મોંઘા. રઘાદાદાનો સંચો કઈ 'make'નો હતો એ તો મને ખબર નથી, પણ એને ચલાવવા માટેનો પેડલ-પાટલો, એનો બેલ્ટ, એનાં બૉબીન અને ઉપરનું થાળું - એટલે વર્ક પ્લેટફૉર્મ (આમાંના કેટલાક શબ્દો દાદા પાસેથી સાંભળેલા છે.), એ બધા હજી આજે પણ મને સ્પષ્ટ યાદ છે. ને, એ બધાની જે સંયુક્ત આકૃતિ મગજમાં છે એ પરથી માનું છું કે એ સંચો કોઈ દેશી બનાવટનો અને ખૂબ જૂનો - કદાચ રઘાદાદાના વખતનો - હશે. એ સંચાનેય ટપી જાય એવી રઘાદાદાની ખુરશી હતી. ચાર પગ અને લાકડાના એક પાટિયાની બેઠકવાળી એ ખુરશી પર આખો દિવસ બેસી શકાય એ માટે દાદા એક જાડા ઓશીકા જેવી ગાદી વાપરતા. એક અગત્યની વિગત એટલે એ ખુરશીને પાછળ ટેકણ જ નહોતું. સીવતાં સીવતાં થાક લાગે ને કમર કે પીઠ અઢેલવાની ઈચ્છા થાય તો પણ એ ખુરશી પર એમ કરવું શક્ય ન હતું. આવી ખુરશી પર બેસીને આવા સંચા પર જાડા કાપડમાંથી રઘાદાદા ભરવાડ, રબારી અને ખેડૂત જેવી વસવાયા કોમ માટે ચોરણો, કેડિયું, બંડી કે કાપડું (એટલે દેશી બ્લાઉઝ) જેવાં કપડાં સીવ્યા કરતા. દાદાને ખમીસ કે પાટલૂન સીવતા મેં કદી જોયાનું યાદ નથી.

રઘાદાદ રોજ પરોઢિયે ઊઠતા. એમની વિધવા પુત્રવધૂ (નટિયાનાં બા) બહાર ઓટલા પર પાણી મૂકી જતાં અને દાદા ત્યાં બેસી પ્રભુસ્મરણ કરતા કરતા સ્નાન પતાવતા. ઘરમાં જઈ ભગવાનના ફોટા સામે હાથ જોડી અગરબત્તી ધરતા ને પછી સંચે બેસતા. બપોરે જમવા ઊઠતા અને જમ્યા પછી ઘડીક આડે પડખે થતા. ઊઠીને વળી સંચે બેસતા. એમની દુકાનનું મોઢું પશ્ચિમમાં હતું. સાંજે સૂરજ આથમે એટલે દાદા સંચેથી ઊભા થતા. ઘરમાં જઈ ભગવાનને દીવો અને આરતી કરતા. એમની આરતી એ આરતી અને ધૂનનું મિશ્રણ હતી. 'રામ કયી તો ય તમે સો ને કરશન કયી તો ય તમે સો.' આવું કંઈક દાદા પંદર-વીસ મિનિટ સુધી જપ્યા કરતા.

મારા પિતાજીને અમે 'ભાઉ' કહેતા. એમનું મરાઠીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાનું કામ રોજ રાત્રે જમ્યા પછી થતું. એક લખનાર ભાઈ સામે બેસે અને ભાઉ સૂતા સૂતા લખાવે, એમ એ કામ ચાલતું. ત્યારે રઘાદાદા આવીને સામા ખાટલા પર બેસતા. લખનાર ભાઈ ન આવ્યા હોય ત્યાં સુધી અલકમલકની વાતો ચાલતી. લખવાનું શરૂ થાય પછી પણ દાદા ત્યાં બેસી રહેતા. ચૂપચાપ. લખનાર ભાઈ આવે એટલે ભાઉ દાદાને જણાવે કે દાદા હવે મારું કામ શરૂ કરું છું. દાદા કહે, 'તમતમારે તમારું કામ કર્યે જાવ. હું તો મારે આંય બેઠો રઈશ. પણ તમારી પાંહે બેહું ને તંયી મને બવ હારું લાગે સે.' અમે કુલ બાર વર્ષ સોનગઢ રહ્યા એમાંથી આશરે પહેલા દશ વર્ષ સુધી દાદાનો આ નિત્યક્રમ બરાબર ચાલ્યા કર્યો.

હું નવમા કે દશમા ધોરણમાં હોઈશ ત્યારની વાત છે. નટુને થોડો થોડો તાવ આવવા લાગ્યો. શરૂમાં તો એ તાવની દેશી દવા કરવામાં આવી. પણ જ્યારે આઠ-દસ દિવસ સતત તાવ ચાલુ રહ્યો ત્યારે દાદા ગભરાયા. ક્ષયરોગમાં જુવાન દીકરાને ગુમાવી ચૂકેલા રઘાદાદા માટે નટિયો હથેળીનું ફૂલ હતો. એના સુખે દાદા સુખી થતા અને એના દુઃખે એમનું હૈયું કરમાઈ જતું. નટિયો એમના ઘડપણનો દીવો હતો. ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે દવા આપી, અને 'મટી જશે' એમ કહ્યું. પણ

તાવ ન ઊતર્યો. એ પછી મારા પિતાજી ડૉક્ટરને મળ્યા. ડૉક્ટરે કહ્યું, 'મને ટાઇફૉઇડનો વહેમ લાગે છે.' તરત જ લોહી તપાસવાની વ્યવસ્થા કરવામાં આવી. રઘાદાદાને માથે જાણે આભ તૂટી પડ્યું. કોઈકને ભાવનગર મોકલી દવા મંગાવી. ક્લોરોમાઇસીટીનના પાંચ ઇન્જેક્શનનો કૉર્સ કરવો પડ્યો. દવા ચાલુ જ હતી ને દાદાએ માનતા માની, 'નટિયાને હારું થાશે પસી ખોડિયારમાને લાપસી ધરાવીશ ને પાંસ ભામણ જમાડીશ.' આખરે, દાદાના આશીર્વાદથી કે ક્લોરોમાઇસીટીનના મારાથી નટિયાનો તાવ ઊતર્યો. ધીમે ધીમે અશક્તિ ગઈ અને એક-બે મહિનાના આરામ પછી નટિયો પૂરો સાજો થઈ ગયો. દાદાના જીવમાં જીવ આવ્યો. પણ, ડૉક્ટર, દવા, ઇન્જેક્શનો, ગ્લુકોઝ અને એ ઉપર ખોડિયારમાની લાપસી અને ભામણ જમાડવાની માનતા પૂરી કરવામાં દાદાએ ધાર્યું હતું એના કરતાં ઘણો વધુ ખર્ચ થયો. એક દિવસ સાંજે ભાઉ ઘરે આવ્યા પછી થોડી વારમાં રઘાદાદા એમને મળવા આવ્યા. ભારે હૈયે, માંડ માંડ જીભ ઉપાડીને એમણે પોતાની પરિસ્થિતિ જણાવી અને પચાસ રૂપિયા ઉછીના માગ્યા. ભાઉ જાણતા હતા કે દાદા ટેકીલા અને ઈમાની છે. ખરેખર જરૂર હશે ત્યારે જ એમણે આવું વેણ નાખ્યું હશે. ભાઉએ મને કહ્યું, 'અશોક, કબાટમાંથી દાદાને પચાસ રૂપિયા આપ.' પૈસા હાથમાં લેતાં લેતાં દાદા રોઈ પડ્યા. એ ઘરડા પણ ભડ માણસની આકરી કસોટી થઈ રહી'તી.

આ વાતને આશરે બે મહિના થયા હશે ને એક દિવસ સવારના પહોરમાં નટિયો હાંફળોફાંફળો અમારે ઘેર આવ્યો. 'ભાઉ, મારા દાદા પથારીમાંથી ઊઠી નથી શકતા. કે'છે કે કડ ભાંગી ગઈ છે.' ભાઉ તરત જ નટુને ઘેર ગયા. ડૉક્ટરને બોલાવ્યા. નિદાન થયું કે દાદાને પૅરૅલીસીસનો સખત અટૅક આવ્યો છે. પેશાબ-પાણીથી માંડીને બધું જ ખાટલામાં કરવું પડે એવી વ્યવસ્થા કરવી પડી ! દાદા હારી પડ્યા. નટિયાને ભણાવીને કૉલેજમાં મોકલવાની એમની ઇચ્છા તો ક્યાંય ઢબૂરાઈ ગઈ. દાદાની ચેતના વગરનાં, એમના સંચો-ખુરશી ને દુકાન વીલાં થઈ ગયાં. એક સાધુની જીવનસાધના અધવચ જ અટકી પડી.

ભાઉ અવારનવાર દાદાની ખબર કાઢવા જતા. થોડી વાર બેસીને જ્યારે તેઓ પાછા જવા ઊભા થતા ત્યારે શરૂમાં બે-ચાર વખત, દાદાએ એમનો હાથ પકડી કહેલું : 'ગોપાળભાઈ, ભગવાનના હમ ખાઈને કંઉસું તમારા પૈસા ખોટા નંઈ કરું. એક વાર આ દરદમાંથી ઊભો થાઉં એટલે દર અઠવાડિયે બબ્બે રૂપિયા કરીને તમારા પૈસા વાળી દઈશ.' ભાઉ પ્રેમથી એમનો હાથ દબાવીને નીકળી આવતા.

પણ એ પછીના દોઢ-બે વર્ષ અમે સોનગઢ રહ્યા ત્યાં સુધી રઘાદાદા પથારીવશ જ રહ્યા. સંચો ને ખુરશી મૂંગાં મૂંગાં એમની રાહ જોતાં રહ્યાં. હું અગિયારમું ધોરણ પાસ કરીને કૉલેજમાં જવા તૈયાર થયો ને ભાઉએ સોનગઢ છોડીને અમદાવાદ રહેવા જવાનું ઠરાવ્યું. અમે નીકળ્યા ત્યારે ધર્મભીરુ રઘાદાદાની આંખો લાચારી, નિરાશા અને હૃદયદ્રાવક દર્દનાં આંસુ વરસાવી રહી'તી.

આ બધી વાતને વર્ષો વીતી ગયાં. હું એન્જિનીઅર થયો અને કલકત્તા, દુર્ગાપુર એવી જગ્યાઓએ બે-ત્રણ નોકરી કરીને ભાવનગરમાં શરૂ થતા મિનિ સ્ટીલ પ્લાન્ટમાં ચીફ એન્જિ-નીઅર તરીકે નોકરી કરવા આવ્યો.

એક રવિવારે ભાવનગરની બજારમાં ફરતો'તો ને અચાનક સામે નટુ દેખાયો. મેં તો એને તરત જ ઓળખ્યો. પણ મારા પર કૉલેજ, અમદાવાદ, કલકત્તા, એવા અનેક થર ચઢી ગયેલા. નટુએ મને ઓળખ્યો તો હશે પણ ઝટ બોલાવવા જેટલી હિંમત નહીં થઈ હોય. મેં જ દોડીને, ભેટીને વાત શરૂ કરી. નટુ પણ હરખાયો. બે-ચાર મિનિટ વાતો થઈ. પણ હું ઉતાવળમાં હતો. નટુને મારા ઘરનું સરનામું આપી, ફરી જરૂર મળીશું એવું કહી, છૂટા પડવાની મારી ગણતરી હતી. પણ નટુ અચકાતાં અચકાતાં બોલ્યો : 'અશોક,... અશોકભાઈ, પાંચ દસ મિનિટ હોય તો થોડી વાત કરવી છે. આ બાજુની હૉટલમાં ચા પીશું ?' હું ના ન પાડી શક્યો. અમે એ હૉટલમાં ઘૂસ્યા અને ભાવનગરી સ્ટાઇલ પ્રમાણે 'બે અડધી'નો ઑર્ડર આપ્યો. ચા પતાવીને ઊઠતા પહેલાં નટુએ ખીસ્સામાંથી પાકીટ કાઢ્યું. પૈસા ગણ્યા. એકંદરે રૂ. ૨૭ મારા હાથમાં મૂક્યા, ને કહ્યું : 'અશોકભાઈ, એક વાર મારી માંદગી વખતે રઘાદાદાએ ભાઉ પાસેથી પચાસ રૂપિયા ઉછીના લીધેલા, એ તમને કદાચ યાદ નહીં હોય. તમે બધા તો એ પછી સોનગઢ છોડી ગયા. પણ રઘાદાદા એ વાત કદી ભૂલ્યા નહીં. એમણે મને ઘણી વાર કહ્યું, 'નટિયા, ગોપાળભાઈ ભામણ હતા. વળી માતમા ગાંધીના માણહ હતા. એના પૈસા ખોટા કરીએ તો ભગવાન આપણને હખી નો થાવા દે. હું તો હવે ખર્યું પાન. પણ દીકરા તારાથી થાય તંયે ઈ કરજ વાળી દેજે. અશોકભાઈ આ સત્યાવીશ રૂપિયા એ પચાસ રૂપિયામાંનો પહેલો હપ્તો ગણજો. અત્યારે મારી પાસે વધુ પૈસા નથી. પણ બાકીના પૈસા જરૂર પહોંચાડી દઈશ.'

એ પૈસા હાથમાં પકડીને હું ઘણી વાર સુધી સૂનમૂન બેસી રહ્યો. મારા એ દિવસોના પગાર પ્રમાણે એ પૈસા મારા કલાક-બેકલાકના મહેનતાણા બરાબર હતા. નટુને મન એ મોટી રકમ હતી. પણ, કોણ જાણે કેમ એ પૈસા લેવાની ના પાડવા જેટલી હિંમત મારામાં ન હતી. મેં નટુને માત્ર એટલું જ કહ્યું, 'ગોપાળભાઈ ગાંધી માતમાના માણસ હતા એ વાત સાચી, પણ નટુ, રઘાદાદા તો ખુદ ભગવાનના હતા.'

જિંદગીમાં મેળવેલી કેટલીક 'ખાસ' મૂડી મેં ખૂબ સાચવી રાખી છે. સત્યાવીશ રૂપિયાની એ નોટો આજે પણ મારી પાસે અકબંધ છે ! ❐

પાખંડી, તારું નામ પુરુષ

જય ગજ્જર

લીસાએ હેલિફેક્સથી ટ્રેનમાં જવાનું નક્કી કર્યું. સામાન્ય રીતે એ પ્લેનમાં મુસાફરી કરતી. પ્રાકૃતિક સૌંદર્યની મજા માણવા અને નવા અનુભવ માટે એણે ટ્રેનમાં જવાનું પસંદ કર્યું. બહુ નાની હતી ત્યારે ટ્રેનની મુસાફરી કરી હતી. પણ આજે એને એ કંઈ યાદ નહોતું. ફોન પર રિઝર્વેશન કરાવી સમય પહેલાં સ્ટેશન પર પહોંચી ગઈ.

હજુ એકાદ કલાક બાકી હતી. કાફેટેરિયામાંથી કૉફી લઈ વેઈટિંગ એરિયામાં બેઠી. આસપાસ એક-બે મુસાફરો બેઠા હતા. એ જાણતી હતી કે આજકાલ બહુ ઓછા લોકો ટ્રેનની મુસાફરી કરતા હતા. એટલે એને કંઈ નવાઈ ન લાગી.

કૉફીના એક બે ઘૂંટ લીધા હશે ત્યાં એક નવો મુસાફર આવ્યો. એના એક હાથમાં હૅન્ડબૅગ અને લૅપટૉપ હતાં. બીજા હાથમાં કૉફીનો કપ હતો. બૅગ અને લૅપટૉપ બાજુમાં મૂકી એની સામેની ખુરશી પર બેસી ગયો. બહુ ફૂટડો જુવાન હતો. ઊંચો અને પડછંદ હતો. દેખાવે સૌમ્ય અને પ્રભાવશાળી હતો. એની સામે અવારનવાર નજર સ્થિર કરી ટગર ટગર જોઈ રહેતો. લીસા પણ એની સામે ચૂપકીથી જોઈ લેતી. ઘણી વાર બે નજર મળી જતી. પણ બંને ચાલાક હતાં. એકદમ નજર ફેરવી લેતાં.

જાણે એક બીજામાં રસ ન હોય એમ બંને શાંત બેસી રહ્યાં.

ટ્રેન આવતાં એ ઊભી થઈ ટ્રેનમાં ચઢી. બાવીસ નંબરની સીટ શોધી એ બેસી ગઈ.

પેલો ફૂટડો જુવાન એની પાછળ પાછળ આવ્યો. એની લાઈનમાં જ ચોવીસ નંબરની સીટ પર એ બેઠો. સામાન મૂકી બેસવા જતા બોલ્યો, 'નસીબ પણ કેવું છે ? એક બીજાની પાસે ખેંચી લાવ્યું... તમારી કંપની ગમશે.'

'મને પણ તમારી કંપની ગમશે. લાંબી મુસાફરીમાં બોર નહિ થઈએ.'

'ક્યાં જાઓ છો ?'

'એડમન્ટન, આલ્બર્ટા.'

'હું પણ આલ્બર્ટા જાઉં છું.'

'આલ્બર્ટામાં ક્યાં ?'

'રેડરોઝ'

'એડમન્ટન પછી ત્રીજું સ્ટેશન રેડરોઝ છે. એડમન્ટનમાં રહો છો ?'

'ના, અહીં હેલિફેક્સમાં રહું છું. મારી બહેન ત્યાં રહે છે. થોડા દિવસ એની સાથે રહી કોઈ સારી નોકરી શોધી કાઢીશ. અહીં કોઈ સારી નોકરીની શક્યતા નથી... થયું કે નસીબ અજમાવી જોઉં. કંઈ નહિ મળે તો બહેનને મળી પાછી આવી જઈશ.'

'આશા રાખો.. કંઈક તો જરૂર મળી જશે. હું પણ મદદ કરીશ.'

'તમે શું કરો છો ?'

'મારા ડૅડીને આલ્બર્ટામાં માઈનિંગનો બિઝનેસ છે. ડૅડીને એમની એક સેક્રેટરી સાથે અફેર છે. હું મારી મમ સાથે રેડરોઝમાં રહું છું.'

'હેલિફેક્સ ફરવા આવ્યા હતા ?'

'ધંધાર્થે અને ફરવા. ડૅડી માટે કામદારોની શોધમાં આવ્યો હતો. અહીંની માઈનિંગ કંપની બંધ થઈ છે એટલે ઘણા કામદારો કામની શોધમાં છે.'

'નાની ઉંમરે ધંધામાં સારા પારંગત થયા લાગો છો...'

'માથે પડે તો બધું જ આવડી જાય છે. બૉસ બનવું સહેલું છે. નોકરી કરવી અઘરી છે.'

લીસા એની વાતોથી પ્રભાવિત થઈ ગઈ. એને માણસ મજાનો લાગ્યો. જેવો દેખાવડો હતો એવો કાબેલ પણ લાગ્યો.

'શું નામ આપનું ?'

'જ્હોન... જ્હોન પૅરિયર. તમારું ?'

'લીસા રૉબિન્સન... બી.કૉમ. કરી એક કંપનીમાં બે વર્ષ સેક્રેટરી તરીકે કામ કર્યું. કમનસીબે કંપની ફડચામાં ગઈ. એક વર્ષથી નોકરીની શોધમાં છું. કંઈ ન મળતાં નિરાશ થઈ નસીબ અજમાવવા નીકળી પડી છું.'

'જે થાય તે સારા માટે થાય છે.' કહેતાં લીસાની આંગળીઓ પર નજર ફેરવી.

'હજુ કોઈનું ઘર નથી માંડ્યું.' લીસાએ એના મનને પારખી જવાબ આપ્યો.

'બહુ હોંશિયાર છો.' હસીને એ બોલ્યો.

'કેમ ?'

'વેડિંગ રિંગ કે એન્ગેજમેન્ટ રિંગ તમે શોધી રહ્યા હતા એટલે મેં ચોખવટ કરી.. તમે ?'

'હજુ કોઈ મનમાં વસી જાય એવી મળી નથી. પણ હવે કદાચ બહુ રાહ નહિ જોવી પડે.'

લીસા એનો કહેવાનો મર્મ સમજી ગઈ. એ હાસ્ય રોકી ન શકી. ખડખડાટ હસી.

'કેમ હસો છો ?'

'તમારી કલ્પનાઓ પર. બહુ જલદી મદાર બાંધી દો છો.'

'ચૌદ કલાક સાથે મુસાફરી કરવાની છે. મજા આવશે. આવતાં તો પ્લેનમાં આવ્યો હતો. ડૅડીનો આગ્રહ પ્લેનમાં જ પાછો ફરું એવો હતો. પણ ટ્રેનની મુસાફરી વિષે બહુ સાભળ્યું હતું એટલે આ ચાન્સ લીધો. પણ લાગે છે કે જે થાય છે તે સારા માટે થાય છે. હૉટ હીઅર,' કહેતાં એણે જૅકેટ કાઢી બાજુની સીટ પર નાખ્યું.

ખિસ્સામાંથી સિગારેટ કાઢી લીસા સામે ધરતાં પૂછ્યું, 'લેશો ?'

'નો થૅંક્સ. નેવર સ્મોક.'

'યૂ માઈન્ડ.'

'નો નો; ગો અહેડ.'

જ્હોને સિગારેટ સળગાવી એની લિજ્જત માણતો ધુમાડો બારી બહાર ફૂંકતો રહ્યો.

લીસા એક મૅગઝિનનાં પાનાં ફેરવવા લાગી. મૅગઝિનમાં એને રસ નહોતો. જ્હોન સાથે વાતો કરવી હતી. એની સાથે પરિચય વધારવાની ઇચ્છા પ્રબળ બની.

'કદાચ એની ઓળખાણથી આલ્બર્ટામાં નોકરી મળી જાય. પરિચય વધે તો એક-બે વાર ડેટ કરું. એને સારી રીતે ઓળખું. કદાચ નસીબ પલટાઈ જાય.' એણે મનમાં વિચાર્યું.

'એડમન્ટન પહોંચ્યા પહેલાં મૈત્રી કેટલી આગળ વધે છે એના પર આધાર.' એમ વિચારી લીસાએ પૂછ્યું, 'તમને હૉકીમાં રસ ખરો ?'

'મારી પ્રિય રમત છે.' અને પછી આઇસ હૉકી, એનો ઇતિહાસ અને નામાંકિત ખેલાડીઓ વિષે વહીવંચાની જેમ બોલતો રહ્યો.

એને સ્પૉર્ટસમાં બહુ રસ છે એવી છાપ પાડવા સ્કેટિંગ, બેલે, ડાન્સ, રેસલિંગ, વગેરે વિષે અનેક પ્રકારની વાતો કરી. લીસાએ એની વાતોમાં બહુ રસ લીધો. જ્હોનને લીસાની કંપની ગમી.

પછી તો એક બીજાના કુટુંબની, પરસ્પરના ભાવિની, જીવનનાં સપનાંની, ઘણી બધી અંગત વાતો થતી રહી.

લાંબી સફરમાં બંને એકબીજાંની બહુ નજીક આવવા મથતાં રહ્યાં. છેવટે દિલ ખોલવાનો સમય આવી પહોંચ્યો.

'એકાદ કલાક પછી તમે ઊતરી જવાનાં. પછી કદાચ કદી ન મળો એવું પણ બને !'

'તમને એમ લાગે છે કે આપણે એકબીજાંને ભૂલી જઈશું ?'

'આ ટ્રેન છે. દરેક મુસાફર એનું સ્ટેશન આવતાં ઊતરી જાય છે. ફરી કદી મળવાનું ન બને એ સાવ સ્વાભાવિક છે.'

'આપણા કિસ્સામાં એવું નહિ બને. બે દિવસ પછી હું તમને ફોન કરીશ. આપણે બેચાર દિવસ સાથે ગાળીશું. તમારા જેવા જિંદાદિલની કંપની કોને ન ગમે ?'

'તમે ફોન ના કરતાં. હું તમને જરૂર કરીશ. તમારી બહેનનો ફોન નંબર આપો.'

લીસાએ એક કાર્ડ પાછળ એની બહેનનો ફોન નંબર આપ્યો.

'તમારાં બહેન કે બનેવી ગુસ્સે નહિ થાય ને ? એક અજાણ્યા મુસાફર સાથે તમને બહાર જવા દેશે ?'

'ના, એ બંને સ્વતંત્ર મિજાજનાં અને બહુ રંગીલાં છે. મારી સ્વતંત્રતા પર તરાપ મારે એવાં નથી.'

'સરસ, જો જો પાછાં ભૂલી ના જશો. ખરું કહું તો તમે મારા હૈયામાં વસી ગયાં છો.'

લીસાને એ શબ્દો ગમ્યા. એણે તરત એકરાર કરી દીધો.

'કાયમ તમારે હૈયે વસી જાઉં એવી તાલાવેલી મારા મનમાં પણ આ લાંબી સફરના સહવાસમાં તમે જગવી છે.'

'એ તો સમય જ પુરવાર કરશે.'

ટ્રેન એક આંચકા સાથે ઊભી રહી. લીસા નીચે પટકાઈ જાત પણ જ્હોને એને ઝીલી લીધી.

'થૅંક્સ અ લૉટ.'

'માઈ ડ્યૂટિ.' કહેતાં એના ગાલ પર એક ટપલી મારી.

લીસાના રોમરોમમાં પ્રેમજ્વાળા પ્રકટી ઊઠી. પણ શરમાઈને 'બાઈ... બાઈ' કહી પ્લેટફૉર્મ પર ઊતરી પડી.

'બે દિવસ પછી તૈયાર રહેજો.'

'ફોનની રાહ જોઈશ,' કહેતાં સ્મિત ફરકાવી સરકી ગઈ.

છેલ્લા કેટલાક મહિનાથી નિરાશ થઈ બેચેન રહેતી લીસાનું મન જ્હોનના પ્રેમના વંટોળે બદલી નાખ્યું.

બહેનના ઘેર પહોંચતાં એને મૂડમાં જોઈ બહેનને પણ બહુ આનંદ થયો. બીજા દિવસે એણે બહેનને જ્હોનની વાત કરી.

'પરિચય વધારવામાં વાંધો નથી. પણ જરા સાવધ રહેજે. કોઈ અજાણ્યા પર એકદમ આંધળો વિશ્વાસ ન મૂકી દેતી. કોઈ પણ પગલું ભરતાં પહેલાં એનું બૅકગ્રાઉન્ડ બરાબર જાણી લેજે.'

'એમાં મને કહેવું નહિ પડે. હું કંઈ ભોટ નથી.'

'ગુડ લક !' કહી બેહેન પ્રોત્સાહન આપ્યું.

*

બે દિવસ પછી જ્હોનનો ફોન આવ્યો. બંને સાત દિવસની ટ્રીપ પર ઊપડી ગયાં. સાત દિવસમાં જ્હોને લીસાનું દિલ જીતી લીધું. લીસા એની પાછળ પાગલ બની. બહુ ચર્ચાને અંતે બંનેએ લગ્ન કર્યા વિના સાથે રહેવાનું નક્કી કરી દીધું.

'અહીં નહિ, ચાલ ટૉરોન્ટો જતાં રહીએ. અહીં મારો ઓરમાન ડૅડી આપણને સુખે નહિ જીવવા દે. મારે મારી રીતે મારું જીવન ઘડવું છે.'

લીસાને એના શબ્દોમાં શ્રદ્ધા બેઠી. એને પણ એની બહેનથી દૂર જવું હતું.

'તું બૉસ છે. તું કહે તે મને મંજૂર છે.'

બહેન-બનેવીની સાથે જ્હોનનો મેળાપ કરાવ્યો. બંને એના સ્વભાવ અને પ્રેમથી પ્રભાવિત થઈ ગયાં. બંનેના આશીર્વાદ લઈ બંને ટૉરેન્ટો પહોંચી ગયાં. જ્હોને શહેરની મધ્યમાં આવેલ સોળ માળના કોન્ડોમિનિયમમાં સોળમે માળ ત્રણ બેડરૂમનો ફ્લૅટ ભાડે રાખી લીધો.

'હવે શું પ્લાન છે ?' લીસાએ પૂછ્યું.

'તેં ગ્રાઉન્ડ ફ્લૉર પર આવેલા કન્વિનિયન્ટ સ્ટોર પર લીઝની સાઈન ન જોઈ ? મને લાગે છે કે આપણે તારે નામે એ કન્વિનિયન્ટ સ્ટોર ભાડે રાખી લઈએ. મારી પાસે પૈસા ઘણા છે. તું સ્ટોર ચલાવજે. હું માલસામાન લાવવામાં તને મદદ કરીશ. બાકી સ્ટોરની બધી જવાબદારી તારી.'

લીસાને એનો વિચાર ગમી ગયો. ઑફર મૂકતાં સદનસીબે સહેલાઈથી સ્ટોર મળી ગયો. લીસા સ્વભાવે મિલનસાર અને પ્રેમાળ હતી. સ્ટોર સારો ચાલવા લાગ્યો. જ્હોન બપોરના સમયે માલસામાન માટે બહાર નીકળી જતો. સાંજ પડે આવતો. સાત વાગે સ્ટોર બંધ કરી લીસા ફ્લૅટમાં આવી જતી. જ્હોન રોમૅન્ટિક હતો. રોમાન્સમાં લીસાને એવી તરબોળ કરી દે કે આખા દિવસનો થાક એ ભૂલી જતી. જ્હોન એને મહાન લાગ્યો. એના પ્રેમમાં પાગલ બની એની સાથે પરણી ગઈ. એકબીજાંના સંગમાં ત્રણ વર્ષ ક્યાં વીતી ગયાં એની ખબરે ન પડી.

સ્ટોરની ઘરાકી વધી જતાં લીસાને કોઈ મદદનીશની જરૂર જણાઈ. 'જ્હોન, સાતે દિવસ સ્ટોર પર કામ કરી થાકી જાઉં છું. આપણે કોઈ પાર્ટ ટાઈમ છોકરો કે છોકરી રાખવાં પડશે.'

'નો પ્રોબ્લેમ. તું શોધી કાઢ. મારી પાસે બહુ અપેક્ષા ન રાખતી.'

બીજા દિવસથી કોઈને શોધતી રહી. એવામાં એક છોકરો સ્ટોરમાં દૂધ લેવા આવ્યો. એને પહેલાં કદી જોયો નહોતો એટલે પૂછ્યું, 'અહીં નવા રહેવા આવ્યો છો ?'

'હા, આ શહેરમાં નોકરીના કેવા ચાન્સ છે ? પાર્ટ ટાઈમ નોકરી મળી રહે તો મારી કૉલેજનો ખર્ચ નીકળી રહે.' લીસા એ છોકરા સામે જોઈ રહી. બેચાર સવાલો પૂછી એને નાણી જોયો. છોકરો સજ્જન, પ્રામાણિક અને હોંશિયાર લાગ્યો.

'શું નામ ?' 'પીટર.'

'પાર્ટટાઈમ કૅશિયર તરીકે અહીં મારા સ્ટોરમાં કામ કરવું છે ?'

'ઘરઆંગણે કામ મળે એ તો મારું સદ્ભાગ્ય કહેવાય. સમય અને આવવા-જવાનો ખર્ચ બચી જશે.'

'તો કાલથી રોજ સાંજે ચાર વાગે આવી જજે. કલાકના સાત ડૉલર મિનિમમ વેજ છે પણ તને કલાકના આઠ ડૉલર આપીશ. ખંતથી અને પ્રામાણિકતાથી કામ કરજે.'

'એમાં તમારે કહેવું નહિ પડે. એકાદ મહિના પછી તમે જ મારું કામ જોઈને કહેજો.'

બીજા દિવસથી પીટર સ્ટોરમાં નોકરી કરવા લાગ્યો. એક મહિનામાં એણે લીસા અને જ્હોનને ખુશ કરી દીધાં.

નિયમિત ચાર વાગે આવી જાય. પૈસાનો પણ બરાબર હિસાબ રાખે. છેલ્લી ઘડીએ કોઈ ગ્રાહક આવે તો એના પર ગુસ્સે થયા વિના વિનયથી એને સંતોષે. એક સજ્જન તરીકે સ્ટોરમાં અને કોન્ડોમિનિયમમાં એની સારી છાપ પડી. સ્ટોરની આવક પણ વધી ગઈ.

'જ્હોન, પીટર સારા પગલાનો લાગે છે.'

'જો જે, બધાનો પ્રેમ જીતી તારો હરીફ ના બને !'

'ના, ના. એ એના સ્વાભાવમાં જ નથી. હું એને હવે સારી રીતે ઓળખતી થઈ ગઈ છું. બહુ ભલો, વિશ્વાસુ અને કામગરો હસમુખો નવજુવાન છે.'

'જેવી તારી પરખ !'

'મને બહેન બહેન કહી બહુ સારી રીતે સન્માને છે. એ મને દોહ દે એ હું કલ્પી જ ન શકું. સમય આવે સચ્ચાઈ પુરવાર થશે !'

અને સમય વીતતો ગયો. પીટરને લીસા સાથે લગભગ ત્રણ વર્ષ પૂરાં થવા આવ્યાં.

એક દિવસ બપોરે બે વાગે એ સ્ટોરમાં આવ્યો. સ્ટોરમાં લીસા સિવાય કોઈ નહોતું.

એણે લીસાને કહ્યું, 'બહેન, એકાદ મહિના પછી મારી કૉલેજ પૂરી થશે અને હું સૉફ્ટવેર એન્જિનીઅર થઈ જઈશ. મારે કદાચ આ ફ્લૅટ અને આ શહેર છોડવા પડે.'

'અમે તને બહુ મિસ કરીશું.'

'બહેન, હું પણ તમને બહુ મિસ કરીશ. તમને મારામાં બહુ વિશ્વાસ છે ?'

'કેમ એવો સવાલ કરે છે ?'

'બહેન, ખરેખર તમને મારામાં બહુ વિશ્વાસ છે ?'

'જ્હોન કરતાં પણ મને તારામાં વધારે વિશ્વાસ છે, પીટર.'

'એક સત્ય હકીકત કહું ? મારી વાત માનશો ?'

'માનવા જેવી હશે તો હું માનીશ.'

'જ્હોન પર હવે વધુ પડતો વિશ્વાસ ના મૂકશો. બહુ જલદી તમને દગો દઈ એ ભાગી જવાના છે.' કહેતાં પીટર ઢીલો પડી ગયો. પીટરની વાત સાંભળી લીસાએ એક આંચકો અનુભવ્યો.

'મારી મમની કસમ. તમારા પ્રત્યે પ્રેમ અને લાગણી ના હોત તો તમને સત્ય ન કહેત. તમને કદી એની પ્રવૃત્તિ પર શંકા આવી છે ?'

'શંકા નથી જ આવી એમ તો નહિ કહું. એક-બે વાર મને થયેલું કે એની પાસે પૈસાના ઢગ ક્યાંથી આવે છે ? હું પૂછું તો કહે એક મિત્રના છે એમ કહી વાત ટાળે. મને એનામાં આંધળો વિશ્વાસ છે એટલે હું એની વાત માની જતી. વળી ક્યારેક મોડી રાત સુધી કમ્પ્યૂટર પર કંઈક કર્યા કરે. મને એમાં રસ નથી એટલે એને ભાગ્યે જ એ વિષે કંઈ પૂછું. ક્યારેક એ કમ્પ્યૂટર પર કામ કરતો હોય અને હું એની પાસે જાઉં તો બંધ કરી ઊભો થઈ જાય. 'આ તારા રસનો વિષય નથી. ચાલ થોડો રોમાન્સ કરીએ.' અને મને બેડમાં લઈ જઈ એવું સુખ આપે કે મને બીજો કોઈ વિચાર આવે જ નહિ. આજે મને સવાલ થાય છે કે એ કેમ એવું કરતો હશે ? તું કંઈ જાણે છે ?'

'ગયા શનિવારે એમના કમ્પ્યૂટરમાં કંઈ પ્રોબ્લેમ હતો. શું પ્રોબ્લેમ છે એ ચેક કરવા મને એ ઉપર લઈ ગયા હતા. એક પાર્ટ નવો નાખવો પડે એમ હોઈ મેં એમને એ પાર્ટ લેવા મોકલ્યા. એ દરમિયાન મેં ચાલુ કરવાં કી બોર્ડ પર એક બે ક્લિક કરી તો કમ્પ્યૂટર ચાલ્યું. અને મેં જે જોયું તે હું છક થઈ ગયો.'

'શું જોયું ?'

'ડિઝનીલૅન્ડ ઉડાડી મૂકવાનો આખો પ્લાન હતો. ચોથી જુલાઈ એની ટાર્ગેટ ડેટ છે.'

'ચોથી જુલાઈને તો માત્ર વીસ દિવસ જ બાકી છે.'

'હા. હું ગભરાઈ ગયો. એ આવે એ પહેલાં કમ્પ્યૂટર બંધ કરી દીધું. જાણે કંઈ જાણતો નથી એમ એમની રાહ જોઈ બેઠો. એ આવ્યા એટલે પેલો પાર્ટ નાખી કમ્પ્યૂટર ચાલુ કરી આપ્યું અને હું કંઈ જાણતો નથી એવો ડોળ કરી સરકી ગયો.'

'પીટર, તારી વાત સાંભળી મારાં અંગે અંગમાં ધ્રુજારી છૂટી છે.'

'ગભરાશો નહિ. તમને મેં બહેન ગણ્યાં છે. તમારું રક્ષણ કરવાની મારી ફરજ છે. તમને કશી આંચ નહિ આવવા દઉં. તમને જરા પણ શંકા હોય તો કાલ એ બહાર જાય ત્યારે તમને એમના કમ્પ્યૂટર પર આખો પ્લાન બતાવીશ.'

'ભાઈ, મને તારા પર જરાકે શંકા નથી. પણ એક વાર તેનાં કારસ્તાનો જોવાની ઇચ્છા ખરી. કાલ એ બહાર જાય ત્યારે તું મને એ બધું બતાવજે.'

'જરાકે ગભરાશો નહિ. બહુ હિંમતથી કામ લેવાની જરૂર છે. બેચાર દિવસ જાણે કંઈ જાણતાં જ નથી એમ વર્તજો. દરમિયાન કંઈક ઉકેલ શોધી કાઢીશું. કોઈ ઉતાવળું પગલું ના ભરશો, નહિતર તમારી જિંદગી હોડમાં મુકાશે.'

લીસાને પીટરની સલાહ સાચી લાગી. પણ મન પર એ કાબૂ ન રાખી શકી. અનેક વિચારો મનોભૂમિ પર અટવાઈ રહ્યા.

જ્હોન પર એને બહુ ગુસ્સો આવ્યો. આવો વિશ્વાસઘાત કરશે એની તો એણે કદી કલ્પના પણ નહોતી કરી. એને કેટલો બધો પ્રેમ કરતી હતી ! કેવા સ્વર્ગની કલ્પનાઓમાં એ રાચતી હતી !

એ રોષે ભરાઈ. જ્હોન પર ધિક્કાર છૂટ્યો. રાત્રે સૂતો હોય ત્યારે એનું ગળું દબાવી દેવાનું મન થયું. પણ એને ડર હતો કે એ એવું નહિ કરી શકે. જેને ખૂબ પ્રેમ કરતી હોય એનું ખૂન કરવા જેટલી નિર્દય એ બની જ નહિ શકે. તો શું કરવું ? એ સવાલ એને મૂંઝવી રહ્યો. પીટરની સલાહ પ્રમાણે શાંત મને કોઈ માર્ગ શોધવાનું નક્કી કર્યું.

એ રાત્રે જ્હોન સાથે બહુ ગેલમાં આવી વાતો કરવા લાગી. એના બે હાથ પોતાના હાથમાં લઈ પૂછ્યું, 'જ્હોન, તું મને ખરેખર બહુ પ્રેમ કરે છે ?'

'કેમ તને કંઈ શંકા છે ?'

'ના, બિલકુલ શંકા નથી. પણ હવે સમય પાકી ગયો છે. આપણા પ્રેમની નિશાનીની તારી ભેટ જોઈએ છે. આજની ઘડી ધન્ય બનાવી દે.'

'તારી મરજી.' અને એ રાત આખી એણે લીસાને અર્પી દીધી. એ રાતનું શુભ પરિણામ આવે એ માટે એના ભગવાનને પ્રાર્થતી રહી.

બપોરે જ્હોન બહાર ગયો ત્યારે સ્ટોર બંધ કરી બંને અપાર્ટમેન્ટમાં ગયાં. પાસવર્ડ વિના કોઈ પણ કમ્પ્યૂટર ખોલવાની ટ્રીક એ જાણતો હતો. કમ્પ્યૂટર પર રિસન્ટ પબ્લિકેશન પર ક્લિક કરતાં આખી ફાઈલ ખૂલી ગઈ. જ્હોનનો આખો પ્લાન લીસાને બતાવ્યો. લીસા એ બધું જોઈ દંગ થઈ ગઈ. જ્હોન પ્રત્યેનો બધો પ્રેમ એકદમ ઓગળી ગયો. એના ગુસ્સાની પરિસીમા ન રહી. પીટરે એને શાંત પાડી.

'ચાલો જલ્દી સ્ટોર પર પહોંચી જઈએ. જ્હોન આવી જશે તો આપણને બંનને ખતમ કરી દેશે.'

લીસા સ્વસ્થ થઈ સ્ટોરમાં પહોંચી કામે વળગી ગઈ. પીટર એની રૂમમાં ચાલ્યો ગયો. ચાર વાગે સ્ટોર પર આવ્યો.

'પીટર, મારો પતિ એક આતંકવાદી અને દેશદ્રોહી હશે એની તો મને હું કલ્પના પણ કરી શકતી નથી. હવે મને સમજાય

છે કે રોજ બપોરે એ કોઈ ગેંગ પાસે જતો હશે. એ એકલો આવું કામ ન કરી શકે !'

'એ રિંગલીડર હોય એવું લાગે છે.'

'તો તો એને ખતમ કરી દેવો જોઈએ.'

'આપણે કાયદો હાથમાં ન લેવો જોઈએ. પોલીસને ખબર આપવી સારી. એ લોકો એની સાથે સંકળાયેલા બધાને શોધી કાઢશે.'

'મારું લોહી ઊકળી ઊઠે છે પીટર. આવા નરાધમને હું જીવતો ન છોડું. પછી ભલેને એ મારો પતિ હોય !'

'જો જો કંઈ ઉતાવળું પગલું ન ભરી બેસતાં. એવા એકનું નિકંદન કાઢવાથી દુનિયામાંથી રાક્ષસો મિટાવી શકવાનાં નથી. વળી એમ કરવાથી એના પેલા સાગરિતો ઊગરી જશે અને ચોથી જુલાઈએ નહિ તો બીજા કોઈ દિવસે એમનો પ્લાન અમલમાં મૂકશે. એટલે ઉત્તમ માર્ગે એ જ છે કે પોલીસનો સહારો લેવો.'

'પોલીસ એના પર કેસ કરી જેલમાં ધકેલી દેશે. બેચાર વર્ષે સજા ભોગવી બહાર આવશે પછી પાછી એ જ પ્રવૃત્તિ. એક વાર લત લાગી એ છૂટવી મુશ્કેલ છે. લોહીની તરસ ચાર ગણી વધી જશે અને આ ધરતીને લોહિયાળ બનાવશે.'

'હમણાં તો એ જ વિચાર કરો કે હજારોની જિંદગી કેવી રીતે બચાવી શકાય.'

'પીટર, ભાઈ તારી વાત સાચી છે. બેચાર દિવસ મને વિચારવા દે. એને આકરામાં આકરી સજા થાય એવું કંઈક કરવું છે.'

લીસા બધું ભૂલી જ્હોનને કશી ગંધ ન આવે એ રીતે રોજની જેમ ઘર અને સ્ટોરમાં કામ કરતી રહી. પણ મન બહુ અશાંત હતું.

રવિવાર આવતાં નિયમ પ્રમાણે એ ચર્ચમાં ગઈ. જીસઝ સામે ઊભા રહી મનોમન પ્રાર્થી રહી, 'માઈ લૉર્ડ, તું તો જાણે છે કે હું જ્હોનને ખૂબ પ્રેમ કરું છું. પણ એનાં કુકર્મો જાણ્યાં પછી એને ધિક્કારું છું. પતિપ્રેમ કરતાં માનવધર્મ મહાન છે. હજારોની જિંદગી બચાવવા એને વધસ્તંભ પર ચઢાવવા હું તૈયાર થઈ છું. મારી એક જ અરજ છે કે મને અમારા પ્રેમનો એવો વારસદાર આપજે જે એક આદર્શ માનવી હોય.' કહેતાં કહેતાં એનું હૈયું ભરાઈ ગયું. કોઈ એને જોઈ જાય એ પહેલાં ચૂપકીથી બહાર નીકળીને સ્ટોર પર પહોંચી ગઈ.

બીજે દિવસે જ્હૉન પાંચ વાગે ઘેર આવ્યો. સ્ટોર બંધ જોઈ એ વિમાસણમાં પડી ગયો. લિફ્ટની રાહ જોવા જેટલી એને ધીરજ ન રહી. સડસડાટ પગથિયાં ચઢી સોળમે માળે પહોંચી ગયો. દરવાજો ખોલી રૂમમાં પ્રવેશ્યો. ચાર બંદૂકધારી પોલીસોને જોઈ એ ચોંકી ઊઠ્યો. એકદમ ગભરાઈ ગયો. એના હોશકોશ ઊડી ગયા. કંઈ બોલે કે કંઈ પૂછે એ પહેલાં પોલીસે સામે હાથકડી ધરી કહ્યું, 'યૂ આર અન્ડર અરેસ્ટ.'

'કંઈ કારણ.'

'આતંકવાદી પ્રવૃત્તિ માટે.'

જ્હોન ચૂપ થઈ ગયો. લાલપીળો થઈ લીસા સામે તિરસ્કારથી જોઈ બોલ્યો, 'શેક્સપિયરે સાચું જ કહ્યું છે, 'બેવફા, તારું નામ સ્ત્રી.'

'નફ્ફટ, હું એમાં ઉમેરો કરું છું. પાખંડી, તારું નામ પુરુષ.' આજ સુધી પ્રેમની જાળ બીછાવી પ્રેમનો ઢોંગ જ કરતો હતો ને !' અને હૈયાફાટ રડતાં રડતાં ઉમેર્યું, 'જા, મારી આંખ સામેથી સદાને માટે ચાલ્યો જા. તારો પાપી ચહેરો મને કદી કદી ના...' છેલ્લા શબ્દો પૂરા કરે તે પહેલાં એ કારપેટ પર ઢળી પડી.

પોલીસો લીસાના શબ્દો સાંભળી સ્તબ્ધ થઈ ગયા. ❑

અને એક દિવસ...

પ્રવીણ પંડ્યા

[*પાત્રો :* ૧. ભીખીબાઈ, ૨. મોનજી રૂદર, ૩. વહનજી, ૪. શાસ્ત્રી, ૫. દૂધિયો, ૬. પરમાજી, ૭. ભૂદેવ, ૮. અંબા, ૯. ઈચ્છા, ૧૦. કમુ, ૧૧. માજી (ડોશીમા), ૧૨. ધનો, ૧૩. નાવી, ૧૪. ગાંડો, ૧૫. પ્રભાશંકર (શાસ્ત્રી) અને ૧૬. તાપી]

સેટ

(મંચની વચ્ચે એક કૂવો છે. કૂવાની એક તરફ નાતનો ચોરો છે જ્યાં ગામનાં દૃશ્યો ભજવાશે. બીજી તરફ એક ખાટલો, ખુરશી (આરામ-ખુરશી) તથા અન્ય સામગ્રી મૂકી મોનજી રૂદરના ઘરનું ફળિયું બનાવી શકાય. મંચની બાકીની જગ્યામાં અન્ય સ્થળો કલ્પી શકાય.)

*

(સ્ત્રીઓની ચીસ અને તીવ્ર સંગીત સાથે પડદો ખૂલે છે. પ્રકાશ માત્ર કૂવા ઉપર, એક પછી એક બે-ત્રણ સફેદ કપડાંવાળી સ્ત્રીઓ કૂવામાં પડે છે. પ્રકાશ લુપ્ત થાય છે. 'અંબા' એવી ચીસ સાથે મોનજી રૂદરના ફળિયા પર પ્રકાશ થાય છે. મોનજી ખાટલા પર બેઠો છે. હાંફી રહ્યો છે. ભીખીબાઈ એની પાસે ઊભી છે.)

ભીખીબાઈ : હું થયું વજીના જીજા ?

મોનજી : અંબાનાં લગન થહે જ. વજીની જી, અંબાનાં લગન થહે જ. એ કૂવામાં મેં મારી પોયરીને ની પડવા દેવ, અંબા પાંચ વરસની હુતી તીયારે પરણાવેલી, સાતે રંડાઈ ને આજે અંબા અઢારની થઈ, એનાથી નાની તાપીનાં લગન વખતે ઢીંગલી ઢીંગલી રમતી નાનલી પોયરીની જેમ પૂછતી હુતી જીજા, મારાં લગન ની થાય ?

ભીખીબાઈ : પણ આપણી નિયાતમાં વિધવાવિવાહ...

મોનજી : હા, અનાવિલ બ્રાહ્મણની નિયાતમાં વિધવાવિવાહ, મારી અંબાને ફરીથી પરણાવીશ વજીની જી, મેં એક મુરતિયો હો જોઈ રાઇખો છે.

ભીખીબાઈ : ની મને વાત હો ની કરતા, પહાડ જેટલો ભાર એખલા જ વેઠતા છો ?

મોનજી : ના વજીની જી. મેં તો તમારે સહારે ભવસાર તઈરો, એંબેલાલા હો વિધૂર છે. આફ્રિકાથી આઈવા છે. ની આવા કુરિવાજો ની માનતા સત્ય સમજે છે.

ભીખીબાઈ : તો આપણે બીજું હું જોઈતું હતું, પણ પછી નિયાતની ખફગી નાગફણીયાના થોરની જેમ વાગહે, આ કોઈ આપણને હખે જીવવા ની દે.

મોનજી : પરિણામનો ધણી પરમેશ્વર, નરસી મહેતા હો હાભ્ભે પૂરે જ તઈરા હુતાની. આ સમાજ સમયસર સુધારાને સ્વીકારતો હોતે તો નરસી મહેતાની દુઃખી કેમનું થવું પડતે, પણ જો જો હો, પછી તાતા ઉના ની થવાનું.

ભીખીબાઈ : પડહે એવા દેવાહે, મારું મને તો મજબૂત છે.

(બેવના ચહેરા પર દૃઢ ભાવ છે. પ્રકાશ લુપ્ત થાય છે. વહેલી સવારનાં પ્રકાશ, ચોરા પર બ્રાહ્મણ લોટ માંગવા નીકળ્યો છે અને ગામની સ્ત્રીઓ લોટ આપે છે.)

ભૂદેવ : નારાયણ પ્રસન્ન બ્રહ્મતેજ વૃદ્ધિ જેઠ વદી આઠમને સોમવાર

ઈચ્છા : જય શ્રીકૃષ્ણ મહારાજ.

ભૂદેવ : અખંડ સૌભાગ્યવતી ભવ, બહેન. પૃથ્વીનો પલ્લો થવા બેઠો છે પલ્લો, ઈચ્છાબહેન તમેં કાંઈ હાંભઈળું ?

ઈચ્છા : હું કેતા છો મા'રાજ ?

ભૂદેવ : આ મોનજીની અંબા તો તારી કમુની બેનપણી કાં ? અરે બહેન, તમને કે'મ કહું. આ મોનજીએ નાક કપાઈવું નાક.

ઈચ્છા : મહારાજ, તમારું નાક તો ત્રીપુંડની નીચે જ છે. કોના નાકની વાત કરતા છો ?

ભૂદેવ : અનાવિલ નિયાતના નાકની, તમે નિયાતમાં કોઈ દા'ડો નાતરું શબ્દ હાંભઈળો હુતો ?

ઈચ્છા : નાતરું, હાય માડી !

ભૂદેવ : આ મોનજી રૂદરે એની અંબાનું ચીખલીમાં નાતરું કઈરું નાતરું.

(આ દરમિયાન ત્રણેક સ્ત્રી ભેગી થઈ ગઈ છે.)

સ્ત્રીઓ : નાતરું, અને એ પણ અનાવિલા નિયાતમાં ? મા'રાજ ભાંગબાંગ તો ની ખાધી ને ?

ભૂદેવ : મેં તો કાંઈ ખાધી ની મળે, પણ હવે નિયાતને ઝેર ખાવાનો વારો આવહે, ચીખલીના આર્યસમાજમાં રાંડીરાંડ અંબાનું નાતરું થઈ હો ગિયું. હળાહળ કળિયુગ છે, કળયુગ (ભૂદેવ ચાલતા થાય છે, બોલતા જાય છે.) નારાયણ, પ્રસન્ન બ્રહ્મતેજ વૃદ્ધિ આઠમને સોમવાર નાતરું.

(મંચ પર 'નાતરું' શબ્દ પડઘાય છે. આરતીના ઘંટ-નગારા અને શંખ ધ્વનિ સાથે પ્રકાશ લુપ્ત થાય છે. પ્રકાશ ગામના ચોરા પર, નિયાતનું પંચ ભેગું થવાનું છે, અને ગાંડો ગાદલા પર ચડી બેસે છે.)

માધો : ભાઈ, ગાંડાભાઈ, નીચે ઊતરો તો.

ગાંડો : ની ઉતરતો જા, ગાલ્લાં તારા બાપાનાં છે ? મેં હો પંચમાં બેહવાનો હા.

ધનો : તો અવે આને હો પંચમાં બેહવું છે. ગાંડાભાઈ, આ પંચને બેહવાનાં ગાલ્લાં છે, તમારાંથી ની બેહાય, સમઈજા, ચાલો નીચે ઊતરો.

ગાંડો : (ગાદલું ઊંચું કરીને) મોનજી રૂદર, અરે ગાદલાં તો મોનજીના ઘરના છે. એના જ ગાલ્લાં પર બેસી એની જ વિરુદ્ધ...

(વસનજી, દૂધિયો, પરમાજી પંચ આવે છે.)

વસનજી : (ગાંડાને જોઈને) લ્યો, નિયાતમાં એક આગેવાન તો

વસનજી : (ગાંડાને જોઈને) લ્યો, નિયાતમાં એક આગેવાન તો પ્રથમથી જ બેહી ગિયા છે ની કેમ ગાંડાલાલ ?

ગાંડો : મજા, વસનજી આ ગાદલાં...

વસનજી : ગાંડાલાલ, ગાલ્લાંને મારો ગોલી. લ્યો, સોપારી ખાવ.

ગાંડો : સોપારી લાવો.

વસનજી : ગાલ્લા પર બેસીને ની ખવાય. નીચે ઊતરો.

(ગાંડો નીચે ઊતરી સોપારી લેતા)

ગાંડો : આપણે હું, ગાલ્લાંવાળાના ગાલ્લાં ની ન્યાતવાળાનો ન્યાય !

(મોનજીના પ્રવેશથી સંધાણ)

મોનજી : (પ્રવેશ) જય શ્રીકૃષ્ણ.

ધનો : લ્યો આઈવા ધર્માત્મા નાતરિયા, સહુ દર્શન કરો ની પૂજા હો કરો.

વસનજી : અરેરેરે, આમ જુઓ તે પોથીપુરાણ, ભારત ભાગવત ની ભજનકિર્તન, તેને જ ઊઠીને નિયાતનુ નાક કપાઈવું નાક.

માધો : બગભગત છે બગભગત. આખ્ખા ઉમ્મરહાડી ગામના નામ પર કલંક લગાઈડુ કલંક.

વસનજી : બસ હવે, થોડું નાનામોટાનું ભાન રાખો, એ ની ભૂલો કે તમે કયા કુળની સંસ્કૃતિમાં જનઈમાં છો, દૂધિયા. નિયાતની કામગીરીનો આરંભ કરો. અજુ કોઈએ કાંઈ કેવું હોય તો છૂટ છે.

પ્રભાશંકર : મેં નિયાતની હાબ્મે એ જાહેર કરું છું કે મારે મારા જમાઇ મોનજી રૂદર હાથે આજથી કોઈ વહેવાર ની મલે. મને અફસોસ છે કે મારી પોયરી અને જમાઇના ઘરમાં આવું ધર્મશાસ્તર વિરુદ્ધનું કામ થિયું.

પરમાજી : ધન્ય છે, પ્રભાશંકર કાકા ધન્ય છે. આ નિયાતને તમારા જેવા વડીલો જાં હુધી રસ્તો બતાવશે તાં હુધી વર્ણાશ્રમ ધર્મ અને નીતિનિયમોને કંઈ આંચ આવવાની ની મલે, તમારે હું કહેવાનું છે મોનજી નાયક ?

મોનજી : મેં જે કઇરું તે પરમેહરને માથે રાખીને કઇરું. મેં જે કઈરું એનો મને કાંઇ પસ્તાવો ની મલે. પરિણામનો ધણી તો પરમેહર છે. સમય જ બતાવી આપહે કે મેં જે કઇરું એ માણસ જાતના ભલા માટે છે કે બુરા માટે. પણ મારાથી જુવાનજોધ પોયરીનું દુ:ખ ની જોવાતું, ધર્મશાસ્તરના ચિંતનમાંથી હું એટલું શીખ્યો છું કે માણસને સત્કર્મ, સત્માર્ગની મુક્તિ બતાવે તે ધર્મ ની બાંધે તે રૂઢિ.

વસનજી : આપણા શરીર માથે આપણને ખૂબ પ્રીતિ હોય એ હમજાય એવું છે, પણ હડે ત્યાં કાપ હો મૂકવો પડે.

દૂધિયો : રોગના નિકાલ હારુ કડવી દવા હો પીવી પડે, પંચ અવે ફેંસલો કરે છે. (લોક ગણભડ કરે છે, પંચ મસલત કરે છે)

વસનજી : આથી નિયાત જાહેર કરે છે કે મોનજી રૂદરે એમની અંબાનું નાતરું કરી નિયાતના નિયમનો ભંગ કઈરો છે.

દૂધિયો : આજથી મોનજી રૂદર નિયાતબા'ર છે.

પરમાજી : મોનજી રૂદરના કુટુંબ હાથે લગ્નલૌકિક તમામ વહેવાર બંધ.

વસનજી : ગામ-પરગામમાં પણ કોઈ નાતીલાં એમની હોડે કોઈ વેવાર ની રાખે.

પરમાજી : અને જો કોઈ આ કુટુંબ હાથે બોલવા-ચાલવાનો વેવાર કરશે ની તો રૂપિયા ૨૦૦નો દંડ.

વસનજી : નિયાતને પંચનો આ ફેંસલો મંજૂર છે ?

લોકો : હા, હા, હા. મંજૂર છે. મોનજી રૂદર નિયાતબા'ર (વસનજી એક થાળી અને વેલણ ગાંડાના હાથમાં આપે છે.)

ગાંડો : (થાળી વગાડતા) મોનજી રૂદર નિયાતબા'ર... (પ્રકાશ લુપ્ત થાય છે. મોનજી રૂદરના ઘર પર પ્રકાશ. સાંજ. મોનજી માથે દૂધના તાંબડા લઈ હરિજન હેતે મળશે... ગાતા ગાતા પ્રવેશ કરે છે. નિયાત બહાર... ના પડઘા સંભળાય છે.)

પરમાજી : પોયરીને બહાર આણો.

મોનજી : ભાઈ, પોયરી તો હાહરે ગેઈ.

વહનજી : સાસરે ની નાતરે ગેઈ નાતરે.

ધનો : તિયાંથી લાવી મંગાવો ની બાલ લેવડાવો બાલ. ભાઈયો તૂટી પડો આ નાતરિયા પર.

(નિયાતવાળા તૂટી પડવાની તૈયારીમાં છે ત્યાં જ અંદરથી ધારિયું લઈ ભીખીબાઈ પ્રગટ થાય છે, રણચંડી જેવી લાગે છે.)

ભીખીબાઈ : અરે ક્યો મુવો મારી પોયરીના બાલ લેવડાવવાનું બોલતો છે ?

માધો : અમે નિયાતવાળા કે'તા છિયે.

ભીખીબાઈ : તું કોણ થતો છે મારી પોયરીના બાલ લેવડાવવાવાળો ? અરે, મારી પોયરીની મુખત્યાર મે ને તિનો બાપ, તું ક્યાનો બા'દશા ગવંડર આવેલો જોઉં !

પરમાજી : ભીખીબાઈ, રાંડેલી પોયરીનું નાતરું કઇરું, આખી નિયાત અભડાવી ની પાછી હાબ્મે થતી છે.

ભીખીબાઈ : અરે મેં તો મારી રાંડેલી પોયરીને પરણાવી છે. તું તારું હંભાળને બાવા લલ્લુ. તુ તો વિધવા વહુને રાખીને બેઠેલો હુતો.

પરમાજી : ભીખીબાઈ મોઢું હંભાળીને બોલ, નિતર અહીં માથાં પડી જહે.

ભીખીબાઈ : અરે જોયા માથાં વાઢવાવાળા ફાટી મુવાવ એક તો જુવાનજોધ પોયરીને કૂવામાં ધકેલો છો. ની ઉપરથી પાછા દબડાવતા છો.

ધનો : ભીખીબાઈ, આમાં કંઈ સારા વાટ ની રીયે.

ભીખીબાઈ : અરે તમારી ઉપાડે ચાર જણા, ભાગો નિતર અમણા એક ઘા ને બે કટકા થહે, એક એકના માથા મારા ખેતરમાં જ

છે). અરે કાય ભાગતા છો ઊભા રો, પોયરીના બાલ લેવા ઓય તો. મારી પોયરીના બાલ લેવાની વાત કરતા છો પણ મેં તમારાં માથાં જ ઉતારી લેવાં (ભીખીબાઈ બોલતી જાય છે.) આવો... અરે ભાગતા કાય છો, આવો પોરીના બાલ લેવા ઓય તો, આવો મારા માટીનું માથું રંગવા.

(નિયાતવાળા ભાગી ગયા છે. ભીખીબાઈ રડી પડે છે. હાથમાંથી ધારિયું પડી જાય છે. પ્રકાશ શાસ્ત્રીના ઘર પર પડે છે.)

શાસ્ત્રી : ઓમ નમઃ શિવાય, આ અડધી રાત્રે કોણ છે ?

વસનજી : એ તો વસનજી, ઉમ્મરહાડી, ઉમ્મરહાડીનું પંચ.

શાસ્ત્રી : આ ઉમ્મરહાડીનું પંચ અત્યારે.

(શાસ્ત્રી બારણું ખોલે છે. વસનજી દૂધિયો, પરમાથી વિ. આવે છે.)

વસનજી : જય શ્રીકૃષ્ણ, શાસ્ત્રી બાપા.

શાસ્ત્રી : આયુષ્યમાન ભવ. હું આજે વલહાડની ભૂમિ હો પાવન કઈરી ?

દૂધિયો : અરે શાસ્ત્રી બાપા, અમે હું પાવન કરવાના હુતા ? અમારે તો ક્યાંય મો બતાવવા વાટ હો ની રેઈ.

શાસ્ત્રી : અરે એવું તે હું થિયું.

પરમાજી : આ અમારે તિયા મોનજી નાયકે રાંડેલી પોયરીનું નાતરું કઈરું. ની આખ્ખી નિયાતનું નાક કપાઇવું નાક.

શાસ્ત્રી : (તમાકુ થૂંકતા) શું વાત કરો છો ?

વહનજી : શાસ્ત્રીબાપા, આ મોનજી એ તેની રાંડેલી પોયરી પરણાવી, ધર્મશાસ્તર વિરુદ્ધનું કામ કઈરું. તિ બદલ તેની ઉપર કાંઈ કોરડ કચેરી કરી હકાય કે ની ?

(પ્રકાશ લુપ્ત થાય છે. પ્રકાશ મોનજીના ઘર પર પડે છે.)

(ઇચ્છા સંતાતી સંતાતી ઘરમાં આવે છે.)

ઈચ્છા : ભીખીબાઈ.

ભીખીબાઈ : હું કામ આય આઈવી છે, ખબર ની મલે, અમને નિયાતે કાપી મુઈકા છે ?

ઈચ્છા : ભીખીબાઈ, ભીખીબાઈ કમુને દુખ ઉપઇડુ છે.

ભીખીબાઈ : તો મેં હું કરું ? જાવ ઉદવાડેથી દાયણ બોલાવો, કાં દાક્તર !

ઈચ્છા : ભીખીબાઇ મારી પોયરી, ભીખીબાઈ બે જીવ મરી રિયા છે. ભીખીબાઈ, તમારા સિવાય આ ગામમાં દાયણનું કામ કોણ જાણતું છે ? તમે જ તો વહુ દિકરીયોની મદદ કરતા છો, ની રાંડીને કૂવો પૂરવામાંથી તમે જ ઉગારતો છો.

ભીખીબાઈ : પણ તમે હાભ્મે હું આપો છો ? મારા પોયરા માટીનું જીવવાનું હો હરામ કરી લાઇખુ છે. અરે તમે મને હું નિયાત બહાર મૂકતા હુતા, જાવ મે તમને નિયાત બહાર મૂકું છું.

ઈચ્છા : ભીખીબાઈ આટલુ ખોટું કાં લગાડો ? મારી કમુ ને તમારી અંબામાં તમે કોઈકવાર ફરક ની કઈરો, મે તમારી આગળ ખોળો પાથરું છું. ભીખીબાઈ, કમુનો જીવ બચાવી લ્યો.

(ભીખીબાઈ એક ગુસ્સાવાળી સ્ત્રીમાંથી સાધારણ સ્ત્રી બને છે.)

ભીખીબાઈ : ઉઠ ઊભી થા. વાલામૂઈ દા'ડે આવવું' તુ ને ઊભી રે, મેં ઓસડીયા લઈ લેવ.

ઈચ્છા : દિવસે કેમની આવું ભીખીબાઈ, નિયાતની કિલ્લેબંધી કેમની તૂટે ?

ભીખીબાઈ : (બહાર આવતા) નિયાત જાત અને ધર્મશાસ્તરના વહીવટ કરનારા બાઈ માણસનું દુઃખ કાં સમઈજા છે ? લે ચાલ હવે આટલી ઢીલી કાંય પડતી છો. પરમેહર સહુ સારા વાના કરહે.

(પ્રકાશ લુપ્ત થાય છે. અને શાસ્ત્રીજીના ઘર પર પ્રકાશ પડે છે.)

શાસ્ત્રી : અરે એ મોનજી નાયક અને ભીખીબાઈ ને તે ધોળે દિવસે તારા હો ગણવા પડહે.

વસનજી : મોનજીના મોટા પોયરા નાગરજી અને હહરા પ્રભાશંકર ને તો અમે નિયાત હાથે લેઈ લીધા છે.

દૂધિયો : હા, નાગરજીના હાહરિયા તેની વહુને ની મોકલતા હુતા, તિ અમે કેયું કે અમે પંચ વચ્ચે પડીને સમાધાન કરાવહું.

શાસ્ત્રી : એ તો કહેવાય, પણ કરાય'ની.

વસનજી : પણ અમે તો વચન આઈપું છે.

શાસ્ત્રી : ભૈ પંચે બધુય કરવું પડે, હાથીના દાંત, દેખાડવાના હો જુદા ની ચાવવાનાં હો જુદા, એમ તો તુરતો તુર્ત એમના દુઃખનું નિરાકરણ લેઈ આવીએ તો પછી પંચને પૂછે કોણ ?

વસનજી : શાસ્ત્રીજી મોનજી નાયકની તાપી અહીં પરણાવી છે.

શાસ્ત્રી : તે એમાં હું હુતુ. એનેય પાછી મોનજીના ઘેર ભેગી મોકલી દઈ, બચારાને દીકરી ઘેર બેહે તો રાહત થાયની ?

દુધિયો : તો એની તાપીને પાછી ઘર ભેગી કરવાની જવાબદારી તમારી.

શાસ્ત્રી : અમે અહીંના પરગણાનું હંભાળી લેહું, ત્યાં દબાણ કરો. હું સમઈજા. આ માછી-દૂબળા-માંગેલા સહું કોઈ ભાઠલાવની શેહમાં જ છે ની ! બરાબરની ભીંસ કરો. અમારી બાજુ તો નિયાત બહાર મૂકેલા ને કોઈ ચપટી મીઠું હો ની આપતું.

વહનજી : સમઈજા.

શાસ્ત્રી : મે તો કે તો છું બાઈના કૂવે પાણી જવાથી લઇને પોયરાની નિહાળ હુધી નાકાબંધી કરો. પછી જુઓ નાક ઘહતા આવે છે કે ની, અરે નિયાત તો ગંગાનાં પૂર કે'વાય પૂર, હેં, હું હમઈજા, ભલભલાને તાણી જાય. હમઈજા કે ની.

(પ્રકાશ લુપ્ત થાય છે. અને દૂધિયાના ઘર પર પડે છે. એક ખાટલા પાસે ઇચ્છા અને ભીખીબાઈ ઊભા છે કમુની ચીસો)

કમુ : ઓ માડી રે, મરતી છું ભીખીફૂઈ, ભીખીફૂઈ મે ની બચું.

(ખાટલામાં સગર્ભા કમુ છે, ભીખીબાઈ સુવાવડ કરાવી રહ્યા છે.)

ભીખીબાઈ : અરે આવું હું બોલતી છે ? કમુ તને કટલા વરહ થિયા.

કમુ : એકવીસ.

કમુ : એકવીસ.

ભીખીબાઈ : તુ અને અંબી બંને સરખાં કાં ?

કમુ : ભીખીફૂઈ, ફૂઈ ઓ માડી રે.

ભીખીબાઈ : તને યાદ છે કમુ, એક વખત તે અંબીને વહુ બનવાની ના પાડેલી.

કમુ : અમે તો લગનની ચોરી હો તોડી નાઈખી'તિ.

ભીખાબાઈ : અરે તુ તો બહુ હિંમતવાળી પોયરી છે કાં, કમુ તારી નણંદ કેટલી.

કમુ : તૈણ મઈરી છે, ઘરમાં મે જ સઉવેથી મોટી છું.

ભીખીબાઈ : તો તો મારી જવાબદારી હો ઘણી કા ની ?

કમુ : અરે કામ કરીને તૂટી મરવું પડે છે. ફાંટી મુઆવ, હવારથી હાંજ સુધી ખડે પગે રાખે છે ની એમાં પાછું આ, ફૂઈ, ફૂઈ હવે ની રહેવાતું.

ભીખીબાઈ : અરે તને તો કૃષ્ણ ભગવાન જેવો પોયરો આવહે. પછી તો મારી પોઈરી રાજ કરહે રાજ, ચાલ સો સુધી ગણજો, જોઉં તો તારું ગણિત કેવું છે. (કમુ પીડા સાથે ગણવાનું શરૂ કરે છે. પ્રકાશ લુપ્ત થાય છે. પરોઢની આરતી, બાળકના રુદનનો અવાજ, ફરી પ્રકાશ)

ઈચ્છા : આ તમે ઉતા તે બે જીવ બઈચા.

ભીખીબાઈ : અરે તુ કે મેં કોણ થતા છીએ જીવ બચાવનારા. બજીના જીજા કે'તા છે કે ઈશ્વર આપણા અંગે અંગમાં છે, ક્યારેક કાંઈ ભલુ કરવા એ જ આપણા હાથમાં આવી વસે છે.

ઈચ્છા : (હાથમા પડીકું રાખી) ભીખીબાઈ, આ પોયરા સાટુ મિઠાઈ.

ભીખીબાઈ : મા'થી ની લેવાય ઈચ્છા. ગામના ઘણાય માણસો મારી ડેલી આગળ પોયરાવ સાટે રાતે ભાગ મૂકી જતા છે, મેં કેવ તમારે ભાવ વહેવાર હોય ની આગળના બારણેથી જ રાખો ની. વજીના જીજાએ ફેંસલો હો કરી લાઈખો છે કે તળાવવાળા ખેતરે કળકાઠીનું ઝૂંપડું કરીને રેહુ ને પ્રભુભજન કરહું, એ તો ભલા એમના ભજન અને ભલા આંબા.

ઈચ્છા :ધન્ય છે તમારા બેઉ માણસની ટેકને એક તરફ તમે છો ની બીજી તરફ નિયાતવાળા !

ભીખીબાઈ : એ એમનું કામ કરતા છે ની અમે અમારું.

ઈચ્છા : આ તો હારું છે તમે દાયણનું કામ જાણતા છો તે વિધવા વહુ-દિકરીઓને કૂવો પૂરવામાંથી ઉગારતા છો. બાકી આપણો સમાજ નાની નાની પોયરીઓને પરણાવે છે, પછી એ વિધવા થાય છે. ની વિધવા સાથે હગ્ગા હહરા, દિયર, જેઠ... હારું છે કે તમે એમની મદદ કરતા છો.

ભીખીબાઈ : બાઈ માણહનું દુઃખ બાઈ માણહ ની સમજે તો કોણ હમજવાનું હુતુ ?

(પ્રકાશ લુપ્ત થાય છે. ગામના ચોરા પર નિયાતવાળા ભેગા થાય છે. ચોપાટ રમી રહ્યા છે. મોનજીની દીકરી તાપી સાસરેથી પાછી આવી રહી છે.)

દૂધિયો : આ એક કૂકરી મારીને પાછી ઘર ભેગી.

પરમાજી : એક પછી એક બધી કૂકરી ઘરભેગી કરવાની છે.

દૂધિયો : કાં તાપી, વલહાડમાં દાણા-પાની ખૂટી પઈડા ?

પરમાજી : કે પછી ઘરવાળાએ કાઢી મુઈકી ?

દૂધિયો : નાતરિયાની પોયરીને કોણ હંઘરે ?

(તાપી રડતી રડતી દોડી જાય છે. ધનો પ્રવેશે છે.)

પરમાજી : ધના કૂવે જવાનો રસ્તો વાડ ભરાવીને બંધ કઈરો છેની ?

ધનો : હા, શાસ્ત્રીજીએ કહેલું કે કૂવે પાણી જવાથી લેઇને પોઈરાની નિહાળ હુધી નાકાબંધી કરો તે આપણે કરી હવે ભીખલી હું કરહે.

ભીખીબાઈ : (પ્રવેશ) ફાટીમુઆવ, હવે બોલ જો, મારા હામ્ભે.

દૂધિયો : ભીખીબાઈ, બાઈ માણસે બહું બોલવું હારું ની.

ભીખીબાઈ : તો તું હું કલ્લેવાનો, નિયાતના ડિંગલા, તમે કૂવે જવાને રસ્તે ભેરવેલી વાડ કાપી ને જ આવતી છું. ભેગા ભેગા તમારે ભોડા હોં વઢાવવા છે ?

દૂધિયો : કોણ કેતુ છે અમે વાડ ભેરવી છે, તા'થી જે થાય તે કાયદેસર કરની.

ભીખીબાઈ : જેવુ તમે કાયદેસર કરહો એવુ મેં હો કરા, બીજી વખત વાડ ભેરવી રસ્તો બંધ કઈરો તો ભોડા જ વાઢી દેવા, ફાટી મુઆવ, જીવતાના જાનૈયા ને મુઆના ખાંધીયા હિંમત હોય ની તો હામ્ભે આવો.

(ભીખીબાઈ જઈ રહ્યાં છે અને વસનજી પ્રવેશે છે. ભીખીબાઈના હાથમાં ધારિયું છે.)

વસનજી : હું વાત છે પરમાજી ? ને ભીખીબાઈ હાથમાં ધારીયું લેઈને કેમ ફરતા છો ?

ભીખીબાઈ : એ તો જેવા સવાલ એવા જવાબ વસનજી !

વસનજી : એટલે તમે નિયાતની હામ્ભે હથિયાર ઉઠાવહો ?

ભીખીબાઈ : કૂએ જવાનો રસ્તે વાડ ભરાવી ઉતી.

વસનજી : હજુ તો કૂએ જ વાડ ભરાવી છે ભીખીબાઈ ! નિયાત જે ધારે તિ કરી શકતી છે.

ભીખીબાઈ : તો મેં હો જે ધારું તે કરી હકતી છું.

વસનજી : જીવવું હરામ થઈ જહે.

ભીખીબાઈ : મે હો તમારી ઊંઘ ઉડાડી દેવા.

વસનજી : નિયાત હામ્ભે ઝૂકતા હીખો ની તો તૂટી જહો !

ભીખીબાઈ : તમે હો હુધરતા હીખો ની તો ખોવાઈ જહો.

વસનજી : બેઈજ્જત કરી લાખીશ, માથુ ઊંચકવાની હિંમત હો ની રેહે. કૂએ ભેરવેલી વાડ કાપીને તું ને તારો માટી બચી જવાના ઉતા ! તમને ખબર ની મલે, તમે નિયાતની તાકાત ની જાણતા. મોનજીને રાતપાણીએ ની રડાવું ને તો મારું નામ વહનજી ની.

વસનજી : જોવું છે તારે ?

ભીખીબાઈ : અત્યાર હુધી તે બતાવવામાં બાકી હો હું રાઇખું છે ? તમેં નિહાળના માસ્તરને તમારી હાથે લીધો. માસ્તરે મારા પોઇરાવને બધા પોઇરાથી જુદા બેહાઇડા, ભીંત હામ્ભે મોઢાં રાખી બે હાઇડા, માયરા, પણ છેવટે હું થિયું ? નિહાળના ડૅપ્યૂટિ હામ્ભે મેં ફરિયાદ કઇરી તિયારે તમારા માસ્તરનું માથું હો ઝૂકી ગેયું હુતુ. આથી વધારે તું હું કરવાનો હુતો બાવા લલ્લુ !

વસનજી : જીભ પર કાબૂ રાખ ભીખીબાઈ, હવે જે થહેની તેનાથી મોનજીની બેઇજ્જતી થહે. (મોટેથી) નાવી, નાવી.

(વાળંદ મંચ પર આવે છે.)

પરમાજી : નાવી ને કેમ બોલાઈવો વહનજી !

વસનજી : મોનજીનો ફેંસલો કરાવવા, તેનું માથું ઝુકાવવા.

ભીખીબાઈ : નાવી હું મારા માટીનું માથું ઝૂકાવવાનો હુતો. એ તો રોજ અમારે તિયા આવતો છે, દાઢી બોળવા !

વસનજી : પણ કાલથી ની આવે.

નાવી : આ હું બોલતા છો નિયાત પટેલ !

વહનજી : હાભઇળું ની ! કાલથી મોનજી રૂદરને તિયા દાઢી મુંડવા જવાનું બંધ. તું ગામનો નાવી છે, નિયાતનો નાવી છે. નિયાતે જેમને કાપી મુઇકા છે એમનો નાવી ની મલે. હમઈજો કે ની ? ભીખીબાઈ, અમે આ હો કરી હકીએ ! માધા-ધના, માણસનો નાવી બંધ થાય એટલે હું થાય ?

બંને : દાઢી વધે, બામણની દાઢી કરવાની નાવી હો ના પાડે એટલે હલકી વરણનો જ ગણાય.

વસનજી : અને મુંડ્યા વિનાનો બામણ કેવો લાગે ?

બંને : ડાકુ જેવો !

વસનજી : ની બહાર દાઢી-બાલ લેવડાવવા જાય તો હું થાય ?

બંને : કહેવું પડે ની કે નિયાતે નાવી હો બંધ કઇરો છે.

વસનજી : હવે આખા પરગણામાં ખબર પડહે ભીખીબાઈ, કે તમને નિયાતે કાપી મુઇકા છે. ચાલો ભાઈઓ, આખા ગામમાં ઢોલ પીટીને જાહેરાત કરો કે મોનજી રૂદરનોં નિયાતે નાવી હો બંધ કઇરો છે, એય નાવી તું હોં ભેગો ચાલ !

(નિયાતવાળા ઢોલ વગાડે છે. જાહેરાત કરે છે.)

વહનજી : (ભીખીબાઈ પાસે જઈ) ભીખીબાઈ, તને ની તારા માટીને અમે ઝુકાવીને રેહું. ચાલો ભાઈઓ.

(મંચ પરથી બધા જાય છે, ભીખીબાઈ એકલી ઊભી છે. ભાંગેલા પગે કૂવા પાસે જાય છે. કૂવામાંથી સ્ત્રીઓની ચીસોના અવાજ)

ભીખીબાઈ : મેં હુ કરું ? નાવી બંધ કરીને નાતિલાવે વજીના જીજાના ગૌરવ પર ઘા કઇરો છે. માણહ ગૌરવ વિના કેવી રીતે જીવી હકે ? મેં ની મારા માટીએ હું ગુનો કઇરો છે ? ગામની વચ્ચોવચ્ચ આ વિધવાનો કૂવો છે, કઈ કેટલીએ બાઈઓ આ કૂવામાં પડીને મરી ગઈ છે. અમે અમારી રાંડેલી પોઇરીને પરણાવીને નિયાત આખીની પોઇરીઓનું હિત જોયું છે. અમારે આ કૂએ બાઈઓને પડતી ની જોવી, હવે નાવી હો બંધ કઇરો, વજીના જીજા તો નિયાતનો આ હુકમ હાંભળી ભાંગી પડહે.

(કૂવામાંથી સ્ત્રીઓની ચીસોનો ધ્વનિ. ભીખીબાઈના ચહેરા પર દઢતાના અને વીરતાના ભાવ આવે છે.)

ભીખીબાઈ : મે નિયાતની હામ્ભે નીં હારું. અવે તો આ પાર કે તિ પાર, એ પાઘડીવાળા છે ને મે કાછડી વાળી, મેં એમના અભિમાનને તોડા, મેં આ કૂવો બંધઝ કરા, હા, મેં આ કૂવો બંધ કરા.

(એક હાથમાં ધારિયું છે, ભીખીબાઈ દઢ નિર્ધાર સાથે ઊભી છે. પ્રકાશ લુપ્ત થાય છે. મોનજી રૂદરના ઘર પર પ્રકાશ, સવાર પડ્યું છે. લોકો દાતણ કરી રહ્યા છે. નાતવાળા સંતાઈને જોઈ રહ્યા છે.)

ભીખીબાઈ : વજીના જીજા આણી ગમ બહાર આવો તો, ઓટલા પર, આ નાવી આવેલો છે હજામત કરાવી લેવ.

દૂધિયો : એ નારાયણ નાવી દેખાતો કાં ની મલે.

નારાયણ : આઘો ઊભો રાઇખો ઓહે, પણ નાવી આવું કરે ની.

પરમાજી : એની તો માનો નાવી, આંબે ઊંધો લટકાવવો પડહે.

ભીખીબાઈ : જલ્દી કરો ની આ નાવી ખોટી થતો છે, એને હવાર હવારમાં ઘણાંય ને બોડવા ઓહે.

મોનજી : (પ્રવેશ) હું કે તી છે ?

ભીખીબાઈ : બેહો હજામત કરાવી લેવ.

મોનજી : પણ નાવી કાં ?

દૂધિયો : હું પણ એ જ પૂછતો છું, નાવી ક્યાં ?

મોનજી : તે કે'યુ ને નાવી આવેલો છે.

ભીખીબાઈ : આ મે પોતે કેવી ઉભેલી છઉં, મેં જાતે તમારી દાઢી બોડા

મોનજી : કેવી વાત કરતી છે.

ભીખીબાઈ : ખાસ્સી લાખ રૂપિયાની સોનામોહર જેવી, હવે તમે હામે બેહી જાવ, કેવ છું બેહી જાવની.

મોનજી : પણ કઈ લાજહરમ.

ભીખીબાઈ : (સાબુ લગાડતાં) લાજ હરમ નાતિલાવને, ભાઠલાવ ફાટીમુઆવને, મને કાંયની લાજહરમ.

(સાબુ લગાડી દાઢી કરવાનું શરૂ કરે છે.)

મોનજી : પણ,

ભીખીબાઈ : વચ્ચે ની બોલવાનું છરકો પડી જહે. કોઈ પરાયાની દાઢી તો ની બોડતી ને. નિયાત જાત, ગામ, પરગામ, પાંચ હે મનેખ વચ્ચે ઢોલત્રાંહા વગડાવીને તમારે હાથે પરણી છઉં.

મોનજી : પણ વજી ના જી,

મોનજી : પણ વજી ના જી,

ભીખીબાઈ : મારા પોતીકા માટીની દાઢી બોડવામાં મને કાયની હરમ, મુઆ નાતિલાવ, ખેધે પઈડા છે, ની કે છે કે પોયરીના બાલ લેવડાવો.

ગાંડો : (પ્રવેશ) કોણ કેતુ છે ?

ભીખીબાઈ : એ મુઓ નિયાત પટેલ. એની ઉપાડે ચાર જણા એને ક'ડે કાળો એરું ક્યાંક હોય તો. મારી પોયરીની મુખત્યાર, મેં ફાવે તિયાં દઉં. તું કોણ થાતો છે હુકમ દેનારો. મૂઓ નખ્ખોદિયો, જીવતાનો જાનૈયો ની મૂઆનો કાંધિયો.

મોનજી : વજી ના જી, હવે બસ કરો.

ગાંડો : વચ્ચે ની બોલવાનું નીકર છરકો પડી જહે.

ભીખીબાઈ : કંઈ ની ચાઈલું ની તો કે નાવી બંધ કરાવું લે મને બંધ કરાવ ની અવે, આવ મૂઆ મને બંધ કરાવવા. તારી મા એ હવાહેર હૂંઠ ખાધી હોય તો, ની ભાઠલાવ, ભોંયમેલા, અભાગ્યા, બધા તિની હા માં હા ભરીને અમારી પૂંઠે પઈડા છેની.

ગાંડો : કોણ પૂઠે પઈડા છે, ભીખીબાઈ ?

ભીખીબાઈ : વચ્ચે ની બોલવાનું.

મોનજી : નીતો છરકો પડી જહે.

ભીખીબાઈ : આ ઓટલે મારા માટીની દાઢી ની બોડતી. નિયાત આખીની ઈજ્જત બોડતી છવ. આવોની મને રોકવા, આ ભીખલી તેના માટી પોયરાવ તમારી છાતી પર રેહે રેહે ની રેહે... આવો મને અટકાવવા.

(ભીખીબાઈ દાઢી પૂરી કરી અરીસામાં મોઢું દેખાડે છે.)

ભીખીબાઈ : (મોનજીને મોટેથી) આ નાવી કેવો લાયગો ?

મોનજી : (અરીસામાં જોતાં) આવો નાવી તો ભાગહાળીને જ મળે !

(ભીખીબાઈ દાઢી પૂરી કરે છે. હાથમાં થાળી અને વેલણ લઈ ખખડાવે છે.)

ભીખીબાઈ : (થાળી વગાડતાં) મોનજી રૂદરનો નાવી ચાલુ છે, મોનજી રૂદરનો નાવી ચાલુ છે. (ગાંડાને) લે ભાઈ, આખ્ખા ઉમ્મરહાડીમાં જાણ કરી દે. (ગાંડો થાળી વગાડતો ભાગે છે. નિયાતવાળા ઊભા છે ત્યાં થાળી વગાડીને જાહેરાત કરે છે. નિયાતવાળા ગુસ્સામાં ઊભા છે. પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ મોનજીના ઘર પર મોનજીના ઘર પાસે નિયાતવાળા ઊભા છે.)

દૂધિયો : આ મોનજી એ તો ઘરની આજુબાજુ મજેની વાડી બનાઈવી છે ની કંઈ ! પણ આજે આ વાડી ખલ્લાસ, બધી તૈયારી બરાબર કરી લીધી છેની ?

ધનો : મોનજી ભગંદરનું ઓપરેશન કરાવવા મુંબઈ ગિયેલો છે.

માધો : ઉદવાડાના દૂધ, ઘી અને વાલોર પાપડીનો બધો વેપાર ભીખીબાઈ અને તાપી જ હંભાળતા છે.

દૂધિયો : માધા, વાડામાંથી બધા ઢોરને છોડી ને મૂકી દે, પછી જોઉં છું કરે ભીખીબાઈ ઢોર કેમના હોધતી છે.

નારાયણ : ધના, વાલોર પાપડી મૂળ હોતા ઉખેળવા જોવે, આખ્ખા ખેતરનું ધનોતપનોત કાઢી લાખો, લાગવું જોવે કે નાતિલાવ આંધીની જેમ આઈવા હુતા, ની લીલ્લી વાડી ઉજાડી ગિયા.

દૂધિયો : પોયરા અંદર બારણું બંધ કરી બેઠાં છે.

નારાયણ : ચાલની ઝૂંપડું હો હળગાવી કાઢીયે.

દૂધિયો : હાથીના દાંત દેખાડવાના ની ચાવવાના હો જુદા હોય છે. આ કઈરું એ તો ધમકી વગરનું જ ની ?

માધો : (પાછો આવે છે.) ઢોર બધા હાંકી કાઈઢા છે.

ધનો : વાડીમાં તો ગધેડાનું પણ ફેરવી લાઈખું છે.

દૂધિયો : ચાલો હવે, લ્યો ભીખીબાઈ, જીવો અમારા સઉએના નાક ટીચીને

(બધા દેકારો કરતા પાછા વળે છે. ભીખીબાઈનો પ્રવેશ)

ભીખીબાઈ : આ ખેતર આખ્ખું રોળી નાઈખું છે. આ મુઆવ ક્યાંક.... તાપી, ખંડુ (ભીખીબાઈ દોડતાં આવે છે. અને અંદરથી બાળકો તથા તાપી બહાર આવે છે.)

તાપી : નાતિલાવ આવેલા હુતા.

ભીખીબાઈ : આવા કામ એમના સિવાય બીજા આવડે હો કેને. તું કંઈ ચિંતા કરતી નહીં મે હમણા ડોબા હોધીને આવતી છું.

તાપી : તું ની જતી. તને હો મારી લાખહે.

ભીખીબાઈ : તાપી, આ તું બોલતી છે ? અરે કાઈ એવું મોટું નુકસાન ની થિયું. તારા જીજા કે'તા છે ની કે મારનાર કરતા તારનાર મોટો છે. હમણા તેરે તેર ડોબા પાછા બાંધી લાવું છું.

તાપી : પણ તું આટલી રાતે.

ભીખીબાઈ : અરે ગમે તીના ખેતરના શેઢે ચરતા ઓહે, કાં તો વાડે પૂરાઈવા ઓહે, એમનાથી શું થાય તિ હું સારી રીતે જાણું છું ની, હમણાં આવતી છું. તું વાડીનું ધ્યાન રાખ, ખંડુ તું ઊંઘી જા.

(ભીખીબાઈ જાય છે, ખંડુ અંદર જાય છે. તાપી ઊભી છે. કમુનો પ્રવેશ)

કમુ : તાપી ઓ તાપી

તાપી : કબૂતરી , તું અત્યારે ?

કમુ : ભાઈ હું કરીએ, તારી જેવી બહેનપણી હોય એને તો રાતવરત હો કામ કરવા પડેની, તને કોઈક મળવા આવેલું છે.

તાપી : કોણ ?

કમુ : મનમાં તો પામી જ ગેઈ ઓહે, તો હો પૂછતી છે કોણ, મેં તો આગળ આગળ એટલે આઈવી હુતી કે કયાંક ભીખીફુઈ હોય તો, એ આવો બનેવી સાહેબ, (તાપીનો પતિ આવે છે.)

તાપી : જી તો ગેઈ છે ડોબા હોધવા, પણ તુ એમને આય કાં લાવી, જા મેં ની મલતી એમને.

કમુ : કોઈ પોતાના માટી પર આટલો ગુસ્સો તિ કરતું ઓહે ?

તાપી : આ જોતી નથી, રાત દિવસ મહાભારત ચાલતું છે તે, એરે એવા તે કેવા માટી કે ગમે ત્યારે ઘરમાંથી હાંકી કાઢે, જાણે બાઈ જાત એટલે મૂંગું ઢોર જ ની ? નિયાતના ચડાવ્યે

પરણેતરને હો જાકારો દીધો, કહી દે એમને કે ચાઇલા જાય.

પતિ : એવું કાય બોલતી છે. સપ્તપદીના ફેરા એમ તે કંઈ તૂટતા ઓહે.

તાપી : એ ફેરા તમુને તે દિ' કા યાદ ની આઇવા, જે દિ' ધક્કો મારીને ઘર બહાર કાઢી મૂકેલી ?

પતિ : એ તો ગુસ્સામાં હુતો, વળી નિયાતે ચડાવેલો.

તાપી : અરે તમારા એવા તે કેવા ગુસ્સા, ની નિયાતા રીતિરિવાજ એવા તે કેવા કે કાચી સેકન્ડમાં ચોરીના ફેરા હો ભૂલી જાવ છો ? સીતા, દ્રૌપદી અને દમયન્તીથી લઈને આજ હુધી એ જ વહેવાર.

પતિ : તાપી મે તને સાચ્ચુ કેવ, મે તને મનમાંથી ક્યારેય કાઇઢી ની મલે, આ પાંચ વરહ મેં પસ્તાવામાં જ કાઇઢા છે. પળેપળ જીવ ઊંડે ઊંડે બઇળે રાખે.

તાપી : તિ મને કંઈની થાતુ ઓહે, નિયાત આખ્ખીના મેણાએ મારું કાળજું ચારણી જેવું કરી લાઇખું છે, આ તો મા બાપ હારા ની તો મારે તો કૂવો જ પૂરવો પડે ની તમારે હું ? તમે તો તરત જ બીજું...

પતિ : આવું ની બોલ તાપી, મને મારી ભૂલ હમજાઈ છે. તાપી મેં તારો ગુનેગાર છું, મેં તને બહુ દુઃખ આઇપું છે, મને માફ કરી દે, તાપી મને માફ કરી દે, મેં ખોટી એટ ઇજ્જત ખાતર તને દુભવી છે. સમાજ હાથે રહેવા ખાતર તારી હાથે અન્યાય કઈરો છે. (તાપીના પગ પાસે બેસી પડે છે.)

તાપી : અરે, આવું તે હું કરતા છો, આવી આ જોઈ રહી છે. હવે જાવની, મારી જી આવતી ઓહે, કબૂતરી તું આમને અહીંથી લઈ જા.

કમુ : ભૈ બે માણહના ઝગડામાં ક્યારેય પડવું ની, ઘૈઢા કાય ખોટું થોડા કે'તા ઓહે.

પતિ : મેં તને લીધા વિના ની જવાનો.

તાપી : લે, તમે તિ કાંઈ માણહ છો, એમ તિ કાંઈ અવાતું ઓહે, જીજા ઑપરેશન કરાવવા મુંબઈ ગિયા છે. પૂનમને દા'ડે તેડવા આવજો, એ પણ ગામ વચ્ચે, ની ધોળે દાડે. મેં તમારી હોડે ચાલી નીકળવા.

(ભીખીબાઈનો અવાજ સંભળાય છે.)

ભીખીબાઈ : (અવાજ) આ તેરે તેર બાંધી દીધા, શું હમજતા ઓહે એવા એ, મેં કાછડીવાળી અને એ પાઘડીવાળા. પન મે એખલી સઉવે ને પૂરી પડા, ઓ તાપી...

કમુ : હવે જલ્દી ચાલો જમાઈરાજ, ની તો ભીખીફૂઈ તમને હો ડોબા ભેગા વાડામાં પૂરી મૂકહે, આમેય આજે પાઘડીવાળા પર ભડઈકા છે.

ભીખીબાઈ : તાપી ઓ તાપી...

તાપી : એ આવી જી, હવે જાવની, પૂનમની યાદ રાખજો, ની આવતા પહેલા ટપાલ હો લાખજો. હવે જાવની.

પતિ : જતો છું, ધક્કો કેમ મારતી છે ?

તાપી : અમારાથી મજાકમાં હો ધક્કો ની મરાય ?

(બંને પ્રેમવશ એકબીજાંને જોઈ રહ્યા છે. ખૂબ નજીક છે. પ્રકાશ લુપ્ત થાય છે. ફરી પ્રકાશ થાય છે. મોનજી પ્રવેશે છે. ખાટલા પર બેસે છે.)

મોનજી : વજીના જી.

ભીખીબાઈ : હું વાત છે તમેં આમ ઢીલા કેમ થતા છો ?

મોનજી : ઉદવાડે મને અંબેલાલ મઇલા હુતા.

ભીખીબાઈ : એ મજામાં તો છે ને ? ની અંબીના હું ખબર છે ?

મોનજી : અંબી ખોળો ભરીને હુવાવડ માટે અહીં આવવા માંગતી છે.

ભીખીબાઈ : એ તો ખુશીની વાત છે.

મોનજી : હા પણ નિયાતવાળા...

ભીખીબાઈ : ખોળો ભરીને પોઈરી માવતરને તિયા હુવાવડ કરવા ની આવે તો ક્યાં જવાની હુતી.

મોનજી : હુવાવડ તો ત્યાં હો થઈ હકે છે.

ભીખીબાઈ : અહીં કેમ ની ?

મોનજી : નાહકની લઢવાડ...

ભીખીબાઈ : નાહકની લઢવાડ આપણે ની કરતા, એવા એ કરતા છે, ની એમને લડ્યા વિના ચેન હો ની પડતું. આટલા દિવસો તમે ની હતા એ વખતે એમણે કંઈ બાકી ની રાઇખુ, રાતરાતભર ઘર પર પથરા નાખતા હુતા, ગાળો બોલતા હુતા.

મોનજી : હું એટલે જ કહેતો છું કે અંબીને આપણે...

ભીખીબાઈ : અહીં ાાવવા માટે ના પાડવી એમ ની ? પણ મેં કે તી છું કે હું કામ ? એનો હું ગુનો હુતો ? આ એના માવતરનું ઘર છે, ની એટલે તો તિ આવહે જ.

મોનજી : તો લડાઈ થહે !

ભીખીબાઈ : ભલે થાય, (લાકડી પર મુઠ્ઠી કસતા) મેં હો લડી લેવા, મેં એ સઉને બતાવી દેવા, કે ભીખીબાઈ કાયર ની મલે. એમની મોહતાજ ની મલે, પણ મે મારી પોયરીને તિના હકથી દૂર ની રાખું. (પ્રકાશ લુપ્ત થાય છે. ગામના ચોરાવાળી દિશાએથી અંબા, ભીખીબાઈ અને મોનજી પ્રવેશે છે. અંબા ખોળો ભરાયા પછીના પાનેતર તથા ઘરેણાંથી શોભે છે. કપાળે કંકુ છે.)

અંબા : ઉમ્મરહાડી જરા હો બદલાયુ ની મલે જી. ની પેલું આંબાવાડિયું અમે નાન્લા હુતા તિયારે તિયાથી કેરી પાડતા, આજ હો નાન્લી નાન્લી ગોયરીઓ રમતી હુતી.

(કૂવા પાસે આવતા) ની આ કૂવો હો...

ભીખીબાઈ : એમનો એમ છે.

(વસનજી અને નાનવાળા હાથમાં લાકડી અને પારીયા સાથે પ્રવેશે છે.)

વસનજી : ને અનાવીલ બ્રાહ્મણની નિયાત હો છે ઉમ્મરહાડીમાં, નિયાતના નિયમ હો છે.

પરમાજી : અંબી, તારા કારણે નિયાતનું નાક કપાયું હતું !

વસનજી : હારું થયું, તું પાછી ગામમાં આવી.
માધો : હવે પાછી ની જવાની.
ભીખીબાઈ : તો હું કરહે તું ? મારી લાખહે અમને ? લે મારી નાખ.
મોનજી : વજીના જી...
ભીખીબાઈ : લો ફેસલો કરી લાખો આજે, અમે હો તંગ આવી ગિયા છીએ, પણ મે એખલી ની મરા તમને હો લેઈને મરવા. (લાકડી ઉઠાવે છે.)
મોનજી : આ હુ કરતા છો ? ભાઈ વહનજી.
વસનજી : અમે બહુ સહન કઈરું મોનજી નાયક, તેં નિયાતની વિરુદ્ધના બધા કામ કઈરા ની ભીખીબાઈ બધી મર્યાદા છોડી નિયાતની હાભ્મે લડતી રેઈ.
ભીખીબાઈ : ને લડતી રેહે બાવા લલ્લુ...
મોનજી : હવે હરફ ની ઉચ્ચારતા વજીના જી !
વહનજી : તૂટી પડો ભાઈઓ, આજ છોડતાની આ નાતરિયા ખાનદાનને...
(બધા લાકડી લઈને તૂટી પડે છે, મોનજીને વાગે છે. અંબાને પકડીને ભીખીબાઈ ઊભી છે. અંબા એના હાથમાંથી છૂટે છે.)
અંબા : મારા લગનમાંથી આ વેર જલઈમુ છે ને ? તો મારી લાખો મને. ની મારા પેટમાં જે નવો જીવ પાંગરી રીયો છે તેને હો મારી લાખો, મારી મા ની મારા બાપે બહુ મોટો ગુનો કઈરો છે, તેની સજા તો મળવી જોવે ની ? સઉને આ કૂવામાં લાખી દો. આ કૂવાથી ને નિયાતથી વધીને તે કંઈ હોતુ ઓહે ? નિયાતના નિયમ એટલે નિયમ ! કેટકેટલી બાઈઓ આ કૂવામાં પડીને મરી ગેઈ છે, ની મરતી રેહે, પરમાકાકા તમારી પોઈરી, નારાયણકાકા તમારી હો, વહનજીકાકા તમારી પોઈરી ને હો આજ કૂવામાં ધકેલજો. (સન્નાટો નિયાત સૂનમૂન છે.)
દૂધિયો : પણ નિયાતના નિયમ...
(ઇચ્છા અને કમુ આવે છે.)
ઇચ્છા : ક્યા નિયમની વાત કરતા છો ?
દુધીયો : તું ઘરમાં જા ની કમુ તારી માંને લેઈને ચાલી જા.
ઇચ્છા : આજ ની જાવ.
કમુ : ભીખીફોઈ મારી સુવાવડ ની કરાવતે તો આજે મેં ની મારી પોયરી હો ની હોતે ! તમે એ ભીખીફોઈને મારવાની વાત કરતા છો ? નથી, ની આજ હો એ તમારા સઉએનું માન જાળવતા છે, તમે માનવતા છોઈડી પણ એણે ક્યારેય ની છોઈડી. ની આજે તો...
મોનજી : ઇચ્છાબહેન, આગળ ની બોલતા.
ઇચ્છા : જુઓ આ માણહની ભલાઈ. એ મને બોલતા રોકતા છે, આજે જો એમણે પોલીસ ને પાછો ની મોકઈલો હોતે તો તમે થાણે હોતે. પછી નિયાતની ઇજ્જતનું હું થાતે ?
દૂધિયો : એટલે મોનજી એ અમારી હાભ્મે ફરિયાદ કઈરી હુતી ?
પરમાજી : અમને કાયદાની બીક દેખાડતો છે ?
ઇચ્છઆ : ફોજદારને જાણ એમણે ની કઈરી, મેં કઈરી હુતી, મેં જાણતી હુતી કે તમે આજે અંબીને ગામમા ની આવવા દો. પણ આ મોનજી નાયકે ફોજદારને પાછા વાઈળા. કે'યુ કે આ તો ભાઈભાઈ વચ્ચેનો ઝઘડો છે કોઈ લડાઈ ની મલે. મને કોઈની હાભ્મે કોઈ ફરિયાદ નથી. ની ફોજદાર ગામની ભાગોળેથી પોલીસ પાર્ટી લેઇને પાછો ચાઈલો ગિયો. એક તરફ આવા સજ્જન માણહ છે ની બીજી તરફ તમે સઉ.
મોનજી : વહનજી, ભાઈ તારી હાથે કે નિયાત હાથે મને કોઈ વેર ની મલે, મેં હો આ નિયાતનો જ માણહ છું આપણા સંતાનોનું ભલું વિચારવું તિ આપણી ફરજ છે, આપણું કર્તવ્ય છે. મેં મારી પાંચે પાંચ પોઈરીને ભણાવીને નિહાળમાં મે'તી બનાઈવી, તમે તમારી પોઈરીઓની ભણાવતા તેનુ મને દુઃખ છે, મેં મારા ઘરમાંથી સ્ત્રી પર થતા અન્યાયને નિવારવા પ્રયત્ન કિધો, ભાઈઓ નિયાત જાતના નિયમોને સમય પ્રમાણે બદલવાની જરૂર છે.
ભીખીબાઈ : મેં તમારી હાભ્મે લડી પણ વજીના જીજા નથી લઈડા, એમણે સાતેસાત પોયરીઓને ભણાવીને શિક્ષિકા બનાઈવી, તેનાથી પોયરીઓનું હો ભલું થયું, ની આપણા પરગણાનું હો, આ વેર હવે પૂરું કરી લાખો. તમે અમને મારી લાખહો તો હો અમે આ ઉમ્મરહાડી ગામની નિયાત છોડીને જવાના નથી. ચાલ અંબા.
(મોનજી અંબા અને ભીખીબાઈ જાય છે. બધા ઊભાં છે. પ્રકાશ લુપ્ત થાય છે. સવારનો સમય છે. જ્યા મોનજી રૂદરનું ફળિયું છે. ત્યાં ખાટલામાં ભીખીબાઈ બેઠા છે. વાળ થોડા ધોળા થયા છે. તબિયત સારી નથી. ચોરા પાસેની જગ્યામાં બ્રાહ્મણ લોટ માંગવા પ્રવેશે છે.)
ભૂદેવ : નારાયણ પ્રસન્ન, બ્રહ્મતેજ વૃદ્ધિ, શ્રાવણ વદ આઠમની' સોમવાર.
(સ્ત્રીઓ લોટ આપવા પ્રવેશે છે. ઇચ્છાની પણ ઉંમર દેખાય છે. સાથે દીકરી કમુ પણ છે.)
ભૂદેવ : તમે લોકોએ કાંઈ હાભઈળુ ?
ઇચ્છા : હું વાત છે મહારાજ ?
ભૂદેવ : ભીખીબાઈની તબિયત હારી ની મલે. રાતે ઉદવાડાથી દાક્તર હો આઈવો હુતો.
કમુ : ભીખીફોઈની તબિયત ઠીક ની મલે.
ઇચ્છા : બહુ મોટી બિમારી છે ?
ભૂદેવ : તો જ ઉદવાડાથી દાક્તર આઈવો ઓહે ને, દાક્તર કે' છે કે હવે ભીખીબાઈ ની બચે.
કમુ : ભીખીફોઈ ની બચે ? જો ને મા, ભૂદેવ હવાર હવારમાં કેવી વાત કરતા છે ?
ભૂદેવ : સાચુ કેઈ રહ્યો છું. પણ ધન્ય છે ભીખીબાઈને ની મોનજી

વિપદા સહન કરે છે. ધન્ય છે તેની લડાઈને, નિયાત બહાર રેઈને હો એને પોતાના ઘરનું, ની ગામનું ભલું જ કઈરું. ગામનું ઘર છોડવું પઈડુ તિ તળાવકાઠેની જમીન પર ઝૂંપડુવાળીને રીયા, ઝૂંપડામાંથી મકાન હો કઈરું, મે'નત કરીને ચપકું જમીનમાંથી વાડી હો બનાઈવી, શાકભાજીને દૂધ, ઘીનો વેપાર કરી પૈહા હો કમાયા, પોયરી-પોયરા હો ભણાઈવા, બેવ માણહ થેઈને હામા પૂર તઈરા.

ઈચ્છા : પણ નિયાતની કિલ્લેબંધી હજુય અકબંધ છે !

ભૂદેવ : બેન, એમને નિયાતની કિલ્લેબંધી સામે હાચી લડત આઈપી. પણ, પણ આજ ભીખીબાઈ... મને ખબર છે કે તેનો જીવ કાં અટવાયો ઓહે.

કમુ : ભીખીફોઈનો જીવ અટવાયો છે ?

ભૂદેવ : હા, પેલો વિધવાનો કૂવો છે ની તેમાં તેનો જીવ અટવાયો ઓહે, તે કૂવાનું મોઢું હજુ પણ ખુલ્લું જ છે, ની તેમાં હજુ હો વિધવાબાઈઓ આપઘાત કરતી છે.

ઈચ્છા : ભીખીબાઈ એ કૂવા પાહે બહુ જતા હુતા !

ભૂદેવ : તેના મનમાં એક ઈચ્છા હુતી.

કમુ : કેવી ઈચ્છા મહારાજ !

ભૂદેવ : એ કૂવો પુરાય એવી ઈચ્છા !

ઈચ્છા : તિ એ કૂવો તો પુરાય છેની.

ભૂદેવ : હા, પણ બાઈયોથી.

કમુ : તો બીજી કેવી રીતે પુરાય ?

ભૂદેવ : ભીખીબાઈની ઝંખના ઓહે કે તે કૂવો હાચોહાચ પુરાય, બાઈઓથી ની પણ પથરાથી, કાયમ માટે, વિધવા બાઈઓ ને કૂવો પૂરવાનો વખત જ ની આવવો જોવે. પણ આ આપણું ગામ, આપણી નિયાત, નિયાતના રીવાજ ! કંઈ રતિભાર હો બદલાતું ની મલે !

કમુ : ભીખીફૂઈની ઈચ્છા પૂરી થવી જોઈએ.

ઈચ્છા : વિધવાનો કૂવો હાચોહાચ પૂરાવો જોઈએ.

સ્ત્રી : નિયાતવાળા એવું થાવા દેહે ?

કમુ : નિયાત એટલે હું ? આપણે જ ની આપણે સઉએ મળીને એ કૂવો પૂરો. (ચોરા પર નિયાત પટેલ અને નિયાતનું આગમન)

વસનજી : કોણ કૂવો પૂરવાની વાત કરતું છે ?

ભૂદેવ : (ત્યાંથી વિદાય લેતા) નારાયણ પ્રસન્ન !

પરમાજી : કૂવા બનાવાય, પુરાય ની !

ઈચ્છા : કેમ ની પુરાય પરમાજી ?

દુધિયો : કમુની મા ઘરમાં જા.

ઈચ્છા : મારા સવાલનો જવાબ દો ની કેમ ની પુરાય આ વિધવાનો કૂવો ?

વસનજી : આપણી નિયાતમાં આવા સવાલો કરવાનો રિવાજ ની મલે, ની તમે નાતરીયા કોમની સ્ત્રીઓ નથી ભાભી.

કમુ : બાપુજી ભીખીફોઈ મરવા પઈડા છે.

નારાયણ : તિ મરવા દો.

દૂધિયો : ની ખબરદાર જો કોઈ તિના ઘેર ગયા છો તો, એમને નિયાતે કાપી મુઈકા છે.

ઈચ્છા : ની આજ અમે એમને નિયાતમાં પાછા લાવવાના છીએ. આ વિધવાનો કૂવો પુરીને.

વસનજી : તમે આ કૂવો પુરહો ?

ઈચ્છા : હા અમે ગામની પોયરીઓ.

કમુ : ગામની મા ઓ.

ઘરડી સ્ત્રી : (પ્રવેશ) ની તમારી દાદીઓ !

(નેપથ્યમાંથી પહેલા થાળી રણકે છે. પછી આરતીની ઝાલર અને શંખનાદનો ધ્વનિ પ્રકટે છે. મંચની ચોતરફથી સ્ત્રીઓ માથા પર તગારાં લઈને આવે છે. કૂવામાં નાખે છે, ઈચ્છા-કમુ અને ઘરડા માજી પણ એમાં જોડાય છે. ખાટલામાં બેઠી થઈને ભીખીબાઈ જોઈ રહી છે. બાજુમાં મોનજી છે તથા યુવા દીકરા-દીકરી છે. સ્ત્રીઓ ભીખીબાઈના ખાટલા પાસે જાય છે. વીંટળાઈ વળે છે. ચોરા પર ઊભેલા નાતના માણસો જોઈ રહ્યા છે. ભૂદેવ ફરી પ્રવેશે છે. નાટકનાં બધાં પાત્રો મંચ પર છે. ચોરા પરથી નાતના પુરુષો ઊતરીને મોનજીના ફળિયા તરફ જઈ રહ્યા છે. કૂવા પાસે થોભ્યા છે. ભૂદેવ આંસુ લૂછતાં.)

ભૂદેવ : (રડમસ) નારાયણ પ્રસન્ન બ્રહ્મતેજ વૃદ્ધિ.

(પડદો પડે છે.) ❐

(આ નાટક સ્વામી આનંદલિખિત 'મોનજી રૂદર' તથા તે અંગેના મારા વ્યક્તિગત સંશોધનને આધારે લખાયું છે. - લેખક)

વિજ્ઞાન કાયદાને મળે છે

પ્રહ્લાદ છ. પટેલ

દંડ-ન્યાય વ્યવસ્થામાં કરાતી (થતી) પ્રક્રિયા અને વલણો ન્યાયની કસુવાવડ કરે છે. તેમાં ન્યાયની અદાલત સાક્ષી-પુરાવાની અદાલતો બને છે. સાક્ષીઓ વિચિત્ર રીતે વર્તી બિનભરોસાપાત્ર ઠરે છે. આઘાતજન્ય ઘટનાઓ જ્યારે ફોટોગ્રાફિક છાપ મૂકે છે ત્યારે તેમાં બિનજરૂરી રંગો પૂરવામાં આવે છે, સમાચાર માધ્યમો અપરાધીઓ ઉપર તરેહ તરેહનાં દબાણો ઊભાં કરે છે. આવા સંજોગોમાં અગાઉના મુકદ્દમા અને ચુકાદા ઉપર રચાયેલા કાયદાઓનો ભરાવો થાય છે. તેમને વ્યાપક અગત્ય મળે છે, ત્યારે તે અનુચિત સજાઓ કરે છે. કાનૂન જે તે વ્યક્તિને અપરાધી જાહેર કરે છે, ત્યારે વિજ્ઞાન વ્યક્તિને નિર્દોષ ઠરાવી શકે તેમ છે. આડેધડ ન્યાયનો ફુગ્ગો મોટો થતો જાય છે ત્યારે વિજ્ઞાનની ભૂમિકાનું મહત્ત્વ સમજાય છે.

સંજીનીનિક (genomics) એટલે કે ડી.એન.એ.ની રેખાકૃતિ (બાહ્યરૂપરેખા)નો આ જમાનો છે. ડી.એન.એ. વડે ગુનાની ખાતરી થાય છે. સદ્દામના છ-સાત હમશકલ છે. પકડાયેલ સદ્દામ સાચા સદ્દામ છે તેવું ડી.એન.એ. કસોટીથી નક્કી કરવામાં આવ્યું. આ બધું અમેરિકાએ કર્યું છે તે ભૂલવું જોઈએ નહીં.

ડી.એન.એ. કસોટીથી અપરાધોને અટકાવી શકાય પણ કાનૂની વ્યવસ્થા-તંત્ર વિજ્ઞાનજન્ય માહિતી સ્વીકારશે? તે ન્યાય-તંત્રને કેટલો ફાયદો કરી શકશે? સંજીનીનિકમાંથી ઉદ્‌ભવતા નિહિતાર્થોને ઝીલવા સમાજ તૈયાર રહેશે? પછી ભલેને તે આનુવંશિકતઃ પરિવર્તન આહાર હોય, પ્રાગુક્તીય ઔષધ હોય, સંજીનીનિક-ચાલિત ઔષધની શોધ હોય, માણસનું સ્વાસ્થ્ય હોય કે જૈવ આતંકવાદ હોય. જૈવવિજ્ઞાને ઊભા કરેલા પડકારો જેવા કે ટેસ્ટ-ટ્યૂબ બેબી, માનવ-ક્લોનિંગ, જૈવતબીબીય સંશોધન માટે પ્રાણીઓનો ઉપયોગ, બૌદ્ધિક મિલકત અધિકાર (IPR) વગેરેને આપણો સમાજ નૈતિક અને સામાજિક રીતે કેવી રીતે જોશે?

તે પછી ભૂમિ પરનો કાનૂન આવે છે. ભારતની ન્યાય પ્રક્રિયામાં જે કાયદાઓનો ઉપયોગ થાય છે તેમનું ઉદ્‌ગમ (મૂળ) સાંસ્થાનિક યુગમાં રહેલું છે. ઉદાહરણ તરીકે ૧૮૬૦ની ભારતીય દંડસંહિતા, ૧૮૭૨નો ભારતીય પૂરવા-કાનૂન, ૧૯૭૩નો ફોજદારી કાર્યવાહીનો કાયદો અને ૧૯૮૪નો ફૅમિલી કોર્ટ-કાનૂન વિજ્ઞાનની ઝડપી આગેકૂચના અને જૈવવિજ્ઞાનનાં નવાં ઉપકરણોના આગમનના સંદર્ભમાં વર્તમાન સ્વરૂપે કામ કરતાં કાયદાઓ ખરેખર સાચો (અદ્દલ) ન્યાય કરી શકે તેમ છે? અથવા તો તેમના વિષે પુનઃવિચારણા કરવી જરૂરી નથી? વિજ્ઞાને જે રીતે સ્પષ્ટતા અને સચોટતાનું પ્રદાન કર્યું છે તેના સંદર્ભમાં જૂના કાયદાઓને સુધારવા જરૂરી નથી?

જ્યારે મોટો ફેરફાર કરવાનો હોય ત્યારે લાગતાં વળગતાં બધાંએ ભેગાં મળી અનુત્તરિત સવાલો (સમસ્યાઓ)નો ઉકેલ શોધવા જરૂરી છે. વિજ્ઞાનીઓ અને કાનૂનના ઘડવૈયાઓએ સાથે બેસીને વાસ્તવિક્તાની દિશામાં આગળ વધવું જોઈએ. ૨૦૦૩ના ઑક્ટોબરમાં હૈદરાબાદ ખાતે 'આધુનિક જૈવવિજ્ઞાનની ન્યાય પ્રક્રિયા-તંત્ર ઉપર અસરો'ના અધિવેશનમાં ડી.એન.એ. ફિંગરપ્રિન્ટ, બૌદ્ધિક મિલકત અધિકાર, નૈતિક અને સામાજિક નિહિતાર્થોને લગતા મુદ્દાઓની ચર્ચાઓ થઈ.

હૈદરાબાદના સેન્ટર ફૉર ડી.એન.એ. ફિંગરપ્રિન્ટ ઍન્ડ ડાયગ્નોસ્ટિક્સ તથા નલ્સાર યુનિવર્સિટી ઑફ લૉ તરફથી રજૂ કરાયેલા ઠરાવોને રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે 'હૈદરાબાદ ડિક્લેરેશન'નું સ્વરૂપ આપ્યું. આ બંને સંસ્થાઓએ ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય અને અન્ય ન્યાયમૂર્તિઓ, ઉચ્ચ અદાલતોના ન્યાયમૂર્તિઓ, કાનૂન-આયોગના પ્રતિનિધિઓ, માનવ અધિકાર પંચના પ્રતિનિધિઓ, નૅશનલ-લૉ સ્કૂલ્સના નિયામકો, કાનૂનના જ્યોતિર્ધરો, બૌદ્ધિક મિલકત અધિકારના ધારાશાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ, તબીબો, જૈવ-ઉદ્યોગપતિઓ, પોલીસના અન્વેષકો, અપરાધ-વિજ્ઞાનના નિષ્ણાતો, યુનિવર્સિટીના અધ્યાપકો, વિજ્ઞાનના પત્રકારો તથા અન્યને એક મંચ ઉપર ભેગા કરી ચર્ચાઓ કરી તેને આધારે નીચે પ્રમાણેનું ઘોષણાપત્ર બહાર પાડ્યું:

(૧) ટેકનિકલ અને વ્યૂહાત્મક સલાહસૂચન માટે 'હ્યુમન જેનેટિક કમિશન'ની સ્થાપના કરવી. ઉપરાંત નૅશનલ જેનેટિક્સ પોલિસી તૈયાર કરવી.

(૨) નીતિશાસ્ત્ર માટે સમિતિની રચના કરવી, જે સંજીનીન અને ડી.એન.એ. ડેટાબેઝના ઉપયોગને લગતાં સંશોધન અને વિકાસના પરિણામમાંથી પેદા થતા નૈતિક, કાનૂની અને સામાજિક મુદ્દાઓનું મૂલ્યાંકન કરશે.

(૩) ડી.એન.એ. પ્રોફાઈલિંગ એડવાઈઝરી કમિટીની રચના કરવી. તે ડી.એન.એ.ના ઉપયોગ માટેની પદ્ધતિઓ નક્કી કરશે. નૅશનલ ડી.એન.એ. બૅન્ક રચશે તથા દંડ-ન્યાય તંત્રને સહાય કરશે.

(૪) ૧૮૬૦, ૧૮૭૨, ૧૯૭૩ અને ૧૯૮૪ના કાયદાઓનું જનસમૂહની આકાંક્ષાઓને નજર સમક્ષ રાખી સમય-સમયની માગ પ્રમાણે તેમાં ફેરફારો કરવા.

(અનુસંધાન પૃ. ૩૦૦ પર)

(આથમતાં અજવાળાં - ૨૪)

દેશી વૈદ અને દેશી દવા

ભગીરથ બ્રહ્મભટ્ટ

હવે તો ઍલોપથીએ પ્રજાજીવન ઉપર એટલું મોટું સામ્રાજ્ય જમાવી દીધું છે કે આપણે હળવે હળવે પણ અસરકારક પરિણામ આપનાર આયુર્વેદને કોરાણે મૂકી દીધું છે. આજનો જમાનો ઈન્સ્ટન્ટનો છે. એટલે ધીમી ગતિ બિનઉપયોગી છે. હવે તો ગામડાંમાંથી વૈદ અને વૈદું ધીમેધીમે અદૃશ્ય થતાં જાય છે. ભણેલા માણસોને વૈદમાં શ્રદ્ધા નથી અને સર્જન ડૉક્ટરોમાં વિશ્વાસ છે. પરંતુ ક્યારેક તો સર્જન દાક્તરો બિનકાર્યક્ષમ પુરવાર થાય છે. અભણ માણસોનો વર્ગ તો ભૂત-પલિત-ભૂવા-બાધા-આખડીને સહારે આજે પણ જીવે છે. સાધારણ દરદ દોરાથી મટાડે છે અને એનાથી થોડું વધારે દરદ માદળિયાથી મટે છે. અસાધ્ય દરદ મૂળિયાં ને જડીબુટ્ટીઓથી મટે છે. દેશી દવા અને દેશી વૈદને સહારે ઘણી જિંદગીઓ સાજીસાબદી છે.

ગરીબ માણસને પણ હવે વૈદમાં વહેમ પડ્યો છે. સુધરેલો વર્ગ ડિગ્રીધારી ડૉક્ટરને ચાહે છે અને મધ્યમવર્ગનું માનસ બદલાતું જાય છે. દાક્તરો કાર્યક્ષમ હોય કે ન હોય પ્રજાનો તેમના તરફનો ઝોક વધી રહ્યો છે એનું કારણ પરિવર્તિત થતો સમાજ, વિજ્ઞાન તરફનો વિકાસ છે. શહેરનો દાક્તર ગામડે જાય એમાં સામાજિક મોભો છે એમ દરદી માને છે. સ્પેશ્યાલિસ્ટ પાસે ચાલ્યા જવામાં પણ મોભો છે. કોટ, પાટલૂન કે બૅગ હાથમાં આવે અને એક વાતાનુકૂલિત જગ્યાએ બોર્ડ લગાવી બેસી ગયેલા દાક્તરે સમાજના શ્રેયાર્થીઓ જ નથી હોતા, કેટલાક તો સુધરેલા લૂંટારાઓ પણ હોય છે.

વૈદ દાક્તરની તુલનામાં લૂંટારો નહિ પણ મંદગતિનો સેવક ગણાય. છતાં દાક્તરનો પ્રભાવ સમાજમાં વધુ ને વધુ પ્રસરી રહ્યો છે. એની પાસે સાધનો છે અને સમજ છે, વિજ્ઞાન છે અને વિકાસ પણ છે. પરિણામે પ્રજા એનાથી અંજાઈ ગઈ છે. વૈદની મંદગતિને પ્રજા બિનકાર્યક્ષમ સમજવા લાગી છે. વૈદની કદર સમાજે ઓછી અંકાય છે. પરિણામે વૈદ્યની સંખ્યા પણ ઓછી હોય છે; આથી ઓછું અને આછું વૈદક જાણનારા વધી ગયા છે, જેને આપણે ઊંટ વૈદ્ય કહીએ છીએ. તેમણે સમાજના આરોગ્યમાં વિકૃતિઓ આણી છે તેને લીધે જ સમાજને વૈદમાંથી વિશ્વાસ ઊઠવા માંડ્યો છે.

વૈદનો વંશ આજે ઊજડી રહ્યો છે. ખજાનાઓ ખૂટવા માંડ્યા છે. એ ખજાનાઓ સાચવવા જેવા હતા. ચાર મરી કે સાત મરી, ચપટી હળદર અને મુઠ્ઠી મગ, બે-ચાર પ્રકારની ગોળીઓ - એવું કોઈ દર્દ જ ન હોય કે જેની દવા વૈદને ત્યાં મળતી ન હોય! વૈદરાજ એટલે જાદુગરનો કોથળો!! આજે દાક્તરો ઈન્જેક્શનનો આગ્રહ રાખે છે અથવા ટેસ્ટ કરાવવાની સલાહ આપે છે પછી જ દવાઓ લખે છે. વૈદરાજ તો નાડી હાથમાં લે એટલે તરત જ પારખી લે કે ક્યું દર્દ છે. દાક્તરને તો દર્દ પણ કહેવું પડે. વૈદરાજ તો વગર કહ્યે દર્દ પકડે. એટલે એક અર્થમાં વૈદ જ્યોતિષી પણ કહેવાતો! વૈદની ફી પણ સામાન્ય માણસની કમર તૂટી જાય કે દર્દી દેવાદાર બની જાય એવું વૈદ ઇચ્છતો નથી, વૈદના કારણે કોઈ માણસ ભિખારી બની ગયાનું સાંભળ્યું નથી. વૈદનું તો એવું કે જેવો માણસ તેવી ફી!

પેટ પકડવું, જીભ કઢાવવી અને નાડી જોવી એ એનો ધંધો. બહુ બહુ તો ટકોરા મારે. ઘણી વાર એ એના અનુભવને આધારે દર્દ પારખે પણ ખરો. ક્યારેક ખોટો પડે ત્યારે દરદીને પૂછે પણ ખરો. ચરી ખૂબ પળાવે. જો ચરી ના પાળી હોય તો નવેસરથી એકડો ઘૂંટાવે. પિત્ત, વાયુ અને કફ ત્રણ શબ્દો જાણે એમની મિરાત. શ્વાસની તકલીફમાં તુલસી સૂચવે અને તાવની તકલીફમાં પણ તુલસી જ હોય. કબજિયાતમાં ઈસબગુલ કહે અને ઝાડા થયા હોય અતિસાર હોય ત્યારે પણ એ જ સૂચના એનો અર્થ એમ નથી કે એ કશું જાણતો હોતો નથી, એની પાસે અનુભવનું ભાથું છે, મહાવરો છે, નાડીની કળા છે. એ આડમ્બર વગરનો છે. સેવાનો ભાવ એના ધંધા સાથે જોડાયેલો છે, સચવાયેલો છે.

આજે તો નાકનું દર્દ હોય તો આંખનો દાક્તર કામ ન લાગે. ઈએનટીને મળ્યા તો મસ્તિષ્કવાળાને પણ મળવું પડે. સ્ત્રીઓનાં દર્દો ગાયનેકોલૉજિસ્ટ પાસે લઈ જવાં પડે અને ચામડીનો દાક્તર દાંતની દવા ન જ આપે. હાડકાંનો દાક્તર કાનની દવા પણ ન આપે. આજની સ્થિતિ જ કંઈક આવી છે. પહેલાંના વૈદ પાસે તો ગમે તે દર્દ લઈને જાઓ તો એમની પાસેથી દવા તો મળે જ. ઉટાંટિયું, અતિસાર, કબજિયાત, તાવ, ખાંસી, વગેરેને વૈદરાજ મટાડે છે. આપણને સાદગીમાં જ વિશ્વાસ રહ્યો નથી. ગાંધીજીને એ ન્યાયે તો આપણે કોરાણે મેલી દીધા છે.

અમારા ગામમાં ગંગા ગોરાણી વૈદ્ય ગણાતાં. બાળક ગમે તેવું માંદું હોય, એમની પાસે લઈ જઈએ, જુએ પછી બે ઘસારા પીવડાવે એટલે સાજું નરવું થઈ જ જાય! ત્યારે તો કોઈ બાળનિષ્ણાતોની પાસે ન્હોતું જતું. પગ કે હાથ ભાંગી જાય તો વજુભા સરસવનું તેલ ચોળી, ગોળના પ્રયોગથી સાંધે. ઊતરી ગયેલાં હાડકાં તો આંગળાંની કરામતથી જ ચઢાવી દેતા. એ ગોરાણી, એ વજુભા ગાડીઓ નહોતાં રાખતાં. અડવાણે પગે તમારે ત્યાં દોડ્યાં આવે. ઘરે આવ્યાંની વિઝિટ ફી પણ કેવી? વૈદ્ય ઘણી વાર વેઠ કરી, દર્દીને બેઠાં કરતાં.

વૈદ પોતે મથ્યા જ કરે. દર્દીને નિરાશ ન કરે. સ્પષ્ટ 'ના' પણ ના પાડે. એટલે સમય ખેંચાતો જાય, ખેંચાતો જાય અને એમાં દર્દી મૃત્યુ પણ પામે. આ વિલંબે એની પ્રતિષ્ઠાને ઝાંખપ જરૂર લગાડી છે, પણ કદર કરનારાઓએ એની કદર પણ કરી છે.

વનસ્પતિનો જ જાદુ એ જાણે. એની પાસે અનુભવનું જ્ઞાન હોય. ગળાની ઘાટડી ભીડે, હાલતો દાંત પાડે, દુ:ખતો કાન મટાડે,

(અનુસંધાન પૃ. ૨૯૧ પર)

કેન્દ્રશાસિત પ્રદેશ

દમણ અને દીવ


ડૉ. જયકુમાર ર. શુક્લ

દમણ ગુજરાતના સમુદ્રકિનારે દક્ષિણમાં આવેલું છે. તેની એક બાજુ ભૂમિ તથા બાકીની ત્રણ બાજુએ અરબી સમુદ્ર આવેલો છે. તેની પૂર્વે ગુજરાતના વલસાડ જિલ્લાનો પારડી તાલુકો, ઉત્તરે ભગવાન તથા કોલક નદીઓ, દક્ષિણે કાલી નદી તથા પશ્ચિમે ખંભાતનો અખાત આવેલો છે. પોર્ટુગીઝો દમણ માટે 'દમાઓ' બોલતા હતા. દમણગંગા નદી દમણનગરને મોટી દમણ તથા નાની દમણ એવા બે વિભાગોમાં વહેંચે છે. મોટી દમણમાં સરકારી મકાનો તથા ચર્ચ આવેલાં છે. નાની દમણમાં હોટલો તથા દુકાનો છે. નદીના મૂળ ઉપર આવેલા કિલ્લાથી તેને રક્ષણ મળે છે.

દીવનો ટાપુ સૌરાષ્ટ્રના દક્ષિણકિનારે અરબી સમુદ્ર ઉપર આવેલો છે. તેની ઉત્તર તરફ જૂનાગઢ જિલ્લાનો ઊના તાલુકો અને બાકીની ત્રણ બાજુ સમુદ્ર આવેલો છે. તે દમણથી આશરે ૭૮૬ કિ.મી.ના અંતરે આવેલ છે અને તે પોર્ટુગીઝોનું સંસ્થાન હોવાથી તેને દીવ સાથે જોડાણ હતું. આ ટાપુ ૧૧ કિ.મી. લંબાઇ તથા ૩ કિ.મી. પહોળાઈ ધરાવે છે. ભારતની મુખ્ય ભૂમિ સાથે તાડ અને ઘોઘલા ગામ પાસે આવેલા બે પુલો દ્વારા દીવ જોડાયેલ છે. આ ટાપુમાં દીવ ઉપરાંત માણેકવાડા, બોચરવાડા, નાગવા અને બરાંકવાડા ગામો આવેલાં છે.

આ પ્રદેશનો વિસ્તાર ૧૧૨ ચોરસ કિ.મી. તથા વસ્તી ૧,૫૮,૦૫૯ છે. તેનું પાટનગર દમણ છે તથા ત્યાંની મુખ્ય ભાષા ગુજરાતી છે. તેની શહેરી વસ્તી ૪૭ ટકા છે; તથા સાક્ષરતા ૭૨ ટકા છે. કુલ વસ્તીના ૮૭ ટકા લોકો હિંદુ, ૯ ટકા મુસ્લિમ અને ૩ ટકા ખ્રિસ્તી ધર્મ પાળે છે. ખેતીનાં મજૂરોનું લઘુતમ દૈનિક વેતન રૂ.૩૫ છે અને વસ્તીનાં ૭.૭ ટકા લોકો ગરીબીના રેખા નીચે જીવે છે.

ઇતિહાસ : દમણનો મૂળ પ્રદેશ ધરમપુરના સિસોદિયા વંશના રાજાના અંકુશ હેઠળ હતો. ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાએ ઈ.સ. ૧૪૬૫માં દમણ કબજે કર્યું. પોર્ટુગીઝોએ ઈ.સ. ૧૫૫૯માં મુઘલોના સીદી અમીરને હરાવીને દમણ જીતી લીધું હતું. તેમણે દમણમાં જેસુઇટ ચર્ચ ઉપરાંત ફ્રાંસિસ્કન, ડોમિનિકન અને ઑગસ્ટિયન ચર્ચ સ્થાપ્યાં હતાં. પેશ્વા બાજીરાવ પહેલાએ વસઈથી દમણ સુધીનો પ્રદેશ કબજે કર્યો હતો. દમણ દરિયાઈ માર્ગે ખંભાતના અખાતનું પ્રવેશદ્વાર હતું. પોર્ટુગીઝ પરવાના વિના વહાણો વિદેશ સાથે વેપાર કરી શકતાં નહિ. ભારતના સમાજવાદી નેતા રામમનોહર



દીવનો કિલ્લો

લોહિયાએ અહીં દીવ, દમણ તથા ગોવાની સ્વતંત્રતા માટેની ચળવળ આરંભી હતી. વલસાડના સમાજવાદી આગેવાન ઈશ્વરલાલ દેસાઈના નેતૃત્વ હેઠળ દમણમાં સત્યાગ્રહ કરવામાં આવ્યો. તેમાં અનેક સત્યાગ્રહીઓએ જેલની સજા ભોગવી હતી.

પ્રાચીનકાળમાં અગ્નિ એશિયાના તથા મધ્યપૂર્વના દેશો સાથે દીવનો ધમધોકાર વેપાર ચાલતો હતો. સાતમી સદીમાં પારસીઓ કેટલાંક વર્ષ સુધી દીવમાં રહ્યાં હતાં. અગિયારમી સદીમાં દીવમાં વાઘેલાઓનું શાસન હતું. ચૌદમીથી સોળમી સદી દરમિયાન દીવ વેપારીઓ વાસ્તે મહત્ત્વનું બંદર હતું. મધ્યપૂર્વ સાથેના વેપારમાં દીવનો હિસ્સો નોંધપાત્ર હતો. ગુજરાતના સુલતાન બહાદુરશાહે ૧૫૩૪માં પોર્ટુગીઝોને દીવમાં કિલ્લો બાંધવા તથા વેપાર કરવાની પરવાનગી આપી હતી. ઈ.સ. ૧૫૩૭થી ૧૯૬૧ સુધી દીવ પર પોર્ટુગીઝોએ સત્તા ભોગવી.

ઈ.સ. ૧૯૬૧માં ભારતમાંથી પોર્ટુગીઝ શાસનનો અંત આવ્યો ત્યારે, ગોવાની સાથે દમણ અને દીવનો સંઘશાસિત પ્રદેશ બન્યો. ઈ.સ. ૧૯૮૭માં ગોવાને અલગ રાજ્યનો દરજ્જો મળ્યો ત્યારે દમણ અને દીવનો અલગ શાસિત પ્રદેશ બન્યો.

સરકાર : દમણ અને દીવનો વહીવટ કરવા માટે એક વહીવટદારની નિમણૂક કરવામાં આવે છે. આ પ્રદેશમાંથી લોકસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે.

ઉત્સવો : હોળિકાને સળગાવીને દર વર્ષે હોળીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. આ પ્રદેશમાં મકરસંક્રાન્તિ, જન્માષ્ટમી, શિવરાત્રિ, નવરાત્રિ, દિવાળી વગેરે ઉત્સવો પણ પારંપરિક રિવાજો સાથે શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવે છે.

ખેતી : દમણમાં ઘઉં, ચોખા, કઠોળ, શેરડી વગેરે પાક થાય છે. કિનારાના પ્રદેશમાં નારિયેળી, આંબા, કેળ, ચીકુ, ફણસનાં વૃક્ષો છે. અહીં જંગલો નહિવત્ છે. દમણગંગા નદી ઉપર બાંધેલ બંધ દ્વારા આ પ્રદેશનાં ૨૬ ગામોને સિંચાઈનો લાભ થયો છે.

દીવનો મુખ્ય પાક બાજરી, જુવાર અને મગફળી છે. ઘઉં

(અનુસંધાન પૃ. ૩૦૧ પર)

શામળાજી–દેવની મોરી : ૭



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

બૌદ્ધકાલીન પ્રાચીન અવશેષો : વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગ તરફથી કરાયેલાં શામળાજી અને દેવની મોરી ખાતેનાં ઉત્ખનનોમાંથી બૌદ્ધ સ્તૂપ, બૌદ્ધવિહાર તથા ક્ષત્રપ અને મૌર્યકાલીન સિક્કાઓ મળેલા છે. આ અવશેષો અને સિક્કાઓ શામળાજી ગામથી પૂર્વ તરફ આવેલા દેવની મોરી ખાતેના ભોજરાજના ટેકરામાંથી તેમજ મેશ્વો અને પિંગાના નદીસંગમ સ્થળેથી મળી આવેલા છે. આ ઉપરાંત શૈવ અને વૈષ્ણવ મંદિરોના ભગ્નાવશેષો પણ જોવા મળ્યા છે. આ અવશેષોના અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીનકાળમાં શામળાજી સાંસ્કૃતિક કેન્દ્ર રહ્યું હોવું જોઈએ.

બૌદ્ધસ્તૂપ : દેવની મોરી સ્થાનક આજે તો મેશ્વો જળાશય હેઠળ ડૂબમાં ગયેલું છે, પરંતુ મેશ્વો બંધના નિર્માણ અગાઉ જે પુરાતત્ત્વીય સર્વેક્ષણો અને ઉત્ખનનો થયેલાં તેમાંથી મેશ્વો-પિંગા નદીના સંગમ નજીકથી ડાબે કાંઠેથી બૌદ્ધકાલીન સ્તૂપ મળી આવેલો છે. નિરીક્ષણો પરથી જણાયું છે કે સ્તૂપ પાકી માટી અને ઈંટો (કે ઈંટોના ટુકડાઓ ?)માંથી બાંધેલો. તેનાં પરિઘ અને ઊંચાઈ બંને (૨૫.૫ મીટર) સરખાં છે. શીર્ષભાગ થોડો નુકસાન પામેલો છે, જો કે તેમાં પરંપરાગત રીતે બનાવાતી છત્રવેષ્ટી જોવા મળતી નથી. તેની બેઠકમાં પહોળા, ઊંડા પાયા પર ચણેલી બે પીઠિકાઓ છે. આ પૈકીની એક પીઠિકા સરખી લંબાઈ-પહોળાઈ (૨.૧૫ x ૨.૧૫ મીટર)વાળી સમચોરસ છે, ઊંચાઈ ૨.૪૦ મીટરની છે. આ પીઠિકા પ્રદક્ષિણા માટે ઉપયોગમાં લેવાતી હોવી જોઈએ. બીજી પીઠિકા ૧.૭૫ મીટર લાંબી-પહોળી સમચોરસ અને ૨.૪૦ થી ૩ મીટર ઊંચી છે. પહેલી પીઠિકાની ચાર દીવાલો સાદી બાંધણીવાળી છે, તેમાં ૧.૮ ૨.૪ મીટરને આંતરે આંતરે ૭૦ સેમી ઊંચાઈવાળા અર્ધા સ્તંભો ઊભા કરેલા દેખાય છે. સ્તૂપનો કોઠો ભાસ્કર્ય કલા તથા તેનો શીર્ષભાગ ઈન્ડોકોરિન્થિયન કલા સૂચવે છે. તેના શિરોભાગમાં પર્ણ, ભૌમિતિક આકારો અને વલયો (વર્તુળો) કંડારાયેલાં છે. પીઠિકાની દીવાલની ધારોનું નકશીકામ ઉત્કૃષ્ઠ છે, તેમાં પણ ભૌમિતિક આકૃતિઓ, પાંખડીઓ વગેરે છે; આ ધાર પર એક પછી એક એમ ત્રણ રેખાપટ્ટીઓની કોતરણી જોવા મળે છે.

એવું માનવામાં આવે છે કે અહીંથી ધ્યાનસ્થ મુદ્રામાં કંડારાયેલી ભગવાન બુદ્ધની ૧૬ મૂર્તિઓ (પ્રત્યેક ૬૦ સે.મી.x ૪૦ સે.મી. કદની)મળેલી છે. મોટા તારકો સાથેની સુશોભિત કમાનો, અડધાસ્તંભો બધું જ કોઈ કુદરતી હોનારતમાં નાશ પામ્યું હોવાનું જણાય છે. અહીંથી મળેલા ભગ્નાવશેષો પરથી તેમનાં મૂળ સ્વરૂપો અને શિલ્પકલાનો અંદાજ કાઢી શકાયો છે.

અહીં બે પ્રકારની કમાનો જોવા મળેલી છે : એક પ્રકારની કમાનો તારકજડિત અને અંડાકાર (દીર્ઘવૃત્તાકાર) હતી, જેમની નીચે બુદ્ધની પ્રતિમાઓ ન હતી; બીજા પ્રકારની કમાનો નિયત અંતરે હતી અને તેમની નીચે બુદ્ધપ્રતિમાઓ હતી. ચારે દીવાલો પરની કમાનોમાં દરેકમાં વચ્ચેની કમાન પ્રમાણમાં લાંબી હતી. કમાનો કમળના આકારમાં કોતરાયેલી હતી. શિલ્પનો આ પ્રકાર ઘટપલ્લવ શૈલી તરીકે ઓળખાવાય છે. કમાનોને છેડે બેઠેલી મુદ્રામાં સિંહો મૂકેલા છે. (કમાનો અને શિલ્પશૈલી વધુ સ્પષ્ટતા માંગી લે છે.)

પાકી માટીમાંથી બનાવાયેલી, કદ અને આકારમાં સપ્રમાણ ભગવાન બુદ્ધની પ્રતિમાઓ ખરેખર અજોડ છે. ભગવાન બુદ્ધને ધ્યાનયોગમુદ્રામાં કમળની બે પાંખડીઓ પર આસનસ્થ તથા બંને હાથની હથેળીઓને ઉપર તરફ ખુલ્લી રાખેલા બતાવાયા છે. ધ્યાનસ્થ મુદ્રામાં કંડારાયેલી પ્રતિમાઓનાં મુખ મૃદુહાસ્ય વેરતાં, ભાવપ્રેરિત, સોહામણાં દેખાય છે. પ્રતિમાઓ પરનાં વસ્ત્રો બે પ્રકારનાં છે : કેટલીકમાં બંને સ્કંધો પર વસ્ત્ર છે, તો કેટલીકમાં માત્ર ડાબા સ્કંધ પર જ વસ્ત્ર છે, જમણો સ્કંધ ખુલ્લો છે.

દીર્ઘવર્તુળાકારમાં ગોઠવાયેલા અર્ધા સ્તૂપને અને ઘુમ્મટને નુકસાન થયેલું હોવાથી, તેમનાં માપ અને આકાર સ્પષ્ટ થતાં નથી. સ્તૂપનું વર્ણન... યે હેતુ પ્રભવા... લખેલી પાકી માટીની તક્તીઓ પણ મળી છે. વર્ણન સાથે સ્તૂપની નાની પ્રતિકૃતિ પણ કંડારેલી છે; બે ઓટલા, છત્ર, યષ્ટિ, વગેરેનું લખાણ પણ છે, જે મૂળ સ્તૂપની માહિતી જાણવા માટે સારો પ્રકાશ પાડે છે.

વિહાર : બૌદ્ધ સ્તૂપના સ્થાનથી નૈર્ઋત્ય તરફ માત્ર ૧૫ મીટરને અંતરે એક બૌદ્ધવિહાર હોવાનું જણાયું છે. તેના બાંધકામના અવશેષો જોતાં, તે સંભવતઃ દીવાલો અને છતવાળું ઢાળિયું (શેડ) હશે એમ લાગે છે. તેને થયેલા નુકસાનથી પડી ગયેલી ઈંટો ત્યાં જળવાઈ રહેલી નથી. ઢાળિયાની મધ્યમાં ૩૬ મીટર x ૩૬ મીટરનો સમચોરસ વરંડો કે ચોક હોવાનું પણ જણાય છે. પ્રવચન માટેની વ્યાસપીઠ અને દેવાલયનો અલગ કક્ષ પણ જોવા મળેલો છે. ચોકની દરેક બાજુ પર બૌદ્ધ સાધુઓને રહેવા માટે ૩ મીટર x ૨.૪ મીટરના નાના નાના ૩૦ જેટલા કક્ષ પણ હશે એમ લાગે છે. ૧.૮ મીટર x ૧.૮ મીટર કદનું એક મુખ્ય પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ હશે. દરેક કક્ષનું દ્વાર ૧મીટર

(પહોળાઈ ?)નું હશે. બીજી વિશિષ્ટતા એ પણ જોવા મળેલી છે કે વિહારની નૈર્ઋત્ય બાજુએ, વપરાયેલા જળનિકાલ માટે ૩૦ સે.મી. x ૪૫ સે.મી., કેટલીક ૩૦ સે.મી. x ૭૦ સે.મી. કદની નીકો હતી. મેશ્વો નદીમાં આવતાં પૂરથી નુકસાન ન થાય અને રક્ષણ મળી રહે તે હેતુથી એક મજબૂત દીવાલનું તેમજ સ્તૂપની આખીય ઇમારતને ફરતા કોટનું રક્ષણ પણ હતું.

આ સ્તૂપ ગાંધારમાંથી મળેલા સ્તૂપને મળતો આવે છે. વળી, તેનું વર્ણન 'તક્ષશિલા ગ્રંથ III'માં વર્ણવેલા Mohra Morhu સ્તૂપને મળતું આવે છે. કલાત્મક સંદર્ભમાં તેની તુલના ૫મી કે ૬ઠ્ઠી સદીના ગણાતા સિંધના 'મીરપુર ખાસ' સ્તૂપ જોડે કરી શકાય. કમાનો સંપૂર્ણપણે ભારતીય છે, કમાનો તારકજડિત છે, શિરોભાગના સ્તંભો અડધા છે - તે પાર્થિયન શૈલીનો નિર્દેશ કરે છે. અહીંથી મળેલી ભગવાન બુદ્ધની બે પ્રતિમાઓની શિલ્પશૈલી પશ્ચિમ ભારત માટે વિશિષ્ટ છે.

સિક્કા : દેવની મોરી પાસેથી મૈત્રક (?) અને ક્ષત્રપ કાળના રજત, તામ્ર અને સીસાના સિક્કા પણ મળેલા છે. ક્ષત્રપ કાળના એક પ્રકારના સિક્કા પર વિશ્વસેન (૨૯૪-૩૫૦)ની છાપ પણ જોવા મળી છે; કેટલાક સિક્કાઓ પર રુદ્રસેનની મુદ્રા અંકિત થયેલી જણાય છે. મૈત્રક(?)કાળના સિક્કાઓ પર શ્રી સર્વભટ્ટારક (ઈ.સ.૫૦૦) જેવા શબ્દો સ્પષ્ટ વાંચી શકાય છે.

ભસ્મ : સ્તૂપના અંદરના કક્ષમાંથી ભગવાન બુદ્ધના દેહની ભસ્મની ધાતુની ડબી ધરાવતી એક બરણી પણ મળેલી છે. અસ્થિપાત્ર પાષાણનું બનાવેલું ગોળાકાર છે. પાત્રની ઊંચાઈ ૧.૨મીટર અને વ્યાસ ૧૭.૫સે.મી. જેટલાં છે. તેમાં સંસ્કૃતમાં કોતરેલો લેખ છે. તે દર્શાવે છે કે આ સ્તૂપ રુદ્રસેને બાંધેલો. સાધુ અગ્નિવર્મા, સાધુ સુદર્શન, સાધુ મૈનપુત્ર તેમજ બીજાઓએ ભસ્મપાત્ર મૂકેલું. ભસ્મ 'શાક્ય ભિક્ષુ દશબલ'ના દેહની (-બુદ્ધનાં અનેક નામો પૈકીનું એક)છે. જો કે આ ભસ્મ ભગવાન બુદ્ધના દેહની જ છે તેનો કોઈ નિર્ણય થઈ શક્યો નથી.

અવશેષોની પ્રાચીનતા : શામળાજી-દેવની મોરીમાંથી મળેલાં પાત્રો સ્થળની કે અવશેષોની કે ઇમારતોની તવારીખનો નિર્ણય લેવામાં મદદરૂપ થાય તેમ છે. બૌદ્ધકાલીન પાત્રો જેવાં બિહારમાંથી મળેલાં છે, એવાં જ અમરેલી, અકોટા, વડોદરા, વડનગર વગેરેમાંથી પણ મળેલાં છે. તુલના પરથી એમ કહી શકાય કે મહાયાન સંપ્રદાયનાં સ્તૂપ, વિહાર તેમજ બુદ્ધપ્રતિમાઓ સંભવતઃ ત્રીજી સદીની શરૂઆતમાં નિર્માણ પામ્યાં હશે ! શામળાજી અને આજુબાજુનો વિસ્તાર પણ ક્ષત્રપકાળના છેલ્લા શાસકો અને વલભીના મૈત્રકોના સમયમાં બૌદ્ધધર્મનું મહત્ત્વ ધરાવતો હશે. જે આશરે ઈ.સ. ૭૦૦ના અરસા સુધી પ્રવર્ત્યો હશે.

દેવની મોરીના આ અવશેષો આજથી આશરે ૧૭૫૭ વર્ષ જૂના હોવાના જણાયા છે. આ બધો વિસ્તાર આજે તો મેશ્વો જળાશયના ડૂબમાં ગયેલો છે. (ક્રમશઃ)

એક વરસે

વાર્તા

અરવિંદ ગજ્જર

'વેવાઈ, તમારી દીકરી આજથી અમારી દીકરી જાણજો...' કન્યાવિદાય વખતે તેના સસરાએ પિતાને કહેલા શબ્દો ચંદ્રિકાના મનને ધમરોળતા હતા.

શરૂઆતના બેએક મહિના ઠીક ગયા, પરંતુ પછી તો બાજી બગડતી ગઈ; વહુ તરીકે તો ઠીક - તેને નોકરડીના તોલે પણ રહેવા દીધી નહોતી, પછી દીકરી પેઠે રાખવાની તો વાત જ ક્યાં ? સાસુનાં મહેણાંટોણાં ને સસરાનાં છાસિયાં વચ્ચે પણ ચંદ્રિકાના ચહેરા પર આખું વરસ સ્મિતનાં પતંગિયાં ઊડતાં રહ્યાં. વાસણ-કપડાંના ઢગલા અને રસોડાના રઘવાટ વચ્ચે અડીખમ ઊભી રહીને વરસ વિતાવ્યું, પરંતુ લાંબી તાણીને પડી રહેતી સાસુ સામે ક્યારેય મોં મચકોડ્યું નહિ.

ફળિયું પણ બોલતું થયેલું, 'આવું ને આટલું તો કોઈ વહુ ના વેઠે, ખરેખર સંસ્કારી કુળની છે...' ચંપાબાએ તો એક દિવસ મનહરની ધૂળ કાઢી નાખી હતી. 'મનહરિયા, તારી માને જરા તો કે 'બચારીને પાંદડે પોંણી પાય છે તે... હાવ હું માવડિયો થઈ જ્યો સું.' વાત સાચી હતી.

આજની જ વાત કરો ને, હાથમાંથી મરચાની બરણી લપસી ગઈ તે ચંદ્રિકાનો સાસુએ ઊધડો લીધો. એમાં વળી મનહરે તેને ઢોરમાર માર્યો. 'મારી માથી તું કંઈ વધારે નથી, સમજી ચાંપલી !' તે વીફર્યો હતો.

'પણ મારી વાત... તો... સાં...' મનહરે ચંદ્રિકાનું મોઢું હથેળીથી દબાવી દીધું. 'ચૂપ મર, ના ફાવે તો જતી રે' તારા બાપને ઘેર... કૂકડા વિના વા'ણું નૈં વાય એવું થોડું છે ?'

ને ચંદ્રિકાને ચંડિકા બની જવાની ક્ષણ આવી પહોંચી, પરંતુ તે ચૂપ રહી. તેના મનમાં થયું ખરું; 'જોઈ લેજો તમેય તે... કાલે ઊભી રે' એ બીજી. મારે ક્યાં છોરાં-છોકર છે તે તમારી ઓશિયાળી થઈને રહું ?'

તેની આંખો આખી રાત ભીની રહી. કન્યાવિદાય વખતના સસરાના શબ્દો યાદ આવ્યા ને એણે પડખાં બદલતાં બદલતાં મનમાં ગાંઠ વાળી, 'જતાંની સાથે જ બાને કહી દઉં કે મને છૂટાછેડા અપાવી દે...'

પરોઢે પાંચની બસ પકડી ચંદ્રિકા પિયરના પાદરે ઊતરી ગઈ. સવારના પહોરે દીકરીને આંગણે આવતી જોઈ બા દોડી. એ બાની બાથમાં વેલી વૃક્ષને વળગે એમ વળગી પડી, અને ધ્રૂસકે ચઢી ગઈ.

'કેમ બેટા, થયું શું એ તો કહે...' બા એની પીઠ પંપાળતી રહી. 'બા, થાય શું ?! તું ય ખરી છે ને...' હથેળીથી આંસુ લૂછતાં લૂછતાં ચંદ્રિકાએ કહ્યું, '... એક વરસે બા મળે તે રડી તો પડાય જ ને !'

વિનોદિકા

ત્રિપુટી

ડૉ. થૉમસ પરમાર

સવારે ઊઠ્યા પછી આપણને ત્રિપુટીની સેવા લેવી પડે છે. એ પછી જ ચા-નાસ્તો થાય. આ ત્રિપુટી એટલે ટૂથપેસ્ટ, ટૂથબ્રશ અને ઊલિયું. દાંતણનું સ્થાન હવે આ ત્રિપુટીએ લીધું છે અને દાંતણને મ્યૂઝીઅમમાં મૂકવું પડે તેમ છે. આ ત્રિપુટીને એક જ જગ્યાએ રાખવી પડે છે; કારણ કે આપણને તેમની રોજ જરૂર પડે છે. નાટકમાં જો એક કલાકાર ન હોય તો નાટક ન થાય તેમ આ ત્રણમાંથી એક ન હોય તો ન ચાલે. ત્રિકોણમાં ત્રણ ખૂણા હોવા એ આવશ્યક છે તેમ આ ત્રિપુટીમાં ત્રણે હોવા જ જોઈએ. તો જ તેમની સેવા લઈ શકાય. પ્રવાસે જતાં બૅગ કે શ્યૂટકેસ તૈયાર કરતી વખતે આ ત્રિપુટીને ખાસ યાદ કરીને હાથવગી રાખવી પડે છે. ત્રિપુટીમાંથી ટૂથપેસ્ટ બધાં માટે એક જ હોય છે જ્યારે બ્રશ અને ઊલિયું દરેકનું જુદું જ હોય છે. ટૂથપેસ્ટને 'સબભૂમિ ગોપાલકી'ની જેમ વાપરી શકાય છે. આમ ટૂથપેસ્ટ પર ઘરનાં બધાં સભ્યોનો અને આવેલા મહેમાનનો પણ એકસરખો અધિકાર હોય છે. વૃક્ષનો છાયો અને વરસાદ બધાં માટે છે તેમ ટૂથપેસ્ટ પણ બધાં માટે છે.

ત્રિપુટીમાં ટૂથપેસ્ટ કદાવર અને જોરદાર છે. નવી ટૂથપેસ્ટ લાવીએ ત્યારે તે પૂનમના ચંદ્ર જેવી હોય છે. બીજા દિવસથી તે ઉપયોગમાં લેવાતા કદ ઘટતું જાય. ત્રિપુટીમાં ટૂથપેસ્ટ ભલે કદાવર અને જોરદાર હોય પરંતુ તેનું આયુષ્ય સૌથી ટૂંકું હોય છે. નવી ટૂથપેસ્ટ આવે છે ત્યારે તે શરીરે હૃષ્ટપુષ્ટ શેઠાણીની જેમ ઠસ્સાથી ગોઠવાઈ જાય છે. પછી જેમ દિવસો જાય તેમ તેનું કદ ઘટવા લાગે છે દુબળા-પાતળા થતાં જતાં દર્દીની જેમ. ત્રિપુટીમાં સૌથી મોંઘી ટુથપેસ્ટ. પરંતુ તેનું આયુષ્ય ટૂંકું હોવાથી તેની સેવાનો ગાળો પણ ટૂંકો. રસ ચૂસી લીધા બાદ થઈ જતાં કેરીના છોડિયા જેવી ટૂથપેસ્ટ છેલ્લે થઈ જાય છે. કોઈ કંજૂસ આવી છોડિયા જેવી પેસ્ટને પણ છોડતો નથી. વેલણ નીચે દબાવીને એક-બે દિવસ તેની સેવા લઈ લે છે.

બ્રશનું આયુષ્ય એકાદ વર્ષનું હોય જ્યારે ઊલિયું તો ખોવાઈ જાય તો જ બીજું લાવવું પડે. આમ ત્રિપુટીમાં ઓછી કિંમતનું ઊલિયું લાંબુ આયુષ્ય ભોગવનારું છે. આરોગ્યશાસ્ત્રમાં જાડાં કરતાં પાતળાં શરીરને ઈષ્ટ માન્યું છે અને પાતળાં લોકો દીર્ઘ આયુષ્ય ભોગવતાં હોવાનું જણાવ્યું છે. એ રીતે ઊલિયું દીર્ઘ આયુષ્ય ભોગવી શકે છે. લાંબા આયુષ્યને કારણે ઊલિયું અનેક ટૂથપેસ્ટ અને ટૂથબ્રશનાં મોત જોઈ શકે છે.

ત્રિપુટીમાં ટૂથપેસ્ટ અને ટૂથબ્રશને એકબીજાં સાથે સીધો સંબંધ છે જ્યારે ઊલિયાને આ બેની સાથે સીધો સંબંધ નથી. તેમ છતાં ઊલિયું એ બેની સાથે જ રહે છે. ટૂથપેસ્ટ અને ઊલિયાને જોતાં બંને વચ્ચે આસમાન-જમીનનો ભેદ જણાય છે. એક જાડું ભદ તો બીજું પાતળું પચ. ટૂથપેસ્ટને જોતાં લાગે કે તે દુકાળનું કારણ છે તો ઊલિયું દુકાળનું પરિણામ લાગે. કેટલાં બધાં ઊલિયા ભેગાં કરીએ તો ટૂથપેસ્ટના વજન બરાબર થાય ! નવી ટૂથપેસ્ટ ઊલિયાને જોઈને હસતી હશે કે, 'આ કેટલું પાતળું છે, હવામાં પણ ઊડી જાય !' ત્યારે ઊલિયું કહેતું હશે, 'પીપળ પાન ખરંત હસતી કુંપળિયાં, મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયા.' અને ખરેખર ટૂથપેસ્ટ જ્યારે ખાલી થઈ જાય છે ત્યારે તે ઊલિયાના જેવી પાતળી થઈ જાય છે.

ઊલિયું ભલે પાતળું અને વજનમાં હલકું હોય પણ તે નમ્ર છે. અંગ્રેજીના ઊંધા 'યુ' જેવો તેનો આકાર તેને નમ્રતા બક્ષે છે. તેનાં બે પાંખિયાં સહેલાઈથી સાંકડાં-પહોળાં કરી શકાય છે. ટૂથબ્રશ અક્કડતાનું પ્રતીક છે. 'સાવધાન'ની સ્થિતિમાં ઊભેલા સૈનિકની જેમ તે ટટ્ટાર ઊભું હોય છે. ટૂથપેસ્ટ અને બ્રશ બંને એકબીજાંને અડોઅડ ઊભાં હોય છે. પ્રેમીઓની જેમ. ઊલિયાથી આ બંનેનો પ્રેમ જોઈ શકાતો નથી. તેથી શાહમૃગવૃત્તિ ધારણ કરીને પોતાનું મોં નીચું રાખી દે છે. ત્રિપુટીમાં બ્રશ સૌથી રૂપાળું પણ ટૂંકા આયુષ્યમાં ટૂથપેસ્ટ પછી એનો નંબર આવે છે. માથાનું સાચું ઘરેણું વાળ છે. તેમ બ્રશનું ઘરેણું તેના રેસા છે. રેસા નકામા થઈ જાય એટલે બ્રશને વિદાય આપવી પડે. આમ છતાં આવું બ્રશ પણ તેની સેવા ચાલુ રાખે છે. સ્કૂટર કે સાઈકલના કેટલાક ભાગ સાફ કરવા આવું બ્રશ કામ લાગે છે.

રંગના આધારે ઘરની દરેક વ્યક્તિ પોતાનું બ્રશ શોધી કાઢે છે. જ્યારે ઊલિયાને શોધી કાઢવામાં મહેનત પડે છે. આમ છતાં ગોવાળિયો પોતાની ગાય બીજા ગોવાળિયાના ટોળામાં જતી રહે તો પણ ઓળખી કાઢે છે તે દૃષ્ટિથી દરેક વ્યક્તિ પોતાનું ઊલિયું પણ શોધી લે છે.

આ ત્રિપુટીને દાતણની સાથે સરખાવીએ તો કહી શકાય કે દાતણ થ્રી-ઇન-વન છે. એટલે કે દાંતણ ટૂથપેસ્ટ, બ્રશ અને ઊલિયાનું કામ કરે છે. પહેલાના વખતમાં સગાંસ્નેહીઓને ત્યાં બહારગામ જતાં દાતણની ચિંતા રહેતી ન હતી; કારણ કે યજમાનને ત્યાંથી જ દાંતણ મળી રહેતું. પરંતુ હવે તો ત્રિપુટીમાંથી બ્રશ અને ઊલિયું તો સાથે લઈ જ જવા પડે. દાતણથી થતી દંત-સફાઈનો સંતોષ ઘરની રસોઈ જમ્યાનો સંતોષ જેવો છે. દાતણથી દાંતની મજબૂતીનું પરીક્ષણ થઈ શકે છે, કારણ કે ચાવી ચાવીને તેનો કૂચો કરવો પડે છે. બ્રશની સેવા ઇન્સ્ટન્ટ સર્વીસ છે. ઠેર ઠેર ડેન્ટલ ક્લિનિક વધી પડ્યાં છે તેનું કારણ શું ? ડેન્ટિસ્ટની સંખ્યામાં વધારો થયો છે એટલે ? અથવા તો લોકોમાં દાંતના રોગ વધી પડ્યા છે એટલે ? અથવા તો દાતણને વિદાય આપીને ત્રિપુટીની જ સેવા લોકો લે છે એટલે ? ટી.વી.માં ટૂથપેસ્ટની જાહેરાતમાં દાદાજીને દાંત વડે અખરોટ તોડતા દર્શાવાય છે; પણ એ તો 'જાહેરાતવાળા દાદાજી' છે ! વાસ્તવમાં તો આ ત્રિપુટીપરસ્ત સમાજના દાદાજી શેરડી પણ દાંત વડે છોલી શકે તેમ નથી. ત્રિપુટીની જે કંઈ મર્યાદા હોય તે, પણ તેને સ્વીકાર્યા વિના છૂટકો જ નથી ! ❐

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

પેટલાદ મિલ્સમાંથી પિતાજીને રમણલાલ લલ્લુભાઈ તેમની મિલના વિકાસ માટે અમદાવાદ મૅનેજર તરીકે લઈ આવ્યા. એટલે ફરી પાછાં અમે સહકુટુંબ અમદાવાદ-નિવાસી બન્યાં. પણ શેઠના મૃત્યુ બાદ પિતાજીને બરાબર ફાવ્યું નહીં તેથી નોકરી છોડી દીધી. હવે તેમની ઉંમર પણ થઈ હતી તેથી ક્યાંય નોકરી નહીં કરવી એ નિશ્ચય પર આવ્યા. અમદાવાદમાં એલિસબ્રિજ વિસ્તારમાં પટેલ સોસાયટીમાં આવેલા અમારા બંગલામાં અમે રહેવા આવી ગયાં. બંગલો પિતાજીએ તેમના મિત્રને ભાડે રહેવા આપેલો પણ મિત્ર ગુજરી ગયા હતા અને તેમનાં સંતાનો બંગલામાં રહેતાં હતાં. અમારું કુટુંબ મોટું હતું તેથી બંગલો ખાલી કરવાની વિનંતી કરી પણ તેઓ ખાલી કરતા નહોતા. છેવટે સમજાવટથી નીચેના પાંચ ઓરડા, રસોડું તથા બાથરૂમ-સંડાસ ખાલી કરી આપ્યાં. મળેલા આટલા ઓરડામાં અમારું કુટુંબ સમાઈ શકતું નહોતું. કોર્ટમાં કેસ ચાલ્યો પણ મકાન ખાલી કરવાનો કોઈ નિવેડો આવ્યો નહીં. છેવટે ભાઈઓ અંદરોઅંદર ઝઘડ્યા પરિણામે બંગલો ખાલી થયો. અત્યારે આ બંગલાનું અસ્તિત્વ છે પણ વેચાઈ ગયો છે.



લેખિકા ૨૫ વર્ષની વયે

અમદાવાદમાં આવી ગયાં ત્યારે થોડીક બીજી વાતો કરી લઉં. મારાં મામી ગંગાબા નાની ઉંમરે વિધવા થયેલાં. તેમને કોઈ બાળક નહોતું તેથી તેમના પિતાજી સાથે અમદાવાદમાં શરૂઆતમાં રહેતાં હતાં; કારણ તેમના શ્વસુરપક્ષે કોઈ હતું નહીં અને માતાની છત્રછાયા પણ તેમણે ગુમાવી હતી. તેમને એક ભાઈ હતા જે સહકુટુંબ રંગુન રહેતા હતા. તેથી મારાં બાએ તેમને અમદાવાદમાં અમારે ઘેર બોલાવી લીધાં હતાં અને મરણપર્યંત તેઓ અમારે ઘેર જ રહ્યાં હતાં. તેઓ વૈષ્ણવધર્મ પાળતાં હતાં એટલે નાનકડા બાલકૃષ્ણની સેવા કરતાં. તેમની પૂજા કરે, ભોગ ધરાવે, ઉનાળામાં બાલકૃષ્ણને વીંઝણાથી પવન નાખે, નાની ચકરડી ફેરવે અને ઘૂઘરો ખખડાવી ગોપાલને રમાડે. આમ, તેમનામાં રહેલા પેલા માતૃત્વને ઠાકોરજીના માધ્યમથી પોષતાં. મને આ જોઈ ખેદ થતો પણ સાથે આનંદ પણ થતો કે એક વિધવા સ્ત્રી કેવા લાડકોડથી ભગવાનને પુત્ર સમાન ગણી લાડ લડાવે છે ! તેમણે એક રમૂજ ઉપજાવે તેવો પ્રસંગ કહેલો. તેઓ અમદાવાદમાં જ્યારે તેમના પિતાજી સાથે રહેતાં હતાં ત્યારે માળવાળા મકાનમાં પ્રથમ માળે રહેતાં હતાં, જેનો આગળનો ભાગ રોડ પર પડતો અને પાછળનો ભાગ રાયપુર પીપરડીની પોળમાં પડતો. તે સમયે આધુનિક સગવડો જેવાં મકાનો નહોતાં તેથી કપડાં ધોવા છેક ભોંયતળિયે આવેલી ચોકડીનો ઉપયોગ કરવો પડતો. એક વાર મામી કપડાં ધોવા નીચે ચોકડીમાં ગયાં. રસોડામાં રોટલીનો લોટ બાંધી ઉપર વાટકો ઢાંકી દીધો. તેઓ જેવા નીચે ગયાં તેવો જ એક વાંદરો ઉઘાડી રહી ગયેલી બારીમાંથી દાખલ થઈ વાટકા સાથે લોટ લઈને ભાગ્યો. મામીને તરત ખબર પડી તેથી તેઓ રોડ પર વાંદરાને મારવા નીકળ્યાં. તેમને જોઈને વાંદરાભાઈ ભાગ્યા. વાંદરો છાપરાં કૂદતો જાય અને નીચે મામી રોડ પર બૂમો પાડતાં પેલો વાટકો લેવા દોડતાં જાય. આમ વાંદરા અને મામી વચ્ચે દોડવાની હરીફાઈ ચાલી. મામીએ જોરજોરથી બૂમાબૂમ કરી મૂકી એટલે વાંદરાભાઈ સમજી ગયા પણ તે હતા હોંશિયાર. પેલો લોટ કાઢી રસ્તા પર વાટકો ફેંકી દીધો અને હૂપાહૂપ કરતા જાય ભાગ્યા. મામીને લોટની પરવા નહોતી પણ પેલો વાટકો અગત્યનો હતો. જ્યારે મામીએ વર્ષો બાદ આ વાત અમને કરી ત્યારે અમે ખૂબ હસ્યાં હતાં. મારા આ મામી તેમના પિતાના અવસાન બાદ તેમના ભાઈ રંગુનથી સદાને માટે પાછા ફરી સોજિત્રામાં રહેતા હતા તેમની સાથે રહેવા ગયા પણ તેમને ત્યાં ફાવ્યું નહીં તેથી મારાં બાએ અમારે ઘેર તેમને કાયમને માટે બોલાવી લીધેલાં. તેમના પિતા પહેલાં અમદાવાદની એક મિલમાં નોકરી કરતા હતા અને મારા પિતાજી નડિયાદ ન્યૂશૉરોક મિલ્સમાં મૅનેજરપદે નિમાયા ત્યારે મામીના પિતાને નડિયાદ મિલમાં બોલાવી લીધા હતા.



લેખિકા ૧૯૬૧માં ગ્રેડ્યુએટ થયાં ત્યારે

હવે બીજો એક પ્રસંગ મારી બાએ કહેલો તે યાદ આવે છે. પહેલાના સમયમાં બહારગામ કોઈ સગુંવહાલું મરી ગયું હોય તો સ્ત્રીઓ ગાડામાં બેસી બીજે ગામે જાય. ત્યારે નાના ગામમાં બસ કે રેલવેની સુવિધા નહોતી. વચ્ચે ગામડાં આવે ત્યાં ગામલોકોને ખબર પડે તો છાશ-રોટલા લઈને પહોંચી જાય અને કાણે જતી આ સ્ત્રીઓને જમાડે. આ તે સમયના સમાજનું ચિત્ર છે. હવે આપણે મારી બાએ કહેલા પ્રસંગને જોઈએ. એક



લેખિકાના માતાપિતા અને મોટાભાઈ

વાર કોઈક સગાના મરણ પ્રસંગે મારી બા તથા બીજી સ્ત્રીઓ ગાડામાં બેસી બીજે ગામ કાણે જઈ રહી હતી. સાંજનો સમય હતો. ત્યાં ગાડાખેડુએ કહ્યું કે સામેથી લૂંટારાના ઘોડાના ડાબલા સંભળાય છે. બધી સ્ત્રીઓ ગભરાઈ ગઈ. એકાંત વગડો, પુરુષમાં ગાડાખેડુ એકલો. શું કરવું એ વિમાસણમાં બધાં પડી ગયાં પણ એક સ્ત્રી ચતુર હતી તેણે ઉપાય શોધી કાઢ્યો, તેના કહેવા મુજબ બધી સ્ત્રીઓએ સોનાની પટ્ટીવાળી ચૂડિયો કાઢી રસ્તાની બાજુમાં આવેલી ઝાડી પાસે નાખી દીધી. કાણે જતાં હતાં તેથી કપાળમાં ચાંલ્લો કરવાનો નહીં તેવો રિવાજ હતો, કાળાં વસ્ત્રો પહેરેલાં હતાં. લૂંટારા આવી પહોંચ્યા અને ગાડું થોભાવી સ્ત્રીઓને પહેરેલા દાગીના સોંપી દેવા હાકોટો કર્યો. બધી સ્ત્રીઓએ ઘૂમટા તાણ્યા હતા તે ઊંચા કરી બતાવ્યું કે તેઓ 'રાંડેલી' છે તેથી ચાંલ્લો નથી અને હાથમાં ચૂડિયો પણ નથી. લૂંટારા નિરાશ થઈ ગયા અને ચાલ્યા ગયા. તેઓના ગયા બાદ ગાડાખેડુએ ગાડું પાછું વાળ્યું. ચોક્કસ જગાની નિશાની તેણે રાખી હતી તેથી તે ઊતર્યો અને ફાનસના અજવાળે બધી સ્ત્રીઓની ચૂડીઓ શોધી લાવી પરત કરી. આ પ્રસંગ તે સમયની સ્ત્રીઓની અક્કલ, સમયસૂચકતા અને હિંમતને દાદ આપી શકાય તેવો છે. કેટલી સ્વસ્થતાથી તેમણે આ કામ કર્યું હશે તે પ્રશંસનીય છે. આમ, મામી અને બા આવા પ્રસંગો અમને કહી સંભળાવતા.

હવે ફરી પાછી મૂળ વાત પર હું આવું છું. પેટલાદથી અમદાવાદમાં વિક્રમ મિલ્સમાં આગમન અને ત્યાર બાદ એલિસબ્રિજ પટેલ સોસાયટીના અમારા બંગલામાં આગમન એ વાત કરીએ. અમદાવાદમાં જીવન શરૂ થયું. રોજ સવારે સગડી સળગાવી દાળ ઓરવાની અને બધી રસોઈ બનાવવાની જવાબદારી મારા માથે નાખવામાં આવી, જેથી પાટીદારની છોકરી ઘરકામમાં બરાબર તૈયાર થાય. ત્યારથી અત્યાર સુધી હજુ પણ વહેલા ઊઠવાની ટેવ ચાલુ જ છે. હું કામ કરી લેતી તેથી ભાભીને મદદ મળતી અને રાહત રહેતી. મારી ઉંમર વધતી હતી. મારાં લગ્ન માટે માબાપને ચિંતા રહેતી. કેટલાક મુરતિયા જોયા પણ કોઈને પસંદ ના પડ્યા. છેવટે એક સગાએ મુરતિયો બતાવ્યો જે પસંદ કરવામાં આવ્યો. તે સમયે દીકરીઓની મરજીને બહુ મહત્ત્વ આપવામાં આવતું નહોતું. જે મુરતિયા સાથે નક્કી થયું તે મૅટ્રિક પાસ છે, જમીનદારનો દીકરો છે, ધર્મજ ગામમાં મોટું ઘર, ખેતરો વગેરે છે એવી માહિતી આપવામાં આવી. એ બધી બાબતોની ગણના કરી મારું લગ્ન પતાવવામાં આવ્યું. કંટાળેલાં માબાપ ક્યારેક આવી ભૂલ કરી બેસે છે. સાસરે જતાં પ્રથમ દિવસે જ મને ખબર પડી ગઈ કે મુરતિયો બહુ ઓછો ભણેલો છે. અમને માહિતી ખોટી આપવામાં આવી હતી અને છેતરવામાં આવ્યાં હતાં. રૂપિયા ૫,૦૦૦ દહેજ પેટે પણ લેવામાં આવ્યા હતા પિતાજી દહેજના વિરોધી હતા છતાં દીકરીની ઉંમર વધી જાય ત્યારે બાપ વિચારધારાને બદલી નાખતો હોય છે. તેવું જ મારી બાબતમાં બન્યું. મારી નાની બહેનને હજુ પરણાવવાની બાકી હતી. પિતાજી નિવૃત્ત હતા. પાટીદારની નાત હતી. આ બધાં કારણોને લીધે મજબુરીથી પરાણે મેં બેત્રણ વર્ષ વિતાવ્યાં પણ છેવટે એ ઘરને સદાને માટે તિલાંજલિ આપી હું પિતૃગૃહે પરત આવી. આ બે વર્ષના સમય દરમિયાન હું એક પુત્રની માતા બની ચૂકી હતી. પરિસ્થિતિ અતિ કઠિન હતી પણ માબાપે વાંધો ના લીધો, કારણ કે તેઓ જાણતાં હતાં કે હું ત્યાં દુઃખી દુઃખી થઈ ગઈ હતી.



પુત્ર દેવેશ બાળવયે

પેટલાદ છોડી અમે અમદાવાદ આવ્યાં ત્યારે હું દરરોજ અમારા બગીચામાંથી ફૂલ તોડી બેત્રણ હાર બનાવી લૉ ગાર્ડન પાસે આવેલા સમર્થેશ્વર મહાદેવમાં સાંજની આરતી પહેલાં પહોંચી જતી. કોઈક વાર સહેજ મોડું થાય તો પૂજારી રાહ પણ જુએ. આ ક્રમ મેં સાસરેથી પરત આવ્યા બાદ ફરીથી ચાલુ કર્યો પણ અંતરમાં દબાઈ ગયેલી આકાંક્ષા ધીરે ધીરે મને જાગૃત કરવા લાગી. મને થયું કે કોઈ પરમ તત્ત્વ મને જાણે કંઈક કરવાનો આદેશ આપી રહ્યું છે. અને એક દિવસ એ આદેશનો મેં સ્વીકાર કર્યો. મેં છોડી દીધેલો અભ્યાસ ફરીથી શરૂ કરવાનો મનસૂબો કર્યો. તે સમયે ફિફ્થ સ્ટૅન્ડર્ડની પરીક્ષા પાસ કરી હોય તે સીધી એસ.એસ.સી.ની પરીક્ષા આપી શકે તેવી શૈક્ષણિક યોજના હતી. મેં ફિફ્થ સ્ટૅન્ડર્ડ ૧૯૪૨માં પાસ કરેલું. તેથી આગળ અભ્યાસ માટે મેં મારો નિરધાર ઘરમાં જાહેર કર્યો. આ વાતથી ઘરમાં ઊહાપોહ મચી ગયો કે મારા પુત્રની દેખરેખ કોણ રાખશે ? પણ પ્રભુકૃપા ઊતરી અને મારાં મામી ગંગાબાએ આ જવાબદારી સ્વીકારી.

મેં ખાનગી ટ્યુશન ક્લાસમાં પ્રવેશ મેળવી અભ્યાસ આગળ વધારવાની હિંમત કરી. ૧૯૪૨માં છોડી દીધેલો



સાઇકલ સાથે લેખિકા

અભ્યાસ મેં ૧૯૫૭માં ફરીથી શરૂ કર્યો ! ખૂબ મહેનત કરવી પડતી. ઘરના વિરોધી વાતાવરણ વચ્ચે હું અડગ રહી અને ૬૭% માર્ક્સ મેળવી મેં એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી. પંદર વર્ષના લાંબા ગાળા બાદ પ્રથમ વર્ગમાં સફળતા મળવાથી મારો આનંદ સમાતો નહોતો. મારા જીવનનો આ ભવ્ય પ્રસંગ હતો. ૬૭% મેળવનારને તે સમયે વિજ્ઞાનની કૉલેજમાં સરળતાથી પ્રવેશ મળતો હતો. પણ મારી પાસે લાંબો સમય નહોતો અને પૈસાની પણ સગવડ નહોતી, એટલે એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં મેં પ્રીવિઅસમાં પ્રવેશ મેળવવા ફૉર્મ ભર્યું, પરંતુ ફી ભરવાની મોટી સમસ્યા હતી. ઘરમાં તો મારો અભ્યાસ આગળ વધે તેનો વિરોધ હતો તેથી ફી ભરવાના પૈસા આપવાની વાત જ નહોતી. પરંતુ અમારી જ્ઞાતિમાં દીકરી પરણેલી હોય તો તેને કોઈને ત્યાં લગ્ન હોય તો કંકોતરીના રૂપિયા મળતા અને કુટુંબમાં કોઈનું અવસાન થાય ત્યારે બારસના રૂપિયા મળતા. આટલા રૂપિયા થોડીઘણી ફી માટે ચાલે તેમ હતા પણ પૂરી ફી ભરવાના પૈસા ક્યાંથી લાવવા તે સમસ્યા હતી. પરંતુ કૉલેજના કાર્યાલયમાં કામ કરતા શ્રી કાનજીભાઈ પટેલે સલાહ આપી તે મુજબ મેં ફ્રીશિપનું ફૉર્મ ભર્યું. મને પ્રિન્સિપાલ શ્રી આર.ડી.દેસાઈએ બોલાવી. મારી ઉંમર તે વખતે ૩૦ વર્ષની હતી. દેસાઈસાહેબને થોડો અંદાજ આવી ગયો હશે, એટલે મને પ્રશ્ન પૂછ્યો કે હું કોની સાથે રહું છું, અને પરિણિત છું કે અપરિણિત. મેં મારી પરિસ્થિતિ તેમને જણાવી કે હું પિયરમાં રહું છું, પિતાજી સંપન્ન છે પણ હું મારા પગ પર ઊભી રહીને અભ્યાસ કરવા માંગુ છું. મારી આંખોમાં અશ્રુ ચમકી ગયાં. દેસાઈસાહેબ અનાવિલ સુરતી હતા તેથી મારી પરિસ્થિતિ પામી ગયા હશે, કારણ કે તેમની જ્ઞાતિમાં તે સમયે આવી ઘટનાઓ બનતી હતી. તેમણે ક્લાર્કને બોલાવી સૂચના આપી કે આ બહેન કૉલેજમાં ભણે ત્યાં સુધી તેમને સંપૂર્ણ ફ્રીશિપ આપવાની. દરેક વર્ષે હું પ્રથમ વર્ગમાં પાસ થતી તેથી સ્કૉલરશિપ મળતી. આમ, મારે માટે કૉલેજ આશીર્વાદરૂપ બની ગઈ. મારી આર્થિક મૂંઝવણનો અંત આવ્યો અને મેં અંગ્રેજી વિષય સાથે ૧૯૬૩માં એમ.એ.ની ડીગ્રી દ્વિતીય વર્ગમાં પ્રાપ્ત કરી. એ જ કૉલેજમાં મને નોકરી મળી. મારી ૩૨ વર્ષની ઉંમરે હું સાઇકલ શીખી હતી જેથી કૉલેજમાં નોકરી મળી ત્યારે સાઈકલ કામ આવી. સાઈકલ પર હું કૉલેજ જતી. (ક્રમશઃ)

વિશ્વના વિદૂષકો

સાંકળચંદ પટેલ

ગોનુ ઝા

ગોનુ ઝા 'અભણ વિદ્વાન'ને નામે લોકોમાં ઓળખાતો હતો. તેની રમૂજી વાતો મર્મભર્યા અર્થોને માટે પ્રસિદ્ધ થયેલી છે. તેની રમૂજો રડતાંઓને હસાવવાં માટે અને હસતાંઓને સારી-સારી વાતો શિખવાડવા માટે હતી.

ગોનુ ઝાનો જન્મ બિહારના દરભંગા જિલ્લામાં થયો હતો. તે મૈથિલી બ્રાહ્મણ હતો. તેને કોઈક દેવી પ્રસન્ન થયેલી હતી. એ દેવી તેની જીભ પર આવીને બેસતી ત્યારે તે જે કહે તે પ્રમાણે થતું. આથી ઘણાં લોકો તેનાથી ડરતા પણ હતાં, અને કહેતાં : 'ક્રોધમાં આવીને તે શાપ આપે તો આપણું બૂરું થાય !' પરંતુ ગોનુ ઝાને કોઈનું ભલું-બૂરું કરવામાં રસ નહોતો. લોકો હસતાં રહે એમાં જ એને પોતાના જીવનનો ઉદ્દેશ દેખાતો હતો.

એક વાર એક વ્યક્તિએ ગોનુ ઝાને પૂછ્યું : 'મારી આંખોમાં ખૂબ દુઃખે છે તો હું શું કરું ?' ગોનુ ઝાએ રમૂજી અંદાઝમાં કહ્યું : 'થોડા દિવસો પહેલાં મારા દાંતમાં ખૂબ દુઃખતું હતું, એટલે મેં તે દાંત કઢાવી નાખ્યો હતો. તમે પણ તમારી આંખ કઢાવી નાખો. દુઃખાવો રફુચક્કર થઈ જશે !'

*

ટિલ ઓએલન સ્પીગલ

ટિલ ઓએલન સ્પીગલ જર્મનીનો વિખ્યાત વિદૂષક હતો. જીવનભર તેણે લોકોને મૂર્ખ બનાવ્યાં હતાં. આમ છતાં પોતાની ચતુરાઈથી તેણે ખૂબ સન્માન મેળવ્યું હતું અને પુષ્કળ ધન પણ મેળવ્યું હતું.

મરતી વખતે પણ તે એક ટીખળ કરતો ગયો હતો. ટિલની પાસે એક મોટી પેટી હતી. એમાં ટિલનો બધો ખજાનો ભરેલો છે, એવું લોકો માનતાં હતાં. અંતકાળે તેણે કહ્યું : 'મારી આ પેટીમાં પુષ્કળ ધન છે. મારા મર્યા પછી એ ધનમાંથી અડધું ધન મારા મિત્રોને વહેંચી દેજો અને અડધું ધન નગરપાલિકાને આપી દેજો !'

થોડા દિવસો બાદ ટિલનું મૃત્યુ થયું. નગરપાલિકાને ટિલના ધનમાંથી અર્ધો હિસ્સો મળવાનો હતો, એટલે નગરપાલિકાએ શાનદાર ઢંગથી ટિલના અંતિમસંસ્કાર કરવાની યોજના ઘડી કાઢી. મિત્રોએ પણ દિલ ખોલીને ખર્ચ કર્યું. નગરમાં ટિલની શાનદાર સ્મશાનયાત્રા નીકળી. જોનારા દંગ થઈ ગયાં.

બીજે દિવસે પેટી ખોલતી વખતે બધા હિસ્સેદાર હાજર રહ્યા હતા. પેટી ખોલી. અંદર જોતાં જ બધા ભાગીદારો માથું પીટવા લાગ્યા. પેટીમાં ઈંટોના ટુકડા અને પથ્થરો ભરેલા હતા !

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૪


ચૈતાલી શાહ

યુનાઈટ ડી'હૅબિટેશન (સંયુક્ત-આવાસ): માર્શી લ-ફ્રાન્સ

વિશ્વ વિખ્યાત સ્થપતિ લ કાર્બુઝિયરે સન ૧૯૩૭માં આયોજાયેલ આંતરરાષ્ટ્રિય પ્રદર્શનમાં 'માસ હાઉસિંગ' માટેના પોતાના વિચારો વ્યક્ત કરવા એક 'મલ્ટિ સ્ટોરી વિલા'ની જરૂરિયાત માટે જે વકીલાત કરતાં હતાં તેની શક્યતાની આ રજૂઆત હતી. બીજા વિશ્વયુદ્ધ બાદ જ્યારે યુરોપમાં નવસર્જનની જરૂરિયાત ઊભી થઈ ત્યારે તેમના આ વિચારો મૂર્તિમંત કરવાનું શક્ય બન્યું અને ફ્રાંસના માર્શીલેમાં 'યુનાઇટેડ ડી' હૅબિટેશન' એટલે કે સંયુક્ત આવાસની રચના સન ૧૯૪૭થી ૧૯૫૨ના ગાળામાં થઈ. આના પછી તેમણે બર્લિન તથા બ્રીય-લા-ફેર્ટ ખાતે પણ આવી રચના કરી પરંતુ સ્થાપત્યના ઇતિહાસમાં માર્શીલેના સંયુક્ત આવાસનું આગવું મહત્ત્વ છે.

સમગ્ર વિશ્વમાં સ્વીકારાયેલ સ્થાપત્યશૈલી અનુસાર વિશ્વમાં સફળ બહુમાળી મકાન બનાવવાનો આ કદાચ પ્રથમ પ્રયત્ન હતો. આ પહેલાં શહેરોનો વિકાસ તેના ભૂમિ-વિસ્તાર પર જ આધારિત રહેતો. હવે આવાસ બહુમાળી બનાવી આવો પ્રસાર રોકવા પર ભાર દેવાતો થયો. વળી, આ સમય પહેલાં નામી સ્થપતિઓ સાધન-સંપન્ન વર્ગના 'વિલા' બાંધતા અને આ સંયુક્ત-આવાસથી તેઓ સામાન્ય-જન (વર્કર્સ) માટે પણ પોતાની સેવા આપતા થયા. સાથે સાથે આ રચનાથી આવાસને પણ એક ઔદ્યોગિક પ્રોડક્ટ તરીકે લેવાનું થયું; આમ છતાં તેની રચનામાં શેરી, બજાર, સામાન્ય સવલતો જેવી તત્કાલીન જરૂરિયાતોને સ્થાપત્યકીય રચનાઓથી ન્યાય અપાયો છે. એમ મનાય છે કે 'અર્વાચીન આવાસ' માટેના કાર્બુઝિયરના વિચારો આ રચનામાં પૂર્ણતાને પામ્યા છે.

બગીચા વચ્ચે વિશાળ દળદાર થાંભલા પર ટેકવાયેલ લંબચોરસ ઘનમાં રહેનાર કુટુંબની જરૂરિયાતોને શક્ય તેટલી નાની જગ્યામાં એ રીતે સમાવવાનો પ્રયત્ન કરાયો છે કે જેનાથી તેમની ગોપનીયતા જળવાય અને બહારના વિશ્વ સાથેનો દૃશ્યસંપર્ક પણ જળવાઈ રહે. એકસ્તરીય તથા દ્વિસ્તરીય ૧૭ માળમાં સમાવાયેલ ૩૩૭ આવાસની રચના 'ઇન્ટર લૉકિંગ' સ્ટ્રીટની આસપાસ કરાઈ છે. આ રચનામાં સ્ટ્રીટની બંને તરફના પ્રવેશદ્વારો એક તરફના આવાસના નીચેના માળે તથા અન્ય આવાસના ઉપરના માળે પ્રવેશી શકાય. આ પ્રવેશની ઉપર તથા નીચેના અલગ અલગ આવાસ સમગ્ર મકાનની પહોળાઈમાં પ્રસરે છે જેથી મકાનની બંને તરફના બગીચાનું દૃશ્ય માણી શકાય. આ સમગ્ર મકાન બગીચાના સ્તરથી થાંભલાઓ પર એ રીતે ઊંચકાયું છે કે બગીચો જાણે મકાનની નીચેથી પસાર થતો હોય તેમ લાગે. આ સંયુક્ત-આવાસમાં રહેનાર કુટુંબોની સામાજિક જરૂરિયાત માટેની કૉમ્યુનિટી સવલતો અગાસી પર રચવામાં આવી છે. આ ઉપરાંત વચમાંનો એક માળ પણ સામાન્ય સવલતો તથા સંરચનાકીય માળખા માટે ફાળવવામાં આવ્યો છે.



એક રીતે જોતાં આટલા બધા આવાસને એક જ ઘનાકાર ચોસલામાં સમાવવાથી તેની દૃશ્ય-અનુભૂતિ બિન-રસપ્રદ બની રહે. પણ અહીં આ નામી સ્થપિતની કળાસૂઝ દેખાઈ આવે છે. પોતાના મોડ્યુલર પ્રમાણમાપના સિદ્ધાંતને અનુસરીને આ મકાનના દેખાવમાં વિવિધતા લાવવા સફળ પ્રયત્ન કરાયો છે. આ મકાનના બાહ્ય દેખાવની સમૃદ્ધિ માટે વિશ્વમાં ક્યારેય પ્રશ્ન ઉપસ્થિત નથી થયો - હા, તેની આંતરિક રચનામાં લાદવામાં આવેલ 'ન્યૂનતમ - સ્થાન'ના વિચાર પર હંમેશાં ચર્ચા થતી રહી છે; કારણ કે આ મકાનમાં ભલે અનુભૂતિમાં મોકળાશ રહી પણ તેમાં જગ્યામાં ક્યાંય મોકળાશ નથી - અને મોકળાશ વગરના આવાસ માટે ઘણાં અસંમત થાય.

તેમ છતાં વિશ્વયુદ્ધ પછીના સ્થાપત્ય તથા નગર-આયોજનના વિકાસ પર આ મકાને ચોક્કસ છાપ છોડી છે. લ કાર્બુઝિયરની ઇચ્છા તો આ પ્રમાણે નગરના એક સમગ્ર વિભાગની રચના કરવાની હતી, પણ તત્કાલીન રાજકરણીઓ તથા અર્થશાસ્ત્રીઓને કંઈક અન્ય મંજૂર હતું. એક જ પ્રકારના સંજોગોમાં ૨૩ પ્રકારના વિવિધ આવાસોની રચના, બાળકોનાં જાણે વિશાળ રમકડાં હોય તેવાં આકારોનાં આગાસી પર ઓરડાં બનાવી સમગ્ર મકાનની રસપ્રદ બનાવાયેલ આકાશ-રેખા, આબોહવાને અનુરૂપ મકાન તથા તેનાં વિવિધ અંગોની ગોઠવણ, વિવિધતામાં પણ ઐક્ય દેખાય તેવું બાહ્ય-બંધારણ, સામાન્ય માનવીના આવાસને પણ ભવ્યતા તથા ઓળખ આપવાનો પ્રયાસ તથા સ્થાપત્યમાં આવાસની એક નવી જ શૈલી ઉમેરવાના આ પ્રયત્નથી માર્શીલે ના રહેવા માટેના સંયુક્ત- મશીન - સંયુક્ત આવાસ સ્થાપત્યના ક્ષેત્રનું સીમીચિહ્ન ગણાય છે. (ક્રમશઃ)

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

સમાપન : શૈલીવૈવિધ્ય

સમાપનમાં મારા જેવા યુરોપના અલ્પકાલીન પ્રવાસીનાં માત્ર પ્રથમદર્શી વિધાનો કરીશ. વિધાનો બે સ્તરે કરીશ. એક સ્તર પર મેં યુરોપના અને બીજા દેશોની અગાઉ લીધેલી મુલાકાતો દરમિયાન જે તે પ્રદેશના જાહેર પરિવહનને પ્રતીકાત્મક રીતે અવલોકીને, તે દ્વારા વ્યક્ત થતાં ત્યાંના લોકવર્તનની માત્ર ઝાંખી કરીશ. બીજા સ્તર પર, આ લેખમાળાના પ્રારંભમાં રજૂ કરેલ યુરોપ-અમેરિકા વિશેની ધારણા વિશેની તુલનાત્મક સમીક્ષાથી સમાપન કરીશ.

(૧) જાહેર પરિવહનની વ્યવસ્થા એ જે તે સ્થળનાં કેટલાંક લક્ષણોને પ્રતીકાત્મક રીતે સ્ફુટ કરે છે. લંડન-વિક્ટોરિયાની ૧૯૬૦ના દશકાના છેલ્લાં વર્ષોની સ્વચ્છ-દમકદાર પણ હવે વયશિથિલ બની ગયેલ ટ્યૂબ ટ્રેન; પૅરિસની સફાઈદાર મેટ્રો અને રેર; મૉસ્કોની મૌન ચહેરાધારી મુસાફરોને લઈ જતી શ્વેત બસો અને લંડનની ફુઝની જેમ સરી જતી લાલ ડબલડેકરો; રીઓ-ડી-જાનેરોની આંચકા વિના ટર્ન લેતી, શાંત માહોલવાળી સિટીબસો; વિયેના અને સાન ફ્રાન્સિસ્કોની નિવૃત્તિની વયે પહોંચેલી છતાં નગરનાં સહેલાણીઓને મનોરંજન આપતી ટ્રામકારો; પ્યોંગગ્યાંગ (ઉત્તર કોરીઆ)માં આ લેખકે જોયેલ ટૂંકા અંતર પર ચાલતી ભીડવાળી પણ અલંકૃત અને આર્ટ ગૅલરી જેવા સ્ટેશનો પર થોભતી નાની સબવે ટ્રેનો; મૉસ્કોમાં પણ એની જેમ જ કેટલાંય લેવલ નીચે, ખૂબ ઊંડા તળ પર દોડતી ચમકદમકતી મેટ્રો સબવે; કેમ્બ્રિજ - હલ વચ્ચે કે ન્યૂ યૉર્ક વૉશિંગ્ટન વચ્ચે સોફાબેઠકોની સુવિધા સાથે પાણીના રેલાની જેમ શાંત, સરતી જતી ટ્રેનો; ન્યૂ યૉર્કમાં અર્ધ-અંધારિયા અને કંઈક અસુખની લાગણી જન્માવતાં અસ્વચ્છ સ્ટેશનો વચ્ચે લાખો લોકોને લઈ જતી સબ-વે ટ્રેનો (લંડનની વૉટરલૂ - ટર્મિનલને જોડતી સબ-વે એથી થોડી જ વધુ ગ્રેડ મેળવી શકે !); મુંબઈની દસકાપર્યન્ત રોજ લાખો લોકોને પોતાના ભીડભર્યા કંપાર્ટમેન્ટોમાં ઘસડી લઈ જતી 'સરફેસ' લોકલ ટ્રેનો; ટોકિયોમાં ઓફિસસમય સાથે 'રેસ' કરતાં તંગ ચહેરા ધરાવતા નાગરિકોને લઈ જતી બસો અને લોકલ ટ્રેનો; ભારતની વસતી અને રાજકારણની અરાજકતાના પ્રતીક જેવા લાઈનતોડ મુસાફરો એને ધક્કામુક્કી કરતાં બસપ્રવાસીઓ જે તે શહેરના એક મહત્ત્વના પાસાને (લંડન-બ્રુસેલ્સ, લંડન-પૅરિસ વચ્ચેની ઇંગ્લીશ ટનલ ચિત્રાત્મક રીતે સ્ફુરે છે. નીચેની સડસડાટ પણ ઝડપનો અણસાર પણ નહીં આપતી 'ચેનલ' કે યુરોકાર; તેમાં વધારાના આંતરરાજ્ય પ્રવાસીઓને માટે ટિકિટ અપાતી નહીં હોવાથી ભીડનો કોઈ પ્રશ્ન જ નહીં. તો પ્યોંગ્યાંગ, રોમ, ન્યૂ યૉર્ક, અમદાવાદ, દિલ્હી, કોલકાતામાં સબવે કે રસ્તા પર દોડતી, હાંફતી બસોમાં ફરતા મુસાફરને કદાચ આખા માર્ગ પર બેસવાની જગા પણ નહીં મળે. રોમની લાલ અને રાખોડી રંગની બસોની સખત પ્લાસ્ટિકની બેઠકો, વિયેનાની સખત પ્લાયવૂડની બેઠકો ધરાવતી અને શિયાળામાં બહારના ઠંડા પવનને આવવા દેતી ટ્રામો; તો લંડનની જૂના સમયની યાદ આપે તેવી ટોરોન્ટોની થોડા દસકા પહેલાં ચાલતી બંધ ટ્રામો તો લંડનની લાકડાના ફ્લોર પર ગાદીવાળી આરામદાયક બેઠકો ધરાવતી બસો; અમેરિકામાં સામાન્યતઃ જોવા નહીં મળે તે રીતે લંડનની બસોમાં કંડક્ટરને 'ફેર્સ પ્લીઝ' કહીને ટિકિટ આપતાં જોવા મળે.

અરે, કેટલાંક પ્રદેશોમાં તો પબ્લિક બસ થોડી ભરેલી હોય તો તેમાં બેસતી પ્રજા જે 'શારીરિક પ્રોટોકોલ' પ્રમાણે પોતાની સાથેના અલ્પકાલીન બસપ્રવાસીઓ સાથે પણ વર્તે છે, તે પણ નોંધી શકાય. દિલ્હી-અમદાવાદના અનુભવના વિરોધાભાસમાં, ન્યૂ યૉર્ક-વિયેનામાં બસ ઉતારું 'થોડી જગા કરી આપશો ?' એમ કહેતા પોતાની આંખમાં આકર્ષક ચમક લાવતા દેખાય. ઈંગ્લન્ડમાં રીઝર્વ કહેવાય તેવી નમ્રતાથી પ્રવાસીઓ આવી વિનંતી કરે. રોમમાં તો આધેડ વયની મહિલા પોતાના બજારૂ ખરીદીની સામગ્રી ભરેલી બાસ્કેટ કે થેલાથી આપણને હડસેલો મારીને સિટીબસમાંથી ઉતરવા ઉતાવળ કરશે - 'સોરી'નો હરફ બોલ્યા વિના !

અરે, કોઈ વાર જે તે શહેરોના કેટલાક વિસ્તારોની વસતીની લાક્ષણિક્તા પણ ત્યાંની બસમાં પ્રવેશતાં મુસાફરો સાથે ફેલાતી લાક્ષણિક વાસથી અનુભવી પ્રવાસીઓને પરખાઈ જાય છે ! મુંબઈના ઈસ્ટર્ન રેલવે કે બંદર લાઈનની લોકલ ટ્રેનોમાં માછલીની વાસ સહજ સ્વાભાવિક રીતે સ્વીકારાઈ ગઈ છે. બૉસ્ટન-બર્લિન-વિયેનામાં પ્રવાસીઓના લેધરજેકેટ; લંડનમાં ટ્યૂબમાં ફરતા મુસાફરોના ભીનાં કે ભેજીલા ગરમ ઓવરકોટ કે મુંબઈની બસ-ટ્રેનોમાં ચોમાસામાં પાણી નીતરતાં રેઈનકોટ સાથે ચડતો મુસાફર હૈયે હૈયું દળતી ભીડમાં કોઈ ટાઈવાળા સુઘડ વસ્ત્રધારી સાથે ઘસાઈને તેને ઉશ્કેરી મૂકતો પ્રવાસી; રોમ-બર્મિંગહામ-ચેન્નાઈ-અમદાવાદમાં વાહનોમાંથી ઓકાતાં ડીઝલના ધુમાડાની વાસ; પૅરિસ-લૉસ એન્જેલસ, કેનેડાના વિક્ટોરિયા (અને ખુદ સામ્યવાદી સોવિયેતસંઘના

સમયના મૉસ્કો)ના પોશ વિસ્તારમાં બસમાં ફરતાં કે આલીશાન સ્ટોર પાસેના ફૂટપાથ પર ફરતા નાગરિકો દ્વારા પ્રસરતી પર્ફ્યુમની તીવ્ર સુવાસ; દિલ્હીની ભૂરી, જૂની દેખાતી ધીમી રવાલથી દોડતી બસોના પ્રવાસીઓના પરસેવાની ગંધ; બર્લિનની નિયમિતતા અને ક્ષમતાલક્ષી આધુનિક પીળારંગી બસો; સિંગાપોરની આધારપાત્ર ઊંચી બેઠકોવાળી ને રસ્તા પરના નિયંત્રિત ટ્રાફિકને કારણે સડસડાટ ચાલી જતી બસો અને મહાનગરોની લોકલ ટ્રેનોમાં તથા વિશાળ એરપોર્ટની અંદરની ટ્રેનો (જેમકે આટલાન્ટા ઍરપાર્ટ કે લંડન હીથ્રો એરપોર્ટમાં) આગળ આવતા સ્ટોપની માહિતી ઇલેક્ટ્રોનિક સ્ક્રીન પર ફ્લેશ થાય તેમજ પહેલેથી રેકર્ડ કરેલી સૂચના સંભળાય તો ફિલોડલ્ફિયા-સીકેન વચ્ચે કે સિલીકોન વેલીની બાર્ટ ટ્રેન યા તો લંડનના કેટલીક ટ્રેનોમાં સ્પષ્ટ રીતે નહીં સંભળાય તેવી રીતે સૂચના આપતી વ્યવસ્થા - આ બધું જે તે પ્રદેશમાં પરિવહન વ્યવસ્થા શરૂ થઈ. તે પાછળના સુવિધાખ્યાલથી માંડીને જે તે સિસ્ટમ માટેના પ્રસારમાધ્યમ તરીકે જે અપેક્ષા અને સુધારણા વર્તાયાં છે, તે સાથે નાગરિક શિષ્ટાચાર જેવી બાબતોને સ્ફુટ કરી આપે છે.

અમેરિકાના પ્રમાણમાં યુરોપ સારું એવું મોંઘું છે. લુઝર્નમાં રાડો, રોલેક્ષ અને ઓમેગા સ્વીસ વોચની આલીશાન દુકાનોમાં અમને ખાસ ડીસ્કાઉન્ટ મળે તેવી એસોટીસીની વ્યવસ્થા હતી. તેવું જ ઇટલીમાં ચામડાની સુંદર ચીજો અને પૅરિસમાં પર્ફ્યૂમની મોટી દુકાને 'સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ' મળશે, એવી એની થોડું હિન્દી બોલતા ફ્રેન્ચ દુકાનવાળા સાથે સમજૂતી હતી, પણ અમેરિકામાં આ બધી જ ચીજો તેના મૂળ બનાવટના પ્રદેશો કરતાં સસ્તી મળે છે, એવું અમારી સાથે આવેલા વ્યવહારું ભારતીય અમેરિકનોએ બતાવ્યું. અને કોઈ મોટી ચીજ ભાગ્યે જ ખરીદી ! અમેરિકાના રસ્તા, જાહેર સ્થાનોની સ્વચ્છતાના પ્રમાણમાં બ્રુસેલ્સ અને ઇટલીના રોમમાં અને હાઈવે પર કેટલાક થોભવાના શોપિંગ સ્થળોએ અને પૅરિસમાં કાગળ, કેન વગેરે પડી રહેલાં દેખાય. અમેરિકામાં મોટા માર્ગો, રેસ્ટ રૂમો અને સ્ટેટ કે નેશનલ પાર્કમાં ટોઈલેટ ઇટલીના પ્રમાણમાં ઘણા વધારે સ્વચ્છ રહે છે. વળી અમેરિકામાં લગભગ ૫૫,૦૦૦ જાહેર સ્થળો પર પાણી પીવાની જે વ્યવસ્થા છે, તેમાં ૯૦ ટકા એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એજન્સીનાં ઉચ્ચ ધોરણો અનુસાર પીવાલાયક માલૂમ પડી છે. ઇટલી વિશે આમ કહી શકાય નહીં. ટૉઈલેટ અને પીવાના પાણીની વ્યાપક પ્રમાણમાં જે સુલભતા અમેરિકામાં અને સિંગાપોરમાં છે તે યુરોપ, જપાન, બ્રાઝિલ, રશિયામાં જોવા નથી મળી. ત્રીજા વિશ્વની તો મુદ્દે સુખદ નોંધ લઈ શકાય તેમ જ નથી.

'મેકવર્લ્ડ' બનવા સામે પ્રતિકાર : તે પ્રમાણમાં યુરોપની અપીલ સાંસ્કૃતિક વધુ છે. અમેરિકામાં બધું વિરાટ લાગે. ટેક્નોલૉજીની વધુ પડતી હાજરી સીધી રીતે વરતાય. બધું જ મોટું, વિરાટ અને 'સુપર' કે 'ગ્રેટ' પ્રયોગ સાથે જોડાયેલું. યુરોપમાં ઘરો માફકસરની સાઇઝના અને બહારના દેખાવમાં વધુ વૈવિધ્ય ધરાવતા લાગે. એનું સ્થાપત્ય આંજી નાખે તેવું નહિ લાગે પણ આંખને ઠારતું હોય તેવું લાગે. નવા બર્લિન જેવા અમદાવાદ સાથે ઘણા શહેરોનું સ્થાપત્ય નિરાંતે રચાયું હોય તેમ લાગે. ઓટોબાન, ટેલીપાસ અને શહેરોમાં મોટી કાર કરતાં નાની કાર ઘણી વધુ નજરે પડે. શહેરોના સ્ક્વેર (ચોક) લોકજીવનથી ભર્યા મોટા 'મોલ' તો લંડન, બર્લિન, રોમ, પૅરિસમાં હોય જ. પણ લાઇનબંધ દુકાનો અને ચોકની હાટડીઓમાં ઘરાકોની આવજા થતી દેખાય. નિજી ભાષા માટેનો તેમનો આગ્રહ અને પોતાના દેશના ચલણ માટે હજુ આગ્રહ ખબર પડી આવે. રશિયા, ભારત જેવો અમેરિકન ડૉલર માટેનો 'ક્રેઝ' નહિ. પોતાની આગવી ચીજો બ્રેડના પ્રકારો, 'મેન્યુ', મેકડોનાલ્ડસ, પીત્ઝા હટ, ડોમિનો પીત્સાના અને કોક જેવી ખાણીપીણીનાં સ્થળો ખરાં. પણ નિજી વાનગીઓ માટે ફ્રાન્ચ, જર્મન, સ્વીસ પ્રજાની વધુ વ્યાપક પસંદગી પશ્ચિમ યુરોપ, રશિયા કરતાં પણ કોકાકોલા નાઈઝેશન કે 'મેક વર્લ્ડ'નો પ્રતિકાર રજૂ કરે છે. પૅરિસમાં સીન નદીની ક્રુઝમાં પાછા વળીએ તે સ્થાને નાનું સ્ટેચ્યુ ઑફ લિબર્ટી નદીમાં જ ઊભું છે. પણ તે ન્યૂ યૉર્કના બેટરીપાર્કની ઊંચી પ્રતિમાની નાની આવૃત્તિ લાગે. પાછળ જ તેનાથી ખૂબ મોટો અને ઊંચો આઈફિલ ટાવર વધુ ઉપસી આવે. જર્મની-ફ્રાનસ અને સ્વીત્ઝર્લૅન્ડના લોકોની દૃષ્ટિએ કદાચ આ દશ્ય જોગાનુજોગ કરતાં વધુ સુસંગત લાગે છે ! (ક્રમશઃ)

ફિલ્માકાશ-૩૯

૧૯૩૮ની બૉમ્બે ટોકિઝની કેટલીક ફિલ્મો અને કેટલાક વિસ્મૃત કલાકારો

રજનીકુમાર પંડ્યા

પ્રભાત ફિલ્મકંપનીના અપવાદને બાદ કરતાં જોઈએ તો ન્યૂ થીએટર્સના નામ પછી તરત જ જેનું નામ યાદ આવે તે બૉમ્બે ટોકિઝ. આ નામ પણ મનમાં તરત જ ઝબકે તો એટલા માટે કે બંગાળની કલ્ચર જુદી અને મુંબઈની પણ જુદી. બંને જુદી ખરી પણ એકબીજાંની વિરોધી નહીં તેવી ધારામાં ફિલ્મો બનાવનારી ખમતીધર સક્ષમ સંસ્થાઓ, જેના પાયામાં ભણેલાગણેલા દૃષ્ટિવાન અને પ્રતિબદ્ધ (કમિટેડ) લોકોની પ્રતિભા પાયારૂપે રહી હતી. ગયા પ્રકરણમાં જેની વાત કરી તે પ્રભાત ફિલ્મ કંપની ભલે કોલ્હાપુર પૂનાની, પણ કલ્ચરની રીતે તે મરાઠી રંગવાળી છતાં મુંબઈ 'સ્કૂલ'ની જ ગણાય. જ્યારે બૉમ્બે ટોકિઝ એના સ્થાપક હિમાંશુ રાય, દેવિકારાણી, બંગાળી હોવા છતાં સંપૂર્ણપણે બૉમ્બેની પચરંગી સંસ્કૃતિનું જ પ્રતિનિધિત્વ કરે.

બૉમ્બે ટોકિઝની વાતો અલબત્ત ન્યૂ થીએટર્સની ફિલ્મોની જેમ વિગતે આલેખવાનો મારો ઉપક્રમ નથી પરંતુ તેમ છતાં સંક્ષેપમાં પણ તેનું વિવરણ જરૂરી લાગે છે. તેની ત્રણ ફિલ્મો ૧૯૩૮માં આવી : 'ભાભી', 'નિર્મળા' અને 'વચન'.

એ યાદ રાખવું જરૂરી છે કે ૧૯૩૬ અને ૧૯૩૭માં બૉમ્બે ટોકિઝે નિર્મિત કરેલી ચારેચાર ફિલ્મો ('અછૂતકન્યા', 'જન્મભૂમિ', 'ઇજ્જત' અને 'સાવિત્રી')માંથી કંઈક સફળ ગણાય તેવી ફિલ્મ માત્ર 'અછૂતકન્યા' હતી. પણ ભારે ગાજવા છતાં એનો બીઝનેસ ન્યૂ થીએટર્સ કે પ્રભાતની કોઈ ફિલ્મની બરોબરીનો નહોતો. આના કારણમાં મનમોહન ચઢ્ઢા જેવા ફિલ્મ વિવેચકો એમ જણાવે છે કે વર્ષો લગી ઈંગ્લન્ડમાં જીવન નિર્ગમન કરવાના



અમય ચક્રવર્તી

કારણે દેવિકારાણી અને હિમાંશુ રાય ઊગતી ભારતીય પ્રતિભાઓને પારખી શક્યાં નહોતાં. પ્રભાત ફિલ્મ્સના સાઉન્ડ ઇફેક્ટના મહારથી વિષ્ણુ ગોવિંદ દામલે જે શરૂઆતમાં સાવ શિખાઉ હતા તે કામના મહાવરાને કારણે એમાં એકદમ પારંગત બની ગયા હતા અને વીસેક જેટલી ફિલ્મોની શ્રેષ્ઠ સાઉન્ડ ઇફેક્ટસ્ માટે અવૉર્ડ્ઝ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. જ્યારે ન્યૂ થીએટર્સમાં તો નીતિન બોઝના ભાઈ મુકુલ બોઝ, લોકેન બોઝ અને સુબોધ મિત્ર માત્ર ત્રણ માસની વિદેશની તાલીમ પછી તેના નિષ્ણાત થઈ ગયા. ફિલ્મ-કૅમરામેનની વાત કરીએ તો ન્યૂ થીએટર્સ પાસે બિમલ રૉય, યુસુફ મુલજી અને દિલીપ ગુપ્તા જેવા છબીકારોની ફોજ હતી. જ્યારે એની સરખામણીમાં બૉમ્બે ટોકિઝ પાસે જર્મન કૅમરામેન જોસેફ વર્શિંગ પ્રારંભથી હતા તે છેક ૧૯૫૦ સુધી એના એ જ રહ્યા. આમ, દિગ્દર્શક તરીકે પણ ૧૯૩૯માં વિશ્વયુદ્ધના કારણે થયેલાં દેશનિકાલ સુધી ફ્રાંઝ ઑસ્ટીન જ દિગ્દર્શક રહ્યા. આમ, બૉમ્બે ટોકિઝ પાસે ભારતીય કહેવાય તેવી સમર્થ પ્રતિભાઓનો અભાવ રહ્યો. તેને કારણે તેમની ફિલ્મોમાં પૂરી ભારતીયતા નિપજાવી શકાઈ નહોતી તેવો એક મત છે.



'બંદે જીવન હૈ સંગ્રામ'ના ગાયક બલવન્તસિંગ અભિનેતા પણ હતા

આ બધીરતાને તોડવાનો કંઈક પ્રયાસ ૧૯૩૮ની આ ફિલ્મ 'ભાભી'થી થયો. શરદેન્દુ બૅનર્જીની સંવેદનાપૂર્ણ કથા આ ફિલ્મ માટે પસંદ કરવામાં આવી હતી, જે એક જાણીતા વાર્તાકાર હતા. પણ એથી ય વધુ જાણવાજોગ વાત એ કે આગળ જતાં જે અતિવિખ્યાત ચિત્રસર્જક બન્યા તે દિગ્દર્શક-નિર્માતા અમીય ચક્રવર્તીની પ્રથમ ફિલ્મ ભલે ૧૯૪૧ની 'અંજાન' ગણવામાં આવે, પણ તે દિગ્દર્શક તરીકે. બાકી ફિલ્મ-જગતમાં સક્રિય રીતે કારકિર્દી બનાવવાની કોઈ પણ જાતની મહત્ત્વાકાંક્ષા વગરના અને ૧૯૧૨માં રંગપુરમાં જન્મેલા અમીય ચક્રવર્તી તો બૉમ્બે ટોકિઝમાં માત્ર તેના વાર્તાકાર, દિગ્દર્શક નિરંજન પાલના પુત્રના બંગાળી શિખવનારા શિક્ષક તરીકે જતા-આવતા થયેલા. તેમની સાહિત્યિક સૂઝબૂઝ જોઈને તેમને 'ભાભી' ફિલ્મની પટકથામાં મદદનીશ તરીકે કામ કરવાનું કહેવામાં આવ્યું. એ ફિલ્મની શ્રેય નામાવલીમાં એમનું નામ પણ નહોતું. એ પછી ૧૯૪૦માં નજમ નકવીની ફિલ્મ 'પુનર્મિલન'માં પણ તેમણે પટકથાલેખક તરીકે કામ કરેલું. આગળ જતાં 'દાગ', 'પતિતા', 'સીમા', 'કઠપૂતલી' જેવી અનેક યાદગાર ફિલ્મો આપનારા

અમીય ચક્રવર્તી આમ અનાયાસે જ ફિલ્મસૃષ્ટિમાં આવી ગયા હતા. 'ભાભી' ફિલ્મની ચુસ્ત પટકથા કે જે તેની સફળતાનું મુખ્ય કારણ હતી તેમાં અમીય ચક્રવર્તીની પ્રતિભાની કમાલ હતી.

'ભાભી' ફિલ્મમાં રેણુકાદેવી અને પી.જયરાજની જોડી હતી. આ ઉપરાંત એમાં મીરાં, માયાદેવી, એમ. નઝીર, વી.એચ.દેસાઈ, પીઠાવાલા, પ્રતિમા જેવા કલાકારો હતાં. આગાજાની કાશ્મીરી જેવા નાટ્યગીત લેખકે તો લલિતા દેઉલકર જેવી ગાયિકાએ તેમાં ભૂમિકા ભજવી હતી. સંગીત ફરી એક વાર પારસીબાનુ સરસ્વતીદેવીનું હતું. (જેમના વિષેની જાણકારી અગાઉનાં પ્રકરણોમાં આવી ગઈ છે.) ગીતકાર જમુના સ્વરૂપ કશ્યપ 'નાતવાં' હતા કે જેમણે વર્ષો પછી 'નાઈન અવર્સ ટુ રામ'માં ગાંધીજીની ભજવેલી ભૂમિકા જોઈને નેહરુ બહુ ચિડાઈ ગયા હતા.

અગિયાર જેટલાં ગીતોવાળી આ ફિલ્મમાં મહદંશે સ્ત્રી-સ્વરનાં ગીતો જ હતાં. જેને મિસ મીરાં, રેણુકાદેવી કે સરોજ બોરકરે ગાયાં હતાં. એક નોંધપાત્ર વાત એ કે એકમાત્ર સોલો ગીત જે પુરુષ સ્વરમાં હતું તે આગળ ઉપર સંગીત દિગ્દર્શક તરીકે ચમકી ઊઠનારા એસ.એન.ત્રિપાઠીના સ્વરમાં હતું. તેના શબ્દો હતા 'નહીં દેખ બહેતર કિસીકો સતાના હૈ' હતા, જે ગીત સારી રીતે લોકજીભે ચડ્યું હતું. મિસ મીરાંના સ્વરમાં એક ગીત 'બન તિતલી, બન તિતલી' પણ પ્રખ્યાત થયું હતું. પણ આજલગી યાદગાર રહ્યું હોય તેવું કાલજયી એવું એક પણ ગીત એ ફિલ્મમાં નહોતું. હું જ્યારે ૧૯૯૪માં જયરાજને રૂબરૂ મળ્યો ત્યારે તેમણે બહુ ભાવવશ થઈને એ ફિલ્મનું એક ગીત વાસ્તવ જીવનમાં એક સ્ત્રી કલાકાર તેમના ઉપર મોહિત થઈને બહુ ગાતી હતી તેમ કહ્યું હતું પણ તે ગીત તે ક્યું ? તે તેઓ લાખ પ્રયત્ને પણ યાદ કરી શક્યા નહોતા. બનવાજોગ છે કે એ ગીત તે 'ફૂલ સજન તુમ, મન મેરો નિંવરા' હશે એમ એના શબ્દો પરથી અનુમાની શકાય છે. એ ગીત રેણુકાદેવીનું ગાયેલું હતું. એમની વાતો દરમિયાન વચ્ચે વચ્ચે મને સમજાતું હતું કે તેમની સ્મૃતિમાં એ સ્ત્રીનું નામ ફરી વાર ઝબકી ગયું છે. પણ તેઓની શાલિનતા તેમને એ નામ ઉચ્ચારતાં રોકતી હતી.

જયરાજ હતા જ એવા : ભદ્ર, સૌમ્ય, નિર્વ્યસની અને ઉચ્ચ ખાનદાની પરંપરાવાળા. તેમના વિષે એક આખી લેખમાળા થઈ શકે તેટલું સાહિત્ય મારી પાસે છે પણ તે અહીં અપ્રસ્તુત છે. બુલબુલે હિંદ તરીકે ઓળખાતાં સરોજિની નાયડુ તેનાં સગ્ગાં મામી થતાં હતાં. ૧૯૦૮ની સપ્ટેમ્બરની અઠ્ઠાવીસમીએ આંધ્રમાં જન્મેલા પડીપતિ જયરાજ (પી.જયરાજ) ઈંટર સાયન્સ ફર્સ્ટ ક્લાસમાં ઉત્તીર્ણ થયા પછી એન્જિનીઅર થવાના ખ્વાબ જોતા હતા. પણ આર્થિક સ્થિતિ એ માટે મંજૂરી આપે તેમ નહોતી. હૈદરાબાદ છોડીને ૧૯૨૯માં એ મુંબઈ આવ્યા અને મામા વરેરકર જેવા નાટ્યક્ષેત્રના દિગ્ગજની સલાહથી મૂગી ફિલ્મોમાં જોડાયા. પહેલી જે ફિલ્મ કરી તે હતી 'ઝગમગાતી જવાની' ઉર્ફે 'સ્પાર્કલિંગ યુથ' એમાં તેઓ સહાયક અભિનેતા હતા. હિરોઈન હતી રોશન આરા. એ જ સાલમાં બીજી મૂગી ફિલ્મ 'રસિલી રાની' ઉર્ફે 'ટ્રાયમ્ફ ઑફ લવ'માં તેઓ હિરો બન્યા, જેમાં હિરોઈન હતી માધુરી. આ માધુરી સાથે તેમની જોડી બની ગઈ. અગિયારમાંથી ચાર જેટલી મૂગી ફિલ્મોમાં તેમની જોડી માધુરી સાથે બની હતી. આટલી મૂક ફિલ્મોમાં કામ કર્યા પછી સવાક્ ફિલ્મોનો યુગ શરૂ થતાં એમણે પ્રથમ ભૂમિકા કરી ફિલ્મ 'શિકારી' (૧૯૩૨)માં. એમાં તેમનાં હિરોઈન હતાં સીતાદેવી. સંગીત હતું પ્રો. બી.આર.દેવધર નામના વિખ્યાત સંગીતશિક્ષકનું કે જેમની નીચે આગળ જતાં અનેક નામી સંગીતકારો પ્રશિક્ષણ પામ્યા હતા. હિરોઈન સીતાદેવીએ તો હિમાંશુ રાયની બહુચર્ચિત ફિલ્મ 'લાઈટ ઑફ એશિયા'માં કામ કર્યું હતું અને તેઓ જાણીતાં અભિનેત્રી હતાં. તે ગાવાનું પણ જાણતાં હતાં, પણ જયરાજને સંગીત પરત્વે નહોતી રુચિ કે નહોતું એમને ગાતાં આવડતું. તેથી કામ મેળવવામાં મુશ્કેલી પડતી હતી, કારણ કે ૧૯૩૨ની સાલમાં હજી પ્લેબૅક સિસ્ટમની શોધ થઈ નહોતી. તેમના મિત્ર મનોહર દિક્ષીતે એમને સંગીતની તાલીમ લેવાની સલાહ આપી અને તેમણે એનો અમલ પણ કર્યો. પણ જન્મજાત 'અરુચિ'ને કારણે તેમાં સફળ થયા નહીં. જો કે તેમણે જિંદગીનું એકમાત્ર ગીત ફિલ્મ 'પતિત પાવન'માં ગાયું હતું, જેના શબ્દો હતા : 'પ્રેમમગન સખી, લગ ન હૃદયસે' (એમાં તેમની ઈંદ્રની ભૂમિકા હતી). આ ગીત તેમની કારકિર્દીનું પહેલું અને છેલ્લું ગીત રહ્યું, જે ફિલ્મમાંથી પાછળથી રદ થયું છે. સૌરાષ્ટ્રના વઢવાણ શહેરની નદી ભોગાવોના પટમાંથી પોતાની ફિલ્મ કારકિર્દીનું પ્રથમ શૂટિંગ (ફિલ્મ રસીલી રાણી) આરંભનારા જયરાજ ઈંદુલાલ યાજ્ઞિક જેવા ગુજરાતી પ્રોડ્યૂસરોને હંમેશાં ઋણભાવે સ્મરતા હતા. એમણે અનેક સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, પોશાક, ફૅન્ટસી ફિલ્મોમાં હિરો અને પાછળથી ચરિત્ર અભિનેતા તરીકે કામ કર્યું. ઘણા ઓછાને ખબર હશે કે ૧૯૪૧ની પ્રકાશ પિક્ચર્સની 'માલા' ફિલ્મનું દિગ્દર્શન કરવા ઉપરાંત બૉમ્બે ટોકિઝની દિલીપકુમારની બીજી ફિલ્મ (હીરો તરીકેની પહેલી ફિલ્મ) 'પ્રતિમા'નું દિગ્દર્શન પણ કર્યું હતું. તેમણે પોતે ૧૯૫૧માં સાગર નામની ફિલ્મ બનાવી. તેમના પુત્ર દિલીપરાજે પણ એક ફિલ્મ 'શહેર ઔર સપના'

(કે.એ.અબ્બાસની વાર્તા દિગ્દર્શન સાલ ૧૯૬૩)માં કામ કર્યું હતું. ચરિત્ર અભિનેતા તરીકે કામ કરતાં કરતાં તેમણે સ્ટેજમેનેજમેન્ટ એટલે કે કોમ્પીઅરિંગની અંદર પણ નિપુણતા મેળવી હતી. ફિલ્મફેર અવૉર્ડ ફંક્શન ઉપરાંત અનેક ધર્માદાના જાહેર કાર્યક્રમોમાં તેઓ અત્યંત કુશળતાથી સંચાલન કરતા દેખાતા. તેમને જ્યારે વારંવાર મળવાનું બનતું ત્યારે તેઓ પોતે 'નાઈન અવર્સ ટુ રામ' નામની ગાંધીજી ઉપર આધારિત ફિલ્મમાં પોતે ભજવેલી જી.ડી.બિરલાની ભૂમિકાને ગૌરવથી યાદ કરતા.


૧૯૮૦માં જયરાજને દાદાસાહેબ ફાળકે અવૉર્ડથી સન્માનિત કરેલા અને તે પછી પણ તેઓ અનેક રીતે ફિલ્મોદ્યોગમાં વ્યસ્ત રહેલા. 'ટીપુ સુલતાન' નામની ટી.વી. સીરિઅલમાં પણ તેમણે કામ કરેલું. મળતા ત્યારે તેઓ હંમેશાં કહેતા આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં સૌથી વયોવૃદ્ધ અભિનેતા તેમના કરતાં એકમાત્ર કે.એન.સિંગ જ છે, જે જયરાજ કરતા અઢાર દિવસ મોટા હતા. (હવે એ બંને અવસાન પામ્યા છે.) તેમનો બહુ પ્રેમપૂર્વકનો આગ્રહ મને તેમને ત્યાં એક મહિનો રોકીને 'હિન્દુસ્તાની ફિલ્મ જગત' નામનું ઈતિહાસ પુસ્તક સ્વાનુભવો અને સ્મૃતિની રોશનીમાં લખાવવાનો હતો પણ તે શક્ય બને તે પહેલાં જ તેઓ ૨૦૦૦ની અગિયારમી ઑગસ્ટે અવસાન પામ્યા. તેમના વિષે અને બીજા અનેક વિસરાયેલા ફિલ્મકલાકારો વિષે વિસ્તૃત માહિતી રન્નાદે પ્રકાશન, જૈન દેરાસર સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ દ્વારા પ્રકાશિત અને પ્રખર ફિલ્મ ઈતિહાસકાર શ્રી હરીશ રઘુવંશી દ્વારા લિખિત માત્ર રૂપિયા ૯૨ની કિંમતના પુસ્તક 'ઈન્હે ના ભૂલાના' (ગુજરાતી)માં મળી આવશે.

આપણે જે ફિલ્મ 'ભાભી'ની વાત કરતા હતા તેમાં હિરોઈન રેણુકાદેવી હતા. જેમનું મૂળ નામ બેગમ ખુરશીદ મિર્ઝા હતું તેમ શ્રી હરીશ રઘુવંશી નોંધે છે. આ ફિલ્મ બહુ સફળ રહી. કલકત્તામાં તો એંસી અઠવાડિયાં ચાલી હતી. આ જ ફિલ્મથી જયરાજ 'સ્ટાર' તરીકે ઓળખાવા માંડ્યા. બૉમ્બે ટૉકિઝની ૧૯૩૮માં આવેલી બીજી ફિલ્મ તે 'નિર્મલા'. વાસુદેવની વાર્તા અને પટકથા ધરાવતી આ ફિલ્મના સંવાદો અને ગીત ફરી વાર જમુનાપ્રસાદ કશ્યપ 'નાતવાં'ના હતા. પાત્રોમાં અશોકકુમાર અને દેવિકારાણી ઉપરાંત માયાદેવી, કામતાપ્રસાદ, મુમતાઝઅલી, પી.એફ.પીઠાવાલા, એમ.નઝીર, સરોજ બોરકર, પી.આર.જોશી અને તારાબાઈ સોલંકી હતાં. સંગીત સરસ્વતીદેવીનું હતું અને ગીતો દેવિકારાણીનાં એકલ પણ ત્રણેક જેટલાં. અશોકકુમાર સાથે દ્વંદ્વ બે હતાં અને બીજાં પણ મુખ્યત્વે દેવિકારાણી સાથે બીજાએ ગાયેલાં હતાં. આ બધામાં એક ગીત જે દેશભરમાં વિખ્યાત થઈને લોકજીભે ચડ્યું હતું તે બલવન્તસિંગનું ગાયેલું હતું - 'બંદે જીવન હૈ સંગ્રામ.' બે ભાગના આ ગીતના પહેલા ભાગના શબ્દો હતા : 'જનમ લીયા તો જી લે બંદે ડરને કા ક્યા કામ' તો બીજીમાં 'દુ:ખસુખકા હૈ નિતકા નાતા, ઈક જાતા, ઈક આતા' એવા શબ્દો હતા. બંનેની ધ્રુવપંક્તિ 'બંદે જીવન હૈ સંગ્રામ' પ્રેરક પંક્તિ તરીકે આખા દેશમાં ગવાતી થઈ ગઈ. એના પહેલા ભાગના ગાયક હતા બલવંતસિંહ અને બીજા ભાગમાં અરુણકુમાર સાથે મીરાં અને દેવિકારાણીના સ્ત્રીસ્વરો હતા.

આ સિવાય બીજાં કોઈ ગીતો ખાસ પ્રખ્યાત થયાં નહોતાં. વાર્તા આમ તો નિરંજન પાલની હતી, છતાં એમાં 'વાસુદેવ' નામ આપવામાં આવ્યું હતું. હકીકતે તે એક સ્ટેજડ્રામા નામે 'ડિવોર્સ'ની કથા ઉપર આધારિત હતી. (ક્રમશ:)

[નોંધ : બલવંતસિંગ જન્મ્યા ૧૯૧૮માં. હિમાલય પ્રદેશમાં લગ્ન કર્યાં ગુજરાતના પાલનપુરના રાજવી પરિવારમાં. પછી અમદાવાદમાં સ્થાયી થયા અને પછી પંજાબમાં એમનું અવસાન થયું.]

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર, ૩જી મે ૧૯૪૪
પ્રિયતમ કિટી,

પહેલાં સાપ્તાહિક સમાચાર ! રાજકારણમાંથી અમને થોડી વિશ્રાંતિ મળી છે; કારણ કે એ વિષયમાં કોઈ કરતાં કોઈ સમાચાર નથી. હવે ધીરે ધીરે મને પણ એવું લાગવા માંડ્યું છે કે ચડાઈ થશે. ગમે તે થાય પણ એ લોકો બધાં જ કામનો જશ રશિયા જ ખાટી જાય એવું તો નહિ જ થવા દે. અને હકીકતમાં તો આજની ઘડીએ રશિયનો પણ કાંઈ જ કરતા નથી.

હવેથી રોજ સવારના શ્રી ક્લાઈમન ઑફિસે આવવા માંડ્યા છે. પીટરના દીવાન માટે એ નવી સ્પ્રિંગો લઈ આવ્યા છે અને એનો અર્થ થયો કે પીટરે હવે દીવાનને સમારવો પડશે, જે કરવાનું હાલ એને જરાય મન નથી. એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. શ્રી ક્લાઈમન બિલાડીની જીવાત માટેનો પણ પાઉડર લઈ આવ્યા છે.

મેં તને કહ્યું કે અમારી બોશ ગાયબ થઈ ગઈ છે ? ગયા ગુરુવારથી અમે એને જોઈ જ નથી. શક્યતા છે કે કોઈ પ્રાણીપ્રેમીની સ્વાદિષ્ટ વાનગી બનીને હવે બિલ્લી-સ્વર્ગની વાસી બની ગઈ હશે ને કદાચ કોઈ એક ધનિક કન્યા એના ફરની ટોપી પહેરતી હશે. પીટર ઘણો દુઃખી છે.

ગયાં બે અઠવાડિયાંથી અમે શનિવારે બપોરે અગિયાર વાગે જમવાનું બંધ કરી દીધું છે. એને બદલે સવારે અમે એક કપ પોરીજથી ચલાવી લઈએ છીએ. આવતી કાલથી આ અમારો રોજનો ક્રમ બની જશે. આમ કરવાથી એક વારના જમણની બચત થાય છે. શાકભાજીની હજી પણ અછત છે. આજે બપોરે અમે સડેલું બાફેલું લેટ્યૂસ જમ્યાં. સાદું લેટ્યૂસ, પાલક અને બાફેલું લેટ્યૂસ એટલાં જ શાક ઉપલબ્ધ છે. એમાં વળી ઉમેરો સડેલાં બટેટાં એટલે થયું બાદશાહી ભોજન તૈયાર !

તું તો સમજી શકીશ કે હતાશામાં અમને ઘણી વાર પ્રશ્ન થઈ આવે છે કે આ યુદ્ધ શા માટે ? લોકો કેમ શાંતિથી સંપીને જીવી શકતાં નથી ? આ વિનાશ શા કાજે ?

પ્રશ્નો તો સમજાય છે પણ હજી સુધી એના સમાધાનકારક ઉત્તર મળ્યા નથી. શા માટે ઈંગ્લન્ડ એક તરફ મોટાં ને મોટાં વિમાનો અને બૉમ્બનું ઉત્પાદન કરે છે તો બીજી તરફ પુનર્વસન માટે મકાનો ચણે છે ? શા માટે લાખો નાણાં યુદ્ધ પાછળ ખર્ચાય છે જ્યારે વૈદકીય સંશોધન, કલા કે ગરીબો માટે એક પાઈ પણ ઉપલબ્ધ નથી ? એવું શું કામ કે એક તરફ ભૂખમરો છે તો બીજી બાજુ અનાજના ઢગલે ઢગલા સડે ? અરે રામ, માણસો આટલાં ગાંડાં કેમ છે ?

હું નથી માનતી કે યુદ્ધ ફક્ત રાજકારણીઓ અને મૂડીવાદીઓનું જ કામ છે. ના રે ના, સામાન્ય માણસ પણ આને માટે પૂરેપૂરો જવાબદાર છે. નહિતર વર્ષો પહેલાં જ આની સામે બળવો ન કર્યો હોત ! લોકોમાં એક વિનાશવૃત્તિ છુપાયેલી છે, ગુસ્સે થવાની વૃત્તિ, ખૂન કરવાની, મારી નાખવાની વૃત્તિ છુપાયેલી છે અને એટલે જ્યાં સુધી આખી માનવજાત ચમત્કારિક પરિવર્તન ન પામે ત્યાં સુધી યુદ્ધો ખેલાતાં જ રહેશે. અને મહેનતથી ઊભી કરેલી વિકસાવેલી આ સંસ્કૃતિનો વિનાશ થતો રહેશે, માત્ર ફરીને નવેસરથી વિકસાવવા માટે !

નિરાશા મને ઘણી વાર ઘેરી વળે છે પણ હજી સુધી મેં મારી જાતને અસહાય પામી નથી. અમારા આ ભૂગર્ભમાં વીતતા કાળને હું એક રસિક સાહસની દૃષ્ટિએ નિહાળું છું, જેમાં ભય છે, રોમાંચ છે અને એમાં અનુભવવા મળતી દરેક પ્રકારની અછતને હું મારી રોજનીશીના એક રસિક પ્રકરણ તરીકે જોઉં છું. મેં તો નક્કી કર્યું છે કે મોટા થઈને મારે બાકી છોકરીઓની જેમ કેવળ એક ગૃહિણી બનીને નથી જીવવું પણ એક વેગળી જ જિંદગી જીવવી છે. અહીંના મારા અનુભવો એક રસિક જિંદગીની શરૂઆત છે. અને એ જ કારણે હું અહીંની ભયંકર ક્ષણોની પણ હળવી રમૂજી બાજુ જોઈને એની ઉપર હસી શકું છું.

ઉંમર હજી નાની છે, અને મારામાં અનેક ગુણો છુપાયેલા છે. તરુણ છું, તંદુરસ્ત છું અને એક મોટા સાહસમાંથી પસાર થઈ રહી છું. સાહસના મધદરિયે ઊભી છું. ફરિયાદની ઝડી વરસાવવાનો અર્થ નથી, કારણ કે તો પછી એમ તો અહીં કોઈ જાતની મજા માણવી જ શક્ય નથી ! ઈશ્વરકૃપાથી મને ઘણુંબધું મળ્યું છે, જેમ કે ખુશનુમા સ્વભાવ, આનંદી વ્યક્તિત્વ અને શક્તિ. રોજરોજ હું મારી જાતને પુષ્પ બનતી અનુભવું છું, મુક્તિને નજીક ને નજીક આવતી અનુભવું છું પ્રાકૃતિક સૌંદર્યને અને મારી પર વર્ષતી બીજાંની સારપને. રોજરોજ મને થઈ આવે છે કે કેટલું રોમાંચક છે આ સાહસ ! આમ હોય તો નિઃસહાય શું કામ બનું ?

લિ. ઍન. મે. ફ્રેંક (ક્રમશઃ)

લઘુકથા

ગાંડા માણસો - ૭

બહાદુરભાઈ જ. વાંક

સુશીલ-ગુણિયલ પત્ની, સંસ્કારી બાળકો, અધિકારી તરીકેની સારા પગારની નોકરી, ઘરનો બંગલો-રાચરચીલું આમ, સર્વ વાતે સુખી એવા ગાંડાલાલને ફક્ત એક જ વાતનું દુઃખ હતું. પોતાના નામનું ! મા-બાપે લાડકોડમાં પાડેલું પોતાનું નામ ગાંડાલાલ એને જરાયે પસંદ નહોતું. કોણ જાણે બીજાના મોંએથી આ નામ સાંભળતાંની સાથે જ તેઓ એકદમ બેચેન- અસ્વસ્થ બની જતાં. એટલે જ તો કોર્ટમાં ઍફિડેવિટ કરાવીને કાનૂની રીતે પોતાનું નામ ગાંડાલાલમાંથી ગજેન્દ્રકુમાર તરીકે બદલાવી નાખ્યું હતું. છતાં લોકોએ તો તેમને ગાંડાલાલ તરીકે જ સંબોધન કરવાનું ચાલું રાખ્યું હતું. તેઓ બીજાના મગજમાંથી પોતાના 'ગાંડાલાલ' નામને સાવ ભૂંસી નાખવા માગતા હતા, ને મિત્રો-કુટુંબીઓ પ્રયત્ન કરવા છતાંય પોતાના હોઠ ઉપરથી આ નામને ભૂલી શક્યાં નહોતાં. બસ આ જ ગાંડાલાલ ઉર્ફે ગજેન્દ્રકુમારનો તીવ્ર વિષાદયોગ બની ગયો હતો ! નોકરીના સમયને બાદ કરતાં ભાગ્યે જ તેઓ કોઈ સાથે વાત કરવાનું પસંદ કરતા. વાત કરે તો બીજાના મોંએથી 'ગાંડાલાલ' નામનું સંબોધન સાંભળવા મળેને ?!

પોતાના નામ પરત્વેની આટલી ઊબ જોઈને કુટુંબનાં વડીલો-સગાંસંબંધીઓ ગાંડાલાલને સમજાવવાં રહેતાં : 'એક-માત્ર તારા નામથી તું આટલો બધો દુઃખી દુઃખી કેમ થઈ જાય છે એ જ અમને તો સમજાતું નથી. કોઈ ગાંડાલાલ કહે કે ગજેન્દ્રકુમાર કહે એથી શો ફેર પડવાનો હતો ? તું તો 'તું' જ રહેવાનો છે ને ?!'

જરા ઉશ્કેરાઈ જઈને ગાંડાલાલ બધાંને સામો પ્રશ્ન કરતાં : 'શું હું હું જ રહી ગયો હોઉં એવું હજુ પણ તમને બધાંને લાગે છે ?'

તેમનો વિચિત્ર પ્રશ્ન સાંભળીને કુટુંબનાં વડીલો તેમનો જરા ઉધડો લઈ લેતાં કહેતાં : 'ગાંડાલાલના નામનું ભૂત તને જેટલું ધુણાવે છે, એથી વિશેષ તો એ અમને ધુણાવે છે ?!'

ગાંડાલાલને હવે પોતાની સામે જ બીજા સેંકડો ગાંડાલાલોએ જાણે મોરચો માંડ્યો હોય તેવી જ પ્રતીતિ થવા માંડી હતી.

એક રાત્રિના વહેલી સવારે ગાંડાલાલને એક સપનું આવ્યું : 'કુટુંબનાં બધાં જ સગાં-સંબંધીઓ ભેગાં થઈને ધગધગતા સળિયાથી તેમના કપાળ ઉપર તેમનું જ નામ કોતરી કાઢે છે - 'ગાંડાલાલ !' ને તેઓ સફાળા ઊંઘમાંથી ઝબકી ગયા. કપાળ ઉપર હાથ ફેરવ્યો તો ખરેખર કપાળ લોહીલુહાણ થઈ ગયું હોય એવો તેમને ભાસ થયો.

બસ પછી તો જાણે તેમણે ઉદાસીનો બુરખો પહેરી લીધો હોય એમ ભાગ્યે જ ઘરબહાર નીકળવાનું પસંદ કરે. કોઈ કામમાં ચિત્ત ચોંટે નહીં; ક્યાંય પણ ગમે નહીં. તેમને માટે ખરી વિડંબના તો આ હતી - ભૂખ લાગે તો પણ કોળિયો ગળે ઉતારી શકે નહીં, ને તરસ લાગે તો પાણી પી શકે નહીં !

પત્ની-બાળકો બહારગામ ગયાં હોઈ આજે ગાંડાલાલ ઘરમાં એકલા જ હતા. સમય પસાર કરવા તેમણે ટી.વી. ચાલુ કર્યું. એક પછી એક સાઠેક ચૅનલો ફેરવી નાખી, પણ એક પણ ચૅનલ જોવામાં તેમને રસ જ પડ્યો નહીં. પછી ગુરુ બજુવા અને અન્ય ધર્મગુરુઓનાં વ્યાખ્યાનોની કસેટો સાંભળવી શરૂ કરી. એ સાંભળવામાં પણ તેમને રસ પડ્યો નહીં. ધર્મગુરુઓના ખોખલા શબ્દો સાંભળીને આક્રોશથી તેમનું ચિત્ત સળગી ઊઠ્યું. આ કહેવાતા ધર્મગુરુઓએ અને બૌદ્ધિકોએ જ ઉપદેશ આપીઆપીને પ્રજાની સંવેદનશીલતાને જ જાણે સાવ ખતમ કરી નાખી છે. બધાં જ સ્થાપિત મૂલ્યોને છિન્નભિન્ન કરી નાખવાનું, તેને સળગાવી નાખવાનું તેમને મન થઈ આવ્યું. પણ હવે તેમને પોતાનામાં જ ક્યાં વિશ્વાસ રહ્યો હતો ? એક માત્ર નામે તેમનું બધું જ..

મન એકદમ દ્રષ્ટા થઈ જતાં તેમને ચા પીવાની ઇચ્છા થઈ આવી. જોયું તો ગૅસનો બાટલો ખલાસ થઈ ગયો હતો. એટલે શોધીને પ્રાઈમસ પેટાવવા પ્રયત્ન કર્યો. પણ પ્રાઈમસમાં કેરોસીન જ ક્યાં હતું ? કેરોસીનનું ડબલું શોધી, તેમાંથી પ્રાઈમસમાં કેરોસીન પૂરવાનું શરૂ કર્યું. પણ કેરોસીન પ્રાઈમસમાં જવાને બદલે જમીન ઉપર ઢોળાઈ રહ્યું હતું એનો તો એને ખયાલ જ ન રહ્યો. ને પાટોડું ભરાઈ ગયું હતું, લાદી ઉપર કોઈ પશુના આકારની જેમ ચીતરાઈ ગયેલા કેરોસીનના પાટોડામાં તેમણે પોતનો ચહેરો જોવા પ્રયત્ન કર્યો. પછી તેને શું સૂઝ્યું તે દીવાસળી પેટાવીને કેરોસીનના પાટોડા પર ઘા કર્યો... ને ભડ ભડ કરતી આગ ભભૂકી ઊઠી. એક બાજુ ખસી જઈને આગની ગરમીથી કપાળ ઉપરથી નીતરી રહેલા પરસેવાને તે રૂમાલથી લૂછવા લાગ્યો. કપાળ ઉપર કોતરાઈ ગયેલા પોતાના નામને જાણે કેમ ન કાઢી નાખવા માગતો હોય !

આગમાંથી નીકળતા ધુમાડાને જોઈને તરત જ પડોશીઓ ગાંડાલાલના બંગલામાં ધસી આવ્યાં. એક બાજુ સૂનમૂન બનીને ઊભા રહી ગયેલા ગાંડાલાલને કોઈકે પૂછ્યું : 'કેમ કરતાંકને આગ લાગી ?'

'લાદી ઉપર ઢોળાયેલા કેરોસીનમાં મેં જ સળગતી દીવાસળી મૂકી દીધી.'

'તમે ? શું તમે પોતે આગ લગાડી ? આમ આગ લગાડવાનું કંઈ કારણ ?' ગાંડાલાલને ઘણોબધો આક્રોશ વ્યક્ત કરવો હતો; પણ તેમણે ટૂંકો જવાબ આપી દીધો : 'શું કરું ? મને કંટાળો આવતો હતો.'

આગ ઠારવાનો પ્રયત્ન કરતાં એક માણસે ગાંડાલાલનો ઉધડો લઈ લીધો : 'તમારું ફટકી તો નથી ગયું ને ? તમે ગાંડા તો નથી થઈ ગયા ને ?'

ગાંડાલાલે કંઈ જ જવાબ આપ્યો નહીં. ફરી પાછો ગાડાંલાલને આ જ પ્રશ્ન... પણ ગાંડાલાલ શું જવાબ આપે ? ગાંડાલાલમાંથી 'ગાંડાલાલ' જ ક્યાંક ખોવાઈ ગયા હતા !

કલ્પસર

(ગુજરાતની બીજી હરણફાળ)

પ્રો. આર. વાય. ગુપ્તે

સરદાર સરોવર નર્મદા નિગમ પ્રકલ્પના સફળ સંચાલન બાદ ગુજરાત બીજી મોટી હરણફાળ ભરવા કટીબદ્ધ થયું છે, અને તે છે 'કલ્પસર' યોજના. કલ્પસર યોજના ખૂબ મહત્ત્વાકાંક્ષી અને સાહસી આયોજન છે. ગુજરાત અને ભારતના ઈજનેરો અને તજ્જ્ઞોએ નર્મદા યોજના પાર પાડવામાં જે કુનેહ અને ચાતુર્ય દાખવ્યું છે તેનાથી દુનિયાના દેશો દંગ થઈ ગયા છે. આ 'યશ' અને 'આનંદ'થી પ્રેરાઈને હવે ગુજરાત 'કલ્પસર'ના મહાપ્રકલ્પનું આયોજન કરી રહ્યું છે. કલ્પસરની આજુબાજુની નદીઓના મુખપ્રદેશોને વિશાળ આડો બંધ બાંધી એક સરોવરમાં ફેરવવાનું આયોજન છે. ગુજરાતની વિવિધ મનોકામના આનાથી સંતોષાશે, માટે જ તેને 'કલ્પસર' નામ આપવામાં આવ્યું છે.

દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની વચ્ચે જે સમુદ્રનો ફાંટો ઉત્તરમાં ખંભાત સુધી લંબાએલો છે તે ખંભાતના અખાત તરીકે ઓળખાય છે. તે પૈકીનો ભાવનગર અને ભરૂચથી ઉત્તર તરફનો ખંભાત સાથે મળીને જે ત્રિકોણ બને છે, તે આખો હજારો ચોરસ કિલોમીટરનો જળપ્રદેશ છીછરો અને કાદવિયો છે. આ ત્રિકોણમાં નર્મદા, ઢાઢર, મહી, સાબરમતી, લીમડી ભોગાવો, સૂકી ભાદર વગેરે નાની મોટી ૧૨ નદીઓનાં નીર ઠલવાય છે. અખાતમાં ઠલવાઈને વ્યય થતાં આ મીઠાં પાણીના સ્રોતના સદુપયોગ માટે જ કલ્પસર યોજના વિચારવામાં આવી છે.

કલ્પસરના આયોજનની રૂપરેખા : કલ્પસર પ્રકલ્પ એ માત્ર સરોવરના આયોજન પૂરતો મર્યાદિત નથી. ખાડી પૂરીને, જમીન નવસાધ્ય કરી વધતી જતી વસ્તીને રહેઠાણો બાંધી આપવા પૂરતી આ યોજના નથી. આમ છતાં તેમાં અનેક માનવ કલ્યાણકારી તેમજ પર્યાવરણલક્ષી યોજનાઓનો સમાવેશ થાય છે. આયોજિત યોજનાનુસાર આ અખાત ઉપર ઘોઘાથી દહેજ-હાંસોટ સુધીનો એક મોટો બંધ બાંધી તેની ઉપરથી રેલવે માર્ગ અને વાહન-વ્યવહાર માટેની સડક બાંધવામાં આવનાર છે. આ વાહન વ્યવહારને કારણે ભાવનગર-મુંબઈ વચ્ચેનું અંતર ૨૨૫ કિ.મી. જેટલું ઘટી જશે. આ બંધમાં નીચેથી પાણી છોડવા માટે નિયંત્રિત દરવાજા રાખવામાં આવશે.

ચોમાસામાં નર્મદા, મહી અને સાબરમતીનાં પાણી વિપુલ પ્રમાણમાં આ બંધિયાર અખાતમાં ઠલવાશે. આ સ્થળે કલ્પસરનું મુખ્ય મીઠાંપાણીનું અજસ્ર સરોવર તૈયાર થશે. શરૂઆતમાં પાંચ વર્ષ આ જળાશયમાં મીઠું અને ખારું પાણી મિશ્ર થશે પણ ધીમે ધીમે ખારાં પાણીની માત્રા ઓછી થતાં પૂર્ણ સરોવર મીઠાં પાણીનું બની જશે. સાથે સાથે સરોવરની આસપાસની ખારાપાટવાળી જમીનમાંથી પણ ખારાશ ક્રમે ક્રમે દૂર થશે. જમીન ઉપરની આ ખારાશ દૂર થતાં લાખો હેક્ટર જમીન નવસાધ્ય બની ખેતી અને અન્ય ઉત્પાદનશીલ ઉપયોગમાં લેવાશે. આ જળાશય (કલ્પસર)નું પાણી દક્ષિણ સૌરાષ્ટ્રનાં દૂર દૂરનાં સ્થળોએ, જ્યાં નર્મદા-કેનાલનું પાણી જવાનું નથી, ત્યાં ખેતી, સિંચાઈ કે ઉદ્યોગ ધંધા-અર્થે પૂરું પાડવામાં આવશે.

કલ્પસર અને મત્સ્યોદ્યોગ : હાલમાં ખંભાતના છીછરા અખાતમાં મત્સ્ય-ઉદ્યોગ નહીંવત્ છે. મહી અને નર્મદાના મુખ પ્રદેશો બાદ કરતાં બાકીના ભાગના જળપ્રદેશોમાંથી જિંગા, કરચલાં ઠીક પ્રમાણમાં મળી આવે છે. પરંતુ માછલીનું ઉત્પાદન નજીવું છે. કલ્પસરના આયોજનમાં મીઠાં પાણીના સરોવર ઉપરાંત સૌરાષ્ટ્રના કાંઠા તરફ ખારાં પાણીનાં જળાશયો અને ખુલ્લા સાગર સાથેના અવરજવરના માર્ગ ખુલ્લા રાખવામાં આવનાર છે. આમ, કલ્પસર પ્રકલ્પમાં મીઠાં પાણીની માછલીઓ, ખારાં પાણીની માછલીઓ, જિંગા, કરચલાં અને અન્ય દરિયાઈ જીવોના વિશાળ પાયે ઉત્પાદન લેવાનું આયોજન છે.

કલ્પસર અને જમીન નવસાધીકરણ : કલ્પસરના આયોજનમાં અખાતનો પૂર્વ-ઉત્તર ભાગ કે જેમાં નર્મદા, ઢાઢર, મહી અને સાબરમતીનાં જળ ઠાલવવામાં આવનાર છે તે ખરેખર કલ્પસરનું મુખ્ય શરીર બનશે. જ્યારે અખાતના પશ્ચિમ કિનારે (સૌરાષ્ટ્રના બાજુ) કે જ્યાં નદીઓ નાની અને જૂજ પ્રમાણમાં પાણી પૂરું પાડવાની ક્ષમતા ધરાવે છે, તે ભાગ ખારાં પાણીનું સરોવર બનશે. આ ખારાં પાણીનું સરોવર દક્ષિણમાં અખાતી પાણી સાથે એકાકાર બનશે. આ ખારાં પાણીનાં જળાશય - પ્રદેશમાં સામુદ્રિક બંદરો વિકસાવવામાં આવનાર છે. ઘોઘા અને ધોલેરા જેવાં સામુદ્રિક બંદરો વિકસતા ભાલ પ્રદેશમાં ઘણા ઉદ્યોગો ખીલશે. ઉપરાંત અત્યારના કાદવિયા મુખ પ્રદેશોને નવસાધ્ય કરી ખારી જમીનને સ્થાને ખેતીને યોગ્ય ફળદ્રુપ જમીન તૈયાર થશે. આમ, લગભગ દસ લાખ હેક્ટર જેટલી ખેતીલાયક જમીન નવસાધ્ય થશે.

આ નવસાધ્ય જમીન ઉપર ખેતીપાકો, ફૂલઝાડ, બાગાયતી-વૃક્ષ-ઉછેર, તેમજ અન્ય અભિયાનો હાથ ધરાશે. હાલના ખેડા જિલ્લાના ચરોતર (ચારૂતર)નો ફળદ્રુપ પ્રદેશ ખંભાતથી આગળ નવસાધ્ય સમુદ્રના કાદવિયા વિસ્તારમાં લંબાશે. તેવી જ રીતે સૌરાષ્ટ્રના કાંઠા તરફ હાલનો ભાલ પ્રદેશ ઘોઘા-ધોલેરા સુધી લંબાશે. ટૂંકમાં, અત્યારની નિર્જીવ અને બિન-ઉત્પાદનશીલ સમુદ્રપટ્ટી (ખાડીનો કિનારો) વિશાળ - ખેતીલાયક પ્રદેશોમાં રૂપાંતર થશે.

મીઠાં પાણીના સરોવરમાંથી અમદાવાદ જિલ્લાના ભાલ પ્રદેશમાં, ભાવનગર જિલ્લાના દૂર દૂરના ભાગોમાં, તેમજ અમરેલી અને જૂનાગઢ જિલ્લાના દૂરદૂરાના પ્રદેશોને સિંચાઈ દ્વારા પાણી પૂરું પાડવામાં આવશે. આ પ્રદેશમાં મગફળીનો પાક મુખ્ય છે. તેના વાવેતરમાં ઘણો વધારો થશે. આમ, ભાવનગરથી માંડીને પોરબંદર સુધીનો દક્ષિણ સૌરાષ્ટ્રનો વિસ્તાર કલ્પસરના 'કમાન્ડ' એરિઆમાં આવી જશે.

કલ્પસર અને વીજ-ઉત્પાદન : કલ્પસર યોજનામાં વીજળી ઉત્પાદનનું આયોજન છે. નર્મદા - યોજના દ્વારા જે વીજળી ઉત્પન્ન થવાની છે તેમાંથી મોટો ભાગ - લગભગ ૮૫ ટકા વીજળી, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને આપવામાં આવનાર છે, જ્યારે કલ્પસર દ્વારા જે વીજળી ઉત્પન્ન થશે તે તમામ માત્ર ગુજરાતના ધંધા-ઉદ્યોગો માટે જ વપરાશે. ગુજરાતને ગૅસ-આધારિત વીજળી પેદા કરવામાં કલ્પસરનો ફાળો ઘણો મોટો હશે, જો કે કલ્પસર પ્રકલ્પમાં ભરતી-ઓટ(મોજા)ની શક્તિ દ્વારા મુખ્યત્વે વીજળી પેદા કરવામાં આવશે.

કલ્પસર અને પર્યટન : ભાવનગર, ખંભાત અને ભરૂચ વચ્ચેનો ત્રિકોણ એટલે કે કલ્પસરનો વિસ્તાર પ્રવાસીઓ માટે એક અકલ્પનીય પર્યટનસ્થાન બની રહેશે. ૬૪ કિ.મી.ની કુલ લંબાઈ ધરાવતી ડેમની પાળ એક ચાર લેનવાળો ભાવનગર-ભરૂચને જોડતો રાજમાર્ગ બનવાનો છે, સાથે સાથે તેની બાજુમાં રેલવે માર્ગ પણ પસાર થશે. એક બાજુથી સેંકડો નાનીમોટી સ્ટીમરો સૌરાષ્ટ્ર કાંઠા તરફના બંદરોમાં અવરજવર કરતી હશે તો બીજે છેડે હજારો ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલું કલ્પસર... કેટલું અદ્ભુત દૃશ્ય ખડું કરી દેશે ! તેની સાથે મનોરંજનનાં સંખ્યાબંધ સ્થળો ખાનગી ક્ષેત્રે ઊભાં થશે જ. નળસરોવરના ક્ષેત્રફળ કરતા લગભગ પાંચગણું આ સરોવર અસંખ્ય પક્ષીઓ અને અન્ય પ્રાણીઓ માટે આશ્રયસ્થાન બની રહેશે. પ્રવાસ-પર્યટન અને વાહનવ્યવહારમાંથી ટૅક્સ દ્વારા જ જે આવક થશે તેમાંથી કલ્પસર માટે કરવામાં આવેલો મોટા ભાગનો ખર્ચ સરભર થાય તેવી ગણતરી છે :

કલ્પસરની એક ઝલક

૧. નિર્ધારિત બંધની લંબાઈ...	૬૪.૧૬ કિ.મી.
૨. મીઠાં પાણીનાં સરોવરનું ક્ષેત્રફળ...	૨૦૦૦ ચો.કિ.મી.
૩. મીઠું પાણી ઠાલવતી નદીઓ...	નર્મદા, ઢાઢર, મહી, સાબરમતી અને તેમની શાખાઓ
૪. દક્ષિણ સૌરાષ્ટ્રનો સિંચાઈથી આવરી લેતો કમાન્ડ વિસ્તાર...	૧૦ લાખ હેક્ટર શુષ્ક જમીન
૫. ઘરવપરાશ માટેનો પાણીપુરવઠો...	૯૯૦ મિલ્યન ક્યુબીક મીટર
૬. ઉદ્યોગો માટે ફાળવેલો પાણીપુરવઠો...	૫૦૦ મિલ્યન ક્યુબીક મીટર
૭. વિદ્યુત-ઉત્પાદન (ભરતી-ઓટ દ્વારા)...	૫૮૮૦ હૅક્ટર
૮. નવસાધ્ય કરવામાં આવતી જમીન... (રહેણાંક, ખેતી, ઉદ્યોગ વિકાસ અર્થે)...	૧,૧૯,૦૦૦ હૅક્ટર
૯. દક્ષિણ સૌરાષ્ટ્ર - મુંબઈ વચ્ચે બંધ ઉપરના ધોરીમાર્ગને કારણે ઘટતું અંતર...	૨૨૫ કિ.મી.
૧૦. દરિયાઈ બંદરો (વિકાસ પામતાં)	ઘોઘા, ધોલેરા
૧૧. સામુદ્રિક અને મીઠાં પાણીના મત્સ્યોદ્યોગ સંભવિત ઉત્પાદન (વાર્ષિક)..	બાકી
૧૨. પર્યટન, વાહનવ્યવહાર વગેરે દ્વારા સંભવિત આવક...	બાકી
૧૩. અંદાજી કુલ ખર્ચ...	૫૪૦૦૦ કરોડ
૧૪. સંભવિત સમયગાળો...	૫થી ૧૦ વર્ષ
૧૫. પર્યાવરણને નુકસાન...	નજીવું.
૧૬. કૅનાલની કુલ લંબાઈ...	૬૬૦ કિ.મી.
૧૭. લાભાર્થી જનતા...	૩.૬ કરોડની વસ્તી
૧૮. પીવા માટેનું પાણી ઉપલબ્ધ	૯૦ કરોડ ક્યુ. મિ.
૧૯. ઉદ્યોગોને ઉપલબ્ધ પાણી...	૫૦ કરોડ ક્યુ. મિ.
૨૦. સરોવરને ફરતી નવસાધ્ય ખારી જમીન...	૧.૧૯ લાખ હૅક્ટર
૨૧. વધારાની વસ્તી માટે વસવાટની જમીન...	૧ કરોડની વસ્તી માટે
૨૨. ભાગીદાર રાજ્યો (ગુજરાત સિવાય)...	કોઈ નહીં, ગુજરાતની સ્વતંત્ર યોજના

કલ્પસર અને ખર્ચનું પાસું : અત્યારની ગણતરી મુજબ આ મહાપ્રકલ્પ પૂરો થતાં૫૪,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો સંભવ છે. આટલું મોટું સાહસ માત્ર ગુજરાત જ ઉપાડી શકે તેમ છે. આખી યોજના પાંચ વર્ષમાં પૂરી થઈ શકે તેમ છે, છતાં અણધાર્યા સંજોગોને ધ્યાનમાં લેતાં આ યોજનાનાં મીઠાં ફળ (મીઠું પાણી) ૧૦ વર્ષના ગાળામાં પ્રાપ્ત જરૂર થાય. નર્મદાયોજના પૂરી થતાં, કોઈ પણ કારણસર ૨૦-૨૫ વર્ષ થઈ ગયાં, તેની ગણતરીમાં કલ્પસર યોજનાને વિઘ્નો ઓછાં નડશે એવી આશા છે.

કલ્પસરની આડઅસરો અને પર્યાવરણ : કોઈ પણ પ્રકલ્પનું આયોજન કરવાનું હોય તો તેની આડઅસરોનો અભ્યાસ અગાઉથી કરવો અનિવાર્ય હોય છે. આઘાત અને પ્રત્યાઘાતનો અભ્યાસ થયા બાદ જ આવી યોજનાઓનો અમલ થાય છે. કલ્પસર જેવી યોજના ગમે તેટલી લાભદાયક જણાય તો પણ તેના સંભવિત ગેરલાભ અંગેનો વિચાર સમયસર કરવો ઘટે છે. આવા લાભાલાભના અભ્યાસને વૈજ્ઞાનિક પરિભાષામાં Impact Study કહે છે. મુખ્યત્વે આવા ઇમ્પૅક્ટ સ્ટડી બે ક્ષેત્રોમાં થાય છે : એક, 'સામાજિક અસરોનો ક્યાસ(Social Impact Assessment SIA) અને પર્યાવરણીય અસરોનો ક્યાસ (Environmental Impact Assessment - EIA)'. કલ્પસર માટે SIA અને EIA અનિવાર્ય છે અને તેનાં વિવિધ પાસાંઓની તજજ્ઞો દ્વારા વિચારણા પણ થઈ રહી છે.

EIA કે SIAના અભ્યાસનો આશય યોજના તોડી પાડવા માટેનો નથી, પરંતુ શી સાવચેતી રાખવી તેની જાણકારી મેળવવાનો હોય છે. EIA કે SIAઅભ્યાસ દ્વારા યોજનાના ધનાત્મક(Positive) અને ઋણાત્મક (Negative) પાસાંઓનો અભ્યાસ કરી ઋણાત્મક પાસાંઓની અસર કેવી રીતે નાબૂદ કરવી (Mitigation) તેનાં સૂચનો પણ આપવાનાં હોય છે. ધનાત્મક કે હકારાત્મક પાસાંઓ અંગે ઘણું કહેવામાં કે ચર્ચવામાં આવે છે. કલ્પસરના હકારાત્મક પાસાંઓની અત્રે ચર્ચા થઈ છે. તો હવે તેના નકારાત્મક પાસાંઓ અને તેની નાબૂદીના ઉપાયો તપાસીએ.

કલ્પસરના નકારાત્મક પાસાંઓ અને તેની નાબૂદીનાં સૂચનો :

૧. કલ્પસર અને તેના વિશાળ ડેમને કારણે ખંભાતના અખાતની ચાલુ Eco-systemમાં ખલેલ પહોંચશે અને મુંબઈ તથા દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના મત્સ્યોદ્યોગ ઉપર માઠી અસર પહોંચશે.

૨. ખંભાતના અખાતની પાણી અને જમીનની ખારાશ હજારો વર્ષ પુરાણી છે. તે પાંચ-દસ વર્ષમાંના ગાળામાં ધોવાઈને (Drain) ત્યાં મીઠાં પાણીનું સરોવર કે ખારાશહીન ખેતીલાયક જમીન ટૂંકા ગાળામાં તૈયાર થવી મુશ્કલે છે.

૩. જે નદીઓનાં પાણીથી આ ખારાશ દૂર કરવાનું આયોજન છે તે નદીઓમાં જ પાણી-પુરવઠો પૂરતો નથી. માત્ર નર્મદા નદીનો પાણી-પુરવઠો ગણનાપાત્ર છે.

૪. ગુજરાત અને ભારતની મોટા ભાગની નદીઓનાં પોતાનાં જળ ઝડપથી ઓછાં થઈ રહ્યાં છે, ત્યારે આ ખારાશ દૂર કરી મીઠાં પાણીનું સરોવર - કલ્પસર, માત્ર સ્વપ્ન ન રહે તે જોવાનું છે.

૫. ગુજરાતની મોટા ભાગની નદીઓનાં પાણી પ્રદૂષિત થયેલાં છે. કલ્પસર પ્રદૂષિત પાણીનું જલાશય ન બને તેની તકેદારી ખાસ રાખવાની છે.

૬. કલ્પસર આડ ડેમને કારણે નદીઓમાં તણાઈ આવેલો કાંપ સરોવરમાં ઠલવાશે અને પરિણામે સરોવરની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા દિવસે દિવસે ઓછી થશે. સરોવર છીછરું બની જશે. મત્સ્યોદ્યોગ જોખમમાં આવી જશે.

૭. કલ્પસરની નવસાધ્ય જમીનનું પોત કે સ્તર ભાલ-પ્રદેશની જમીન જેવું આલ્કલીયુક્ત અને કઠણ સ્તર બનવાની શક્યતા વધુ છે. ચરોતરની જમીન જેવું તટસ્થ અને ભખરું બનવાની શક્યતા ઓછી છે.

કલ્પસરના નકારાત્મક પાસાંઓની નાબૂદી/નિરાકરણના ઉપાયો/સૂચનો :

ઉપર જણાવેલ સાત ભયસ્થાનોના નિરાકરણ માટે અનુક્રમે ઉપાયો આ મુજબ છે :

ઉપાય - ૧ : આખા ખંભાતના અખાતનો લગભગ ૧/૩ ભાગ કલ્પસર માટે નક્કી થયો છે. તે પૈકીનો ૧.૩થી વધુ હિસ્સો - જે સૌરાષ્ટ્ર કાંઠાને સ્પર્શે છે તે નૈસર્ગિક કે મૂળ Eco-system માટે આબાધિત છે. એટલે કે કુલ અખાતના વિસ્તારના માત્ર દસ ટકા વિસ્તારમાં Eco-systemને ખલેલ પહોંચશે. મુંબઈ કે સૌરાષ્ટ્ર કિનારાના મત્સ્યોદ્યોગ ઉપર કોઈ ખાસ માઠી અસર પહોંચશે નહીં. તે ઉપરાંત મીઠાં પાણીનો મત્સ્યોદ્યોગ વધુ ખીલશે.

ઉપાય - ૨ : આ પ્રશ્નનો ઉકેલ ખૂબ ગંભીર વિચારણા માગી લે છે. દુનિયાના મૉડેલ્સ આપણને કામ આવવાના નથી. હોલૅન્ડ કે ઠંડા પ્રદેશોમાં જ્યાં ડાઇક્સ બાંધી ખેતી માટે જમીન નવસાધ્ય કરી છે, ત્યાં આ કામ જેટલું સુલભ છે તેટલું આપણે ત્યાં નથી.

તેના ઉપાય તરીકે ગુજરાતની નદીઓ બારમાસી બને અને નદીઓનાં મૂળપ્રદેશોમાં એટલે કે ડુંગરોમાં મોટા પાયે ઈકોલોજિકલ-વન-ઉછેર કરવામાં આવે તો ઋતુમાનમાં ફેરફાર

(અનુસંધાન પૃ. ૩૦૧ પર)

કચ્છમાં એક વધુ હડપ્પીય નગરનું ઉત્ખનન

નરેશ અંતાણી

લુપ્ત થયેલી સરસ્વતીનું પગેરું મેળવવાના એક અભિયાન દરમિયાન ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ વિભાગને કચ્છમાં વધુ એક હડપ્પીય નગર પ્રાપ્ત થતાં પુરાતત્ત્વીય વર્તુળોમાં અનેરી આનંદની લાગણી ફેલાઈ છે.

કચ્છના રણકાંધીના પ્રખ્યાત કાળાડુંગરની ગોદમાં આવેલ કુરન ગામની સીમમાં 'શહીદોના ગઢ' તરીકે જાણીતાં વિસ્તારમાં સરસ્વતીની શોધ માટે આરંભિક ઉત્ખનન દરમ્યાન જ આ સ્થળમાં રહેલાં હડપ્પીય સભ્યતાના અનેક પ્રમાણ મળવાનું શરૂ થયું છે. ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ વિભાગના સંશોધનકર્તાઓએ ગર્વથી એવો દાવો કર્યો છે કે, પૂર્ણ કક્ષાનું ઉત્ખનન થયા પછી આ સ્થળ ધોળાવીરાને પણ કદાચ પાછળ રાખી દે તો નવાઈ નહીં, આ સ્થળની મુલાકાત પછી જોયા અને જાણવા મળતી વિગતો મુજબ ધોળાવીરા ખાતેથી હજુ જે પ્રાપ્ત થયેલ નથી તેવા અવશેષો અહીંથી મળી આવેલ છે.

કચ્છના પૂર્વ સાંસદશ્રી પુષ્પદાનભાઈ ગઢવીના પ્રયાસો, કેન્દ્રીય પ્રવાસન મંત્રીશ્રી જગમોહનની સૂચના અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રી બિસ્ટની ભલામણથી શરૂ કરવામાં આવેલ આ ઉત્ખનનના કાર્યમાં ૧૩૦થી વધારે શ્રમજીવીઓ, પુરાતત્ત્વ વિભાગના ઈજનેરો અને અધિકારીઓની ટીમ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગની વડોદરા કચેરીના અધિક્ષક શ્રીમતી સુભ્રા પ્રમાણિકની આગેવાની હેઠળ કુરન ખાતે ૬ઠ્ઠી જાન્યુઆરી-૨૦૦૪થી અથાક મહેનત દ્વારા આપણી વિલુપ્ત પ્રાચીન ધરોહરને ઉજાગર કરવા પ્રયાસો કરી રહી છે.

તા. ૨૨-૦૨-૨૦૦૪ના આ સ્થળની મુલાકાત લીધી એ સમયે સ્થળ ઉપર ઉપસ્થિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં હડપ્પીયન સંસ્કૃતિ પર પીએચ.ડી કરી રહેલા અને કુરન ખાતે સંશોધન કાર્યમાં વ્યસ્ત એવા શ્રી ભાનુપ્રકાશ શર્માએ અતિ આનંદ સાથે આપેલી વિગતો મુજબ લુપ્ત સરસ્વતી હેરીટેઝ પ્રોજેક્ટ હેઠળ કામ કરવાનું શરૂ કરતાં પ્રારંભમાં ઊભાં ઉત્ખનન દરમ્યાન જ આ વિશાળ હડપ્પીય નગર મળી આવેલ છે. અહીંથી માટીના પાત્રો, ઘરેણાં, માટીના અવશેષો, વાસણો, ગટરની પાકી નહેર અને ત્રણ પ્રકારના કિલ્લાઓથી રક્ષિત વસાહતો મળી આવી છે. ૪૧૦ ૩૫૦ મીટરના આઉટર ફોર્ટીફિકેશન વોલ (કિલ્લેબંધ) વિસ્તારમાં પથરાયેલ આ સ્થળના ૨૨૫ ૨૨૦ મીટરના વિસ્તારમાં રાજભવન આવેલ છે. આ ઉપરાંત લોઅર ટાઉન આવેલ છે. ધોળાવીરામાં જેમ મીડલ ટાઉન છે તે જાતનું મીડલ ટાઉન હજુ અહીં મળેલ નથી પણ સ્થળ પર નિરીક્ષણ કરતાં આવનારા સમયમાં આવું મીડલ ટાઉન મળી આવવાની સંભાવનાઓ નજરે પડે છે.

આ અગાઉ શોધાયેલ સિંધ, બલુચિસ્તાન, ધોળાવીરા, સૂર કોટડા વગેરે હડપ્પીય નગરોનાં રાજભવનમાં કબ્રસ્તાન જોવા મળેલ નથી જ્યારે નવ સંશોધિત કુરન વિસ્તારમાં જોવા મળ્યું છે કે, મોટી ઉંમરની વ્યક્તિને રાજભવનની નજીકમાં દફનાવવામાં આવી છે. કુરનના રાજભવન પાસે મળી આવેલ કબ્રસ્તાનમાં એક કબરના ઉત્ખનન દરમ્યાન એક નવીનતા જોવા મળી છે કે, અહીં એ સમયે મૃતદેહને બે વાર દફનાવવામાં આવતો હશે. એ સમયે મૃતદેહના અમુક અંગોનો પ્રથમ વખત નિકાલ કર્યા પછી અન્ય અંગોને વ્યવસ્થિત ચેમ્બર બનાવી તેમાં દફનાવાયા હોય તેવું અહીં જોવા મળેલ છે ! અહીંથી મળી આવેલ મૃતદેહ બેઠેલી હાલતમાં છે. તે સ્ત્રી છે કે પુરુષ તેનું સંશોધન હજુ બાકી છે.

સંશોધન દરમ્યાન વધુ એક નવીનતા એ પણ જોવા મળી છે કે, કાળાડુંગરમાંથઈ એક વહેણ બહાર નીકળી કિલ્લાને સમાંતર વહી પૂર્વ તરફના ભાગને અડકે છે. આ વહેણની પૂર્વ તરફના ભાગને અડકે છે. આ વહેણની પૂર્વ તરફ વસાહત હોવાના સગડ મળે છે, જ્યારે પશ્ચિમ બાજુ સ્મશાનનાં નિશાનો મળે છે. જે સૂચવે છે કે, અહીંના નગરજનો પોતાના નિવાસસ્થાનથી દૂર મૃતદેહના અંતિમ સંસ્કાર કરતા હશે.

ઈતિહાસમાં આપણે જોયું છે કે, તમામ સંસ્કૃતિઓનો વિકાસ નદી અથવા તો સમુદ્રના કિનારે જ થયો છે તેમ આ સંસ્કૃતિ પણ નદીકિનારે જ વિકસી છે કારણ કે આ વસાહત પણ નદીના પટમાં વિકસી હોવાના વિપુલ પ્રમાણો મળ્યા છે. માટીના પાત્રોમાં કરવામાં આવેલ વિવિધ રંગકામ અહીંના વસાહતીઓની કલાસૂઝના દર્શન કરાવે છે. તો સ્મશાન પાસેથી મળતાં માટીના પાત્રોમાં માત્ર કાળો અને સફેદ રંગ મૃતદેહ પ્રત્યે તેઓ માનની લાગણી ધરાવતા હતા તેવું સૂચવે છે.

કચ્છ એ ધરતીકંપનું ક્ષેત્ર છે, આ અંગેના પુરાવાઓ પણ અહીંથી મળે છે. શ્રી શર્માએ આ પુરાવાઓ અમોને બતાવ્યા એ મુજબ રાજમહેલના કિલ્લાની દિવાલ એક સમયે ધરતીકંપમાં ધ્વસ્ત થઈ ગઈ હશે તે ધ્વસ્ત દિવાલને એમ ને એમ રહેવા દઈ તેની બાજુમાં જ નવી દિવાલ ચણવામાં આવી હોય તેવા પ્રમાણો અહીં એકથી વધુ વખત જોવા મળે છે.

અહીં ઊભા ઉત્ખનન દરમિયાન રાજમહેલના કિલ્લાની અંદર એક સ્થળે કરવામાં આવેલ ખોદકામમાં એક પ્લેટફોર્મ મળી આવેલ છે જેની દિવાલોને પાકી પથ્થરની ઈંટોથી ચણવામાં

(અનુસંધાન પૃ. ૨૯૨ પર)

પ્રાસંગિક

...ને મિત્ર એલિફન્ટા પર રહી ગયા...

નટુ મિસ્ત્રી

૧૯૫૪-૫૫ની વાત છે... જ્યારે મુંબઈ દ્વિભાષી રાજ્ય હતું. ગુજરાતનું અલગ રાજ્ય સ્થપાયું ન હતું. એટલે કલાના વિદ્યાર્થીઓને કલાની ઉચ્ચ પરીક્ષાઓ આપવા માટે મુંબઈની જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ્સમાં જવું પડતું.

અમે પણ અમદાવાદના પાંચ મિત્રો સેકન્ડ યીઅર પેઈન્ટિંગની પરીક્ષા આપવા મુંબઈ ગયેલા. કલાની પરીક્ષામાં વાંચવા કરવાનું હોય નહિ. એટલે માનસિક ભાર જરાય ન લાગે. પરીક્ષા લગભગ પંદર દિવસ સુધી ચાલે. ચાલુ દિવસોએ સાંજે અને રવિવારે અલગારી રીતે રખડવામાં નવાં નવાં સ્થળો જોવામાં અમે સહુ મિત્રો સમય પસાર કરીએ.

વચ્ચે આવતા રવિવારના દિવસે પાંચેય મિત્રોએ એલિફન્ટાની ગુફા જોવાનો તથા ત્યાં સ્કેચ-લૅન્ડસ્કેપ વગેરે કરવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. એ વખતે એલિફન્ટા જવા ગેટવે ઑવ્ ઇન્ડિયા પાસેથી સવારે ૮-૦૦ વાગે એક ફેરી બોટ જાય. જે સાંજે ૬-૦૦ વાગે પરત આવે. આ સિવાય ખાસ કોઈ સાધન ન હતું. ત્યાં એલિફન્ટા ટાપુ પર પણ રહેવા-જમવાની કોઈ જ સગવડ ન હતી. એટલે બધા મિત્રોએ નાસ્તા-પાણી સાથે લીધા અને ફેરી બોટમાં ઊપડ્યા !

કલાકની મશીનબોટની મુસાફરી કરી. એલિફન્ટા ટાપુ પણ પહોંચ્યા. ફેરીમાં બીજાં પણ ઘણાં મુસાફરો હતાં. બપોર સુધી બધા મિત્રોએ સાથે ફરી ગુફામાંના શિલ્પો જોયા, ચર્ચાઓ કરી, સાથે નાસ્તો કર્યો. પછી કાર્યક્રમ એ રીતે નક્કી કર્યો કે હવે દરેક જણ યોગ્ય લાગે ત્યાં બેસી સ્કેચ-લૅન્ડસ્કેપ વગેરે બનાવે. પરંતુ પાંચ વાગે બોટ પરત જવા ઉપડતી હોઈ સાડા-ચાર વાગે બોટના ધક્કા ઉપર ભેગા થઈ જવું એવું નક્કી કર્યું.

કલાકાર તો અલગારી જીવ. અમારા ગ્રૂપમાં આ લખનાર, ગજેન્દ્ર શાહ, પ્રમોદ સોની, પીરભાઈ મનસુરી અને ડાહ્યાભાઈ કાબરિયા હતા. દરેક જણ પોતપોતાના કામે લાગી ગયો અને સમય વ્યતીત થવા લાગ્યો. સાડાચારની આસપાસના સમયે ચાર મિત્રો તો ધક્કા પાસે આવી ગયા. પરંતુ ભાઈ પ્રમોદ સોની દેખાયા નહિ. બધાના મનમાં હતું કે હમણાં આવશે, હમણાં આવશે. એમ રાહ જોતાં હતાં. સમય વ્યતીત થતો હતો. પાંચમાં પાંચ મિનિટ બાકી હતી. બોટની વ્હીસલ વાગી. બૉટ પર બેસી જવાનો હુકમ છૂટ્યો. અમે ચારેય મિત્રો મૂંઝવણમાં હતા. હજી ભાઈ પ્રમોદ સોની આવ્યા ન હતા. હવે શું ? અમે બધાયે થોડે દૂર જઈ પ્રમોદના નામની ખૂબ બૂમો પાડી. પણ વ્યર્થ હવે શું ? બોટના મેનૅજરે અમને હુકમ કર્યો કે તમે બેસી જાવ.. નહિતર તમને મૂકીને અમે ફેરી લઈ જઈશું. પણ અમારા પાંચ સાથીમાં અમરેલીના ભાઈ ડાહ્યાભાઈ કાબરિયા મિલિટરીમાં રહી ચૂકેલા. એટલે ખૂબ જ ખડતલ. તેમણે રસ્તો કાઢ્યો, 'ભાઈ, તમે ત્રણ જણ ફેરીમાં બેસી જાવ. હું રોકાઉં છું. મિલિટરીનો માણસ છું. મને તરતા ખૂબ ફાવે છે. પ્રમોદ આવશે એટલે એને મારા ખભે બેસાડી હું ૨૦ માઈલ તરીને પણ રાત્રે પ્રમોદને લઈ પાછો ફરીશ.' અમારે કમનેય ફેરી પર બેસવા સિવાય છૂટકો ન હતો. અમારી બોટ રવાના થઈ.

હવે આ તરફ જોઈએ તો ભાઈ પ્રમોદ દૂરના સ્થળ પર વૉટર કલર લૅન્ડસ્કેપ કરવા બેઠેલો. તેને સમયનું ભાન જ ન રહ્યું. કલાકાર આખરે કલાકાર જ છે. કામ પૂરું થતાં સમયનું ભાન થયું. ઝટપટ સામાન પેક કરી દોડ્યો તો દૂરદૂર ફેરી બોટ જતી જોઈ. હવે શું ? તે તો એકદમ ભાંગી પડ્યો.

પણ ધક્કા પર એક અડગ ઉભેલી વ્યક્તિને જોઈ પ્રમોદને હિંમત આવી. પણ નજીક આવતાં જોયું તો પોતાનો મિત્ર ડાહ્યાભાઈ કાબરિયા ધૂઆંપૂઆં થઈ ઊભો છે. પ્રથમ તો પ્રમોદને બરાબર ધમકાવી નાખ્યો. પણ 'હવે શું ?' પરિસ્થિતિનું ભાન થતાં. બન્ને રડી પડ્યા. પણ ડાહ્યાભાઈ હિંમતબાજ માણસ. ધક્કાની આજુબાજુ જઈ બૂમો પાડવા માંડી કે જેથી કોઈ હોય તો ખબર પડે. ધક્કાની ફરતા છેડે એક નાનકડી મશીન બોટ પડેલી. એને એની આજુબાજુ થોડી ચહલપહલ વરતાઈ. બંને મિત્રો ત્યાં દોડ્યા. ચારપાંચ પરદેશી મુસાફરો લઈ એક મશીન બોટ એલિફન્ટા બતાવવા આવેલી. તેઓ હવે પરત જવાની તૈયારી કરતા હતા. બંને મિત્રોએ દોડતા ત્યાં પહોંચી પોતાની આપવીતી કહી. પણ બોટમાં બે જણ વધારાના બેસે એવી કેપેસિટી ન હતી એવો ખુલાસો બોટના નાવિકે કર્યો. ફરીથી નિરાશા વ્યાપી. પણ ડાહ્યાભાઈનું ડહાપણ કામ લાગ્યું. તેમણે વિનંતી કરી કે એક જણને બેસાડો. હું એકલો બેસીશ. અને આ પ્રમોદ નાના બાળક જેવો નાજુક છે. હું તેને ખોળામાં બેસાડીશ. આવી વાત પર બધાને હસવું આવી ગયું. બધા સાથે બેઠા અને અંધારું થાય એ પહેલાં મુંબઈના પરામાં ગેટવે પર હેમખેમ પરત આવ્યા. બધા મિત્રોના જીવ પછી જ હેઠે બેઠા.

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ઍલ્ફ્રેડ લૉર્ડ ટેનિસન (ચાલુ)

ટેનિસનના 'ઇન મેમૉરિયમ' (In Memorium)માં એણે વિશાળ ફલક પર આધુનિક વિચારધારાઓ વ્યક્ત કરી છે તે જોતાં એટલું સમજાય છે કે આરંભની કવિતારચનામાં આત્મલક્ષી બની રહેનારો કવિ ટેનિસન હવે સાંપ્રત પ્રજાપ્રવાહમાં કેટલે બધે અંશે ભળી ગયો છે! 'ઇન મેમૉરિયમ' તો તત્કાલીન સમાજમાંનાં અનેકવિધ ક્ષેત્રોની વિચારધારાને વિગતે અભિવ્યક્ત કરે જ છે, પણ એનાં એ પ્રકારનાં અન્ય કાવ્યોમાં પણ એણે જાણે સમકાલીન પ્રજાના એક જાગ્રત વિચારકનો ભાગ ભજવવા માંડ્યો હોય તેમ લાગે છે. એનું 'ટુ વૉઇસીસ' કાવ્ય જોઈએ. એમાં વિક્ટોરિયનયુગમાં શ્રદ્ધા અને શંકા વચ્ચે પ્રજામાનસમાં જે સંઘર્ષ હતો તેને તેણે વાચા આપી છે. ઈ.સ.૧૮૪૨માં પ્રકાશિત આ કાવ્ય તાર્કિક દૃષ્ટિએ 'ઇન મેમૉરિયમ' સાથે ગાઢ રીતે સંબંધાયેલું છે. કાર્લાઇલની જે શાશ્વત શ્રદ્ધા અને આશંકાની ફિલસૂફી હતી તેના પ્રતિઘોષ જેમ 'ઇન મેમૉરિયમ'માં તેમ 'ટુ વૉઇસીસ'માંય સંભળાય છે. આરંભની જ બે કડી અહીં ઉતારીએ. એક મંદ અવાજ (શંકાનો) મને કહી રહ્યો છે - ભલા દુઃખોથી ભરી ભરી આ તારી જિંદગી જોતાં મોત જ તારો વિસામો નથી ?



A still voice spoke unto me,
Thou art so full of misery,
Were it not better not to be ?

મેં એ મંદ અવાજને (શંકાના અવાજને) કહ્યું કે મારો આ દેહ એ તો અદ્‌ભુત સર્જન છે. એને નિવારવાની વાત કરીશ નહિ :

Then to the still small voice I said
"Let me not cast in endless shade
What is so wonderfully made."

અને આ વાદ-પ્રતિવાદ બહુ તર્કબદ્ધ રીતે ચારસો સિત્તેર જેટલી પંક્તિઓ સુધી વિસ્તર્યો છે. ટેનિસનની શ્રદ્ધાનો નાદ તેમાં સંભળાયા કરે છે. એના એક પ્રસિદ્ધ કાવ્ય 'યૂલિસીઝ'માં પણ માણસના પરાક્રમ માટે સજ્જ થવાની ભાવનાનો રણકાર છે. સમગ્ર કાવ્યમાં એક ૧૯મી સદીના પુનર્જીવન પામેલા શ્રદ્ધાવાન મનુષ્યનો લલકાર છે. મનુષ્યના હૃદયમાં જે નવીન સૃષ્ટિ - નવું જ જીવન પ્રાપ્ત કરવાની જે શાશ્વત વૃત્તિ છે તેનો, પરાક્રમની ભાવનાનો પડઘો છે. ઇટલીના મહાકવિ ડૅન્ટિની 'ડિવાઇન કૉમેડિ'ના અંશો વિવેચકોએ એમાં જોયા છે - ખાસ કરીને 'ઇન્ફર્નો' ખંડના. એ કાવ્યમાં યૂલિસીઝની પોતાના સાથી દરિયાખેડુઓને પ્રેરક પંક્તિઓ -

It may be that the gulfs will wash us down ?
It may be we shall touch the Happy Isles,
All see the great Achilles, whom we knew,
Tho' much is taken, much abides : and tho'
We are not now that strength which in old days
Moved earth and heaven; that which we are, we are:
One equal temper of heroic hearts,
Made weak by time and fate, but strong in will
To strive, to seek, to find and not to yield.

ટેનિસનના 'લોક્સલે હૉલ' કાવ્યમાં પણ પ્રેમમાં નિષ્ફળતાને વરેલો એક યુવાન, નિરાશાને ખંખેરીને નવી જ જિંદગી માટે સજ્જ થાય છે તેની પ્રેરક કથા છે. વિજ્ઞાનમાં માનવજાતિના વિકાસના તબક્કાઓમાં સંશોધન કરનાર બે યુવાન પોતાની પ્રિયતમાથી વિચ્છેદ પામે છે. પ્રેમિકા એનાં માતાપિતાના દબાણ સામે લાચાર બની બીજે લગ્ન કરે છે. આ ઘટના યુવાનનું સમગ્ર ભાવનાવિશ્વ ખંડિત કરી નાખે છે. યુવાન એ ખંડિત વિશ્વની પુનઃ રચના માટે ઝનૂની પ્રયત્નો કરે છે. એની વિષાદપૂર્ણ અવસ્થામાં શેક્સપીઅરના હૅમ્લેટની જેમ 'ટુ બી ઓર નૉટ ટુ બી'નો સંઘર્ષ પણ અનુભવવો પડે છે. એ પણ હૅમ્લેટની જેમ સ્ત્રીત્વને શાપે છે. પણ અંતે એ ભારે પ્રયત્નપૂર્વક વિષાદમાંથી મુક્ત થઈ ફરી મનુષ્યના વિકાસની દિશામાં પોતાનો ફાળો આપવા ગતિમાન બને છે. કાવ્યનાયકના નિરાશાના ઉત્કટ ભાવોમાં ટેનિસનની આરંભની કવિતામાં જોવા મળતા વિષાદનું સામ્ય જોઈ શકાય.

'લોક્સલે હૉલ'ના કાવ્યના કેટલાક અંશો ખાસ કરીને પ્રેમી યુવાનના પ્રલાપો ટેનિસનના 'મૉડ' કાવ્યમાં પણ સમાનતા ધરાવતા લાગે. બંને કાવ્યોમાં પ્રેમની નિષ્ફળતાના ઘાને રુઝવવા માટેના લગભગ સમાન ઇલાજ છે. 'લોક્સલે હૉલ'માં યુવાન પ્રેમની નિષ્ફળતાનો જખમ ભૂલવા મનુષ્યની પ્રગતિને માટે કદમ ઉઠાવે છે. 'મૉડ'માં યુવાન દેશને શક્તિમાન બનાવવા માટે યુદ્ધમાં જોડાવાનો નિશ્ચય કરે છે.

ટેનિસનના 'મૉડ' કાવ્યમાં એણે અપનાવેલી શિલ્પકળા - ટેક્નિકનો ત્યાર પછીની અંગ્રેજી કવિતા પર ભારે પ્રભાવ પડ્યો

હોવાનું વિવેચકો માને છે. એમાં પ્રેમનાં સચોટ સંવેદનો યુવક-યુવતી વચ્ચેના ઉત્કટ પ્રેમના પ્રસંગો - તેમાં અણધારી આફતો વગેરે શેક્સપીઅરના પ્રસિદ્ધ ટ્રૅજિક નાટક 'રોમિયો જૂલિએટ'નું સ્મરણ કરાવે છે. 'મૉડ'માં જે શબ્દોના સંગીતનું માધુર્ય છે તેવું ૧૯મી સદીની કવિતાઓમાં બહુ ઓછું જોવા મળે.

ટેનિસનનાં પ્રસિદ્ધિ પામેલાં કાવ્યોમાં એક 'ધ પાસિંગ ઑવ્ આર્થર' છે. એ રચાયેલું તો ઈ.સ. ૧૮૩૫માં પણ ઈ.સ. ૧૮૪૨ના કાવ્યસંગ્રહમાં તે પ્રકાશિત થયું હતું. સર ટૉમસ મેલરી એ 'મોર્ત દ આર્થર'માં રાજવી આર્થરને લગતી રોમૅન્ટિક કથાઓનો ગદ્યમાં સંગ્રહ પ્રકાશિત કર્યો હતો (૧૪૮૫). ટેનિસનને એ રોમાન્સોનું આકર્ષણ થયું અને તેણે 'ધ પાસિંગ ઑવ્ આર્થર' શીર્ષકથી પોતાની આગવી રીતે તેને કાવ્યદેહ આપ્યો. પ્રાચીન કાળની રોમૅન્ટિક કથાઓને વિક્ટોરિયનયુગની નીતિ સાથે સુસંગત કરવાનો આ કૃતિમાં ટેનિસનનો પ્રયાસ છે, પણ એના આયોજનમાં તેને ખાસ સફળતા મળી નથી. ઐતિહાસિક કથાઓનું નવેસરથી ટેનિસને અહીં પુનઃ સર્જન કર્યું છે. એ સંદર્ભમાં કાવ્યની નીચેની પંક્તિઓ ધ્યાનપાત્ર બને છે :

The old order changeth, yielding place to new
And God fulfills himself in many ways.

ટેનિસનની એક બીજી પ્રસિદ્ધ કૃતિ 'ઈનક આર્ડન' એક સળંગ પદ્યકથા છે. એમાં એક યુવતી અને બે પ્રેમીઓ વચ્ચેનો પ્રણયત્રિકોણ બહુ સુંદર રીતે આયોજન પામ્યો છે. એક ઘરગથ્થુ કૌટુંબિક ઘટના પસંદ કરી, પ્રેમમાં સ્વાર્થત્યાગ અને આંતરિક સહિષ્ણુતાનો વિક્ટોરિયનયુગની પ્રજાને મનભાવન એવો ઘાટ 'ઈનક ગાર્ડન'ની કથાને આપ્યો છે. ટેનિસનનાં બીજાં અનેક કાવ્યો ટેનિસનની કવિ તરીકેની વિશિષ્ટ મુદ્રા ઉપસાવી આપનારાં છે. એ સર્વ વિશે અહીં ચર્ચા-વિચારણા કરવી શક્ય નથી. પણ 'ધ લેડી ઑવ્ શેલટ', 'ઈનન', 'ટીટોનસ', 'લવ ઍન્ડ ડ્યૂટિ', 'ધ ચાર્જ ઑવ્ ધ લાઈટ બ્રિગેડ' વગેરે ટેનિસનનાં પ્રશંસા પામેલાં સ્મરણીય કાવ્યો છે.

ટેનિસને એના જીવનના વિશાળ સમયપટ પર પોતાનાં વિવિધ પ્રયોગશીલ કાવ્યસર્જનોથી, વિશેષ કરીને કરુણ પ્રશસ્તિઓના સંકલનરૂપ 'ઈન મેમૉરિયમ' જેવાં કાવ્યોથી, વિક્ટોરિયનયુગના એક મહાન પ્રતિનિધિ તરીકે પ્રતિષ્ઠા મેળવી છે. એનાં કાવ્યો માણનારો રસિક ભાવકવર્ગ નાનોસૂનો નથી. આરંભમાં રોમૅન્ટિક કવિઓના પ્રભાવ હેઠળ આત્મલક્ષી ઊર્મિકોમાં વિષાદનું ગાણું ગાયા કરનાર કવિ ટેનિસને એના નિકટના મિત્ર હેલામની દોરવણીથી એના યુગના સામાજિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક પ્રશ્નોને કાવ્યોમાં ગૂંથી લઈને પોતાની આગવી વિચારધારા પ્રકટ કરી. વિક્ટોરિયનયુગમાં એક મોટો પ્રજાવર્ગ વિજ્ઞાન, યંત્રઉદ્યોગ વગેરેના નવીન પ્રકાશમાં મૂંઝાઈને ધર્મની બાબતમાં શંકા અને શ્રદ્ધા વિશે બેચેન બની રહ્યો હતો. રાજકવિ ટેનિસને 'ઈન મેમૉરિયમ' ઉપરાંત બીજાં અનેક કાવ્યોમાં આ સંઘર્ષ અભિવ્યક્ત કર્યો છે.

ટેનિસનને વિશાળ ચાહકવર્ગ મળી રહ્યો તે તેના ઉચ્ચ સુરુચિયુક્ત માનસમાંથી પ્રકટતાં, વિવિધ સમસ્યાલક્ષી સમર્થ કાવ્યોને કારણે. એનામાં સારા કવિને સહજ એવી સંવેદનશીલતા હતી. શબ્દોના સંગીતની બાબતમાં તેની અનેરી વિશેષતા એનાં આરંભના કાવ્યોમાં જોઈ શકાય. સુંદર, રમણીય પ્રાકૃતિક દૃશ્યોને ઉપમાઓથી સજીવ કરી બતાવવાની કળા તેને વરેલી હતી. એ ભલે એના મિત્ર હેલામના અવસાનથી શંકા અને શ્રદ્ધા વચ્ચે રહેંસાતો હોય છતાં એના અંતરમાં ઊંડી પ્રતીતિ હતી કે -

I curse not nature : no, nor death,
For nothing is that errs from law.

કુદરત સર્વદા ને સર્વથા નિયમબદ્ધ છે અને ઈશ્વરીય ન્યાય જ પ્રવર્તે છે. એ તેની ચરમ શ્રદ્ધા હતી.

નારીસન્માન, દામ્પત્ય વગેરે માટે એના ઊંચા ખયાલ હતા. પ્રેમ, કર્તવ્ય અને પરસ્પર આદરથી જ દામ્પત્ય ખીલી શકે છે એ તેનો દૃઢ અભિપ્રાય હતો. એનાં અનેક કાવ્યોમાં એ ખયાલ વ્યક્ત થયો છે. 'લોક્સલે હૉલ', 'પ્રિન્સેસ', 'ધ પૅલેસ ઑવ્ આર્ટ' સહેજે ધ્યાનપાત્ર બને. એક ઉચ્ચ કોટિના કવિ તરીકે તેનામાં સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ હતી; અને એ જે દૃશ્યોને ઉત્કટતાથી નીરખતો તેનું સુંદર ચિત્રાત્મક શૈલીમાં નિરૂપણ કરી શકતો હતો. ઉપમા, રૂપક અને સજીવારોપણ જેવા અલંકારોનો વૈભવ 'ધ બ્રૂક', 'મૉડ', 'ધ પૅલેસ ઑવ્ આર્ટ', 'ધ પ્રિન્સેસ' જેવાં અનેક કાવ્યોમાં જોવા મળશે. 'ઈન મેમૉરિયમ'માં તો એ વિશેષતા ખરી જ ખરી. વૈજ્ઞાનિક ઘટનાઓમાં પણ તેની વર્ણનકળા કામિયાબ હતી.

કાવ્યોમાં એ શબ્દોનાં કે શબ્દસમૂહોનાં સમુચિત પુનરાવર્તન યોજીને નિરૂપણને અસરકારક બનાવવામાં એની કળા પ્રશંસનીય હતી :

(૧) For ever climbing up the climbing wave


(ધ લોટસ ઈટર્સ)

(૨) The maiden passion for a maid (ગ્વિનિવર)

કવિ ટેનિસને એનાં કાવ્યસર્જનોમાં વિષયના વૈવિધ્યમાં તાજગી દાખવી છે. વિષયને અનુરૂપ પદાવલી, શબ્દો દ્વારા નિષ્પન્ન થતું કર્ણમધુર સંગીત, એનો છંદોલય, એની ચિત્રાત્મક શૈલી અને એના યુગના પ્રજાસમૂહને નિકટતાથી ગાઢપણે સ્પર્શતા પ્રશ્નો અંગે એક નીતિવાદી વિચારક અને પ્રબોધક તરીકે એની પ્રતિભા નીખરી ઊઠી છે. વિક્ટોરિયનયુગના એક મહાન પ્રતિનિધિ તરીકે તેનું સ્થાન નિશ્ચિત ગણાયું છે. (ક્રમશઃ)

ચેસ-કૉર્નર : કોયડો- ૩૮

કાળું



સફેદ

કોયડાના રચયિતા : પ્રો. એ. આર. રાવ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (White to play and mate in two). મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh4, Rc2, Re2, Nd3, Ne1, Bd6**

કાળાં : **Kd4, Ba7, Bb7, Nd5, P-c4, e4, f6**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે — અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -parag@vakharia.net) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ જૂન ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ફેબ્રુ. ૨૦૦૪ના અંકમાં આવેલ ૩૬મા કોયડાનો ઉકેલ.

Key move Ba5 છે. Threat Qc6 છે.

(૧)......, **Nd5** (૨) **Qa6 #**

(૨)......, **Na4, Na2, Nb1, Nd1** (૨) **R x B #**

(૩)......, **Pd5** (૨) **Qb4 #**

આ કોયડાના મધ્યવર્તી વિચારને **Knight wheel** કહેવાય છે.

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૪ વાચકો તરફથી મળેલ છે, જે પૈકી સાચો ઉકેલ મોકલનારનાં નામ નીચે પ્રમાણે છે: (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા. (૩) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૪) અજિત યાજ્ઞિક, (૫) દિલીપ રાવળ (મુંબઈ), (૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૮) કિરણ શાહ, (૯) દિનેશ દવે (આણંદ), (૧૦) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), ગણદેવીના (૧) અશ્વિન આર. પટેલ તથા (૨) ચેતનકુમાર રામભાઈએ Key move સાચો દર્શાવેલ છે પણ મહાતનાં પગથિયાં સાચાં નથી.

કેરો કેન ઓપનિંગની એક નાનકડી ગેમ નીચે આપેલ છે, જે માણવાની વાચકોને મજા આવશે.

સફેદ		કાળી	સફેદ		કાળી
૧.	**e4**	**c6**	૭.	**Ne5 !**	**Bh7**
૨.	**Nc3**	**d5**	૮.	**Qh5**	**g6**
૩.	**Nf3**	**d x e4**	૯.	**Qf3**	**Nf6**
૪.	**N x e4**	**Bf5**	૧૦.	**Qb3 !**	**Qd5**
૫.	**Ng3**	**Bg6 ?**	૧૧.	**Q x b7 !!**	**Q +N+**
૬.	**h4**	**h6**	૧૨.	**Be7**	**resigns**

- અર્પી શાહ

અનુસંધાન] દેશી વૈદ અને દેશી દવા [પૃ. ૨૬૮થી

ખરજવાને ભગાડે અને ગુમડાંને ફાડે, ક્યારેક ચામડી વીંધીને તો ક્યારેક ડામ ચોડીને એ દર્દો પર કામણ કરે. એને ઊંચ-નીચ વરણનો ભેદ પણ નડે નહિ. સામાન્ય દર્દોની તો એની પાસે માસ્ટરી હોય છે. ઘણાં ગરીબોને વૈદ્યરાજોએ ઉગાર્યા છે. હાડવૈદો કરતાં વધારે સારી જાણકારી ધરાવનારા વૈદરાજો પણ હોય છે. નિષ્ણાતો હાથ ધોઈ નાખે પછી વૈદરાજો એમની આવડત અજમાવતા હોય અને સફળ થયા હોય એવા કિસ્સાઓ તો ઘણા છે.

વૈદ્યરાજ એ દૂરદૂરના ગામડાને અંધારે ચમકતાં રતન છે. એમની આ મૂક સેવાની કોઈ નોંધ લેતું નથી. તેમની સ્વાર્થવૃત્તિ કરતાં સેવાભાવના નોંધપાત્ર છે. અહમ્ વગરની આવી સેવા કરનારો વર્ગ સમાજમાંથી ઓછો થતો જાય છે. વૈદનાં નિદાન સો ટકા સાચાં પડે. એ ભલે ન સમજાય એવી પડીકીઓ પીવડાવે, પણ એની દુઆમાં વેદના ઓછી કરવાની શક્તિ તો જરૂર છે. એ દુઆનું પણ મહત્ત્વ હતું. મોઢામોઢ જીભ જોવી, નાડી જોવી, પેટ તપાસવું એ જ તો એની લેબૉરેટરી - પ્રયોગશાળા !! ખુલ્લી !! કેટલાક અણઘડ વૈદ્યો સમાજ માટે ખતરારૂપ હોય છે. એમની અણઆવડત દર્દીનો વ્યાધિ ઓછો કરી શકતો નથી. પરિણામે એના વ્યવસાયને લાંછનરૂપ પણ નીવડે છે ! એનો અર્થ એવો નથી કે બધા વૈદરાજ લૂંટારા હોય છે. ભલભલા ડિગ્રીધારી ડૉક્ટરો કરતાં કેટલાક ઉત્તમ વૈદો કાયમી આરામ કરી આપે છે. મહાવરો જ એમને પ્રવીણ બનાવે છે. આજનો દાક્તર તો ભણ્યો છે પણ માનવતા એનામાં નથી. વૈદની તુલનામાં એ રીતે ઊણો ઊતરે છે. રોકડા રૂપિયા ન હોય તો હૉસ્પિટલને દરવાજે ન જવાય, વૈદ્યને ઘરે જવાતું. દાક્તર ફટ દેતોકને 'ના' કહી તમને નિરાશ પણ કરે. વૈદ્ય તો ગમે તેવા દર્દ સામે પૂરી તાકાતથી ઝઝૂમતો.

વૈદ્ય તો ઘણી વાર રાજાના દરબારમાં મહત્ત્વનું સ્થાન શોભાવતો. એના નિદાન ઉપર મહત્ત્વના નિર્ણયો લેવાતા. એનું માનપાન હતું. એ વૈદ્યની પણ રાજા-રજવાડાંના સૂર્યાસ્ત પછી વિનિપાતની જ સ્થિતિ છે. સાચા અને સારા વૈદ્યને વીણીવીણીને સમાજે સન્માનવા જોઈએ એવું મને લાગે છે. ❐

અડકો દડકો

સૌથી સુંદર કોણ ?

અંજના ભગવતી

બાળદોસ્તો, આજે એક સભાની વાત કરવાની આપણે. સભા કોણે ભરી, ખબર છે ? ઊંટભાઈએ. આ સભામાં ઊંટભાઈએ જાતજાતના પશુ અને પક્ષીને બોલાવ્યા.

ઊંટભાઈએ સભાને સંબોધતા કહ્યું, વ્હાલા મિત્રો, આજે આપણે સૌ એક અગત્યની ચર્ચા કરવા ભેગા થયા છીએ. આજે આપણે વાંકા અંગવાળા પશુ કે પક્ષીની ચર્ચા બિલકુલ કરવાની નથી. આજની ચર્ચાનો વિષય છે 'સૌથી સુંદર કોણ ?'

લો, સાંભળો આ સાંભળી સભામાં તો દેકારો થઈ ગયો. બધા પ્રાણીઓ એકસાથે બોલી ઊઠ્યા. ઊંટભાઈ કહે, 'એમ ઘોંઘાટ કરશો નહીં. વારાફરતી બોલો અને સભામાં શિસ્ત રાખો.'

વાંદરાભાઈએ સૌ પ્રથમ વારો લઈ લીધો. વાદરું કહે, 'જુઓ, મારું બચ્ચું સૌથી સુંદર છે. તેના નાના નાના હાથ, પગ અને સુંવાળું શરીર અને સરસ મજાની લાંબી પૂંછડી. હું જ્યારે એક ડાળેથી બીજી ડાળીએ કૂદું તો મને છાતીએ એવું વળગી જાય કે પડવાનો પ્રશ્ન જ ન આવે. કેવું સુંદર અને એવું જ સમજદાર !'

મ્યાઉં મ્યાઉં કરતાં બિલાડીબેને પણ ચર્ચામાં ભાગ લીધો. 'મારા બચ્ચાં કેટલા સુંદર છે જાણે કે નાના નાના વાઘ ! જન્મે ત્યારે આંખો મીંચીને શાંત પડ્યા રહે. એક જગાથી બીજી જગાએ મારે લઈ જવા હોય તો મોંઢામાં પકડીને લઈ જઉં. થોડા મોટાં થયાં નથી કે દોડાદોડ શરૂ. એમનાં નાનાં નાનાં કાન ને સુંદર આંખો જોઈને હું તો રાજી રાજી થઈ જાઉં છું.' હવે બતકબહેનથી ના રહેવાયું. 'અરે, મારા બચ્ચાંની તો વાત સાંભળો. ઈંડામાંથી જેવા બહાર નીકળ્યા કે મારી પાછળ-પાછળ દોડવા માંડે. અને તળાવ પાસે જઈએ એટલે સીધા ઝંપલાવે પાણીમાં. જન્મતાં વેંત જ તરતા આવડે. બોલો કેવા હોંશિયાર. તેમની પીળી પીળી ચાંચ અને ધોળું રૂ જેવું શરીર. સૌથી સુંદર તો મારા બચ્ચાં જ લાગે છે !'

મોર કહે, 'તમે બધા જે કહો તે પણ મારા બચ્ચાં તમે જોયાં છે ? કેટલા સુંદર. એટલે જ તો કહેવત પડી છે મોરના ઈંડા ચીતરવા ન પડે. મારા બચ્ચાં જન્મે ત્યારે મારા જેવા રૂપાળાં નથી હોતાં પણ જેમ જેમ મોટા થાય તેમ તેમ તેમની સુંદરતા દિવસે ન વધે તેટલી રાતે વધે. પછી તો મારા બેટા મારા જેવા જ રૂપાળાં લાગે. જન્મથી જો રૂપાળાં હોય તો શત્રુની નજરે ચઢી જાય અને તેનો શિકાર બની જાય. વળી અમારી ઢેલબહે માળો પણ ઝાડની ઉપર નહીં પણ જમીન પર બાંધે છે એટલે કુદરતની આવી મહેરબાની છે.'

હવે હરણથી પણ ન રહેવાયું, 'બધાં પશુઓમાં હું કેટલો રૂપાળો ! મારા સુંદર શિંગડા, ટપકાંવાળી શરીરની ભાત એટલે મારા બચ્ચાં તો મારા જેવા રૂપાળાં જ હોયને !'

આમ, તકરાર બરાબર જામી. બધાના મત જુદા, બધાની વાત જુદી. કોઈ એક વાત પર સંમત ન થાય. ચર્ચા, ઘોંઘાટ અને બોલાબોલી થઈ એટલે ઊંટભાઈએ સભાનો દોર હાથમાં લીધો. ઊંટભાઈ કહે, 'ચાલો, બધા શાંતિ રાખો. આપણે ગાયબહેનને જ ન્યાય કરવાનો કહીએ.' ગાયે શાંતિથી ઘાસ વાગોળતા વાગોળતા જવાબ આપ્યો, 'ઊંટભાઈ, તમને સૌથી વધારે સુંદર કોણ લાગે છે ? હું કાગડાને, ડુક્કરને, બકરીને કે સસલાને પણ આ વિશે પૂછીશ તો તે દરેકને પણ પોતાનું બચ્ચું સુંદર લાગશે. દરેક માતાને પોતાનું બાળક સુંદર લાગે. દરેક બાળક સુંદર જ હોય છે. ઊંટભાઈ આવી નાહકની ચર્ચા છોડો. બાળકોની સરખામણી ન કરાય.'❑

અનુસંધાન]કચ્છ....[પૃ. ૨૮૭ થી

આવી છે, આ શેનું બાંધકામ હોઈ શકે તે પૂર્ણ કક્ષાનું ઉત્ખનન થયા પછી જ જાણી શકાશે.

ધોળાવીરાનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં છે જ્યારે અહીંનું પ્રવેશદ્વાર દક્ષિણ દિશામાં છે. અહીં આવેલ ઓપનએર થિયેટરમાં આમ જનતા માટે બેસવા માટે ઢાળ બનાવવામાં આવેલ છે. જ્યારે ધોળાવીરાના ઓપનએર થિયેટરમાં પગથિયાં છે. આમ, કુરન અને ધોળાવીરા કે અન્ય બીજી અન્ય હડપ્પીય વસાહતોનો તુલનાત્મક અભ્યાસ કરવાની તક પણ સંશોધકોને હવે મળી રહેશે.

ઉત્ખનનના કાર્યમાં જોડાયેલ અધિકારીઓ, કર્મચારીઓ અને શ્રમજીવીઓ અહીં વીજળી, પાણી અને આરોગ્ય સેવાઓની પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. જો કે, શ્રી પુષ્પદાનભાઈના પ્રયાસોથી બેલાપુર ઈન્ડસ્ટ્રિઝના સત્તાધિશોએ કુરન ગામથી આ વસાહત સુધી પાકો રસ્તો બનાવી આપવાની તથા પીવાના પાણી તથા મોબાઈલ ડીસ્પેન્સરીની સગવડ કરી આપવાની ખાત્રી આપી છે.

આમ, કચ્છમાં મળી આવેલ વધુ એક હડપ્પીય નગરે કચ્છને પુરાતત્ત્વના નકશામાં મોખરાનું સ્થાન અપાવી દીધું છે અને કચ્છનાં અનેક વિસ્તારોમાં આવેલ હડપ્પીય સંસ્કૃતિના વિસ્તારોનું માવજતથી ઉત્ખનન કાર્યની જરૂરિયાત પણ દર્શાવે છે. ❑

સાહિત્યસંપર્ક

કવિ સાહિત્યકાર જયંત વસોયાનું નિધન

જયંત વસોયા એવા ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકે ખ્યાતિ મેળવનાર જયંતિલાલ વશરામભાઈ વસોયાનો જન્મ તા. ૧૫-૧-૧૯૪૯ના



રોજ રાજકોટ જિલ્લાના ઉપલેટા ગામમાં થયો હતો. તેઓએ ૧૯૭૩માં હિન્દી સાથે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટામાં તેઓ હિન્દી વિભાગના અધ્યક્ષ અને અધ્યાપક તરીકેની સેવાઓ આપતા હતા. છેલ્લા દોઢ વરસથી બ્લડ કેન્સરની બિમારીથી પિડાતા જયંત વસોયાનું ઉપલેટા ખાતે તા. ૨૭-૨-૨૦૦૪ના રોજ અવસાન થયું. ૧૯૮૬માં તેમનો પ્રથમ ગઝલસંગ્રહ 'અસર' પ્રવીણ પ્રકાશન દ્વારા પ્રકાશિત થયો હતો. ટૂંક સમયમાં તેમનો મરણોત્તર કાવ્યસંગ્રહ પણ પ્રકાશિત થનાર છે.

*

ભોળાભાઈ પટેલને કેન્દ્રસરકારનો રાષ્ટ્રિય પુરસ્કાર

ભારત સરકારના માનવસંશાધન વિકાસ મંત્રાલય સંચાલિત કેન્દ્રીય હિન્દી નિદેશાલય, દિલ્હીએ હિન્દીતરભાષી હિન્દીલેખકોને દરવર્ષે અપાતા રાષ્ટ્રિય પુરસ્કાર માટે ભોળાભાઈ પટેલના હિન્દી પુસ્તક 'ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ' (વર્ષ ૨૦૦૨-૨૦૦૩)ને શ્રેષ્ઠ પુસ્તક તરીકે પસંદ કરીને તેમને રૂપિયા એક લાખનો અવૉર્ડ આપવાની ઘોષણા તાજેતરમાં કરી છે. 'ભારતીય ઉપન્યાસ પરંપરા...' પુસ્તક રંગદ્વાર પ્રકાશન, અમદાવાદથી પ્રકટ થયું છે.

અવલોકન

'સુવાક્ય-સાગર' : માનવચિંતનના અમૂલ્ય વારસાનો ખજાનો



'સુવાકય-સાગર'માં ૩૬૫૦ સુવાકયો ગ્રંથસ્થ કરી મૂકવામાં આવ્યાં છે. તેમાં પ્રાચીનથી આધુનિકયુગ સુધીના અનેક ગ્રંથો, વિદ્વાનો, ઋષિમુનિઓ, સંતો અને વિચારકોનાં સુવાક્યો તેમનાં નામ સાથે રજૂ કરવામાં આવ્યાં છે. એટલે તે વાંચતાં જ માનવની યાદશક્તિ પણ ઢંઢોળાય છે.

સુભાષિતો અને સુવાકયો એ એવી રજૂઆત છે કે જે જીવનદૃષ્ટિને સતેજ કરે છે અને અનુસરવા માટે પ્રેરણા આપે છે. આમ, સુવાકયનું કાર્ય વિચારવાહકનું છે. તે વક્તાઓની વાણીમાં પ્રભાવ ઉમેરે છે તો શ્રોતાને આનંદ સાથે વિચારતંતુ પૂરો પાડે છે. સુવાકય શ્રેય અને પ્રેયનો ભેદ સમજવાની દૃષ્ટિ આપે છે.

શ્રી રમણલાલ સોની ગુજરાતમાં પોતાની સરળ અને ઓજસ્વી ભાષા દ્વારા છેલ્લાં ૫૦ કરતાં વધુ વર્ષથી લેખન દ્વારા સંસ્કારઘડતરનું કાર્ય કરી રહ્યા છે; આજની પેઢીનો કોઈ પણ ગુજરાતી એવો નહિ હોય કે જે બાલ્યવયમાં તેમની બાળવાર્તા, કિશોરાવસ્થામાં કિશોરકથા અને યુવાવયમાં બંગાળી અનુવાદો વાંચીને ઊછર્યો ના હોય. તેઓએ ૪૦૦ કરતાં વધુ ગ્રંથો-પુસ્તકોની રચના કરી છે. આજે ૯૬ વરસ પૂરાં થયાં છતાં સતત નવું નવું લખ્યા જ કરે છે. હજુ બાળકોને નવું આપવાની તેમની ખેવના એવી ને એવી જ રહી છે. તેઓએ વિશ્વભરની ઉત્તમ કથાઓને પણ ગુજરાતીમાં રૂપાંતરિત કરી આપી છે. તેમના ૯૭માં જન્મદિવસે આ ગ્રંથ 'સુવાક્ય સાગર' પ્રકાશિત થયેલ છે.

આમાં 'અ' થી 'જ્ઞ' સુધીના અનુક્રમે વિષયો ફાળવીને ૭૮૦ વિષયો મૂકી, ૩૮૨ પાનામાં સુવિચારો-સુભાષિતો રજૂ કર્યા છે. જેમાં તે વિચાર પ્રકટ થયા તે ગ્રંથો કે પ્રકટ કરનારનાં નામો મૂકીને વિશેષ વાચન માટેની પ્રેરણા પણ પૂરી પાડી છે.

પૃ. ૩૭૩ ઉપર હરિના જનની રજૂઆત કરતાં મૂક્યું છે કે -

હરિ સે હરિજન બડા, જાને સંત સુજાન,
સેતુ બાંધી રઘુવર ચલે, કૂદ ગયે હનુમાન !

પૃ. ૨૦૬ ઉપર પુસ્તક વિષે હેન્રી બૅકરે કેવું સરસ કહ્યું છે, 'પુસ્તક એ ઘરની શોભા વધારવા માટેનું ફર્નિચર નથી, પણ પુસ્તક સિવાય ઘરની શોભા વધારી શકે એવું બીજું છે શું ?' આવા વિચારોથી આખો ગ્રંથ વિચારસાગરનો એવો તો વારસો આપે છે કે જેમાં માનવી સતત ડૂબકી લગાવી સાચના મોતીને પ્રાપ્ત કરી શકે. લેખકે વરસોનો પુરુષાર્થ-પરિશ્રમ કરી જે ઉત્તમ છે તે બધું અહીં સાગર સ્વરૂપે સમાવ્યું છે. તેઓનો આ પુરુષાર્થ ગુજરાતી વાચકને પુનઃ ભાષાની તાકાત તરફ તો વાળે જ પણ અન્યને પણ વાંચવા પ્રેરે તેમ છે.- સુરેશ મ. શાહ

['સુવાક્ય સાગર' રમણલાલ સોની, પ્રકાશક : ડૉ. રેણુકા શ્રીરામ સોની, સુતરીયા હાઉસ, ત્રીજે માળ, ભાઈકાકા ભવન પાસે, એલિસબ્રીજ, અમદાવાદ -૬, પૃ ૩૮૨ + ૧૬, કિં. રૂ.૨૦૦]

ઈ. ૨૦૦૩નો

કુમાર-ચંદ્રક

શ્રી રજનીકુમાર પંડ્યાને



તેમની લેખમાળા 'ફિલ્માકાશ' માટે એનાયત કરવાનું ઠરાવાયું છે. લેખકને અભિનંદન.

નિર્ણાયકો

ડૉ. ધીરુભાઈ ઠાકર,
ડૉ. ચિમનલાલ ત્રિવેદી, ડૉ. ચંદ્રકાન્ત શેઠ

માનવમનની આંટીઘૂંટીને આલેખતું નાટક 'જ્વાળામુખી'

પ્રજ્ઞા પટેલનું નામ ગુજરાતી નાટક અને વાર્તાક્ષેત્રે અજાણ્યું તો નથી. વિવિધ સામયિકો અને દૈનિકોમાં એમની વાર્તાઓ અને નાટકો પ્રસિદ્ધ થયાં છે. એમની સર્જક પ્રતિભા જરા જુદી રહી છે. વિષયવસ્તુ મનમાં આકાર લે એ પછી સતત એને ઘૂટતાં રહે છે. એમની વાર્તાઓ જેમ એમનાં નાટકો એમાંના ચોટદાર સંવાદોને કારણે પ્રેક્ષકને જકડી રાખે છે. એક વાર્તા લેખિકા કરતાં એક નાટ્ય-લેખિકા તરીકે એમને સારી સિદ્ધિ મળવાનું આ જ કારણ હોઈ શકે.

'જ્વાળામુખી' પુસ્તાકાકારે એમનું બીજું પ્રકાશન છે. સાત એકાંકીના સંગ્રહ 'ચાલ, સૂરજ પકડીએ' પછી એકાંકી તો લખતાં રહ્યાં. એકાંકીની સફળતા પછી એક દીર્ઘ નાટક લખવાનો એમણે પ્રયાસ કર્યો. કેન્દ્ર સરકારની સંગીત નાટક અકાદમીની યોજના સંદર્ભે 'જ્વાળામુખી' લખાયું. એ બટુભાઈ ઉમરવાડિયા પારિતોષિકને પાત્ર ઠર્યું એ જ એની સિદ્ધિ છે. પ્રજ્ઞા પટેલની પ્રતિભાથી અંજાઈ શ્રી કેશુભાઈ દેસાઈએ 'કુમાર'ને પાને એમને અગાઉ 'દેવદૂતિકા' તરીકે પણ નવાજેલ છે.

'જ્વાળામુખી' આમ તો ત્રણ પાત્રો આસપાસ ગૂંથાયેલી બહુ લાંબી અને અનેક પ્રસંગોથી વીંટળાયેલી અનોખી પ્રણયકથા છે. કથાવસ્તુ એવું હૃદયસ્પર્શી છે કે જીવનદર્શનના ઊંડાણનો અણસાર આપી વાચકને અને પ્રેક્ષકને સ્પર્શી જાય છે. એમણે કથા અને ઘટનાને જે રીતે રજૂ કર્યા છે તેમાં લેખિકાની સર્જનશક્તિની પ્રતીતિ થયા વિના રહેતી નથી. પોતાની જ કથા હોય એવા અનુભવના ઊંડાણમાં પ્રેક્ષકને તરબોળ કરી દે એવા ચોટદાર સંવાદો છે. અને જરાય અતિશયોક્તિ વિના આ સંવાદો એ પાત્રો રોજિંદા જીવનમાં બોલતાં હોય એવાં સરળ, સ્વાભાવિક અને હેતુલક્ષી છે.



સમય, કાળ અને સ્થળને અનુરૂપ હોય અને પ્રેક્ષક કે પાત્રોની મર્યાદાને સમજીને જે કૃતિ લખાઈ હોય એની આગવી પ્રતિભા પડે છે અને એને સારી સફળતા મળે છે. પ્રજ્ઞા પટેલમાં સદ્ભાગ્યે એ સૂઝ અને કળા છે. નાટકમાં સંવાદો સાચકલા લાગવા જોઈએ. ભાષાની ભભકને બદલે સચ્ચાઈનો રણકો હોવો જોઈએ. એમાં પછી એકાદ કાવ્ય આવી જાય તો એ આડખીલી નહિ, પણ પૂરક બને છે.

'જ્વાળામુખી'માં માનવમનની કુમાશ, ભાવના અને સચ્ચાઈ સાથે રોજિંદા જીવનમાં તરી આવતી નબળાઈના સતત પડઘા પડતા રહ્યા છે. કદાચ, એને કારણે જ પ્રેક્ષકને જકડી રાખવામાં આ નાટક સફળ નીવડે છે. ટૂંકી વાર્તા જેમ અંત માટેની જિજ્ઞાસા અંત સુધી જળવાઈ રહે છે. સચ્ચાઈનો ઘટસ્ફોટ થાય છે ત્યારે પડદો પડે છે. જીવનના સ્ટેજ પર પણ આવું નથી બનતું? જીવનનાં સુષુપ્ત પાસાંઓને સાચા અર્થમાં ઘટસ્ફોટ કરવા જે દિવ્ય અને ભવ્ય ગૂંથણી કરી છે તે દાદ માગી લે એવી છે. અને એમાં જ નાટ્યલેખિકાની સાચી સફળતા છે. કથા પ્રેમની છે, પણ ક્યાંય પ્રેમની આછકલાઈ નથી, ઉદ્ધતાઈ નથી, શબ્દોની દ્વિઅર્થી રમત નથી, સામાન્ય પ્રેક્ષકને ગલગલિયાં કરાવે એવી એકલતામાં પણ કોઈ ભ્રામક સ્થિતિ ઊભી નથી કરી.

આખાય નાટકમાં પ્રજ્ઞા પટેલની જીવન વિષયક ફિલોસોફી ઠેર ઠેર ડોકિયાં કરે છે. ક્યારેક એમનાં પાત્રો મારફત સલાહ સૂચનો પણ આપે છે. નાટક ભજવનારને માર્ગદર્શન આપવાનું પણ ચૂકતાં નથી. દા.ત. પરદા પાછળથી મમતાની વાત કહી ભૂતકાળ રજૂ કરવાની કળા માટે લેખિકાનું સૂચન નોંધપાત્ર છે.

'મારી પોતાની જિંદગીને પણ હું ન સમજી શક્યો, ચાહી શક્યો.' કહેનાર પ્રોફેસર આલોકના મુખે જાણે લેખિકાની જીવનદૃષ્ટિ રજૂ થાય છે. 'માણસોને ચાખતો રહ્યો...' શબ્દોમાં નથી લાગતું કે લેખિકાના આંતરવિચારોનો પડઘો હોય?

'નાની ઉંમરની છોકરીઓએ મોટી ઉંમરનાના પ્રેમમાં ન પડવું.' એવા કથનમાં આજના સમાજની વાસ્તવિક્તાની વાત આબેહૂબ રીતે રજૂ કરી છે.

વેદના અને અન્યાયની વાતોના પડઘા ઠેર ઠેર પડે છે તો પ્રેમની વ્યાખ્યા આપતાં આલોકના મુખે પ્રેમની મહત્તા સમજાવીને લેખિકાએ કમાલ કરી નાખી, 'પ્રેમ એટલે હંમેશાં સ્વીકાર, સમર્પણ અને પ્રિયજનની પ્રાપ્તિ, એ જ નહિ, એથી કંઈક વિશેષ પણ હોઈ શકે.' કહે ત્યારે પૂછવાનું મન થઈ જાય, 'જરા કહો તો ખરાં કે શું વિશેષ હોઈ શકે?'

પ્રેમની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ વચ્ચે ઝોલાં ખાતું અને પ્રણયના સાગરમાં તરબોળ કરી દેતું સમગ્ર નાટક ઘણીબધી રીતે માણવા જેવું છે અને આપણા નાટ્યસાહિત્યમાં એક નોંધપાત્ર ઉમેરો છે. પ્રજ્ઞાબહેન પાસેથી આપણા સાહિત્યને ઘણું મૂલ્યવાન સાહિત્ય મળતું રહે એવી અપેક્ષા સાથે આવા રસિક નાટક માટે એમને અભિનંદન.

- જય ગજ્જર

['જ્વાળામુખી' લે. પ્રજ્ઞા પટેલ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૩, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ, પૃ. ૬૧, કિં. ૪૫ રૂપિયા]

—અંગુલિનિર્દેશ—

અનુસંકેત

જાણીતા કવિ-વિવેચક ભાનુપ્રસાદ પંડ્યાના પ્રસ્તુત પુસ્તકમાં અભ્યાસલેખો, ગ્રંથસમીક્ષા અને કાવ્યાસ્વાદનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂરદાસની કવિતાકલા, કાન્તનું છંદોવિધાન, ઉમાશંકર જોશીની મુક્તકકવિતા, સૉનેટ, નવલકથા અને ફોઈડીઅન પ્રતીકો, ગોવર્ધનરામ તેમજ સ્વાતંત્ર્યોત્તર સાહિત્યની દશા અને દિશા જેવા અભ્યાસલેખો તેમની વિવેચનાત્મક સૂઝનો તાદૃશ્ય ચિતાર આપે છે.



'ફૂલોનો પવન-રથ' (મફત ઓઝા), 'દરિયો' (મેઘબિંદુ), 'મથામણ' (પ્રતાપસિંહ રાઠોડ), 'ધબકારાનો વારસ' (અશરફ ડબાવાળા) જેવા કાવ્યસંગ્રહોની સમીક્ષાની સાથે સાથે 'અનુસંકેત'માં કાવ્યોના આસ્વાદને પણ સમાવવામાં આવ્યા છે. કવિતારસિકોને આ લેખસંગ્રહ ઉપયોગી જણાશે.

[અનુસંકેત (વિવેચનાત્મક લેખો): લે. ભાનુપ્રસાદ પંડ્યા, ડિમાઇ સાઇઝ, કાચું પૂંઠું, પ્ર. પ્રવીણ પ્રકાશન, પૃ. ૧૮૯, રૂ. ૧૦૦.]

*

દૃષ્ટિશીલ દિનેશભાઈ

'દૃષ્ટિશીલ દિનેશભાઈ' પુસ્તક તેના નામ પ્રમાણે દિનેશભાઈ શાહનું જીવન-વૃત્તાંત છે. ગુજરાતમાં વિકેન્દ્રિત આયોજનના પ્રણેતા, નવી દિશાની યુવક પ્રવૃત્તિઓના રાહબર, સિદ્ધાંતપ્રિય, મૂલ્યનિષ્ઠા અને પ્રામાણિકતા માટે જાણીતા યુવક વિકાસ ટ્રસ્ટના આદ્ય-સંસ્થાપક તથા સોમનાથ ટ્રસ્ટના પૂર્વ અધ્યક્ષ અને ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી શ્રી દિનેશભાઈ શાહના જીવન-કાર્ય, દૃષ્ટિ અને દર્શનનો સચોટ ચિતાર વિસ્તૃત રીતે તસવીર અને સંદર્ભ-માહિતી દ્વારા લેખક વિષ્ણુભાઈ દવેએ પ્રસ્તુત પુસ્તકમાં આપ્યો છે. પુસ્તકને જીવનદૃષ્ટિ, સન્માનપત્રો અને ચિત્રસંપુટ એમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું છે. ૨૯૬થી વધુ પાનાં ધરાવતું આ દળદાર પુસ્તક દિનેશભાઈ શાહના જીવન-વિચાર અને કર્મથી વાચકોને સુપેરે માહિતગાર કરે તેવી સરળ શૈલીમાં લખાયું છે.



[દૃષ્ટિશીલ દિનેશભાઈ (જીવનચરિત્ર) લે. વિષ્ણુભાઈ દવે, ડબલ કાઉન સાઇઝ, પાકું પૂઠું, પ્ર.યુવક વિકાસ ટ્રસ્ટ, પૃ.૨૯૬. રૂ.૨૫૦.]

*

ઈશ્વરની યાતના

આલાં બૉસ્ક ઉપનામથી કવિ, નવલકથાકાર, નિબંધકાર, સંપાદક અને અનુવાદક તરીકે જાણીતા આનાતોલ બિસ્કના કાવ્યસંગ્રહ 'God's Torment'નો ચંદ્રકાન્ત ટોપીવાળાએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે 'ઈશ્વરની યાતના'. આલાં બૉસ્ક રશિયન મૂળના કવિ છે.



'ઈશ્વરની યાતના' ૬૯ અછાંદસ અનુ-વાદિત કાવ્યોનો સંગ્રહ છે. આલાં બૉસ્ક ઈશ્વરમાં માનતા નહોતા અને તેમ છતાં ઈશ્વરને ઉદ્દેશીને ઘણાં કાવ્યોનું સર્જન કર્યું હતું. પ્રસ્તુત અનુવાદિત કાવ્યોમાં મોટા ભાગનાં કાવ્યો ઈશ્વરની ઉક્તિરૂપે છે, ક્યાંક મનુષ્યની ઉક્તિ પણ છે તો ક્યાંક પ્રશ્નોરૂપે પણ કાવ્યોની ગૂંથણી કરવામાં આવી છે. અનુવાદકે ગુજરાતીપણાને અકબંધ રાખ્યું છે, જેથી કાવ્યો આસ્વાદ્ય બની રહે છે. ઈશ્વરમાં માનતા કે ન માનતા તમામને આ સંગ્રહ વાંચ્યા પછી ઘણા પ્રશ્નો સૂઝે એવો આ સંગ્રહ છે. એમાંની વ્યંગોક્તિઓ આસ્વાદ્ય અને કવિતાતત્ત્વથી સભર અને સચોટ છે.

[ઈશ્વરની યાતના(આલાં બૉસ્કના કાવ્યોનો અનુવાદ) અનુ. ચંદ્રકાન્ત ટોપીવાળા, કાઉન સાઇઝ, કાચું પૂઠું. પ્ર. કવિલોક ટ્રસ્ટ, પૃ.૭૦, રૂ.૬૦.]

કુમાર ટ્રસ્ટ અને કવિલોક ટ્રસ્ટના સહયોગથી

નોબેલ પુરસ્કાર વિજેતા કવિ



ટી. એસ. એલિયટના

અવાજમાં એમના સુપ્રસિદ્ધ કાવ્ય

'ફોર ક્વૉર્ટ્રેટ્સ'ના

કસેટ-શ્રવણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

કાવ્યકૃતિની નકલ પ્રત્યેક શ્રોતાને સ્થળ પર આપવામાં આવશે.

સહૃદયોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

તારીખ : ૨૮ એપ્રિલ ૨૦૦૪, બુધવાર

સમય : સાંજે ૬-૩૦ કલાકે

સ્થળ : ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઇન્ડિયા પાછળ,નદીકિનારે, અમદાવાદ - ૯

ટ્રસ્ટીઓ
કુમાર ટ્રસ્ટ

ટ્રસ્ટીઓ
કવિલોક ટ્રસ્ટ

નોંધ : કાર્યક્રમ શરૂ થયા પછી પ્રવેશ-પ્રસ્થાન નિષિદ્ધ છે.

❀ કલાવાર્તા ❀

પ્રતિભાવંત કલાકાર નરેન પંચાલ

૧૯૩૬માં ઉંમરગામમાં જન્મેલા નરેન પંચાલનું નામ મુંબઈના કલાજગતમાં ખૂબ જાણીતું છે. મુંબઈના એક



અનાથાશ્રમમાં તેમનો ઉછેર થયો. ઉદેપુરના ભારતીય લોકકલા મંડળમાં સેટ ડિઝાઈનર તરીકે સેવા આપેલી ત્યારે બૅકસ્ટેજમાં જ અનેક રાતો ગુજારેલી. કલાજગતમાં માત્ર ટકી રહેવા માટે નહિ, પરંતુ કંઈક નવું સર્જનાત્મક કરી બતાવવા માટે તેમણે સંઘર્ષ જારી રાખ્યો હતો. ઈન્ડિયન નૅશનલ થીએટરના સ્ટેજ ડેકોર માટે ચિત્રકાર તરીકે તેમણે ૧૯૬૧માં કામ કર્યું. ટૂંકી જાહેરખબર માટેની ફિલ્મો સારુ કલાનિર્દેશક તરીકે ૧૯૬૧માં સેવાઓ આપી. ૧૯૬૨માં મુંબઈના ટૉય સેન્ટરમાં ડિઝાઈનર તરીકે રહ્યા. જે.જે. સ્કૂલ ઑવ આર્ટ મુંબઈમાંથી લલિત કલાઓનો અભ્યાસ પૂરો કર્યો. મુંબઈ આર્ટ સોસાયટીના વાર્ષિક પ્રદર્શનમાં ભારતીય ચિત્રકલા વિભાગમાં તેમનાં પ્રદર્શિત ચિત્રને સિલ્વર મેડલ મળ્યો. તેમનાં વૈયક્તિક પ્રદર્શનો ૧૯૬૩થી ૨૦૦૩ સુધીમાં મુંબઈ, દિલ્હી, મદ્રાસ, વારાણસી, ન્યૂ યૉર્ક જેવાં સ્થળોની કલાવિથિઓમાં યોજાયાં. આ પ્રદર્શનોમાં તેમની જળરંગી કૃતિઓ ઉપરાંત લાકડા પરનું સર્જનાત્મક મેટલવર્ક દર્શાવતી રચનાઓ રજૂ થઈ હતી. 'અરીસા' જેવા વિષય માટે તેમણે ભલે કૃષ્ણબિહારી 'નૂર'ના એક શોર સાંભળીને મળી હોય, તેમની આ વિષય પરની ચિત્રશ્રેણી સ્વરૂપીય, કલાત્મક અને સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ ખરેખર સંતર્પક અને સફળ રહી છે. તેમના શબ્દોમાં દર્પણના માધ્યમથી તેમાં ઝિલાતા રંગોને તેમણે તેમની કૃતિઓમાં ચિત્રિત કર્યા છે.

છેલ્લા ચાર દાયકા દરમ્યાન દસ વન મેન શો કરી ચૂકેલા અને પંદરથી પણ વધુ જૂથ શોમાં ભાગ લેનાર નરેન પંચાલની કલાસાધના અવિરતપણે ચાલતી રહી છે. તેમનાં દર્પણચિત્રો નિહાળી અંગ્રેજીના મશહૂર લેખક અને કલાના વિદ્વાન ડૉ. મુલકરાજ આનંદે યોગ્ય રીતે કહ્યું છે, 'દિમાગમાંથી સર્જાતી અવનવી રેખાઓ અને આકારોને તેમણે નખશિખ કૅનવાસ પર ઊતાર્યા છે, અરીસામાં જીવનદર્શન કરાવીને સંપૂર્ણ અંધકારમાં નવો અજવાસ પ્રકટાવ્યો છે. હું તેમની કલાને દિલથી દાદ આપું છું.' 'દર્પણ' વિષયની પસંદગી માટે કારણ આપતા નરેન પંચાલ કહે છે કે, 'અરીસો ક્યારેય જૂઠું નથી બોલતો, જેવું હોય તેવું દેખાડી દે છે.' તેમણે અરીસામાં ઝિલાતા માનવજીવનના પ્રતિબિંબના વિષયપર બે વર્ષની એકધારી મહેનતના ફલસ્વરૂપે સર્જાયેલાં ૩૭ ચિત્રોનું પ્રદર્શન મુંબઈની કૅમ્પસ કૉર્નર આવેલી '૧૨૭ ઍટ ધ કૅમ્પસ' ગૅલરીમાં ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૩થી ૧૭મી માર્ચ, ૨૦૦૩ સુધી ભરાયું હતું. આ ચિત્રોમાંનાં માનવીય રંગરૂપોનું આલેખન તથા રંગોની પારદર્શિતા અને ઘનવાદી તત્ત્વોનો કલાત્મક વિનિયોગ નોંધપાત્ર છે. તેમાં સશક્ત તથા સુશોભનાત્મક વલણ યા પ્રવાહ ઉપરાંત અધિવાસ્તવવાદી શૈલીનાં દર્શન થાય છે. આ કૃતિઓમાં કડકપણે આલેખાયેલ ત્રાંસા લયો છે. સામાન્ય જીવનના પ્રસંગોને નિરૂપતાં આ સર્જનો પ્રકાશથી ધબકે છે અને તેમાંના સમૃદ્ધ રંગો મનોવૈજ્ઞાનિક અસર પેદા કરે છે. રંગો ઍક્રિલિક છે. માનવીય આકારોના આલેખનમાં વિરૂપતા તથા ઘનવાદી તત્ત્વો જોવા મળે છે, છતાં તે ભારતીયતાથી ધબકે છે. પદાર્થોના ટુકડાઓથી શરૂ કરીને કલાકાર તેમને સુગ્રથિત લયયુક્ત રચનાઓ યા ઢાંચાઓમાં ગોઠવે છે. વળી, કલાકાર નરેન તેમની કૃતિઓમાં વસ્તુલક્ષી તત્ત્વો જેવાં કે લાકડાકામની નકલ, લોકકલાનાં રૂપ, ન્યૂઝપેપરનાં દૃશ્યકલ્પનો વગેરેને કલાત્મકપણે સમાવિષ્ટ કરે છે અને એ રીતે તેમણે સર્જેલા વાસ્તવની અનુભૂતિ તેઓ આપણને કરાવે છે. આ કૃતિઓમાં કલાકારના પોતાના પ્રદેશની ભૂમિની માટીની સુગંધ છે.

નરેન પંચાલની કૃતિઓ અનેક કલા-પારખુઓના સંગ્રહમાં સચવાયેલી છે. મેટલ ઑન વુડ એટલે કાષ્ઠકલા અને ધાતુકલાનો સમન્વય કરતી તેમની શરૂઆતની કલાકારકિર્દીની કલાકૃતિઓ તૈયાર કરવામાં તેઓ ખૂબ માહેર હતા. આ કૃતિઓ ખૂબ પ્રશંસા પામી હતી. હકીકતમાં નરેન કોઈ એક ફૉર્મ યા શૈલીમાં બંધાયેલા નથી રહ્યા.

– બંસીલાલ દલાલ





કૅનવાસ પર ઍક્રિલિક રંગોમાં 'અરીસો' શ્રેણીનાં બે ચિત્રો

કલાવૃત્ત


અતીતથી આજ ચિત્ર-પ્રદર્શન

કલાની દુનિયામાં આપણે સૌ કલારસિકો થોડાંક વર્ષ પાછળ અતીતમાં ડોકિયું કરીએ તો કલાનગરી



જી. આર. સંતોષ

વડોદરાની ફાઈન આર્ટ ફૅકલ્ટી, શ્રી એન. એસ. બેન્દ્રેસાહેબના વડપણ નીચે સન-૧૯૫૦થી કલાભ્યાસ પામેલા કલાકારોએ સન ૧૯૬૦-૭૦ના સમયગાળામાં દેશભરમાં પોતાનાં સર્જનોથી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. અને કલાસર્જનના જગતમાં પોતાનું પ્રદાન આપ્યું હતું. તાજેતરમાં આજ કલાનગરી વડોદરામાં સર્જન આર્ટ ગૅલરિ જે એક નાની ગૅલરિથી શરૂ થઈને થોડાંક વર્ષોમાં મસમોટું વૃક્ષ થએલ છે. તેણે લગભગ ૨૦૦૦ ચોરસફુટની વિશાળ આર્ટ ગૅલરિ શરૂ કરેલ છે. ફેબ્રુઆરી ૨૦૦૪ના ઉદ્‌ઘાટન પ્રદર્શનમાં



ગુલામમોહમ્મદ શેખ

છેલ્લાં ૪૦ વર્ષોના ફાઈન આર્ટ ફૅકલ્ટીના વડોદરાના વરિષ્ઠ તેમજ યુવા કલાકારોની કૃતિઓને દર્શકો સમક્ષ રજૂ કરી, અદ્‌ભુત આનંદ કરાવ્યો જેનો કેફ ઊતરે તેવો નથી.

પ્રદર્શનનું શીર્ષક છે. 'લુકિંગ બૅક - લુકિંગ ફોરવર્ડ' થોડીક



હકુ શાહ

દૃષ્ટિ અતીતમાં, થોડીક દૃષ્ટિ ભવિષ્ય તરફ. લગભગ બાવન જેટલા ચુનંદા કલાકારો જેમાં શ્રી એન.એસ.બેન્દ્રે, સુબ્રમન્યમ, શંખો ચૌધારી, શાંતિ દવે, જ્યોતિ ભટ્ટ, જેરામ પટેલ, હકુ શાહ, હિંમત શાહ, ગુલામ શેખ, સંતોષ, ભુપેન ખખ્ખર, રાઘવ કનેરિયા જેવા વરિષ્ઠ કલાકારો સાથે નવી પેઢીના કલાકારો જેવા કે આનંદજિત રૉય, અમરનાથ



વૉલ્ટર ડીસોજા

શર્મા, દેવરાજ ડાકોજી, ધ્રુવ મીસ્ત્રી, જયશ્રી ચક્રવર્તી, કમલ રાણા, લક્ષ્મી ગૌડ, મહેન્દ્ર પંડ્યા, ટી. વૈકુંઠમ, વિવાન સુંદરમ્, વૉલ્ટર ડિસોજા જેવા કલાકારોની ચિત્ર-કૃતિઓ, શિલ્પ, ગ્રાફિક્સ, પ્રિન્ટસ, રેખાંકન, ફોટોગ્રાફ્સ જેવાં વિવિધત સભર



ટી. વૈકુંઠમ

સર્જનોથી જાણે કે પરદેશની કોઈ ગૅલરિમાં આવી ગયા હોઈએ એવો અહેસાસ થતો હતો. લગભગ મોટાભાગના કલાકારોની હાજરીથી પ્રદર્શનની ભવ્યતા વધી હતી. પ્રદર્શનની મોટાભાગની કૃતિઓ શહેરના તેમજ અન્ય મહા શહેરોનાં યોગ્ય સ્થળો, તેમજ અન્ય ગૅલરિઓ માટે પસંદગી પામી ચૂકી છે. જે કલાના ઉત્કર્ષ, પ્રચાર, પ્રસાર અને કલાકારોના સર્જનાનંદ માટે ખૂબ જ જરૂરી છે. ક્યારેક વડોદરાની મુલાકાતે જવાનું થાય તો, આ આર્ટ ગૅલરિની મુલાકાત લેવા જેવી છે એમ જરૂર કહી શકાય. સંપર્ક, સર્જન આર્ટ ગૅલરિ, હોબી સેન્ટર, અલકાપુરી પટ્રોલ સ્ટેશન પાસે, વડોદરા - ૭.

– ગજેન્દ્ર શાહ

*

ઉત્તરપ્રદેશના સમકાલીન કલાકારોનું જૂથ પ્રદર્શન

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, ગાંધીનગરના સહયોગથી ઉત્તર પ્રદેશ રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ઉત્તરપ્રદેશના ચુનંદા સમકાલીન કલાકારોની સર્જનાત્મક કલાકૃતિઓનું એક જૂથ પ્રદર્શન અમદાવાદની રવિશંકર રાવળ કલાભવનની ગૅલરિમાં યોજાયું. આ ખાસ જૂથ પ્રદર્શન આંતરરાજ્ય કલાપ્રદર્શનોના આદાન-પ્રદાનના શુભ હેતુથી અમદાવાદમાં યોજાયું. એ જ રીતે ગુજરાતના ચુનંદા સમકાલીન કલાકારોની કૃતિઓનું પ્રદર્શન લખનઊમાં યોજાશે. આ પ્રકારનાં પ્રદર્શનો દ્વારા જુદાં જુદાં રાજ્યોના સમ-કાલીન કલાકારોની કૃતિઓ તથા કલા-પ્રવાહોથી રાજ્યોના કલાકારો, કલારસિકો, કલાવિદ્યાર્થીઓ સુપરિચિત થશે અને તેમની કલાસાધનામાં ઉપકારક પણ નીવડશે. આ માટે ઉત્તરપ્રદેશ રાજ્ય લલિતકલા

'એક બુંદ' : ડૉ. સવિતા નાગ



અકાદમી લખનઊના અધ્યક્ષ યોગેન્દ્રનાથ યોગી તથા સચિવ અનુરાધા ગૉયલ ખરેખર ધન્યવાદને પાત્ર છે. ગુજરાત રાજ્ય લલિતકલાના સચિવ શ્રી રમેશ પરમાર પણ ધન્યવાદને પાત્ર છે. આથી બંને પ્રદેશોના કલાકારોના પારસ્પરિક સંબંધો વિકસિત થશે. કુલ ચાલીસ કલાકારોની કૃતિઓ પ્રદર્શિત થઈ. જુદી જુદી શૈલીઓ, ટેકનિકો તથા માધ્યમો અને ખાસ તો કલાકારોની નિજી અભિવ્યક્તિ સમગ્ર પ્રદર્શનમાં ખાસ ધ્યાન ખેંચતી હતી. સ્ત્રી કલાકારો કિરણ રાઠૌર, કીર્તિ વર્મા, ડૉ. મધુ રાણી, ડૉ. પૂર્ણિમા તિવારી, ડૉ. રાકા અગ્રવાલ, ડૉ. સવિતા નાગ, ડૉ. શેફાલી ભટનાગર, સુષ્મા અગ્રવાલ, વસુધા યોગીની નોંધપાત્ર કૃતિઓની આ પ્રદર્શનમાં ઉપસ્થિતિ ભારતીય સ્ત્રી કલાકારોનું



'ત્રિયા' : ડૉ. મધુ રાણી

ગૌરવ કરે છે અને કલાજગતમાં તેમને યોગ્ય અને મહત્ત્વપૂર્ણ સ્થાન અપાવે છે. ડૉ. મધુ રાણીની તૈલરંગોમાં સર્જાયેલી આકૃતિપ્રધાન ત્રણ ઊભેલી સ્ત્રીઓનું આલેખન કરતી કૃતિ 'ત્રિયા' તથા ડૉ. સવિતા નાગની એક્રેલિક રંગોમાં સર્જાયેલી કૃતિ 'એક બુંદ' કમળ તથા કમળપર્ણો જળમાં સૂર્યનાં પ્રતિબિંબ તથા ઉપરથી પડતા એક બુંદને આલેખે છે.



'ઇન્તજાર' : શરદ પાંડે

શરદ પાંડેની તૈલરંગોમાં તૈયાર થયેલી કૃતિ 'પ્રતીક્ષા' એક નજાકતભરી રીતે આલેખાયેલી સ્ત્રીને ઝરૂખામાંથી બહાર જોતી દર્શાવે છે. સંદીપ ભાટિયાની સેરિગ્રાફી જેવા ગ્રાફિક કલાના માધ્યમમાં તૈયાર થયેલી 'માછલી-૨' કૃતિ ધ્યાનાકર્ષક છે અને સંતોષ વર્માની અમૂર્ત કૃતિ 'પ્રકાશથી તૈયાર થયેલું ચિત્ર' ખરેખર અદ્ભુત પ્રકાશથી ઝળહળી ઊઠે છે. તેમાં બિલાડીના ટોપ તથા ઈંડાં જેવા આકારોનો વિનિયોગ થયો છે.



'ફિશ – II' : સંદીપ ભાટિયા

*

કલાકાર વિજય શ્રીમાળીનાં પેન્સિલચિત્રોનો જાદુ

યુવા કલાકાર વિજય શ્રીમાળીએ ૧૯૮૪માં સી.એન.કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્સમાંથી ચિત્રકલામાં ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. ૧૯૮૪થી ૧૯૯૭ સુધી પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર અમદાવાદ ખાતે વન અને પર્યાવરણસંબંધી વિવિધ



પ્રદર્શનો યોજવામાં તથા તે અંગેના પ્રકાશનો તૈયાર કરવામાં તેમણે કલાકાર તરીકેની મહત્ત્વપૂર્ણ કામગીરી કરી. સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવતા કૅલૅન્ડર્સ તેમજ પક્ષી-નિરીક્ષણશ્રેણીનાં પુસ્તકો માટે તેમણે ચિત્રો તૈયાર કર્યાં. ૧૯૯૭થી તેઓ ફ્રીલાન્સ કલાકાર તરીકે કામ કરે છે. વાઇલ્ડ લાઇફ અંગેના પ્રદર્શનો માટે પક્ષીઓ તથા પ્રાણીઓના અદ્ભુત વાસ્તવદર્શી ચિત્રો તૈયાર કર્યાં. તેમનું સૌથી પ્રિય માધ્યમ છે પેન્સિલ, છતાં તેમણે તૈલરંગો, જળરંગો, એક્રિલિક રંગોમાં વાઇલ્ડ લાઇફ ઐતિહાસિક ઇમારતો, દૃશ્યચિત્રો, પોર્ટ્રેટ જેવા વિષયો પર વાસ્તવદર્શી વિગતસભર ચિત્રો તથા ડ્રૉઇંગ્સ તૈયાર કર્યાં. કમ્પ્યૂટર પર તેમણે વાસ્તવદર્શી શૈલીમાં



ચિત્રો તૈયાર કરવા શરૂ કર્યાં છે. કન્ટેમ્પરરી આર્ટ ગૅલરિમાં પ્રદર્શિત કરેલાં ચિત્રો પૈકી ત્રણ રંગીન ચિત્રો સિવાય ફક્ત પેન્સિલમાં જ સર્જાયેલાં છે.

પ્રેમ, કરુણા વહેવડાવતી મધર ટેરિઝાને પોતાના ખોળામાં એક અનાથ બાલિકાના મસ્તકને લઈને ઊભેલી દર્શાવતું અત્યંત ભાવવાહી, હૃદયસ્પર્શી, વિગતસભર, વાસ્તવદર્શી, સજીવ પોર્ટ્રેટ ખાસ ધ્યાનાર્હ છે. મોઢેરાનું સૂર્યમંદિર અત્યંત સૂક્ષ્મ અને વિગતસભર આલેખન છે અને ફોટોગ્રાફિક વાસ્તવનું ત્રિપરિમાણીય દર્શન કરાવે છે. સમડીના વાસ્તવદર્શી આલેખનમાં ટોનલ મૂલ્યો, પોતદર્શન, તીક્ષ્ણતા તથા ઋજુતા નોંધપાત્ર છે.

- બંસીલાલ દલાલ

કલાસ્મૃતિ

ફૅશન ડિઝાઈનર પેંસ સેંત લૉરેં



વિશ્વભરમાં ફૅશન ડિઝાઈન અને અવનવાં વસ્ત્ર પરિધાનની દુનિયામાં વર્ષોથી ફ્રાન્સ દેશ અને તેના પાટનગર પૅરિસનું નામ જગમશહૂર છે. ૨૦મી સદીના ફૅશન ડિઝાઈનરોમાં શ્રેષ્ઠ કોણ તેવા પરિસંવાદના અંતમાં, પૅરિસમાં યોજાએલી એક ચર્ચાસભામાં સર્વાનુમતે ફ્રેન્ચ ફૅશન ડિઝાઈનર પેંસ સેંત લૉરેંને ઉત્તમ કક્ષાના ડિઝાઈનર તરીકેનું બહુમાન અપાયું. શ્રી લૉરેંના ગ્રાહકોની નામાવલીમાં જગતભરનાં ધનાઢ્ય લોકો, ફિલ્મસ્ટાર્સ, ઉદ્યોગપતિ, રાજદ્વારી લોકો ફૂટબોલ તેમજ ઘોડાની રેસના શૉખીનો અને ફૅશનેબલ વસ્ત્રોના ઉત્પાદકો ગણાય છે.

લૉરેંનો જન્મ અલ્જિરિયાની ફ્રેન્ચ કૉલોનીના એક ગામ ઓરાનમાં સન. ૧૯૩૭માં થયો હતો. ત્રણ ભાંડુઓમાં તેઓ વડીલ હતા. તેમને કલાભ્યાસ માટે તેમની માતાનો આગ્રહ અને પ્રોત્સાહન મળ્યાં હતાં. નાનપણથી પેંસને ફૅશન અને નાટ્યકલામાં રસ હતો. તેઓ અભ્યાસકાળ દરમિયાન પ્રસિદ્ધ 'વૉગ' નામના ફૅશન સામયિકમાં આવતા પરિવેશની અનુકૃતિ કરતા સાથે સાથે અવારનવાર યોજાતી ફૅશન-ડિઝાઈનની સ્પર્ધાઓમાં ભાગ લેતા. સન ૧૯૫૪માં તેમને એક સ્પર્ધામાં મહત્ત્વનું ત્રીજું ઇનામ પ્રાપ્ત થયું. ત્યાર બાદ તેમને પૅરિસમાં ફૅશન કૉલેજ 'સિન્ડિકેટ-દે-લા-કાઉતુર'માં વધુ અભ્યાસ અર્થે દાખલ કરવામાં આવ્યા. અહીં તેમને આંતરરાષ્ટ્રિય વસ્ત્ર-પરિધાન સ્પર્ધામાં અનુક્રમે ત્રણ અવૉર્ડ મેળવ્યા આથી 'વૉગ' સામયિકના ડિરેક્ટરશ્રીએ તેમના કામ વિષે સુંદર લેખ પ્રકટ કર્યો. આ સાથે પૅરિસ તેમજ દુનિયાભરમાં મશહૂર જાણીતી સંસ્થા 'ક્રિશ્ચિયન ડીઓર'માં શ્રી લૉરેંને પોતાની કંપનીમાં પ્રમુખ ફૅશન ડિઝાઈનર તરીકેનું સ્થાન આપ્યું. તેઓએ ૨૧ વર્ષની ઉંમરે શ્રી ડીઓરના અવસાન બાદ કંપનીની સંપૂર્ણ જવાબદારી સંભાળી અને પોતાની ડિઝાઈન આધારિત પ્રથમ વ્યક્તિગત પ્રદર્શનનું આયોજન કર્યું, જેમાં પ્રથમ વાર સ્કર્ટ ડિઝાઈનમાં ટૂંકી 'ચુબેઝલાઈન'ની ડ્રેસની બોલબાલા થઈ. સાથે પ્રદર્શનના બધા જ નમૂના મોંઘી કિંમતોમાં વેચાઈ ગયા.

ધનિક વર્ગ માટે ડિઝાઈન કરવા સાથે તેમણે મધ્યમવર્ગના લોકો માટે પણ વસ્ત્ર ડિઝાઈન કર્યાં. સન ૧૯૬૦ના તેમના 'આવાં ગાર્દ' અને 'વીટ' કલેક્શનાં વસ્ત્રોએ પૅરિસ શહેરની ગલીઓમાં ધૂમ મચાવી. ટૂંકું સ્કર્ટ, કાળું લેધર જૅકેટ અને ગળા સુધીના સ્વેટરની સ્ટાઈલે 'ફૅશન કલાસિક'નું બિરુદ પ્રાપ્ત કર્યું. થોડાક સમય બાદ શ્રી લૉરેં ડીઓર કંપનીના સર્વેસર્વા બન્યા અને તેમના નવા ભાગીદાર પીએરે બર્જ સાથે ડીઓર કંપનીના ફૅશન હાઉસની રચના કરી. આ ગાળા દરમિયાન લૉરેં ઉપર માનસિક અસ્વસ્થતા અને ડિપ્રેશનનો હુમલો આવ્યો. તેઓને એક વર્ષ સુધી સેનેટોરિયમમાં ચિકિત્સા તળે રાખવામાં આવ્યા. આ માંદગી બાદ તેમની કારકિર્દીએ મહત્ત્વનો વણાંક લીધો છે.



સ્વસ્થ થયા વાદ લૉરેં લગભગ એક ડઝન જેટલી વસ્ત્રનિર્માણની કંપનીઓના ડિઝાઈન કનસલ્ટન્ટ બન્યા. સન ૧૯૬૭ના સમયમાં તેમણે ડિઝાઈન કરેલો એક ડ્રેસ 'લ સ્મોકિંગ બ્લૅક', 'બ્લૅક ટ્રાઉઝર સ્યૂટ' જે પુરુષોના ડીનર પાર્ટી ડ્રેસથી થોડોક જુદો પડે છે તેણે પૅરિસમાં ધૂમ મચાવી. ફૅશનની દુનિયામાં સેંત લૉરાંનું નામ આજે ખૂબ જ આદરથી લેવાય છે. સમય પારખીને તેમણે યુવાવર્ગ માટે, થીએટર તેમજ ફિલ્મ સ્ટાર માટે વસ્ત્રો ડિઝાઈન કર્યાં, જેમાં ફિલ્મ 'પિન્કપા-પેર'નાં પરિધાન મશહૂર થયાં છે. તેઓએ જાણીતા મૉડર્ન ચિત્રકાર, પીએત મોન્દ્રીઆનાં ચિત્રો ઉપરથી પ્રેરણા લીધી. તેમનાં ફૉર્મ-પ્રતીકો વસ્ત્ર-પરિધાનમાં સજાવેલાં છે. સન ૧૯૬૬માં સેંત લૉરાંએ પૅરિસના જાણીતા રાજમાર્ગ ઉપર પોતાનું 'ધ રાઈવ ગાઉશે બુટિક' નામે ફૅશન હાઉસ શરૂ કર્યું, જેમાં એક સ્ત્રી સંપૂર્ણ વેશપરિવેશ સાથે નવા સ્વરૂપે બહાર નીકળી શકે. હૅટ, વસ્ત્રો, હૅન્ડ ગ્લવ્ઝ, બેલ્ટ, ઘરેણાં, પગનાં મોજાં, પગરખાં વગેરે એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં અને થોડાક સમયમાં આ ફૅશન હાઉસની શાખાઓ જગતભરમાં ખૂલી ગઈ.

થોડાંક વર્ષો પૂર્વે 'સોથબે' નામની કલાત્મક નમૂનાઓનું પ્રદર્શન અને લિલામ કરનાર અમેરિકન સંસ્થા દ્વારા યોજાએલા એક લિલામમાં શ્રી લૉરેંએ ડિઝાઈન કરેલાં આગળનાં વર્ષોનાં વસ્ત્રો લાખો ડૉલરની કિંમતોમાં વેચાયાં હતાં. શ્રી લૉરેંનાં નમૂનેદાર વસ્ત્રો વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝીઅમ લંડન, મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ ઑફ આર્ટ ન્યૂ યૉર્ક ઉપરાંત પૅરિસ અને વેનિસના સંગ્રહાલયોમાં જોવા મળે છે. આજે લગભગ ૬૮ વર્ષની ઉંમરે પહોંચેલા લૉરેં ફ્રાન્સના દરિયાકિનારાના પોતાના કૅસલમાં અને પૅરિસમાં આવેલા પોતાના મહાલયમાં જગતભરના કલાત્મક નમૂનાઓના સંગ્રહ સાથે કાર્યરત જીવન વિતાવી રહેલા છે. જગતને આકર્ષક રહેવાનું મહત્ત્વ સમજાવનાર ફૅશન ડિઝાઈનરને સલામ.

– ગજેન્દ્ર શાહ

અનુસંધાન] મણિબહેન પટેલ [પૃ. ૨૫૦થી

જેલમાં હતાં ત્યારે જેલમાં આવેલી છોકરીઓને લાડ લડાવતાં અને માતૃત્વની ખોટ પૂરી પાડતાં. જેલના નિયમોના આધારે આ છોકરીઓનું ખાવાપીવાનું સાચવી લેતાં. એમને કેળવતાં અને જો કોઈ છોકરીનું સ્વાસ્થ્ય સારું ના હોય તો તેની સંભાળપૂર્વક કાળજી લેતાં. કોઈ છોકરીના સરસ લાંબા વાળ હોય તો દર અઠવાડિયે તેનું માથું ધોઈ તેલ પણ નાખી આપતાં. પોતે માતાનો પ્રેમ પામ્યાં નહોતાં તેથી માતૃપ્રેમની એ ખોટ પોતે આ છોકરીઓની માની જેમ સંભાળ રાખી માતૃપ્રેમને ઉજ્જવલ બનાવતાં.

મણિબહેન સફાઈના બહુ આગ્રહી હતાં. દરેક કામ સુઘડતાથી અને સફાઈપૂર્વક કરતાં. જેલમાં પણ જેલના 'ટીનપાટ' વાસણો માંજીને ચાંદી જેવાં ચમકતાં કરતાં અને કાચના વાસણો પણ સરસ રીતે સ્વચ્છ કરતાં. સ્વચ્છતાના એ આગ્રહી હતાં. કપડાંની ગડી વાળે તેમાં પણ સુઘડતા હોય. સૂતર તો એવું કાંતે કે કલકત્તાની સાડીને ટોકર મારે તેવું હોય. આશ્રમમાં હતાં ત્યારે પોતાનો ઓરડો સ્વચ્છ રાખતાં. શ્રી મોતીલાલજીએ તો એમનો ઓરડો જોઈ શબ્દો ઉચ્ચારેલા કે, 'આવી સુંદર સફાઈ આનંદભવનમાં પણ નહીં હોય.' વૈભવ, સત્તા કે ઉંમરે તેમના પર કોઈ પ્રભાવ પાડ્યો નહોતો. તેઓ તો જેવાં હતાં તેવાં જ રહ્યાં હતાં. સરદારે તેમને માટે પૈસા, ઘરેણાં કે ઘર વારસામાં મૂક્યું નહોતું પણ આ તો મણિબહેન હતાં! એમને આ વસ્તુઓનો ક્યાં રંજ હતો ? કારણ કે તેઓ અપરિગ્રહી હતાં. એમને માટે કહેવાતું કે મણિબહેને સરદારની સેવા કરી તેવી સેવા કોઈ કરી ના શકે. પિતૃપ્રેમી પુત્રી પિતાના નામને ઉજ્જવલ કરી ગયાં, નહીં કે પૈસાનો કે પ્રસિદ્ધિનો મોહ. એ બાબતમાં તદ્દન નિર્મોહી.

૧૯૮૮માં તેમણે કસ્તુરબા ટ્રસ્ટના પ્રમુખપદેથી જવાબદારી પૂરી કરી નિવૃત્તિ લીધી. ઘડપણથી ઘસાયેલું શરીર હવે થાક અનુભવતું હતું. તેમની સ્મરણશક્તિ પર પણ અસર થવા માંડી હતી. સરદાર સ્મારક કચેરીમાં તબિયતે સાથ આપ્યો ત્યાં સુધી ગયાં. જો કે સરદારનાં આ પનોતાં પુત્રીને ઉત્તરાવસ્થામાં જાણે કે પ્રજા ભૂલી ગઈ હતી! આવાં આ મણિબહેન તા. ૨૬-૦૩-૧૯૯૦ના રોજ સ્વર્ગવાસી થયાં. પુષ્પ કરમાઈ ગયું પણ કર્તવ્યની સુવાસ મૂકતું ગયું. નામ પ્રમાણે મણિની જેમ ચળક્યાં, પ્રકાશ ફેલાવતાં ગયાં અને પિતાના નામને ઉજ્જવલ કરી ગયાં. તેમની જન્મસાલ પ્રમાણે ૨૦૦૪ની સાલે તેમને પૃથ્વી પર આવ્યે ૧૦૦ વર્ષ પૂરાં થાય છે ત્યારે તેમનાં કામ અને નામને બીરદાવી વિરમીયે. ❐

અનુસંધાન] વિજ્ઞાન કાયદાને મળે છે [પૃ. ૨૬૭ થી

(૫) જિનેટિક નમૂનાઓના સંરક્ષણ, જિનેટિક માહિતીને ગુપ્ત રાખવા માટે, જિનેટિક આધારિત ભેદભાવ સામે રક્ષણ વગેરે માટે 'જિનેટિક પ્રાઈવસી ઍક્ટ' તૈયાર કરવો.

(૬) હ્યુમન ક્લોનિંગ ઉપર પ્રતિબંધ મૂકવો. ૧૯૯૭ના 'યુનિવર્સલ ડિક્લરેશન ઑન હ્યુમન જેનોમ ઍન્ડ હ્યુમન રાઈટ્સ'ની કલમ ૧૧ સાથે રાષ્ટ્રિય કાનૂની-તંત્રમાં તે માટે જોગવાઈ કરવી.

(૭) માનવ-ભ્રૂણની કાનૂની વ્યાખ્યા તૈયાર કરવી જેથી કરીને ભ્રૂણીય કોષ ઉપરનું સંશોધન કાનૂની નિયંત્રણ અને નિયમન હેઠળ થાય.

(૮) આધુનિક જૈવવિજ્ઞાનથી ઉદ્ભવતી સમસ્યાઓના નિરાકરણ માટે આંતરરાષ્ટ્રિય સમૂહ સાથે સંકલન કરતી ક્રિયાવિધિ તૈયાર કરવી.

(૯) પ્રશિક્ષણ-પ્રથાઓ અને માહિતી-વિસ્તરણના પ્રોત્સાહન માટે યોગ્ય કાર્યવાહી કરવી. તે રીતે આધુનિક જૈવવિજ્ઞાનના સંશોધન અને ઉપયોગો વડે, માનવ પ્રતિષ્ઠાને ઊંચે લઈ જઈ શકાય.

(૧૦) કાનૂની તજ્જ્ઞો તથા વિજ્ઞાનીઓનું એક 'નૅશનલ રેફરન્સ ફોરમ'નું સર્જન કરવું, જે આધુનિક જૈવવિજ્ઞાનના વિકાસથી પેદા થતા મુદ્દાઓ ઉપર ન્યાય-તંત્રને સલાહસૂચન કરી શકે.

(૧૧) જાહેર અને અંગત હિતો વચ્ચે સંઘર્ષ નિવારવા માટે પેટન્ટના કાયદામાં યોગ્ય સુધારો કરવો, જેથી કરીને બંને પ્રકારનાં હિતો વચ્ચે ન્યાયી સમતુલા સ્થપાય.

ભારતમાં અપરાધો પ્રત્યે વૈજ્ઞાનિક અન્વેષણને ચાલક બળ પૂરું પાડવાની તથા પ્રેરક વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. અપરાધના સ્થાન-સમયે જે કંઈ દૃશ્ય સર્જાય છે તેનો અભ્યાસ વિગતવાર કરવો જરૂરી છે. ડી.એન.એ. વિશ્લેષણ તથા વૈજ્ઞાનિક પૂછપરછ માટે માણસો તૈયાર કરવા જોઈએ. અપરાધના સ્થાન-સમયે લોહી, વાળ, વીર્ય, લાળ, આંગળાની છાપ અને નમૂનાઓને આધારે અપરાધમાં વૈજ્ઞાનિક તપાસ મદદરૂપ થાય છે. અપરાધને લગતી વૈજ્ઞાનિક તપાસની ઉચ્ચ ગુણવત્તા ભવિષ્યમાં અપરાધ આચરનારાઓ ઉપર રોક લગાવી શકે તેમ લાગે છે.

સમુદ્રકિનારે ઊભા રહીને પાણીનાં ભીષણ મોજાંઓને 'રૂક જાવ' કહેવાથી તે રોકાતાં નથી. તે જ રીતે કાનૂનનો અમલ કરતી પ્રથાઓને ડી.એન.એ. આધારિત પ્રક્રિયાઓના તોફાની આગમનને રોકી શકાશે નહીં. આથી ડી.એન.એ.ના મૂલ્ય પરત્વે વિગતવાર વિચાર-વિમર્શ આવશ્યક છે. તેનો કેટલો અને કેવો ઉપયોગ કરવો તથા આપણી વર્તમાન પરિસ્થિતિમાં તે કેવી રીતે બંધ બેસે છે તે માટે ગંભીરપણે વિચારવું રહ્યું. ❐

અનુસંધાન] દમણ અને દીવ [પૃ. ૨૯૯થી

અને શેરડી પણ થોડા પ્રમાણમાં થાય છે. નારિયેળી, કેળાં, કેરી વગેરે ફળના બગીચા તથા સિંચાઈ માટેના કૂવા પણ છે.

ઉદ્યોગો : દીવ અને દમણમાં લઘુઉદ્યોગોનાં ૫૩૧ એકમો છે; તેમાંના મોટા ભાગના ઉદ્યોગો દમણમાં આવેલા છે. દમણમાં તલવાડા મુકામે વિદ્યુતમથક છે અને તેનાં બધાં ગામોનું વીજળીકરણ થયું છે. અહીં દવાઓ, રસાયણો, પ્લાસ્ટિક, લઘુ ઈજનેરી, કાપડ વગેરે ઉદ્યોગો વિકસ્યા છે.

દીવમાં ઔદ્યોગિક વસાહત સ્થાપ્યા બાદ ઔદ્યોગિક વિકાસ થયો છે. તેલની મિલો, સાબુનાં કારખાનાં, ફર્નિચર અને દારૂ બનાવવાનાં કારખાનાં તથા મીઠાના અગરો દીવમાં છે. અહીં લઘુ અને ગૃહઉદ્યોગોનો વિકાસ થયો છે; તથા બધાં ગામોનું વીજળીકરણ થયું છે.

વાહનવ્યવહાર : દમણમાં કુલ ૧૮૩ કિ.મી.ના તથા દીવમાં ૬૦ કિ.મી. લંબાઈના પાકા રસ્તા છે. દમણમાં કિલ્લા પાસે નદીની મધ્યમાં જ ૪ મીટર પાણી રહે છે અને ૫૦ ટનનાં જહાજો મોટી ભરતી વખતે આવી શકે છે. દીવમાં રેલવે નથી; પણ બંદર તરીકે ઉપયોગ થાય છે. એક હવાઈ મથક દ્વારા દીવ મુંબઈ સાથે જોડાયેલું છે.

પ્રવાસન : સમુદ્રકિનારે આવેલા દમણમાં તેના સૌંદર્યથી ભરપુર અને આકર્ષક દરિયાકિનારા હોવાથી પ્રતિવર્ષ હજારો પ્રવાસીઓ તેની મુલાકાત લે છે. નાની દમણમાં આવેલ દેવકાનો સમુદ્રકાંઠો પ્રવાસીઓને આકર્ષે છે. જામપોરના દરિયાકાંઠે પ્રવાસીઓ વૅકેશન ગાળવા આવે છે. નાની દમણ જેટી ઉદ્યાન, જૂનાં ચર્ચ, કિલ્લા, દીવાદાંડી વગેરે પ્રવાસીઓ માટેનાં અન્ય આકર્ષક સ્થળો છે. દીવનો કિલ્લો, જૈન મંદિરો, ઘોઘલાની ચોપાટી, બાળઉદ્યાન વગેરે પણ પ્રવાસીઓ માટે આકર્ષક સ્થળો છે. તેનો પ્રવાસધામ તરીકે વિકાસ કરવામાં આવ્યો છે. ❐

અનુસંધાન] કલ્પસર [પૃ. ૨૮૬થી

થાય અને વરસાદની માત્રા વધતાં નદીઓમાં બારેમાસ ભરપૂર પાણી સતત વહેતું રહે અને કલ્પસરની ધારી અસર અને ફાયદો મેળવી શકાય. 'Greening of Mountain is Greening of Gujarat / India'નો અમલ એ જ સાચો અને સચોટ ઉપાય છે. નદીઓમાં પાણી કાયમ રહેવાથી ભૂગર્ભીય જળ ઊંચાં આવશે તેની જૂની ખારાશ ક્રમે ક્રમે નાબૂદ થશે.

ઉપાય - ૩ : ઉપાય ૨માં જણાવ્યા મુજબ નદીઓ બારમાસી બનાવવી પડશે અને તે માટે ડુંગર કે પર્વતીય પ્રદેશમાં વિશાળ પ્રમાણમાં ઈકોલૉજિકલ ફૉરેસ્ટ કોઈ પણ ઉપાયે તૈયાર કરવાં પડશે.

ઉપાય - ૪ : ગુજરાતની નદીઓના સ્રાવપ્રદેશમાં (Catchment Area) જે ઝડપથી જંગલો કપાતાં જાય છે તેની અસર નદીના જળ-પુરવઠા અને ભૂગર્ભીય જળ ઉપર માઠી અસર થઈ રહી છે. ખુદ નર્મદા નદીના સ્રાવપ્રદેશનાં (મધ્યપ્રદેશ - અમરકંટકનાં) જંગલો ઝડપથી કપાઈ રહ્યાં છે. વનસંરક્ષણ અને પર્વતોને હરિયાળા કરવાની પ્રવૃત્તિને અગ્રીમતા આપ્યા વગર છૂટકો નથી. વનસંરક્ષણ પ્રવૃત્તિને વધુ ઉત્તેજન આપવું પડશે.

ઉપાય - ૫ : ગુજરાત કે ભારતના કોઈ પણ રાજ્યમાં 'પ્રદૂષણ' એ ઔદ્યોગિક વિકાસનું અનૌરસ બાળક છે. પોતાના બાળકને યોગ્ય માર્ગે વાળવાં એ જે તે ઉદ્યોગની કાનૂની અને નૈતિક જવાબદારી છે. નાંદેસરી, અંકલેશ્વર અને વટવા અમદાવાદ અનુક્રમે મહી નદી, નર્મદા નદી અને સાબરમતી નદીને મોટા પાયે પ્રદૂષિત કરી રહ્યા છે. આ નદીઓનાં પાણીનું શુદ્ધીકરણ એ જે તે સ્થળનાં ઔદ્યોગિક સંકુલનોના હાથમાં છે. આ માનવ-સર્જિત દૂષણ માનવી દ્વારા જ દૂર થવાં જોઈએ.

ઉપાય - ૬ : આ મુસીબત લગભગ દરેક ડેમ માટે અનુભવાય છે. ડ્રૅજર દ્વારા કચરો દૂર કરવો એ એક ઉપાય છે. બીજું નદીઓના સ્રાવપ્રદેશ અને વહેણ-વિસ્તારમાં વૃક્ષારોપણ કે આડબંધથી મુશ્કેલી જરૂર ઓછી થઈ શકે તેમ છે. ઉપરવાસમાં જમીન ધોવાણ થતું અટકાવવાનાં પગલાં સમયસર લેવાં જરૂરી છે.

ઉપાય - ૭ : કલ્પસરનો પૂર્વકાંઠો (ગુજરાત કાંઠો) કે જ્યાં પ્રમાણમાં મોટી નદીઓ છે ત્યાં ડુંગરોથી દરિયા સુધી ખારો પાટ ઓછો છે, નદીઓમાં પાણી સારાં પ્રમાણમાં છે અને તેથી મહી નદીના કમાન્ડ એરિઆ જેવો ફળદ્રુપ ચરોતર પ્રદેશ વિસ્તરશે. માત્ર ભરૂચ - જંબુસર વિસ્તારમાંથી જમીન ઉપરની ખારાશ ઓછી કરવી મુશ્કેલ છે, પણ તેનું કારણ આ અખાત કે નવસાધીકરણ નથી. ભરૂચ જિલ્લાની મૂળભૂત લાવાની જમીન જવાબદાર છે. ભરૂચ જિલ્લાની જે કુદરતી જમીન છે તે મુજબ જે તે પાક / ફૂલ ઝાડનો ઉછેર કરવો યોગ્ય થશે.

ભાલપ્રદેશ મૂળભૂત રીતે ખંભાત-કચ્છ અખાતનો 'નાળ'નો પ્રદેશ છે (નળકાંઠા). આ પ્રદેશમાં દરિયાઈ મત્સ્યોદ્યોગ, બંદરો અને તેને અનુષંગિક ખારોપાટ દૂર કરવાનો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. માત્ર દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભાવનગર - મહુવા પટ્ટી પુનઃ ફળદ્રુપ પટ્ટીમાં રૂપાન્તર પામે તેવી શકયતા છે. સૌરાષ્ટ્ર-કાંઠા બાજુની નદીઓ - લીમડી, ભોગાવો, વઢવાણ, ભોગાવો, સૂકી ભાદર જેવી નદીઓ નાની અને અલ્પજીવી હોવાથી તેનાં પાણી દ્વારા જમીનની ખારાશ દૂર કરવાના પ્રયત્નો મિથ્યા નીવડશે. મીઠા - ઉદ્યોગ યથાવત્ રહેશે.

આમ, કલ્પસર પ્રકલ્પનો યોજનાબદ્ધ અને પ્રામાણિકપણે અમલ થાય તો, તે જરૂર 'કામધેનુ' નીવડશે એમાં શંકા નથી, ગુજરાત અને ભારતને માટે તે ગૌરવરૂપ છે. ❐


તિરુપતિ - બાલાજી

દેશાટન-૬૨



દક્ષિણ ભારતમાં મુંબઈ-પૂનાથી આગળ બૅંગલોર અને મદ્રાસ (ચેન્નાઈ)થી પહેલાં કુરનૂલ-ગુંતાકાલની નજીકમાં આવેલું શ્રી વેંકટેશ્વર સ્વામી-તિરુમલા-તિરુપતિ-બાલાજી ભગવાનનું મહાતીર્થ આવેલું છે, જે સમગ્ર ભારતમાંનું સૌથી વધુ ધનવાન અને સૌથી વધુ દક્ષિણારૂપી આવક ધરાવતું ભગવાનનું મંદિર છે. આંધ્રપ્રદેશમાં આવેલા આશરે બે હજાર વર્ષથી વધુ પુરાણી પ્રતિમા ધરાવતા આ મંદિરની તીર્થયાત્રાએ લગભગ સમગ્ર ભારતવાસીઓ જાય છે અને દર્શન-ધ્યાન-પૂજા કરી ધન્યતા અનુભવે છે. ત્યાં યાત્રાએ જનાર નાનો મોટો દરેક યાત્રી પછી તે બાળક-જુવાન કે ઘરડો હોય, સ્ત્રીઓ સધવા હોય કે વિધવા હોય તો પણ લગભગ દરેક દર્શનાર્થી મસ્તક પરના વાળનું મુંડન કરાવે છે.

ભગવાન વિષ્ણુ વેંકટાચલ પર્વત ઉપર શ્રી વેંકટેશ્વરના નામથી બિરાજમાન છે. વેંકટાચલ પર્વતનું બીજું નામ સપ્તગિરિ છે. સાત નાના પર્વતમાંના છેલ્લા પર્વત પર આવેલા આ મંદિરે પહોંચવા ચેન્નાઈ,બૅંગલોર, હૈદરાબાદથી ટ્રેન દ્વારા કે પોતાના વાહનમાં કે રાજ્ય પરિવહનની બસમાં તિરુપતિ જઈ શકાય છે. ત્યાં રહેવા માટે આધુનિક સગવડવાળી ધર્મશાળાઓ-હૉટલો પણ પર્યટને જનાર માટે ઉપલબ્ધ છે. - કા.વ.રામી



સડક પર ઉનાળે મરી જાય છે લૂ;
ને ડામરેથી ક્યારેક ડરી જાય છે લૂ.

પકડવા મથો તોય ના હાથ આવે,
સરે જેમ રેતી સરી જાય છે લૂ.

જુઓ, ચાંદની રણમાં ઢોળાઈ ગઈ છે,
જુઓ ધીમે ધીમે ઠરી જાય છે લૂ.

('તલપ'માંથી) - એસ. એસ. રાહી

કેસૂડાંને હોળી પછી ભૂલવાં જેવાં નથી

વસંતનું આગમન થતાં જ આંબાને મોર આવે, કેસૂડાંનાં ફૂલો ઠેર ઠેર મ્હોરી ઊઠે ત્યારે પ્રકૃતિ સોળ શણગાર સજીને નવોઢાની જેમ નવપલ્લવિત થઈ ઊઠે છે. આ ઋતુમાં નવી કૂંપળો ફૂટે, અંકુરો ફૂટે, રંગીન ફૂલોનું પૂરબહારમાં ખીલી ઊઠવું એ તો ઋતુરાજ વસંતનો વૈભવ ગણાય છે. આંબા ડાળે મંજરી મ્હોરી ઊઠે અને વસંતના વાસંતી વાયરા વચ્ચે છડી પોકારતી કોયલનું પંચમ સ્વરમાં ગુંજન ખરેખર અહીં વ્યસ્ત માનવના ત્રસ્ત તનબદન-હૈયાને ડોલાવી મૂકી દે તેવું હોય છે. પરંતુ યંત્રયુગના માનવીને છૂટે હાથે કુદરતી સૌંદર્યની રસલહાણ લૂંટવાનો સમય નથી એ ખેદની વાત છે. આડેધડ કપાતાં જતાં જંગલોને કારણે કેસૂડાંનાં વક્ષોનું નિકંદન પણ થવા માંડ્યું છે. બાકી હોળીના પર્વ પહેલા નર્મદા, ભરૂચ જિલ્લા ઉપરાંત પંચમહાલ જિલ્લાના સેંકડો કે હજારો નહિ, પરંતુ લાખોની સંખ્યામાં આવેલાં ખાખેડાનાં વૃક્ષો-કેસૂડાંનાં ફૂલોથી મઘમઘી ઊઠતા હતાં. હોળીના તથા ધૂળેટીના તહેવારોમાં વૈષ્ણવોનાં મંદિરોમાં તથા અન્ય સ્થળોએ થતાં રંગછાંટણામાં કેસૂડાંનો ભરપેટ ઉપયોગ થતો હતો પરંતુ સમયના પ્રવાહમાં આ કેસૂડાંઓનાં ફૂલનું ઝાડ (ખાખરડો) નષ્ટ થઈ ગયું છે.

'કેસૂડો કામણગારો' કહેવાતા કેસૂડાંનાં ફૂલોથી હાલ ગ્રામવિસ્તારની ડુંગરની તળેટી રૂપ ધારણ કરી રહી છે. અનેક રોગોમાં ઉપકારક એવું આ વૃક્ષ ખાખરડો સંપૂર્ણ નષ્ટ થાય તે પહેલાં તેને રક્ષવું જરૂરી છે. વનવિભાગ-પર્યાવરણવાદીઓ તેને જાળવવા પગલાં લે તે પણ જરૂરી છે. જેમ જંગલનાં વૃક્ષોની ગણતરી હાથ ધરાય છે તેમ સાંસ્કૃતિક ફૂલો તરીકે ઓળખાતાં ખાખેડાનાં વૃક્ષોની પણ ગણતરી હાથ ધરાવી જોઈએ અને કેસૂડાંનાં વૃક્ષોનું જતન થાય, તેની વૃદ્ધિ થાય તેવા પ્રયાસો વનવિભાગ દ્વારા થવા જોઈએ; કારણ કે વનવાસીઓને, આદિવાસીઓને આ ઝાડ રોજીરોટી પણ પૂરી પાડે છે. આ ઝાડનાં પાન, ફૂલો, છાલ ઘણાં ઉપયોગી હોઈ તથા પશુઓના ખોરાકમાં તે ઉપયોગી છે.

વસંતટાણે પોતાનું પોત પ્રકાશવા કેસૂડાંને અંગ્રેજીમાં 'ફ્લેમ ઑફ ધ ફૉરેસ્ટ'

કહે છે. વસંતઋતુમાં ફૂલોથી આચ્છાદિત કેસૂડાંનાં જંગલોમાં દેખાતાં કેસરી લાલ કેસૂડાં દૂરથી એવા લાગે જાણે સંપૂર્ણ જંગલ લાલચટક લાવાથી ધગધગી રહ્યું છે. પ્રસિદ્ધ કવિ ભારવિએ તો હવાની લહેરખીથી ફેલાયેલા દાવાનળની તુલના કેસૂડાંની બિછાવેલી ચાદર સાથે કરી છે. ખીલેલાં લાલ ફૂલોથી લદાયેલ આ વૃક્ષની ઉપમા સંસ્કૃત લેખકોએ 'પલં માંસમ અશ્નાતિ ઈતિ પલાશ.'ના માધ્યમથી એવી રીતે આપી છે જાણે કેસૂડાંનું સંપૂર્ણ વૃક્ષ માંસના લાલચટક લોચાઓથી ભરેલું છે. પોપટની ચાંચ જેવા વળાંક, રેશમ જેવી મુલાયમતા અને કામણગારા લાલ કેસરી રંગની અદ્‌ભુતતાનું મિશ્રણ વિશ્વના કોઈ ફૂલોમાં નથી. ખાખેડાના આ વૃક્ષનું વનસ્પતિક વૈજ્ઞાનિક નામ 'બ્યુટિયા મોનોસ્પર્સ' છે. મોનોસીમોનો અર્થ થાય છે 'એક બીજવાળું.'

કેસૂડાનાં ફૂલોવાળું ખાખેડાનું આ વૃક્ષ મૂળ તો ભારતીય ગણાય છે. કેસૂડાંનાં ફૂલની ત્રણ પાંદડીઓ હોય છે, જેમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો નિવાસ હોવાનું શાસ્ત્રોમાં મનાયું છે. બ્રાહ્મ માટે આ વૃક્ષ પવિત્ર મનાતું હોવાથી તેને સંસ્કૃતમાં બ્રહ્મવૃક્ષ પણ કહે છે. તેનો ઉપયોગ પૂજામાં પણ થાય છે.

ગરમીનો આરંભ થતાંની સાથે જ નવી પાંદડીઓ ફૂટવા માંડે છે તે પહેલાં કાળી ચમકદાર કળી ઉપર નારંગી રંગના પોપટની ચાંચ જેવાં દેખાતાં ફૂલોનાં ઝૂમખા ખીલવા માંડે છે. પરંતુ આ ફૂલોને સુગંધ હોતી નથી. તેથી કદાચ કેસૂડાંનું સૌંદર્ય સુગંધિત ન હોવાને કારણે લોપાતું ગયું છે. ફૂલ ઊગી નીકળ્યા પછી નવાં પાંદડાંઓ પ્રકટે છે. ક્યારેક ક્યારેક કેસૂડાંનાં પીળાં અને સફેદ રંગનાં ફૂલો પણ જોવા મળે છે.

આ ફૂલોમાંથી કાચો પીળો રંગ પણ મેળવવામાં આવે છે. તેની પાંદડીઓને ફટકડી, ચૂનો કે ક્ષાર મેળવીને અપેક્ષાકૃત પાકો ગાઢો નારંગી રંગ મેળવી શકાય છે, જે હોળીના તહેવારોમાં રંગો છાંટવા આ ફૂલોની માંગ વધારે છે. પાણીની હોળી રમી ધૂળેટી રમવા માટે કેસૂડાંનાં ફૂલોને પાણીમાં ઉકાળી લીલો રંગ અથવા ફૂલોને સૂકવીને તેને દળીને તેનો સૂકો રંગ પણ બનાવાય છે. એ ઉપરાંત તેનો ઉપયોગ છાપરાં બનાવવામાં પણ થાય છે. તામિલનાડુ અને પં. બંગાળમાં તો બીડી લપેટવાના કામમાં પણ તેનો ઉપયોગ થાય છે. જ્યારે ભેંસ અને હાથી માટે ચારા તરીકે તેનો ઉપયોગ થાય છે. તેની છાલ અને થડના રેષામાંથી કાગળ અને દોરી પણ બનાવાય છે. આમ કેસુડાંમાં સંવર્ધન કરવામાં આવે તો તે મનુષ્ય માટે બહુ ઉપયોગી અને ઉપકારક સાબિત થાય તેમ છે. ('ગુજરાત સમાચાર'માંથી ટૂંકાવીને)

*

ધાણા (લીલા)

ગુજરાતીમાં ધાણાભાજી, કોથમીર, હિન્દીમાં ધનિયા અને ગ્રીકમાં કારિએનન કહે છે. પૂર્વનાં લોકો તેના સ્વાદ અને સુગંધને પસંદ કરે છે. જ્યારે પશ્ચિમનાં લોકો તેનો બહુ ઉપયોગ કરતાં નથી. લૅટિનમાં આને કોરરિએંડ્રમ કહે છે. અમેરિકામાં સિલાંટ્રો તરીકે ઓળખવામાં આવે છે. તમિલમાં કોઠામલી તરીકે ઓળખવામાં આવે છે.

એમ માનવામાં આવે છે આ વનસ્પતિ ભૂમધ્ય સમુદ્રના એશિયા માઈનરમાં સૌપ્રથમ જોવામાં આવેલ. ઈજિપ્તમાં ૩૦૦૦ વર્ષ પૂર્વે પણ છોડ જોવામાં આવેલા. ધાણાનો ઉપયોગ યુરોપ અને એશિયામાં વધુ થાય છે. ધાણાના છોડનાં પાંદડાંનો ઉપયોગ સુગંધ માટે થાય છે. તેનાં ફળને સૂકવીને ધાણા તૈયાર થાય છે. તેનો મસાલામાં ઉપયોગ કરવામાં આવે છે.

ધાણાની વનસ્પતિમાં જોવા મળતી સુગંધ તેમાં રહેલાં તેલને કારણે અનુભવાય છે. તેમાં ૧૦થી ૧૬ કાર્બન ધરાવતાં રસાયણો હોય છે. જે એસિફેટિક આલ્ડીહાઈડથી બનેલાં હોય છે. તેમાં સંતૃપ્ત ડેકાનલ તેમજ અસંતૃપ્ત આલ્ફા, બીટા ૨-ડાઈડેસિનલ નામના આલ્ડીહાઇડ હોય છે. તેમાં લીનાલૂલ ઉપરાંત ટ્રર્પિન્સ રહેલ હોય છે.

ધાણાના તેલનું વિશ્લેષણ કરતા તેમાં ૨૦૩ સ્વરૂપે રહેલા ઘટકો જાણવા મળ્યા છે. તેલના ૯૭ ટકા ભાગમાં મુખ્ય ૧૮ ઘટકો રહેલા હોય છે.

લીલી ધાણાભાજીનો ઉપયોગ મહારાષ્ટ્ર, થાઈલૅન્ડ, વિયેત-નામ અને ચીનમાં વિશેષ પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે. હોટલોમાં પાંદડાંથી વિવિધ વાનગીઓની સજાવટ કરવામાં આવે છે.

આયુર્વેદની દૃષ્ટિએ જોઈએ તો ધાણા સુગંધિત, વાતહર તેમજ ભૂખ લગાડનાર ઉદ્દીપક તરીકે કાર્ય કરે છે. તેનાથી પાચનશક્તિમાં ફાયદો થાય છે. ઉપરાંત પેટમાં બળતરા થતી હોય તો તેમાં ઠંડક આપે છે. પેટમાં આવતી ચૂંક કે દુ:ખાવાને ઓછો તે કરે છે. ('વિજ્ઞાન જાગૃતિ'માંથી સાભાર)

*

દક્ષિણ ધ્રુવપ્રદેશોમાં ભારત સંશોધનો કરી રહ્યું છે.

સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ ઉદ્યોગના ક્ષેત્રે પ્રથમ ધ્યાન આપવામાં આવ્યું ત્યાર બાદ કૃષિક્ષેત્રે ધ્યાન અપાયું. હવે ભારત વિજ્ઞાન અને ટેક્નોલૉજીક્ષેત્રમાં ખૂબ વિકાસ સાધી રહ્યું છે. અવકાશીય ક્ષેત્રે આપણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓની સૌને જાણકારી છે, પરંતુ શૂન્યથી પણ ખૂબ નીચા તાપમાને દક્ષિણધ્રુવના પ્રદેશોમાં એટલે કે ઍન્ટાર્કિકામાં ભારત હવામાનમાં તથા

દરિયાઈ પર્યાવરણમાં તથા ફેરફારોની જાણકારી મેળવવા માટે સંશોધનો કરી રહ્યું છે.

૧૯૮૧થી ભારતે એન્ટાર્કટિકા ખંડમાં પોતાના વૈજ્ઞાનિકો મોકલવાની શરૂઆત કરી. આ ક્ષેત્રમાં બે મથકો સ્થાપવામાં આવ્યાં છે, જેમાંનું એક 'દક્ષિણ ગંગોત્રી' અને બીજું 'મૈત્રી' છે. ૧૯૯૫માં ભારતે આ ક્ષેત્રમાં મળતાં 'ક્રિલ' સજીવો પકડીને જપાન નિકાસ કરવાની પણ શરૂઆત કરી અને તે માટે 'સાગર સંપદા' જહાજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ ખનીજ સંપત્તિ તેમજ દરિયાઈ પર્યાવરણમાં થતા ફેરફારોની જાણકારી મેળવવાનો છે. દરિયાઈ પર્યાવરણમાં તેમજ ત્યાંના વાતાવરણમાં ગ્લોબલ વૉર્મિંગ તથા ઓઝોનના સ્તર અંગેના અભ્યાસો કરવામાં આવી રહ્યા છે. ભારતે કરેલા વિકાસ ને ધ્યાનમાં રાખી ૧૯૫૯માં થયેલ 'એન્ટાર્કટિકા કરાર' અંગેની 'સાયન્ટિફિક ઑન એન્ટાર્કટિકા રીસર્ચ'નું સભ્ય બનાવાયું છે. આ રીતે ભારતે સમુદ્રી વિજ્ઞાનમાં આગેકૂચ કરી છે.

('વિજ્ઞાન જાગૃતિ'માંથી સાભાર)

*

અરડૂસી : કફનાશક વનસ્પતિ

અરડૂસી સમગ્ર ભારતમાં જોવા મળતી એક સામાન્ય વનસ્પતિ છે. આ વનસ્પતિનું વૈજ્ઞાનિક નામ આધાટોડા વૅસિકા અથવા જસ્ટીશિઆ આધાટોડા છે. તેનું ટૂંકું નામ વસાકા પણ છે. તે મલબાર નટ તરીકે પણ ઓળખાય છે. સંસ્કૃત ભાષામાં આ વનસ્પતિનો શ્વેતવસાના નામે ઉલ્લેખ થયેલો છે. આ વનસ્પતિ ભારતમાં મેદાનપ્રદેશોમાં અને હિમાલયના પર્વતો પર આશરે ૧૩૦૦ મીટર (૪,૦૦૦ ફુટ)ની ઊંચાઈએ પણ જોવા મળે છે. તે ભારતના પાડોશી દેશો શ્રીલંકા, મ્યાનમાર અને ઈન્ડોનેશિયા સુધી ફેલાયેલી છે. તેનાં પર્ણ લીલાં અને ચળકતાં હોય છે. તે સ્વાદમાં કડવાં અને વાટવાથી અણગમતી વાસ ઉત્પન્ન કરે છે. તાજા પર્ણોમાં વિટામીન સી અને કેરોટીન નામનું પ્રોટીન તેમજ અનેકવિધ પ્રકારનાં આલ્કેલોઈડ્ઝ હોય છે. આ વનસ્પતિના છોડ પર એપ્રિલથી જુલાઈ મહિના દરમિયાન પુષ્પો આવે છે.



આ વનસ્પતિ વાસ્તવમાં ઔષધીય ઘટકોનો અણમોલ ખજાનો છે. પર્ણમાં રહેલું બાષ્પશીલ તેલ કફોત્સારક તરીકે ઉપયોગી છે. આ વનસ્પતિનો દરેક ભાગ પર્ણો, મૂળ અને પુષ્પ કફોત્સારક ગુણધર્મને લીધે શ્વસનતંત્રના રોગો જેવાં કે શરદી, કફ, શ્વસનનલિકામાં સોજો, દમની સારવારમાં વપરાય છે. આ વનસ્પતિનાં પુષ્પો દમ અને એકાંતરિયા તાવની સારવારમાં ખૂબ ઉપયોગી છે. ઉપરાંત બ્રોન્કાઈટીસ અર્થાત્ શ્વસનનલિકામાં લાંબા સમયનો જૂના સોજાની સારવારમાં પણ ઉપયોગી છે. આંખના કેટલાક રોગોની સારવાર માટે આ વનસ્પતિનાં તાજાં પુષ્પો આંખ પર બાંધવામાં આવે છે. પ્રતિષ્ઠિત આયુર્વેદિક બ્રાન્ડ ચ્યવનપ્રાશની બનાવટમાં અને ક્ષય વિરોધી ઔષધિ બનાવવામાં પણ અરડૂસી ખૂબ ઉપયોગી છે. અરડૂસી 'વૈદ્યમાતા' અર્થાત્ સૌ તબીબોની જનેતા તરીકે આદર પામે છે. આ વનસ્પતિમાંથી બનતા આયુર્વેદિક કફ સિરપ બજારમાં ઉપલબ્ધ છે.

ઘરે અરડૂસીનાં થોડાંક પાન, તુલસીનાં પાન, ખાંડ અને પાણીને પ્રેશરકૂકરમાં ગરમ કરી બાફી સાદી ગરણી અથવા બારીક વસ્ત્રથી ગાળી લઈ ઘરેલું આયુર્વેદિક કફ સિરપ બનાવી શકાય છે, જે સ્વાદમાં સહેજ કડવું અણગમતું લાગે છે; પણ કફ મટાડવામાં ખૂબ અસરકારક છે.

બર્ફીલા પર્વતાળ પ્રદેશોમાં ઊગતી અરડૂસીના છોડ બરફ પ્રત્યે સંવેદનશીલ હોય છે. ગાય, ભેંસ, ઘેટાં, બકરાં જેવાં દૂધાળાં ઢોર આ છોડને ચરી જતાં નથી અને તરછોડી દે છે. આથી આ વનસ્પતિ આધાટોડાના નામે ઓળખાય છે. આધાટોડાનો તમિલ ભાષામાં અર્થ 'તૃણાહારી પ્રાણીઓ સામે રક્ષિત' એવો થાય છે. પ્રતિકૂળ સંજોગો સામે ટકી રહેવાના અને તૃણાહારી પ્રાણીઓ દ્વારા તરછોડોવાને કારણે આ વનસ્પતિ ખેતરને ફરતે આવેલી વાડમાં વાડની વનસ્પતિ તરીકે સહેલાઈથી ઊગેલી જોવા મળે છે. ઔદ્યોગિક ગૃહોની આસપાસ હવાના પ્રદૂષણ તેમજ પવનના સૂસવાટા સામે રક્ષણ મેળવવા ઉપરાંત આસપાસની હરિયાળીમાં અભિવૃદ્ધિ કરવાના હેતુથી ગ્રીનબેલ્ટ તરીકે આ વનસ્પતિનું વાવેતર કરવામાં આવે છે. પ્રદૂષિત જમીનનું બંધારણ કે પોત સુધારવાના હેતુથી આ વનસ્પતિનું વાવેતર કરવામાં આવે છે.

અરડૂસીની માગ દિન-પ્રતિદિન વધતી જાય છે. ભારત અને પશ્ચિમના દેશોમાં પણ વનસ્પતિજન્ય ઔષધિઓનું વિશાળ બજાર ઊભું થયું છે. ટિસ્યૂ કલ્ચર પદ્ધતિ દ્વારા પણ દુર્લભ ઔષધીય વનસ્પતિઓનાં સંવર્ધન અને ઉછેર પ્રત્યે આપણા વનસ્પતિશાસ્ત્રીઓ દેશભરની પ્રયોગશાળામાં સંશોધનરત છે. શ્વેતાકુમારી રાઓલ ('વિજ્ઞાનદર્શન'માંથી સાભાર)

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

— મરીઝ

મોચી પરિવારમાં જન્મેલા અબ્રાહમ લિંકન પ્રથમ વારની હારથી નાસીપાસ થયા વગર સતત સક્રિય રહ્યા અને આખરે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા. રાષ્ટ્રપ્રમુખ બન્યા પછીના એમના પ્રથમ પ્રવચન દરમિયાન એક સભાસદે કહ્યું, 'તમારા પિતાએ મારા પિતાનાં જોડાં સીવ્યાં હતાં ?' લિંકને જણાવ્યું, 'મારા પિતા એમના કાર્યમાં પ્રવીણ હતા એનું મારે મન ગૌરવ છે. એમનાં સીવેલાં પગરખાં વર્ષો સુધી ટકતાં હતાં. આપણે પણ આવું કાર્યનૈપુણ્ય પ્રાપ્ત કરીએ.' આવો માર્મિક ઉત્તર પછીથી એમનાં ઉત્તમ કાર્યોની સુવાસ વિશ્વ સમક્ષ મૂકતા ગયા છે !

*

મહાત્મા ગાંધી ૧૪ ભાષા જાણતા હતા અને ૧૧ ભાષાઓમાં પોતાની સહી કરી શકતા હતા.

*

આલ્બેટ્રૉસ નામના દરિયાઈ વિરાટ પંખીનો અવાજ ગધેડાના ભૂંકવા જેવો હોય છે. દક્ષિણ આફ્રિકાના ઝેબરો નામના ચોપગા પ્રાણીનો અવાજ બ્યૂગલના અવાજને મળતો આવે છે.

*

ઈ.સ. ૧૭૪૦માં રશિયાની મહારાણીએ બરફનો મહેલ રહેવા માટે તૈયાર કરાવ્યો હતો.

*



(સી.એમ.ભટ્ટી, રાજુલા)

ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म
दक्षिणतश्चोत्तरेण ।
अधश्चोर्ध्वं च प्रसूतं ब्रह्मवेदं
विश्वमिदं वरिष्ठम् ॥

આ અવિનાશી બ્રહ્મ જ આગળ, પાછળ, દક્ષિણે, ઉત્તરે, નીચે, ઉપર, ચારે બાજુએ પથરાઈ રહ્યું છે. આ બ્રહ્મ જ વિશ્વ છે અને સર્વથી શ્રેષ્ઠ છે.

જૉન ફૉર્ક નામના શિકારીના પુસ્તક 'ઓલ્ડેસ્ટ આફ્રિકા'માં જણાવ્યા પ્રમાણે તેણે સાત સૂંઢવાળો હાથી જોયો હતો. આપણી ઐરાવતની કલ્પનાને આ મળતી આવતી વાસ્તવિક ઘટના કહેવાય.

*

જાયફળ, ગંઠોડા તથા સાકર દૂધમાં નાખી ગરમ કરી સૂતી વખતે પીવાથી અનિદ્રાના રોગીને ઊંઘ આવે છે.

*

પાચનતંત્રના અજીર્ણના વ્યાધિમાં ઔષધના અનુપાન તરીકે પાણી છાશ, મધ, ઘી વગેરેનો ઉપયોગ થાય છે. આદુ પણ મંદાગ્નિને ઘટાડે છે.

*

પાચનતંત્રના અજીર્ણના વ્યાધિમાં ઔષધના અનુપાન તરીકે પાણી છાશ, મધ, ઘી વગેરેનો ઉપયોગ થાય છે. આદુ પણ મંદાગ્નિને ઘટાડે છે.

હ	હ	લ	ડ	હ	લ	ડ
લ	શાં	ડ	ડ	લ	હ	લ
હ	લ	ડ	હ	ડ	ડ	હ
હ	ડ	લ	તિ	લ	હ	ડ
લ	ડ	હ	લ	ડ	લ	હ
હ	ડ	લ	હ	ડ	હ	લ
લ	ડ	ડ	લ	હ	લ	ડ

ઉપરની આકૃતિમાં આપેલ પ્રત્યેક ખાનામાં એક કરતાં વધારે વખત આવતા અક્ષરો ચેકી નાખો. છેલ્લે બે અક્ષર બચશે. આ બે અક્ષર વડે બનતા શબ્દની અત્યારે ખૂબ જરૂર છે. કયો છે આ શબ્દ ?

('સંદેશ'માંથી સાભાર)



('સંદેશ'માંથી સાભાર)

શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યું, 'મધમાખી આપણને શું શીખવે છે ?'

એક વિદ્યાર્થીએ ઉત્તર આપ્યો, 'મધપૂડાથી દૂર રહેવાનું.'

*

મોંહે-જો-દડો અને હડપ્પામાં મળી આવેલા અવશેષો અનુસાર ભારતીયોને ત્રિકોણમિતિ અને રેખાગણિતનું જ્ઞાન ઈ.પૂ. ૨૫૦૦માં પણ હતું.

*

કલાકણિકા : આપણી પુરાણકથામાં વિષ્ણુનો અવતાર ગણાતા વરાહની આ મૂર્તિ રેતિયા પથ્થરમાંથી બનેલી છે અને મધ્ય ભારતમાં આઠમી સદીમાં મળી આવી હતી, જે અત્યારે બ્રિટિશ મ્યૂઝીઅમમાં છે.



POSTED AT PSO AHMEDABAD ON 17th of Every Month
Licensed to Post Without Pre Payment Licence No. 185 - RNI New Delhi No. 1834/57
'કુમાર' ૧૭ એપ્રિલ. સળંગ અંક ૯૧૬ છૂટક નકલ રૂપિયા ૨૦. Kumar Regd. No. GAMC-925

'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૪,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી	પી.સી.વૈદ્ય	રાધેશ્યામ શર્મા	નરોત્તમ વાળંદ (ભરૂચ)
જયન્ત પંડ્યા	કુમારપાળ દેસાઈ	જોરાવરસિંહ જાદવ	મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
ભોળાભાઈ પટેલ	લાભશંકર ઠાકર	હસમુખ બારાડી	બલવન્ત કે. પારેખ (મુંબઈ)
પ્રકાશ ન. શાહ	ચિનુ મોદી	ક્ષેમુ દિવેટિયા	સુરેશ દલાલ (મુંબઈ)
બકુલ ત્રિપાઠી	ચંદ્રકાન્ત શેઠ	રાસબિહારી દેસાઈ	રમણલાલ ચી. શાહ (મુંબઈ)
રાજેન્દ્ર શાહ	મધુસૂદન પારેખ	હસુ યાજ્ઞિક	યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
નિરંજન ભગત	મધુસૂદન ઢાંકી	મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)	દુષ્યન્ત પંડ્યા (જામનગર)
વિનોદ ભટ્ટ	કનુભાઈ જાની	મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)	પ્રફુલ્લ રાવલ (વિરમગામ)
ધીરુભાઈ ઠાકર	ચિમનલાલ ત્રિવેદી	ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)	બલવન્ત જાની (પાટણ)
અનિલા દલાલ	ચંદ્રકાન્ત ટોપીવાળા	મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)	રમેશ પારેખ (રાજકોટ)
વસુબહેન	નૌતમભાઈ વખારિયા	હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)	ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
ગીતા પરીખ	કૃષ્ણકાન્ત વખારિયા	દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)	જ્યોતિ ભટ્ટ (વડોદરા)
હરિકૃષ્ણ પાઠક	પ્રાણલાલ પટેલ	ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)	ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
કુલીનચંદ્ર યાજ્ઞિક	ગજેન્દ્ર શાહ	ઉશનસ્ (વલસાડ)	ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)
જિતેન્દ્ર દેસાઈ	નટુ પરીખ	ભગવતીકુમાર શર્મા (સુરત)	કનક રાવળ (અમેરિકા)
રજનીકુમાર પંડ્યા	અનિલ રેલિયા	રમેશ બી. શાહ (સુરત)	ડૉ.સુશ્રુત પટેલ (અમદાવાદ)

• **એક કુમાર ચાહક તરફથી** •

દીપક પ્રિન્ટરી • અમદાવાદ